વડોદરા દેશી કેળવણીખાતું.

# શ્રીદ્વ્યાશ્રયમહાકાવ્ય.

"વીરક્ષેત્રમુદ્રાલય."

વડોદરાદેશીકેળવણીખાતું.

# દ્વ્યાશ્રય મહાકાવ્ય.

( મૂલ સંસ્કૃત ઉપરથી )

શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ
સેનાખાસખેલ સમશેર બહાદુર એમની આજ્ઞાથી

ભાષાંતર કરનાર

**મણિલાલ નભુભાઈ દ્વિવેદી. બી. એ.**

અમદાવાદ "આર્યોદ

તથા

વડોદરા—"વીરક્ષેત્રમુદ્રાલય" માં છાપ્યું.

સંવત્ ૧૯૪૯—સન ૧૮૯૩

કિંમત રૂ. ૧—૮—૦

( સર્વ હક સ્વાધીન. )

# પ્રસ્તાવના.

શ્રીમંત સરકાર મહારાજા સાહેબની સ્વારી કડી પ્રાંતમાં હતી, તે વખતે પાટણના પ્રખ્યાત જૈનભંડાર તેઓ સાહેબના જોવામાં આવતાં તેમાંના ઉપયોગી અને દુર્લભ ગ્રંથોની નકલો લેવાનું તથા તેમાંથી સારા ગ્રંથોની પસંદગી કરી તેનું દેશીભાષામાં ભાષાંતર કરવાનું ફરમાન થયું.

જનસમૂહમાં કેળવણીનો બહોળો પ્રસાર દેશીભાષાની મારફતે થવાનો વિશેષ સંભવ હોવાથી પ્રાકૃત ભાષાઓનું સાહિત્ય (પુસ્તકભંડોળ) વધારવાની અગત્ય શ્રીમંત સરકાર મહારાજા સાહેબને જણાઇ, એટલે સંસ્કૃત તથા અંગ્રેજી ભાષામાં સારાં પુસ્તક પસંદ કરી તેમનું મરેઠી તથા ગૂજરાતી ભાષાઓમાં ભાષાંતર કરાવવાની કિંવા તે આધારે સ્વતંત્ર પુસ્તકો રચાવવાની આજ્ઞા કરવામાં આવી.

"દ્વયાશ્રયમહાકાવ્ય" એ પાટણ જૈનભંડારમાંથી મેળવેલા ગ્રંથો પૈકી જે જે ભાષાંતર માટે મુકરર થયા છે તે માંહેલો ગ્રંથ છે અને તેનું ભાષાંતર રા. રા. મણિલાલ નભુભાઇ દ્વિવેદી પાસે ઇનામ આપી કરાવવામાં આવ્યું છે.

# દ્ર્યાશ્રયનો સાર.

પ્રથમ સર્ગમાં સ્યાદ્વાદની સ્તુતિ ભેગુંજ ચૌલુક્ય વંશનું મંગલ ઇચ્છી, શ્રી હેમાચાર્યે ગ્રંથનો પ્રારંભ કરેછે, ટીકાકાર ચૌલુક્ય શબ્દનો અર્થ કરેછે તે જાણવા જેવો છે. ચુલુક એટલે ખોબલો; અર્થાત્ સંધ્યાવંદન કરતી વખતે સૂર્યને અર્ધ્ય આપવાના ખોબલામાંથી જે વીર પેદા થયો તે, ચુલુક્ય, ને તેનો વંશ તે ચૌલુક્ય. એ કથા વિસ્તારથી, વિક્રમાંકદેવચરિતને આરંભે છે. આગળ સોળમા સર્ગમાં પરમાર શબ્દ ઉપર ટીકા કરતાં ટીકાકાર લખેછે કે વિશ્વામિત્રની સાથે વશિષ્ઠને જ્યારે કામદુઘા સંબંધી લડાઇ થઇ ત્યારે વશિષ્ઠે યુદ્ધ કરવા માટે પર એટલે શત્રુને હણનારો, જે યોદ્ધો પેદા કર્યો હતો તે પરમાર. એ પરમાર વંશમાંજ ચૌલુક્ય વંશ સમજાય છે, ને પ્રાચીન પરંપરાએ જોતાં, એક ઠેકાણે ચેદિરાજાએ કહેલાં વાક્યોને આધારે એ વંશનું મૂલ સોમવંશ પણ સમજાયછે. ચૌલુક્ય વંશનો આદિ પુરુષ ભારદ્વાજ હશે એમ પણ છઠા સર્ગના સાતમા શ્લોક ઉપરની ટીકાથી સમજાયછે.

આ આખો સર્ગ અણહિલ્લપુર, જે ચૌલુક્યોની રાજધાનિ હતું, તેના વર્ણનથી, ને છેવટ, ચૌલુક્ય, અથવા જેનો અપભ્રંશ સોલંકી થયોછે, તેના પ્રથમ પુરુષ મૂલરાજના વર્ણનથી, ભરેલોછે. અણહિલપુરની ઉત્પત્તિ વિષે જે દંતકથા ચાલેછે તેજ ટીકાકારે આપેલીછે. વનરાજ નગર વસાવવાને શોધ કરતો હતો, તેવામાં એક અણહિલ્લ નામના આહીરે એક ઠેકાણે કૂતરા ઉપર શીઆળને ધસી આવતાં જોઇ તે ભૂમિ નગર સ્થાપના માટે યોગ્ય કહી, ને પોતાના

નામથી ત્યાં નગર સ્થપાવરાવ્યું. પણ ખરી વાત એવી જણાયછે કે જ્યાં ગાયો રહી હોય તે સ્થાન પુર સ્થાપના માટે યોગ્ય ગણવાનો સંપ્રદાય છે, તેથી આહીર જ્યાં રહેતો હશે, ત્યાં પુર સ્થાપ્યું હશે, તેને માટેજ તેનું નામ પણ પુરનું માંગલિકપણું જણાવવા, તે પુરને આપ્યું હશે. આ સંપ્રદાય વિષે હેમાચાર્ય પોતે તથા ટીકાકાર આગળ સૂચના કરેછે.

અણહિલ્લપુર સુંદર અને વિપુલ લક્ષ્મીનું ઠામ હતું, તથા ઉત્તમ વિદ્યાનો નિવાસ હતું. ત્યાં યજ્ઞ યાગ આદિ ક્રિયાઓ પુષ્કલ ચાલતી, અને વેદાધ્યયન ભેગું છ એ શાસ્ત્ર તથા જૈન મતનું પણ અધ્યયન ચાલતું. ત્યાં દેવાલયો ભેગાં પાર્શ્વનાથાદિનાં પણ ચૈત્ય હતાં. ત્યાંના લોક વિલાસી અને સ્ત્રીઓ ચતુર હતી. એ પુરમાં ચૌલુક્ય વંશનો પ્રથમ પુરુષ મૂલરાજ રાજા હતો. એના પિતાનું નામ રાજ, એના કાકા બીજ અને દંડક્ક તથા એની માતા ચાંડાલદેવી એવું ટીકાકાર જણાવેછે. હેમાચાર્ય તો તેને બહુ ઉદાર, વિદ્વાન, સાંખ્યાદિ શાસ્ત્ર જાણનાર, ધર્મનિષ્ઠ, રાજગુણ સંપન્ન, પરાક્રમી, શત્રુને જીતનાર, વગેરે ઉત્તમ ગુણોવાળો જણાવેછે, જોકે ફાર્બસ સાહેબનું મત એવું જણાતું નથી તો પણ એના ઇતિહાસ ઉપરથી એ વાત ખોટી માનવાનું કારણ મળતું નથી. એના સમયમાં લોક બહુ સુખી હતા, અને રાજા પ્રજાની પ્રીતિ સારી હતી.

બીજા સર્ગમાં એવી વાત છે કે મૂલરાજને એક વખત શંકરે પાછલી રાતે સ્વપ્ન આપ્યું કે તેં ઘણાં વર્ષ વ્યવહારકાર્ય કર્યાં છે, હવે કાંઇક દેવ કાર્ય પણ સંભાર. સોરઠનો ગ્રાહરિપુ જાત્રાળુઓને મારી નાખી બહુ પીડે છે ને તેથી પ્રભાસ તીર્થ સર્વેને અગમ્ય થઇ પડ્યું છે, માટે તેને તું માર, એમાં તારો વિજય થશે. ગ્રાહરિપુ એ નામને ઘણાક લખનારા ગ્રહરિપુ એમ લખેછે, ને ફાર્બસ સાહેબે એક

ઠેકાણે લખ્યું છે કે ગ્રાહરિપુ શબ્દ ગ્રાહ એટલે મગર અથવા માછલાં અને તેનો રિપુ એટલે શત્રુ તે બે શબ્દનો બની, મગર કે મહામચ્છ એ અર્થનો વાચક હોઇ, સોરઠના રાક્ષસનું તો માત્ર ઉપનામજ હશે. આમ હોવાનો સંભવ નથી એમ ન કહેવાય, પણ જે દ્વયાશ્રયને આધારે આવું લખવામાં આવ્યુંછે તે દ્વયાશ્રયમાં તો ગ્રાહરિપુ એ શબ્દનો આવો અર્થ કરેલો નથી, માત્ર એક ઠેકાણે ગ્રાહરિપુને એવી ઉપમા, શબ્દશ્લેષદ્વારા, આપેલીછે. સ્વપ્ન આવ્યા પછી મૂલરાજ ઉઠયો, સંધ્યા વંદનાદિ કર્મ પરવાર્યો અને દરબારમાં ગયો. ત્યાં તેણે પોતાના મંત્રી જંબક અને જેહુલને બોલાવ્યા; તેમને એણે સ્વપ્નની હકીકત કહી, અને કહ્યું કે ગ્રાહરિપુને મેંજ વધાર્યો છે, છતાં એ એવા કુયોગમાં જન્મેલો જાણાયછે કે એને હાથે અતિ દુષ્ટ કર્મો થવા લાગ્યાંછે, જેનો અટકાવ કરવા, એને હણવો એ મારી ફરજ થઇ પડેલી છે. જેહુલ મંત્રીએ ગ્રાહરિપુનાં બધાં દુષ્ટ કર્મો ગણાવ્યાં, જાત્રાલુ બ્રાહ્મણો વગેરેને, તથા પોતાના રાજ્યના ઋષિઓને, એ પીડતો, મારી નાખતો, તથા તેમની સ્ત્રીઓને બલાત્કારે હરિ જઇ, રાણીઓ બનાવતો, તે બધું કહ્યું, અને એને હણવાની આવશ્યકતા બતાવી, સેનાપતિને મોકલવા વિનતિ કરી. એ પછી જંબક મંત્રીએ તે વાતને અનુમોદન આપ્યું, અને વિશેષમાં કહ્યું કે એને પર્વત વગેરે દુર્ગની સહાય છે, સમુદ્રની ખાઇ છે, અને ઘણાક ખંડીઆ રાજાની મદદ છે, તેમ કચ્છનો મહા પરાક્રમી લક્ષરાજ એના માના જણ્યા ભાઇ જેવો છે, એટલે આપે એની સામા જાતેજ ચઢવું વધારે યોગ્ય છે. આ ઉપરથી રાજા મૂછે તા દઇ ઉભો થયો, અને સેના સજ્જ કરી જવાની તૈયારી કરવા લાગ્યો.

ત્રીજા સર્ગમાં શરદ્ ઋતુનું વર્ણન કરી, તે ઋતુની, ચઢાઇ કરવા માટેની યોગ્યતા બતાવીછે. તૈયારી થયા પછી રાજા સભા

ભરીને બેઠો, બ્રાહ્મણોએ આશિર્વાદ દીધા, ભાટચારણોએ બીરદ ઉચાર્યાં, સ્ત્રીઓએ વિવિધ પ્રકારે મંગલ કર્યું. સર્વને દાન દક્ષિણાથી સંતોષી, રાજાએ હસ્તિ, અશ્વ, રથ, પદાતિ, ની સેનાસહિત, ઉંચા હાથી ઉપર ચઢી, પ્રયાણ કર્યું, અને એને અનેક શુભ શકુન સામા મળ્યા. એની સાથે ઘણા રાજા મળ્યા હતા, તેમાં ગોદગ્રામ, ખલતિક, અને અશ્મદેશ, એ આદિ રાજાનાં નામ ગણાવ્યાં છે, તથા શ્રીષેણ, હરિસિંહ, એ નૃપોનાં નામ આપ્યાંછે, પણ તેમનું કશું ચોકશ ઓળખાણ પડી શકતું નથી. રોહિણીષેણ સેનાને મોખરે થયો, ને શતભિષક્સેન તથા પુનર્વસુસેન બે બાજુએ રહ્યા. એમ સેનાએ જતે જતે, જંબુમાલી નદીને તટે મુકામ કર્યો. તે પછી મુકામ કરવાનું વર્ણન આપ્યુંછે, ને મૂલરાજના આવવાથી સૌરાષ્ટ્રના બ્રાહ્મણો વગેરે ત્યાં નિર્ભય થઇ આવ્યા એ પણ સૂચવ્યુંછે.

ચોથા સર્ગમાં ગ્રાહરિપુનો અતિ ચતુર દૂત દ્રુણસ આવી મૂલરાજને કહેવા લાગ્યો ત્યાંથી આરંભ છે. તેણે કહ્યું કે તમે શામાટે આવ્યા છો? ગ્રાહરિપુને મળવા આવ્યા છો? તેનો મિત્ર લક્ષરાજા તમને પીડતો હોય તો તેનું સમાધાન કરવા આવ્યા છો? તમારો કોઇ શત્રુ અહીં હોય તેને પકડવા આવ્યા છો? પ્રભાસની યાત્રા માટે આવ્યાછો? કે શામાટે આવ્યા છો? અમારો સ્વામી તમારાથી બીહીનારો નથી, તે ઘણો પ્રબલ છે, અનેકને પૂરો પડે તેવો છે. મૂલરાજે આ ઠેકાણે જે ઉત્તર આપ્યું છે તે બહુજ ઉત્તમ પ્રકારનું છે, તેણે ક્ષત્રિયને ઘટે તેવું ઉત્તર આપતાં કહ્યું કે જ્યારે પ્રજાને પીડા થશે, ધર્મનો ધ્વંસ થશે, ત્યારે મારા પીન બાહુ શા કામના રહેશે? એવા દુષ્ટ, ધર્મ વિરુધ્ધ વર્તનાર, ગર્ભિણી હરણીઓનો શિકાર કરનાર, ગોમાંસખાનાર, તેની મૈત્રી હોય કેમ? એનો તો સંહારજ કરવો જોઇએ; માટે તારા સ્વામીને કહેકે તૈયાર થાય. દૂતે જઇને ગ્રાહરિપુને

ખબર કહી એટલે એણે સેના તૈયાર કરી. તેમાં મુખ્ય રાજાઓમાં તો કચ્છનો લક્ષ, જેને લાખો કહેછે, તે અને સિંધુરાજ બે હતા, બીજા તો ભીલ, નિષાદ, તથા નીલી આદિ અનેક રાણીઓના દીકરા, એ હતા. તે સેનાને ચાલતાં ઘણાક માન શુકન થયા પણ તેને ન ગણકારતાં ગ્રાહરિપુ ભદ્રા એટલે ભાદર નદીએ આવ્યો. તેને આવ્યાની ખબર મૂલરાજને થઇ એટલે પોતાના બ્રાહ્મણ મંત્રી સહિત મૂલરાજ પણ તૈયાર થયો.

પાંચમા સર્ગમાં યુદ્ધવર્ણન છે. શૈલપ્રસ્થનો રાજા રેવતીમિત્ર ગંગાદ્વારનો ગંગમહ, કેટલીક ભિલ્લસેના, અને કુરુસેના, એ સર્વે એ મૂલરાજના તરફથી યુદ્ધ શરૂ કર્યું. એમાં ગંગાપારનો કાશીરાજ શત્રુની સેનાની પાર પડી ગયો, અને શ્રીમાલ અથવા ભિલ્લમાલના રાજા પરમાર અર્બુદેશ્વરે બહુ પરાક્રમથી સ્વતંત્ર રીતે યુધ્ધ કર્યું. ગ્રાહરિપુ પોતની સેનાને આ હલ્લામાં પાછી હઠતી જોઇ, બહુ ક્રોધ કરીને જાતે ઉઠયો; ને એવું પરાક્રમ કર્યું કે મૂલરાજની સેના પાછી હઠી. આમ યુધ્ધ બે દિવસ ચાલ્યું, તેમાં છેવટ મૂલરાજ પંડે ચઢયો. ગ્રાહરિપુ તેની સામો આવ્યો ને ગદાથી પ્રહાર કરવા લાગ્યો, જેને મૂલરાજે શક્તિથી તોડી નાખી. ગ્રાહરિપુ એ સાંગ ફેંકી જે રાજપુત્રે તીરથી તોડી. છેવટ હાથમાં છરા લઇ ગ્રાહરિપુ મૂલરાજના હાથી ઉપર ચઢી ગયો, પણ મૂલરાજે તેને નીચે પાડીને હાથીની વરતથી બાંધ્યો. ત્યારે એનો મિત્ર લક્ષરાજ સામો થયો, તેને મૂલરાજે હણ્યો. પછી ગ્રાહરિપુની સ્ત્રીઓએ બહુ પ્રણિપત કર્યાથી, એણે, તેને, ટચલી આંગળી કાપી લઇને, છોડયો. જાતે પ્રભાસ જઇ, શંકરની પૂજા સ્તુતિ આદિ કરી, જયજયકાર વચ્ચે અણહિલ્લપુર પાછો આવ્યો.

છટ્ઠા સર્ગમાં મૂલરાજના રાજ્યની સમાપ્તિ થાયછે. મૂલરાજને ચામુંડ એ નામે પુત્ર થયો. તે અતિ સુશીલ, શુભ વિદ્યાયુક્ત, ગુણ-

વાન્, અને પરાક્રમી હતો. એક દિવસ મૂલરાજ સભા ભરીને બેઠો છે, તેવામાં જુદા જુદા દેશથી ભેટો આવવા માંડી. અંગરાજે મોકલેલા રથ, વિંધ્યેશે મોકલેલા હાથી, પાડુંદેશપતિએ મોકલેલા ઉત્તમહાર, સિંધુરાજે મોકલેલાં રત્ન, વનવાસના રાજાએ મોકલેલું સુવર્ણ, શરજાચલ એટલે દેવગિરિના રાજાએ મોકલેલાં કરમાય નહિ એવાં કમલ, કોલ્લાપુરના રાજાએ મોકલેલા પદ્મરાગ મણિ, કાશ્મીરના કીર રાજાએ મોકલેલી કસ્તૂરી, કુરુરાજે મોકલેલું છત્ર, ને પાંચાલના સિદ્ધ નામના રાજાએ કેટલાક લૂટારાને હરાવી મોકલેલી લૂટ, એ બધું પ્રતીહારે નજર કર્યું. છેવટ લાટદેશના રાજા દ્વારપે મોકલેલો એક ઉગ્ર હાથી પણ રજુ થયો, પરંતુ તેને જોતાંજ ગજલક્ષણ-શાસ્ત્રમાં કુશલ એવા, ફાર્બસ સાહેબ લખેછે તેમ જોશીઓએ નહિ, પણ ચામુંડરાજે તેને અતિ નિષિદ્ધ જણાવ્યો. એ ઉપરથી રાજાએ પોતાનું અપમાન થયું સમજી, હાથી પાછો વાળ્યો; ચામુંડે તેના ઉપર ચઢાઇ કરવાની મરજી બતાવી. રાજા પોતે પણ ચામુંડની સાથે જવાનો નિશ્ચય કરી, મૂહૂર્તે, ઘણાક રાજાની સેના સહિત નીકળ્યો, ને ગૂજરાતના રાજ્યની સીમા શ્વભ્રવતી( સાભરમતી ? )ને કાંઠે આવ્યો. ત્યાંથી નર્મદા ઉપર આવ્યો. તેને જોતાંજ ભૃગુકચ્છ, એટલે ભરુચ જે લાટદેશની રાજધાનિ, તે ગામની સ્ત્રીઓ બહુ ગભરાઇને ગામમાં પેઠી, તેથી ગામમાં પણ ગભરાટ વ્યાપી ગયો. ચામુંડ રાજ તથા તેની સાથે પુરગાવન, કેટરવન, સારિકાવન, મિશ્રકાવન, સીધ્રકાવન, સાલ્વાગિરિ, અંજનાગિરિ, અલંકારવતી, એ આદિ વન અને પુરના રાજા, સર્વને લાટેશ સામા મોકલ્યા. તેમના ગયા પછી મૂલરાજને પોતાનો પુત્ર એકલો હતો તેની ચિંતા થઇ, તેથી પોતે પણ ગયો. પરંતુ એણે તો બધા રાજાને અક્ષત શરીર અને કોરાં શસ્ત્ર સમેત પાછા આવતા દીઠા, તેથી મનમાં તેમનો બહુ તિરસ્કાર કરવા લાગ્યો, પણ તેમણે

આવી પહોચી, અમારી સહાય વિનાજ ચામુંડરાજે, અતિ પરાક્રમથી, પીઠ દીધા વિના યુદ્ધ કરતા લાટને હણ્યો એમ કહ્યું ત્યારે રાજાના હર્ષમાં બાકી રહી નહિ. એટલામાં ચામુંડે પણ આવીને રાજાને નમન કર્યું. પછી રાજાએ લાટદેશના રક્ષણાર્થે જે આજ્ઞાકરી તે પ્રતિ રાજ્યકર્તાએ લક્ષમાં રાખવા જેવી છે. તેણે કહ્યું કે "જેમ ગાય વત્સ અને હલસહિત આપણા દેશનું નિરંતર કલ્યાણ છે, તેમ ગાયવત્સ અને હલ સહિત આ દેશનું પણ નિરંતર કાલ્યાણ થાઓ." પછી મૂલરાજ અણહિલ્લપુર આવ્યો, અને વૃદ્ધ થયાથી, ચામુંડ રાજાને ગાદીએ બેસારી, સરસ્વતીતીરે શ્રીસ્થલમાં જીવતેજ અગ્નિપ્રવેશ કરી સ્વર્ગે ગયો.

સાતમા સર્ગમાં ચામુંડ અને તેના પુત્રોની હકીકત છે. એને ત્રણ પુત્ર હતા: વલ્લભરાજ, દુર્લભરાજ, નાગરાજ. એ ત્રણે સારા પરાક્રમી, વિદ્વાન્ અને કુશલ હતા. ચામુંડરાજે કેટલાં વર્ષ રાજ્ય કર્યું, કે તેના સમયમાં શું થયું એની કશી હકીકત ગ્રંથમાં આપેલી નથી, પણ એણે ચૌદ વર્ષ રાજ્ય કર્યું હોય એવું દ્વયાશ્રયની પછવાડેના ટિપ્પણમાંથી જણાયછે. ફાર્બસ સાહેબ મુસલમાન ઇતિહાસ કારોને આધારે આ સમયનું વૃત્તાન્ત પૂરું પાડે છે, ને તેમાં બહુ જાણવા યોગ્ય વાત તો મહંમુદ ઘઝનવીએ સોમનાથને તોડયાની આપેછે, પરંતુ આ કે એવા કશા બનાવ વિષે હેમાચાર્યે ઇશારો કર્યો નથી. ફાર્બસ સાહેબ લખેછે કે ચામુંડ વ્યભિચારી હતો, એ વાતને દ્વયાશ્રયના ટીકાકાર કાંઇક ટેકો આપેછે ખરો, કેમકે તે લખેછે કે ચામુંડને એની બહેન વાચિણી દેવીએ તેના દુરાચારને લીધે ગાદી ઉપરથી ઉઠાડી મૂકી વલ્લભરાજને ગાદી આપી હતી. ચામુંડરાજ ઘણું કરીને પોતાના કર્મનો પશ્ચાતાપ કરવા માટેજ કાશી તરફ જતો હશે, તેવામાં માળ-

વાના રાજાએ એને લૂટી લીધો, તેથી એણે પાછા આવી, વલ્લભને આજ્ઞા કરી કે માળવા ઉપર ચઢાઇ કરો. વલ્લભે તેમ કર્યું, પણ તેને માર્ગમાં કાંઇક અસાધ્ય વ્યાધિ ( શીતળા? ) થયો જેથી તે મરી ગયો, ને એની સેનાને, એના કહેવાથી એનું મરણ છૂપાવી, સેનાપતિ પાછી લાવ્યો. વલ્લભરાજ જ્ઞાની હતો તેથી તેનું મોત બહુ સારૂં થયું. પછી દુર્લભરાજને રાજ્યે સ્થાપી ચામુંડ શુકલતીર્થમાં જઇને રહ્યો. દુર્લભરાજે રાજ્ય સારી રીતે ચલાવવા માંડ્યું. એ જૈનધર્મને પણ માનતો હોય એવો સંભવ છે, કેમકે હેમાચાર્યે લખેછે કે એણે એકાંતવાદ ખોટો ઠરાવી, અનેકાંતવાદ એટલે જૈન સ્યાદ્વાદ સ્વીકાર્યો. એવામાં મારવાડના રાજા મહેંદ્રે પોતાની બહેન દુર્લભદેવીના સ્વયંવરમાં એને તેડચો, તેથી પોતાના ભાઇ નાગરાજ સહિત, સેના લઇ, ગયો ફાર્બસ સાહેબ લખેછે કે દુર્લભરાજે પોતાની બહેનનો સ્વયંવર રચ્યો એ વાતને દ્વ્યાશ્રયનો ટેકો મળી શકતો નથી. અંગરાજ કાશીરાજ, અવંતીશ, ચેદિરાજ, કુરુરાજ, હૂણાધિપ, મથુરેશ, વિંધ્યદેશાધિપ, અંધ્રરાજ, સર્વને તજી દુર્લભદેવી, શ્રી અને સરસ્વતીનો જેનામાં લેશ પણ વિરોધ નથી એવા દુર્લભરાજને વરી. મહેંદ્રે પોતાની નહાની બહેન નાગરાજને પરણાવી. પાછા આવતાં રસ્તામાં ઉપર કહેલા રાજાઓ સાથે યુધ્ધ થયું, તેમાં તેમને એણે હરાવ્યા, ને એમ વિજયવાન્ થઇ અણહિલ્લપુર આવ્યો.

આઠમા સર્ગમાં ભીમના પરાક્રમની કથા છે. નાગરાજને સાક્ષાત્ ભીમ જેવો, ભીમ નામે પુત્ર થયો. જ્યોતિષીઓએ તેને મહા પરાક્રમી તથા પૃથ્વીને જીતનાર નિપુણ અને કુશલ જણાવ્યો હતો. દુર્લભરાજે, આત્મસાધન કરવા સારૂ, ભીમને રાજ્ય આપવા માંડ્યું, પણ ભીમે સાફ ના પાડી, અને પિતા છતાં મને શા માટે રાજ્ય આપોછો,

એમ કહ્યું. નાગરાજે રાજ લેવાની ના કહી, અને બન્ને ભાઇએ થઇને ભીમને ગાદીએ બેસાડયો. ભીમના કરપથી આખો દેશ વશ થઇ ગયો, શત્રુ શાન્ત થઇ ગયા, ને છેક યમુનાતટ અને મગધ દેશસુધી પણ એની આણ ફરવા લાગી. રાજ્યમાં નીતિ પણ ઉત્તમ પ્રવર્તી, અને પરદારગમન સુધાંત ને પણ ભીમે ભારે શિક્ષા કરી બંધ પાડી દીધું. એક દિવસ ભીમના ચારોએ આવીને કહ્યું કે સર્વ દેશ તમારે વશ છે, રાજાઓ તમારે માટે હાર ગુંથી તૈયાર કરેછે, તમારાં સ્તવન કીર્તન કરા વેછે, પણ સિંધુરાજ અને ચેદિરાજ તમારા પૂરા શત્રુ છે. તેમણે તમને મારવાની યોજનાઓ કરીછે, તમારા શત્રુઓ ને પોતાની પક્ષમાં લીધાછે, ને મ્હોટી સેના ભેગી કરી છે. તેમની નીતિ બહુ ખોટી છે, તેમની વૃત્તિ નીચ છે, ને તે ઘણા બળવાળા, તથા મહા ગર્વિષ્ઠ છે. શિવશાણના રાજાને સિંધુરાજે હરાવી પોતાનો કર્યોછે, ને મરુચંડીશ સાથે તેણે સંપ કર્યોછે. ચીન, બર્બર, તેજ, એ આદિ પણ એને વશ છે. ભીમદેવ આ વાત સહન કરી શકયો નહિ, તુરત મંત્રી સાથે સલાહ કરી, સેના લઇને નીકળ્યો, ને સમુદ્ર જેવા પંચનદ આગળ આવીને અટકયો. તેના ઉપર પુલ બંધાવી, પાર ગયો, અને સિંધુરાજસાથે દ્વંદ્વ યુધ્ધ કરી, તેને કેદ કરી, પાછો ફર્યો.

નવમા સર્ગનો આરંભ ભીમદેવના ચેદિરાજ તરફના પ્રયાણથી થાયછે. ચેદિરાજે ભીમને આવતો સાંભળ્યો કે એને ચિંતા થઇ, ને એણે એની સાથે સંધિ રાખવામાંજ લાભ છે એમ મંત્રીઓની સભા કરી નિશ્ચય કર્યો. એટલામાં તો ભીમનો એક દૂત, દામોદર, થોડીક સેના લઇ આવી પહોચ્યો, તેને આવકાર આપી સભામાં તેડયો. તેણે, ફાર્બસ સાહેબ લખેછે તેમ પોતાના સ્વામીની નહિ, પણ ચેદિરાજની સમૃદ્ધિ, તથા ધર્મિષ્ઠતાની, સ્તુતિ કરી, અને પૂછ્યું કે તમે અમારા મિત્ર છો કે શત્રુ છો, કેમકે ઉભયથા પણ અમને હર્ષ

આપનાર છો, એમ મારા સ્વામીએ પૂછાવ્યું છે. ચેદિરાજ કર્ણે કહ્યું કે એવા પ્રતાપી રાજાના અમે મિત્રજ છીએ, ને અમારે એમનો સત્કાર કરવા સામા જવું જોઇએ, પણ આ દેશના રાજાએ નર્મદા ઓળંગવી નહિ એવો સંપ્રદાય છે તેથી તમેજ હાથી ઘોડા સુવર્ણ, તથા ભોજની સુવર્ણમંડપિકા લઇ એમની પાસે જાઓ અને અમારી મૈત્રીની ખાતરી કરો. દૂત પાછો ગયો અને ભીમના મંત્રીઓએ તેણે કરેલા સંધિનો સ્વીકાર કર્યો. પછી ભીમદેવ સ્વપુરમાં આવ્યો, ત્યાં એને એક પછી એક ક્ષેમરાજ અને કર્ણ એ નામે બે પુત્ર થયા. થોડે દિવસે ક્ષેમરાજને પણ દેવપ્રસાદ નામે પુત્ર થયો. ભીમે વૃદ્ધ થવાથી, આત્મસાધન કરવા માટે, ક્ષેમરાજને રાજ્ય આપવા માંડ્યું, પણ તે તેણે ન સ્વીકાર્યું, તેથી રાજ્ય કર્ણને આપી ભીમ વિરક્ત થયો, પણ થોડા સમયમાં મરી ગયો. ક્ષેમરાજ પણ મંડુકેશ્વર માં જઇ વાનપ્રસ્થ થઇ રહ્યો, ને તેની સેવામાં દેવપ્રસાદ રહેતો હતો, તેથી તેને મંડુકેશ્વર પાસેનું દધિસ્થલી ( દેથળી ) ગામ કર્ણે આપ્યું. આ બનાવ બન્યા પછીથી કર્ણની પાસે એક ચિત્રકાર આવ્યો. તેણે દક્ષિણમાં ચંદ્રપુરના જયકેશીની પુત્રી મયણલ્લા, જેને મીનળદેવી કહેછે, તેનું ચિત્ર દેખાડી, કહ્યુંકે હે રાજા ! તમારૂં ચિત્ર કોઇએ બતાવ્યાથી એ કન્યા તમનેજ વરી ચૂકી છે, ને બહુ પીડાય છે, માટે તેનું ચિત્ર હું આપની પાસે લાવી કૃતાર્થ થયોછું. રાજા તેના રૂપથી બહુ ખુશી થયો, ને પ્રેમમાં પડી પીડાવા લાગ્યો. ચિત્રકારને દાન સત્કારાદિથી વિદાય કર્યો. પછી જયકેશીનાં માણસો કર્ણના દરબારમાં હાથી ઘોડા રત્ન આદિની ભેટ લઇ આવ્યાં ને કહેવા લાગ્યાં કે અમારા સ્વામીએ આપને એક એવી ભેટ મોકલી છે કે જે કોઇને આપ આપો નહિ, નિરંતર પાસેજ રાખો, તોજ આપી શકાય. તેમને રહેવાનું સ્થાન આપી, રાજા રાત્રીએ

તેમની ચર્ચા જોતા ગયો, તો મયણલ્લાને જોઇ પ્રસન્ન થયો. પછી બીજે દિવસ તેની સાથે તેનું લગ્ન થયું, જેમાં જયકેશીએ બહુ પહેરામણી પણ આપી.

દશમા સર્ગમાં એવી વાત છે કે રાજાને પરણ્યાને ઘણાં વર્ષ થયાં પણ પુત્ર થયો નહિ, તેમ કોઇ સિદ્ધનું વરદાન હશે તે પણ ફલ્યું નહિ. ત્યારે તેણે ફલાહાર, ઉપવાસ, આદિ મહા કષ્ટ ઉઠાવી શ્રી-લક્ષ્મીની ઉપાસના આરંભી. એની સમાધિ ભંગાવવા અપ્સરાઓ, તથા એક વિકરાલ પુરુષ આવ્યાં, પણ તેથી એ ડગ્યો નહિ. છેવટ લક્ષ્મીએ પ્રસન્ન થઇ પ્રત્યક્ષ દર્શન દીધાં, અને વરદાન આપ્યું કે તારી આજ્ઞા સ્વર્ગ મૃત્યુ પાતાલ સર્વત્ર વર્તશે. પણ રાજાએ પુત્રનું વરદાન માગ્યું, લક્ષ્મીએ તે પણ પ્રસન્ન થઇ આપ્યું, અને અંતર્ધાન થઇ ગઇ. પછી રાજા ઘેર આવ્યો. આ ઠેકાણે ફારબસ સાહેબ લખેછે કે મયણલ્લા કદરૂપી હતી તેથી તેના ઉપર રાજાની પ્રીતિ હતી નહિ, પણ એક નટડી ઉપર હતી, ને પોતાના એક મંત્રીની યુક્તિને લીધેજ નટડીને બદલે મયણલ્લાને ઋતુદાન આપ્યું, તેથી પુત્ર થયો. આ વાત હેમચંદ્રે જરા પણ આપી નથી, ને તેને બદલે ઉલટું મયણલ્લાના રૂપની રાજા અને રાણીની પરસ્પર પ્રતિની, ને આ પ્રમાણે પુત્ર મળ્યાની, વાત લખેલી છે.

અગીઆરમા સર્ગમાં જયસિંહના જન્મનું વૃત્તાન્ત છે. કર્ણ રાજાને મયણલ્લા સાથે વિહાર કરતાં પુત્ર થયો. એના વિષે, ઘણા પ્રસિધ્ધ અને નિપુણ જોશીઓએ, બહુ ઉજ્જવલ ભવિષ્ય ભાખ્યું. તે શસ્ત્રાસ્ત્રમાં કુશલ થયો, ને તેનું નામ જયસિંહ એવું પાડયું. કર્ણે એને રાજ્ય આપી, વિરક્ત દશામાં રહેવાનું કહેવામાંડયું, પણ એણે ના કહી. છેવટ, એને રાજ્ય સોંપી, દેવપ્રસાદની સંભાળ રાખ-

વાની આજ્ઞા કરી, પૂર્વજોની રીતિએ ચાલવાની શિક્ષા આપી, કર્ણ મરી ગયો. દેવપ્રસાદ પણ પોતના પુત્ર ત્રિભુવનપાલને, જયસિંહને ભાળવી, કર્ણની પાછળ તુરતજ, સરસ્વતીના તટ ઉપર અગ્નિપ્રવેશ કરી સ્વર્ગે ગયો. જયસિંહે ત્રિભુવનપાલને પોતાની બરાબર ગણી તેની સારી સંભાવના કરી.

બારમા સર્ગમાં એવી વાત છે કે, એક દિવસ સિધ્ધપુરથી આવીને બ્રાહ્મણોએ ફરીઆદ કરી કે તમે જે સત્રશાલા સરસ્વતીતીરે બાંધી હતી તેને રાક્ષસોએ વણસાડી નાખી. એ ઉપરથી રાજા પોતાના પ્રમાદને માટે પશ્ચાત્તાપ કરતો સેના લઇને ચાલ્યો. રાક્ષસોનો સ્વામી બર્બર અથવા બર્બરક જવાલાઓ કરતા એવા રાક્ષસોની સેના લઇ સમો આવ્યો, અને શિલા તથા વૃક્ષનો વરસાદ વરસાવવા મંડ્યો. એથી ભયભીત થઇને જયસિંહની સેના પાછી હઠી, પણ પ્રતીહારે બહુ તીરસ્કાર કર્યાથી, તથા જયસિંહે પંડે યુધ્ધે નીકળવાથી પાછી ભેગી થઇ. બર્બર અને જયસિંહ સામસામે થઇ ગયા, તેમાં જયસિંહે બર્બરને તરવારથી ઘા કર્યો પણ તરવાર ભાગી ગઇ. હાથે હાથ દ્વંદ્વ યુધ્ધ થયું તેમાં જયસિંહે બર્બરને બાંધી કેદ કર્યો. બર્બરની સ્ત્રીએ પ્રાર્થના કરી કે હવેથી એ દુરાચાર તજી, સારે માર્ગે ચાલશે નિરંતર તમારો દાસ થઇ રહેશે, એટલે જયસિંહે તેને છોડી દઇ તે સ્થાનનો રક્ષક ઠરાવ્યો.

તેરમા સર્ગની કથાને અનુસારે જોતાં જયસિંહ રાત્રીએ નગરચર્ચા જોવા ફરતો એમ સમજાયછે. એક રાત્રીએ ફરતાં ફરતાં સરસ્વતી પાર ગયો. ત્યાંતો એણે કોઇને એમ બોલતાં સાંભળ્યું કે હું તમને મૂકીને જીવનાર નથી, તમે કૂવામાં પડશો તો હું પણ તમારી પાછળ પડીશ. આ ઉપરથી સિધ્ધરાજ ત્યાં ગયો, ને ત્યાં ઉભેલા નાગપુત્રને આશ્વાસ-

ન કરી, તેનું દુઃખ કાપવાની પ્રતિજ્ઞા કરી, હકીકત પૂછવા લાગ્યો. તેણે કહ્યું કે મારૂં નામ કનકચૂડ છે ને વાસુકી નાગના ઇષ્ટ એવા રત્નચૂડનો હું પુત્ર છું. મારે મારા સહાધ્યાયી દમન જોડે વાદ થયો કે જો એ હેમંતમાં લવલી દેખાડે તો મારે મારી ભાર્યા હારવી. એણે તો, ગમે તે પ્રકારે, તેમ કર્યું, અને હું હાર્યો, પણ એવામાં અમને બન્નેને બોલાવી નાગલોકે કહ્યું કે તમારામાંથી દમનનો વારો હુલ્લડ પ્રતિ જવાનો છે, માટે તેણે જવું. હુલ્લડ નામે એક, વરુણનું વરદાન પામેલો નાગ કાશ્મીરમાં રહેછે, તેણે એકવાર પાતાલને પાણીમાં ડુબાવી નાખવા માંડયું, ત્યારે નાગલોકોએ તેની સાથે એવી શરત કરી કે પ્રતિવર્ષે તમારી પૂજા કરવા અત્રથી એક એક નાગ આવશે, ને જો તેમ ન થાય તો તમે ફાવે તે કરજો. હુલ્લડે આ વાત કબૂલ રાખી, પણ હવે તેના પ્રતિ જવું એ બહુ વિકટ છે, કેમકે કાશ્મીર હિમવાળો પ્રદેશ છે, તેમાં મરી જવાય. આટલા માટે અત્ર આ કૂપ છે તેમાંથી ઉષ (?) લઇ જઇ શરીરે લગાડવામાં આવે તો બચી જઇ સાજા સમા અવાય. દમનને જવાનું ઠર્યું તેથી તેણે મને કહ્યુંકે તું જો મને ઉષ લાવી આપે તો હું તને હોડમાંથી મુક્ત કરૂં. એ ઉષ લેવા હું અત્ર આવ્યો છું, પણ વજ્રમુખી માખોથી ભરેલા આ અંધારા કૂવામાં પડયા પછી હું જીવું એવી મને આશા નથી. આ મારી પ્રાણપ્રિયા મને તેમ કરવામાં વિઘ્ન કરે છે, ને સાથે આવવા તૈયાર થઇ છે. આ કથા સાંભળી જયસિંહે તેને ધીરજ આપી ઉષ આણી આપ્યો, અને તે નાના કુમારને, બર્બર, જે એકનિષ્ઠાથી ભક્તિ કરતો હતો, તેની સાથે પાતાલમાં પહોચાડી દીધો.

ચૌદમા સર્ગમાં એવી વાત છે કે એક વખત રાજાને નગર ચર્ચામાં યોગિનીઓનો મેળાપ થયો. તેમને સર્વ પ્રકારે પરાસ્ત કરવાની એ ખંત રાખતો, કેમકે તે પોતાના લોકને કનડતી. જોગણીએ કહ્યું

કે તું અમારી પૂઠે પડયો છે તેમાં તારૂં સારૂ નહિ થાય, જો કલ્યાણ ઇચ્છતો હોય, તો અવંતિના યશોવર્માને પગે પડ અને તેની પેઠે અમને બલિદાનથી તૃપ્ત કર. જયસિંહે પ્રતિજ્ઞા કરી કે તમારાથી થાય તે કરજો, પણ હું તમારા યશોવર્માનોજ પરાજય કરીશ. પોતે મ્હોટી સેના લઇ ચાલ્યો. રસ્તામાં ભીલ સેના એને મળી. બધાંએ અવંતિ આગળ મુકામ કર્યો, અને અવંતિ અથવા ઉજ્જયિનીના કિલ્લાને તોડવાની તૈયારી ચાલી. એક દિવસ રાતે રાજા ફરતો ફરતો સિપ્રાના તટ ઉપર ગયો, ત્યાંતો યોગિનીઓ ભેગી થઇ, પોતાનુંજ એક પૂતળુ બનાવી, તેના ઉપર, પોતે હારે એવો પ્રયોગ કરતી હતી. તે દીઠું. પછી પોતે છતો થયો, ને યોગિનીઓ સાથે યુદ્ધ કરી, કાલિકા જે બહુ બહુ રૂપ ધરી આવતી હતી, તેને પરાસ્ત કરી. કાલીએ પ્રસન્ન થઇ કહ્યું છે કે તું સાક્ષાત્ વિષ્ણુ છે, તું યશોવર્માને જીતશે. આ સમાચાર રાત્રીએ સાંભળ્યા એટલે યશોવર્મા છાનોમાનો ધારામાં નાશી ગયો. પણ અવંતિનો કિલ્લો તોડી, તે લીધા પછી, ધારાને પણ જયસિંહે લીધી, ને યશોવર્માને કેદ કર્યો.

પંદરમા સર્ગમાં જયસિંહના રાજ્યની સમાપ્તિ થાય છે. યશોવર્માનો પરાજય કર્યા પછી એણે અનેક નૃપોને વશ કર્યા. પછી એણે ધર્મકૃત્ય કરવાં આરંભ્યાં. પ્રથમ એણે કેદારનો માર્ગ દુરસ્ત કરાવ્યો ને પછી સિધ્ધપુરમાં રુદ્રમહાલય, જેને રુદ્રમાળ કહે છે, તે કરાવ્યું, તથા એક જિનેશ્વર ચૈત્ય પણ કરાવ્યું. પછી પગે ચાલીને સોમનાથની યાત્રાએ ગયો, ને દેવપત્તન પહોચી, સોમનાથની પૂજા કરી, એકલો મંદિરમાં બેશી સમાધિસ્થ થયો. શંકરે દર્શન દઇ, એને સુવર્ણ સિદ્ધિ આપી, સિદ્ધ એવું ઉપનામ આપ્યું. એણે પુત્રને માટે યાચના કરી ત્યારે શંકરે કહ્યું કે તારા ભાઇના દીકરાનો દીકરો કુમારપાલ તારી ગાદીએ બેસશે. પછી પોતે અંતર્ધાન થઇ ગયા. ત્યાંથી પગે ચાલી

ને ઉજ્જયંત અથવા રૈવતાચલ એટલે ગિરનાર ગયો. રસ્તામાં એને વિભીષણ ( ? ) મળ્યો, તે સાથે ગયો. આ વિભીષણ મળ્યાની જે વાત હેમચંદ્રે લખી છે તે ફારબસ સાહેબે એમ આપી છે કે મ્લેચ્છ રાજાના એલચીઓ એના દરબારમાં આવ્યા ત્યારે ત્યાં રાવણનું નાટક કરાવ્યું, જેમાં વિભીષણ થયો હતો તેણે કહ્યું કે આપ ( એટલે સિદ્ધરાજ ) તો રામ પોતેજ છો; આવું સાંભળીને મ્લેચ્છો બીહીને જતા રહ્યા. ગિરનાર ઉપર નેમિનાથની પૂજા કરી, વિભીષણને રજા આપી પોતે તેજ રીતે પાછો શત્રુંજય ગયો. ત્યાં ઋષભદેવની પૂજા કરી નીચે આવ્યો, ને બ્રાહ્મણોને દક્ષિણાદિ આપ્યાં. તેમને સિંહપુર એટલે સીહોર ગામ સ્થાપી આપ્યું, તથા તેના ગુજરાન માટે બીજાં પણ ગામ આપ્યાં. રુદ્રમહાલય કરાવવાનું તથા સીહોર સ્થાપવાનું માન ફારબસ સાહેબે મૂલરાજને આપેલું છે, પણ હેમાચાર્યે તે વાતનો ઇશારો સરખો પણ કર્યો નથી એ નવાઇ જેવું છે. પછી અણહિલ્લપુર આવી સહસ્રલિંગ સરોવર બંધાવા માંડ્યું, તેને કાંઠે ૧૦૮ શિવાલય તથા શક્તિનાં મંદિર કરાવ્યાં, સત્રશાલા, મઠ, વગેરે કરાવ્યા, તથા દશાવતારની પ્રતિમાઓ સહિત દશાવતારી કરાવી; અને મરી ગયો.

સોળમા સર્ગથી કુમારપાલનો ઇતિહાસ શુરૂ થાયછે. સિધ્ધરાજ પછી કુમારપાલ ગાદીએ બેઠો. કુમારપાલ ગાદીએ ન બેસે એમ સિધ્ધરાજની ઇચ્છા હોય એવી વાત હેમચંદ્રે જરા પણ સૂચવી નથી જોકે ઇતિહાસમાં પ્રસિધ્ધ છે. એના નાનપણનો લાભ લઇ ઉત્તરના સવાલક્ષ ગામના રાજા આન્ને, તથા શિવહાર નદી ઉપરના બીજા રાજાઓએ એના ઉપર હુમલો કરવો ધાર્યો, અને પૂર્વમાં અવંતિના બલ્લાલ સાથે સલાહ કરી કે તારે દક્ષિણના રાજાઓ સહિત, જ્યારે કુમારપાલ આન્નાદિ સાથે લડે ત્યારે, ગૂજરાત ઉપર હલ્લો કરવો. આન્નના તરફ બલ્હિ અને ઉર્દિના રાજા મુખ્ય હતા. કુમારપાલનો

એક ચાર તે તરફથી આવ્યો તેણે બધી ખબર કહી, કે તમારા ઉપર આવવાને આન્ન નીકળી ચુકયો છે, ને તેણે કંથા ગામ, કાંથક-હૃદ, અરણ્યદેશ, શિવરૂપ, પૂર્વમદ્ર, અપરેષુકામશમ, ગોમતી, ગોષ્ટ્રયા, તૈકયા, એ સર્વ રાજા તથા વાહીકરાટ્, રોમકરાટ્ યકૃલ્લોમરાજ, પટચ્ચર, શુરસેન, એ સર્વને મેળવી લીધા છે. આપનો આહડ( વાહડ ? ) પણ જવાની તૈયારીમાં છે. આ સાંભળી રાજાએ સજ્જ થઇ, કાકંટક, પાટલીપુત્ર, મલ્લવાસ્ત, ઇત્યાદિ રાજા સહિત બલ્લાલ તરફ, સાંકાશ્ય, ફાલ્ગુનીવહ, નાંદીપુર, અને વાતાનુપસ્થના રાજા સહિત પોતાના સેનાપતિ કાકનામના બ્રાહ્મણને મોકલ્યો, ને પોતે, ઐરાવત, અત્રિસાર, દર્વિ, સ્થલ, ધૂમ, ત્રિગર્ત, ગર્ત, આદિના નૃપો સાથે આન્ન તરફ ચઢયો. રસ્તામાં યુગંધર, કુરુ, અને કચ્છની સેના એને આવી મળી. એમ કરતાં એ આબુ આગળ પહોચ્યો, જ્યાં એને પોતાનો ખંડીઓ રાજા વિક્રમસિંહ પરમાર મળ્યો. તેણે એને આગ્રહ કરી થોડો વાર થોભાવ્યો, તેથી એણે સેનાસહિત, વર્ણાસા ( બનાસ )ને તટે મુકામ કર્યો. પછી આ સર્ગનો બાકીનો ભાગ કવિએ ઋતુવર્ણનથી ભરેલો છે.

સત્તરમો સર્ગ પણ સેનાના વનવિહાર અને જલવિહારમાં રોકાયલોછે. અરાઢમા સર્ગમાં આન્ન તરફનું પ્રયાણ પાછું ચાલતું થયુંછે. આન્ને પણ સામા થવા તૈયારી કરી. એના એક વૃદ્ધ મંત્રીએ એને શિખામણ દીધી કે તારે તારા જૂના મિત્ર સાથે આમ કારણ વિના વૈર કરવું યોગ્ય નથી, પણ તેનો તિરસ્કાર કરી આન્ન પોતાના સરદાર ગોવિંદરાજ સહિત યુધ્ધે ચઢયો. કુમારપાલ આવી પહોચ્યો, અને આન્ન પણ તાડ જેવો લાંબો, ને હાથ જેવડા ફલવાળો, ભાલો લઇ નીકળ્યો. યુધ્ધ ચાલ્યું તેમાં આન્ને લશ્કર હઠી જતું જોઇ, જાતે ચક્ર ફેંકવા માંડયાં. કુમારપાલે તીરપ્રહારથી તે ઉરાડી દીધાં, ને પોતાનો હાથી આન્નના હાથી પાસે લઇ જવરાવ્યો. કુમારપાલે લો-

હુ શક્તિથી પ્રહાર કર્યો તેથી આન્ન નીચે, મૂર્છા ખાઇને, પડચો. કુમારપાલે એને મારી નાખ્યો નહિ, પણ એના હાથી ઘોડા લઇ લીધા.

ઓગણીસમા સર્ગમાં એજ વૃત્તાન્ત આગળ ચલાવી લખ્યુંછે કે કુમારપાલ મુવેલાંની સારવાર કરવા રણક્ષેત્ર ઉપર રહ્યો. એવામાં આન્નનો દૂત આવ્યો, તેણે બહુ પ્રકારે માફ માગી, વિનતિ કરીકે આપના પૂર્વજોસાથે આન્નને જેવો સ્નેહ હતો તેવો આપ પણ રાખો, ને એની ભૂલ માફકરો. વિશેષમાં એણે પોતાની પુત્રી જલ્હણા, પુરોહિત, તથા માતા સહિત, અને પહેરામણી સહિત, આપને પરણાવવા મોકલી છે, તેનો સ્વીકાર કરો. કુમારપાલે આન્નનું કહેણ કબૂલ રાખી, કન્યાને અણહિલપુર લાવવા કહ્યું ને પોતે પાછો ફર્યો. આવીને બંદીવાનોને છોડી મૂકી ઉત્સવ કર્યો, લોકોએ પણ એને ભેટો મૂકી. પછી કન્યાવાળાં આવ્યાં, ત્યારે તેની સાથે પોતે લગ્ન કર્યું. લગ્નસમારંભ થઇ રહેવા આવ્યો હતો એવામાંજ કાકસેનાપતિ તરફથી દૂત આવ્યો તેણે સમાચાર કહ્યા કે આપે સેના મોકલી તેમાંના મુખ્ય જે વિજય અને કૃષ્ણ તેમને શામિવૃત્ય, અભિજિત્ય, એમની મારફતે બલ્લાલે ફોડાવ્યા. પછી યુદ્ધ થયું, તેમાં આપણી સેના પાછી હઠી, પણ સેનાપતિએ બરદાવ્યા ઉપરથી પાછી ભેગીથઇ, ને બલ્લાલનો નાવાકાર વ્યૂહ તેણે તોડચો. પાંચ રાજાઓએ બલ્લાલને નીચે પાડી, સેનાપતિ વારે તે પહેલાં તો, મારી નાખ્યો. આ વૃત્તાન્ત સાંભળી રાજાએ દૂતને શીરપાવ આપ્યો. પછી કન્યાને લઇ પોતાના મહેલમાં ગયો. એણે પોતાના સર્વ શત્રુને વશ કરી નાખ્યા.

વીશમા સર્ગથી દ્વયાશ્રયની સમાપ્તિ થાયછે. કુમારપાલે એક દિવસ રસ્તામાં એક માણસને પાંચ છ બકરાં ખેંચી જતો જોયો,

તેને પૂછ્યું કે આ મુવેલાં જેવાં બકરાં ક્યાં લઇ જાયછે, તો તેણે કહ્યું કે કસાઇને ઘેર વેચી થોડા પૈસા આવશે તે લાવી મારૂં દારિ-દ્ર ટાળીશ. આ ઉપરથી કુમારપાલે માંસાહારની બહુ નિંદા કરી અને પોતની જાતને પણ ઠપકો આપ્યો કે મારા દુર્વિવેકથીજ લોકો આવી હિંસામાં પ્રવૃત્ત થાયછે. પછી પેલા માણસને જવાદઇ, પોતે તુરત અધિકારીઓને આજ્ઞા કરીકે જે જૂઠી પ્રતિજ્ઞા કરે તેને તમારે શિક્ષા કરવી, જે પરદારગમન કરે તેને તેથી અધિક કરવી, ને જે જંતુ-હિંસા કરે તેને તેથી પણ અધિક કરવી. આવી અમારિઘોષણા આખા રાજ્યમાં, છેક ત્રિકુટાચલ જે લંકામાં છે ત્યાંસુધી કરાવી, ને એને લીધે જેને નુકસાન થયું તેમને ત્રણત્રણ વર્ષ ચાલે એટલું પોતે અન્ન આપ્યું. દારૂ પીવાનો રીવાજ પણ એણે બંધ પડાવ્યો. અને યજ્ઞયાગમાં પણ બકરાંને બદલે જવ હોમાતા થઇ ગયા. એક દિવસ રાત્રીએ પોતે સૂતો હતો તેવામાં કોઇને રોતું સાંભળ્યું તેથી એકલોજ તે સ્થાને ગયો, તો ત્યાં એક સુંદર સ્ત્રીને રોતી સાંભળી. તેને પૂછતાં જણાયું કે તે એક ધનાઢ્ય ગૃહસ્થની સ્ત્રી છે, તેનો પતિ ને પુત્ર મરી ગયાછે, ને તેથી તે એમ રૂવેછે કે પુત્ર વિનાની નવારસી મિલકત રાજા લઇ લેછે એટલે મારે જીવીને શું કામ છે? રાજાએ તેને આશ્વાસના કરી તેની મિલકત નહિ લેઇ લેવાય એમ વચન આપ્યું, અને તેને ધર્મકૃત્ય કરવાની સલાહ આપી. પછી આખા રાજ્યમાં પણ એવોજ કાયદો જાહેર કરાવ્યો, જેથી પ્રજા બહુ ખુશી થઇ. પછી એક દૂતે ખબર કહી કે કેદારપ્રાસાદ ખસ રાજાએ ખંડેર થઇ જવા દીધોછે, તેથી તેણે ખ-સને ઠપકો દઇ તેની, તેમ દેવપત્તનના સોમનાથ જે જીર્ણ થઇ ગયા હતા તેની મરામત અમાત્ય વાગ્ભટ્ટ પાસે કરાવી. પછી દેવપત્તનમાં તેમ અણહિલ્લપુરમાં એણે પાર્શ્વનાથનાં ભવ્ય ચૈત્ય બંધાવ્યાં, અને શંભુએ એને સ્વપ્ન આપ્યું કે તારી ભક્તિથી પ્રસન્ન થઇ હું તારા પુ-

રમાં વસવા ઇચ્છુંછું તેથી એણે એક કુમારપાલેશ્વર મહાદેવનું પણ દેવાલય કરાવ્યું. એટલેથી હેમાચાર્યે દ્વયાશ્રયમાં આપેલો વૃત્તાન્ત કુમારપાલને આશિર્વાદ આપીને અટકેછે.

## વિશેષાવલોકન.

સંસ્કૃત ભાષામાં ખરી ઐતિહાસિક કીમતનાં પુસ્તકો નથી એમ કહેવામાં ઝાઝી ભૂલ નથી, કેમકે કાશ્મીરના ઇતિહાસની રાજતરંગિણી વિના પ્રાચીન ઐતિહાસિક પુસ્તક એક પણ મળી આવતું નથી. મધ્ય પ્રાચીન સમયમાં જૈન લોકોએ કેટલાંક કાવ્ય પ્રબંધ રાસા આદિથી ઘણી ઐતિહાસિક બાબતો નોંધી રાખેલીછે, ને જોકે તેમના ગ્રંથ બહુ ભરોસાદાર નથી, તોપણ ઘણા ઉપયોગના છે. હેમાચાર્યે જે ઇતિહાસ દ્વયાશ્રયમાં આપ્યો છે તે એટલો બધો અગત્યનો છે કે તેને આધારે પ્રખ્યાત સર અલેકઝાન્ડર કીનલાક ફારબસે પોતાની રાસમાળામાં નો પણ કેટલોક ભાગ લખ્યોછે. ફારબસ સાહેબના હેવાલમાં અને હેમાચાર્યના હેવાલમાં જે તફાવત છે તે ઠેકાણે ઠેકાણે બતાવવા મેં પ્રયાસ કર્યો છે ને દ્વયાશ્રયનું આજ સુધી ચોકસ ભાષાન્તર થયેલું નહિ તેથી, ખુદ દ્વયાશ્રયને આધારે લખેલી બીનામાં પણ કહીં કહીં પાઠાફેર થયેલુંછે. આટલા ઉપરથીજ આવા ગ્રંથોનાં ચોકસ ભાષાન્તર થવાની અગત્ય સ્વાભાવિક રીતે સિધ્ધ થાયછે. ફારબસ સાહેબે આપેલી ઘણીક બીના દ્વયાશ્રયમાંથી મળી આવતી નથી, પણ તે બધી તેટલા માટે ખોટી કે શક ભરેલી કહી શકાતી નથી. કેમકે ફારબસ સાહેબે જે જે જૈન ગ્રંથો, ભાટચારણોના રાસા, લેખ, તામ્રપટ, આદિ તપાસ્યાંછે, તે બધાંની બારીક તપાસ કર્યા વિના એ બાબતમાં અભિપ્રાય આપવો એ બહુ સાહસ કહેવાય. ને એટલાજ માટે જેટલા જૈન ગ્રંથો ગૂજરાતના ઇતિહાસને લગતા છે તે બધાનું નિશ્ચયપૂર્વક ભાષાન્તર થવાની પૂરેપૂરી આવશ્યક્તા છે.

છતાં એક બાબત ઉપર આપણું ધ્યાન બહુ ખેંચાયછે; ને તે

મહંમુદની સોમનાથની સ્વારી વિષે છે. ફાર્બસ સાહેબ લખેછે કે જૈન ગ્રંથકારોએ પોતાના વર્ણ્ય વીરની પ્રતિષ્ઠાને હાનિ લાગે તેવી કશી વાત પોતાના ગ્રંથોમાં દાખલ કરી નથી, ને એવાતની મુખ્ય સાબીતી તે એજ આપેછે કે સર્વે એ ચામુંડરાજાના રાજ્યનાં આખાં ચૌદ વર્ષ વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. એ ચામુંડ રાજાનો સમય તેજ મહંમુદની સોમનાથની સ્વારીનો સમય છે, ને તે હીન વાત લખવી પડે માટેજ લખનારા ચૂપ રહ્યા હોય એમ માનવાની જરૂર પડે. દ્વયાશ્રયમાં પણ ચામુંડ વિષે કાંઇ લખવામાં આવ્યું નથી, અને વલ્લભ દુર્લભ તથા નાગરાજના સમય વિષે પણ તેથીજ બહુ ઘોટાળો થઇ ગયેલોછે. સોમનાથની વાત હેમચંદ્ર બેવાર લખે છે, તેમાં એકવાર સિદ્ધરાજ યાત્રા કરવા જાયછે ત્યારે, ને બીજીવાર કુમારપાલ તેનો જીર્ણોદ્ધાર કરાવેછે ત્યારે, પણ એકે વખત એ દેવાલય ભાગ્યાનો ઇશારો સરખો, એ કરતો નથી. આમ હોવાથી ફાર્બસ સાહેબ ફેરિસ્તા, મિરાત અહમદી, અને આઇને અકબરી, એ મુસલમાની લેખકો ઉપર આધાર રાખી મહંમુદની સ્વારીની વાત સ્વીકારેછે તેમ કર્યા વિના બીજો રસ્તો નથી. તથાપિ એટલું તો કહી શકાય કે કાનડદેવ પ્રબંધ ઉપરથી એમ સ્પષ્ટ જણાયછે કે કરણ વાઘેલાના વખતમાં જ્યારે માધવે અલ્લાઉદ્દીનને આણ્યો, ત્યારે તેણે સોમનાથને તોડયા એવી સ્પષ્ટ સાક્ષી હાલ અજવાળામાં આવેલી છે, ને તેથી જેમ જૈન ગ્રંથકારે પોતાના વર્ણ્ય વીરની મહત્તામાં હાનિ આવે તેવો બનાવ મૂકી દીધાનું અનુમાન કરાય તેમ મુસલમાનોએ એ પ્રખ્યાત તીર્થને ભાગ્યાની મહાકીર્તિ પોતાના વીરને અર્પવા માટે એ બનાવ લખ્યાનું અનુમાન પણ કરી શકાય. વળી જૈનો જે વેદધર્મના વિરોધી હતા તે એવો બનાવ છેક ઇશારા વિના પણ જવાદે એ બહુ બંધ બેસતી વાત નથી. અલ્લાઉદ્દીને સોમનાથને ભાગ્યાની વાત તે કદાપિ બીજીવાર તેમ થયાની હોય એમ પણ ધારી

શકાય, એટલે કે આમ કે આમ એમ એક નિશ્ચયપૂર્વક વાત એ બાબતપર હજુ વધારે અજવાળું પડયા વિના, કહી શકવી અશક્ય છે. ( જુઓ આગળ દીનાર શબ્દ ઉપર ટીકા ).

ગૂજરાતના અથવા અણહિલવાડના રાજ્યની સીમા બહુ વિશાલ જણાયછે. દક્ષિણમાં છેક કોલાપુરના રાજા તેની આણ માનેછે ને ભેટ મોકલેછે, ઉત્તરમાં કાશ્મીરથી પણ ભેટો આવેલીછે, ને પૂર્વમાં ચેદિ દેશ તથા યમુના પાર અને ગંગા પાર મગધ સુધી આણ ગયેલીછે. પશ્ચિમે સોરાષ્ટ્ર તે ગૂજરાતને તાબે હતું, અને સિંધુદેશ એટલે સિંધ અને પંજાબનો કેટલોક પંચનદ આગળનો ભાગ એ પણ ગૂજરાતને તાબે હતો. એ સિવાય ઘણાક દેશને રાજાનાં નામ આવેછે, પણ એમને ઓળખાવાનાં આપણી પાસે હાલ સાધન નથી.

ઇતિહાસ સંબંધે દ્વયાશ્રયનો જે ઉપયોગ છે તેવોજ તેનો ઉપયોગ આપણને તે સમયની એટલે આજથી લગભગ સાતસેં કરતાં વધારે વર્ષ ઉપરની રીતભાત વિષેની હકીકતની બાબતમાં છે. તે સમયની રાજ-નીતિ ઉપર વિચાર કરીએ તો પાછલા સમયમાં રજપુતોએ જે પરાક્રમ દર્શાવ્યુંછે તેનો અંશ એ સમયના રાજાઓમાં ન હતો એમ નથી, ને મૂલરાજે ગ્રાહરિપુ સાથે ધર્મને કારણે કરેલુ યુદ્ધ તેને ધન્યવાદ અપાવે તેવું છે. નાસતા, પડેલા, શસ્ત્ર વિનાના, કે અસહાય, શત્રુને પ્રહાર કરવો એ જેટલું હીણું ગણાતું, તેટલુંજ શત્રુને કેદ કરી તેની પાસે અમુક આંકડો માગવો એ પણ મ્લેચ્છાચાર કહેવાઇ નિંદ્ય ગણાતું ( ૨–૮૫ ). રાજા પ્રજા વચ્ચે સંબંધ ઘણો રહેતો, અને રાજા પણ પ્રત્યેક કાર્ય સત્વર પોતાને નિવેદન થાય તે માટે જુદા જુદા પ્રામાણિક મંત્રીઓ રાખતો. મુખ્ય મંત્રીનું કામ બ્રાહ્મણો કરતા એમ લાગેછે, તેમ યુદ્ધમાં પણ તેઓ તરવાર બાંધી આગળ ન થતા એમ નથી.

રાજાઓ નિરંતર મંત્રશક્તિ, ઉત્સાહશક્તિ, ને બલશક્તિ, એ સાચવતા. લડાઇનાં આયુધમાં ગદા, છરા, શક્તિ, સાંગ, ભાલા, તીર, તરવાર એ આદિ વપરાતાં. રાત્રીચર્ચા માટે રાજા એકલા ફરી બધી સંભાળ રાખતા, તથા વિવિધ દેશમાં પણ જુદા જુદા ચારો રાખી બધી બાતમી મેળવ્યાં કરતા. યુધ્ધ થાય તે કરતાં મુખ્ય યોધાઓજ દ્વંદ્વ યુધ્ધ કરી ઘણીવાર નીવેડો લવતા. નવીન રીતિ પ્રમાણે દૂર રહી સેનાને નિયોજવી એમપણ રીતિ ન હતી એમ નહિ. શસ્ત્રોની જાતિમાં ટીકાકારે એક ઠેકાણે છત્રીશ ગણાવી છે. એ છત્રીશનાં નામ આપીએ છીએ પણ તે વિના એક શતઘ્ની (સોને સંહારનાર)એવું અસ્ત્ર પણ વારે વારે લખવામાં આવેછે. ચક્ર, ધનુ, વજ્ર, ખડ્ગ, ક્ષુરિકા, તોમર, કુંત, ત્રિશૂલ, શક્તિ, પરશુ, મક્ષિકા, ભલ્લિ, ભિંદિપાલ, મુષ્ટિ, લુંઠિ, શંકુ, પાશ, પટ્ટિશ, યષ્ટિ, કણય, કંપન, હલ, મુશલ, ગુલિકા, કર્તરી, કરપત્ર, તરવારિ, કુદ્દાલ, કુસ્કોટ, કોફણિ, ડાહ, ડથ્થૂસ, મુદ્ગર, ગદા, ઘન, કરવાલિકા. યુધ્ધરચનામાં બધા કરતાં વ્યૂહરચના ઉપર વધારે લક્ષ અપાતું ને એક ઠેકાણે નાવાકારવ્યૂહરચનાની વાત લખેલી પણ છે રાજાઓ પોતાનાં પગારદાર લશ્કર ઉપરાંત બીજાં ખંડીઆ રાજાનાં લશ્કરની સાહાય્ય હમેશ લઇ શકતા, અને તે ઉપરાંત મૌલ, ભૃતક, શ્રેણિ, અરિ, સુહૃદ, આટવિક એ છ પ્રકારનું બલ પણ રાખતા. એક નવાઇ જેવી રીતિ ગ્રંથમાં આવેલી છે કે અશ્વશાલામાં વાંદરાં રાખતા, જે વાત રત્નાવલિ આદિ નાટકોમાં પણ જણાયછે. એ ઉપર ટીકાકાર લખે છે કે ઘોડાને અક્ષિરોગ ન થાય માટે એમ કરતા. જો આમાં કાંઇ સત્ય હોય તો આજના સમયમાં જ્યાં અશ્વશાલાઓ હોય ત્યાં એ વાત અજમાવા જેવી છે. એવીજ વિલક્ષણ એક બીજી વાત છે કે કંક પક્ષીની કુખમાં ઘાલી પાયેલા લોઢાની તરવાર બહુ ઉત્તમ થાય છે, ને આત્રના હાથમાં તેવી હતી. રાજાનાં બાલકોને શસ્ત્રવિદ્યાનો અભ્યાસ, કુસ્તી, વગેરે શીખવવામાં આવતું. તેમાં

ધનુર્વિદ્યા અભ્યસવા સારૂ એક લાકડાનું વાંકું કામઠા જેવું આકર્ષ બનાવતા, ને તેને દોરી બાંધી એક ભરેલા ઘટને તે વળગાડતા. પછી પેલા આકર્ષને એવું તાણવું કે પેલો ઘટ વામ હસ્ત આગળ આવે. એને ઘટગ્રહ કહેતા, ને એમ જે આકર્ષ તણાય તેને પૂર્ણા કર્ષ કહેતા. શીકારમાં પણ બાળકોને શીકાર શીખવો સરલ પડે માટે હરિણનાં શીંગડાં કાપી નાખતા કે તેને હરિણી જાણી બીજા હરિણ પાસે આવે; તેના નખ પણ કાપી નાખતા કે તે જલદીથી નાસે. ક્ષત્રિઓજ શસ્ત્રધરતા, પણ બ્રાહ્મણો શસ્ત્ર ન ધરતા એમ જણાતું નથી; બ્રાહ્મણોને દ્વયાશ્રયમાં આપણે મંત્રી અને સેનાપતિથી તે છેક પાળાસુધી, અને કેવલ શસ્ત્રોપજીવી હોઇ બ્રાહ્મણોના ખાસ ગામોનું રક્ષણ કરનાર કાંડપૃષ્ઠ એવા પારિભાષિક નામવાળા પર્યંત દેખીએ છીએ. તે સમયે રાજા ઘણામાં ઘણો ષષ્ઠાંશકર લેતા એમ લાગેછે, ને કોઇ ઠામે સ્તૂપેશાણ એટલે ગાયોના યૂથે યૂથે ચાર માસા (=૧ શાણા) કે દૃષદ્દિમાષ, કે યૂથપશુ (જુઓ ૯-૧૩) એવા પણ કર લેવાતા. ગામડાંની મહેસુલ સંબંધે એવો વહીવટ લાગેછે કે મહેસુલનો ભાગ ગામડાના ખેડુત પેટેલીઆને આપતા ને તે લોક રાજાને પહોચાડતા. પાકમાં મુખ્ય પાક ડાંગરનો જણાય છે, ગામ તેવા લશ્કરી કિલ્લા પણ રાખવામાં આવતા. રાજાઓ ધર્મનિષ્ઠ અને વિદ્વાનોનો સત્કાર કરવાવાળા હતા.

જનવ્યવહાર તરફ જોઇએતો આજ જે રીતિ ચાલે છે તેમાં અને તે સમયમાં ઝાઝો ફેર જણાતો નથી. તે સમયની મુખ્ય વાતતો એમ જણાય છે કે ઝાઝી નાતો તેવામાં હતી નહિ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ચારવર્ણ હતા પણ તે પ્રત્યેકના વિભાગ જણાતા નથી. આર્ય એ શબ્દ ઘણે ઠેકાણે વાણીઆ અથવા વૈશ્ય માટે વાપરેલો દેખાયછે, ને નાગર શબ્દ નગરના વસનાર એવા અર્થમાં વારે વારે આવેછે. લગ્નાદિ વ્યવહારમાં રાજાઓમાં કવચિત્ સ્વયંવરની રીતિ જણાયછે. બાકી પરણવાની રીતિ તો હાલના જેવીજછે. સંપુટ

ભગાવવો, પાંકવું, અણવર લઇ જવાં, "આવ્યો આવ્યો ચોટડાનો ચોર લાખેણી લાડી લઇ ગયોરે" એ મતલબનાં ગીત ગાવાં, ધોળગાવાં, અને માટી લાવવામાં શકુન માનવાથી પ્રસ્તુતારંભે તે લાવવી, એ આદિ બધા રીવાજ હાલના જેવાજછે. કહીંક મામાની પુત્રીને પરણવાનો ચાલ હશે એમ લાગેછે કેમકે ગ્રાહરિપુ તેમ પરણેલો એવું લખ્યુંછે, જોકે તેમાં કાંઇ નિંદા હશે એવુંતો લાગેછેજ. વિધવાઓને ચર્મ ઓઢી વૈધવ્ય પાલવાનો રીવાજ હશે એમ જણાયછે. તે સમયની બીજી રીત ભાતમાં ઘણીક રમતો પણ સમજાવવામાં આવીછે, જેમાંની કેટલીક નિ-ર્મૂલ થઇ ગઇછે. જે હોળીનો રીવાજ ચાલેછે, તેનો ખુલાસો ભવિષ્યોત્તર પુરાણને આધારે ટીકાકારે એવો આપ્યોછે કે ઢુંઢા નામની રાક્ષસી બાલકોને લઇ જવા આવેછે, તેને શંકરના પ્રસાદથી બાલકો હાસ્યોત્પા-દકગીત આદિ ચેષ્ટા કરતાં, તેને જમવા તેડી હોયછે ત્યાંથી, હાકી કાઢી નિર્ભય થાયછે. વાસ્તવિક રીતે તો આપણે હોળીને વસંતોત્સવરૂપે જા-ણીએ છીએ પણ આ એક આડકતરો ખુલાસો પણ તેમાં મેળવવાથી કેટલીક ચાલતી હકીકત સમજવામાં મદદ મળે એમછે. કાર્તિક સુદ પડવાને દિવસ બલિ મહોત્સવ કરવાનો રીવાજ ગ્રંથમાંથી જણાયછે; તે દિવસે સ્ત્રીઓ આશિર્વાદિ આપેછે; એજ આજ પણ ભાઇબીજને નામે ચાલતો રીવાજછે. એવોજ શરદ ઋતુમાં એક ઇંદ્રમહોત્સવ લ-ખ્યોછે, પણ તેનો કાંઇ અધિક ખુલાસો સમજાવ્યો નથી, તેમ હાલમાં તેવું કાંઇ ચાલતું નથી, એટલે તે વિષે વધારે માહીતી મળી શકતી નથી. નવરાત્રીમાં ચંડીનો પાઠ કરવાનો રીવાજ જણાયછે. અને દશ-રાને દિવશ સીમલંઘન એટલે સારી દિશાએથી નગરમાં પેસવાનો રી-વાજ પણ તે સમયે સમજાયછે. રમતોમાં પંચિકા નામની એક રમત આપેલીછે, જેમાં બધા પાસા ચતા પડેતો જીતાય ને ઉંધા પડેતો હરાય એવો નિયમ જણાયછે. બીજી ચૂતભંજિકા નામની રમતનો ઇશારો

કરેલોછે, પણ તે શી હશે તે સમજાતું નથી. લોકોની નીતિ તે સમયમાં શિથિલ હોય એમ લાગતું નથી, તેમ ઉત્તમ પ્રકારની હોય એમ પણ માનવાને કારણ નથી. મદ્યનો ઉપયોગ ચાલતો જણાયછે, ને માંસ પણ વપરાતું હશે એમ લાગેછે. અન્નના વિવિધ પદાર્થ ખાવાનો પ્રચાર તો છેજ, તેમાં જાણવા જોગ કરંભ એટલે છાશ અને સાથુ તડકામાંથી આવીને ખાવાં એવો એક રીવાજ પણ છે. ચોરી છીનાળી કે કલહમાં લોકોની ઝાઝી પ્રવૃત્તિ જણાતી નથી, પણ કુમારપાલે માંસ, મદ્ય, જુઠું બોલવું, અને છીનાળી, એ બધાંને માટે સ્પષ્ટ સખત શિક્ષાઓ ઠરાવી છે, તેથી એમ લાગેછે તે સમયમાં લોકોની નીતિ બહુ વખાણવા જોગ હશે નહિ. તેમાં પણ કાશી અને ચેદિ સ્થલના લોકને તો હેમાચાર્યે દાંભિક તથા ખોટો વિનયવાળા સ્પષ્ટ રીતે વર્ણવી કાશીકી વૃતિ અને ચૈદિકી ભક્તિ એમ લખેલું છે. સોગન ખાવાની રીતિમાં હેમાચાર્યે એક એવી તે સમયની રીતિ બતાવી છે કે કોઇ દેવમૂર્તિને નવરાવી તેનું પાણી પી જવું ને સોગન ખાવા. વિદ્યાની વૃદ્ધિ સારી સમજાયછે ને લોકોની નિષ્ઠા ધર્મ ઉપર પણ સારી હશે એમ લાગેછે.

ધર્મ સંબંધે વિચાર કરતાં એમ જણાયછે કે તે સમયે વૈદિક તેમ જૈન બન્ને ધર્મ પળાતા, વિષ્ણુ, શિવ, શક્તિ, ને તેની સાથેજ જિન એમ સર્વેની પૂજા થતી. બ્રહ્મજ્ઞાન તો સર્વમાં મુખ્ય પદવી ભોગવતુંજ. તે સમયમાં કશા પંથ કે ઝાઝી ધર્મ સંબંધી તાણાતાણ જણાતી નથી, માત્ર જૈન ધર્મ અને વૈદિક માર્ગ એ વચ્ચે વાંધા જણાયછે. તેમાં પણ કોઇએ એકજ ધર્મમાં આસક્ત થઇ જઇ બીજા ધર્મવાળાને પીડયા હોય એવો રાજા થયો નથી. કુમારપાલ જેણે હિંસામાત્ર અટકાવી દીધી ને ઘણે અંશે જૈનધર્મનો સ્વીકાર કર્યો તે પણ શિવશક્તિ આદિને ન માનતો એમ નથી. બધા રાજાઓ

બન્ને ધર્મને ઉત્તેજન આપતા એમ લાગેછે, ને લોકો પણ તે જરીતે વર્તતા સમજાયછે. જૈનધર્મવાળાએ છન્નુ પાખંડ એવા છન્નુ મત જુદા જુદા ઠરાવ્યા હોવા જોઇએ પણ તે હાલના પંથો વગેરેથી જુદાજ છે એમ આપણને જૈનોનાં સૂત્રોથી માનવાનું કારણ છે. કુમારપાલે જ્યારથી અમારિઘોષણા કરાવી ત્યારથી યજ્ઞયાગમાં પણ માંસબલિ અપાતો બંધ થઇ ગયો, ને યવ તથા ડાંગર હોમવાનો ચાલ શુરૂ થયો. લોકોને જીવ ઉપર અત્યંત દયા વધી, અને માંસભોજન એટલું બધું નિષિધ્ધ થઇ ગયું કે આખા હિંદુસ્તાનમાં એક કે બીજે પ્રકારે થોડું ઘણું પણ માંસ, કહેવાતા હિંદુઓ વાપરેછે, છતાં ગૂજરાતમાં તો તેનો ગંધ આવે તો પણ નહાઇ નાખે એવી લોકોની વૃત્તિ તે સમયથી બંધાયલી તે અદ્યાપિ છે. આમ જીવદયા વધી, પણ લોકોમાં તે દયાની સાથેજ યુધ્ધ આદિ ક્રૂર કર્મનો અભાવ પેસતો ગયો, ને એમ ગૂર્જરોએ પોતાનું રાજ્ય ખોયું, તથા પછીની ઉથલપાથલોમાં કદી પોતાનું રાજ્ય સ્થાપી શકાયું નહિ. દ્વ્યાશ્રયમાં એક બે બીજી પણ અગત્યની વાત ધર્મ સંબંધે કહેલી છે. સોમલતા જેના સ્વરૂપ વિષે આપણને બહુ થોડું ખબર છે તેના વિષે લખ્યું છે કે તે ચંદ્રના ઉદય સાથે એક એક પત્રે કરીને વધેછે, ને ચંદ્રના અસ્ત સાથે એક એક પત્રે કરીને ક્ષીણ થાયછે. એમ પંચવર્ણ જે શબ્દ વેદમાં વારંવાર આવેછે ને નિષાદ સહિત ચાર એમ જેનો ખુલાસો સાયણાચાર્યાદિ કરેછે તે શબ્દ ટીકાકારે રથકાર સહિત ચાર એમ સમજાવેલો છે.

કેટલીક પ્રાચીન હકીકત ઉપર પણ હેમાચાર્યના લખાણમાંથી અજવાળું પડેછે. તે લખેછે કે કચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે ફક્ત આઠજ યોજનનું છેટું છે, અને શંખોધ્ધાર બેટ આગળ શેલડી જેવું મિષ્ટ જલ છે, ને સૌરાષ્ટ્રના કીનારા આગળ સૈકોત્તર નામે પર્વત છે. કચ્છના

રાજાને જર્તાધિપ કહેલો છે તેથી કદાપિ કચ્છનું બીજું નામ જર્ત એમ પણ હોય. સૌરાષ્ટ્રમાં ભદ્રા નામે નદી આપી છે જે ભાદર હશે એમ ધારી શકાય; અને ગૂજરાતના રાજ્યની દક્ષિણ સીમા રૂપે તેણે શ્વભ્રવતી એવી નદી આપીછે, જે સાબરમતી હોય એમ કલ્પના થાય. સૌરાષ્ટ્રમાંજ આવેલા ગિરનારને તેણે ઉર્જ્જયંત અથવા રૈવતક એ નામ આપેલુંછે; ને છેક દક્ષિણમાંના દેવગિરિને શરજાચલ કહ્યો છે. શ્વભ્રવતીથી દક્ષિણનો અને નર્મદા તથા ભરૂચ આગળનો દેશ તેને એણે લાટ એવું નામ આપ્યુંછે, તથા તેનું મુખ્ય શેહેર ભૃગુકચ્છ, ભરૂચ , જણાવ્યુંછે. અવંતિ એટલે ઉજ્જયિનીને એણે માલવાનું મુખ્ય શેહેર લખ્યુંછે, અને ત્યાં આગળ પારા અને સિંધુ એ નદીના સંગમની વાત, જે ભવભૂતિના માલતીમાધવમાં પણ છે, તેનો ઇશારો કરેલોછે. આબુ પર્વતનું અર્બુદાચલ એવું નામ તેણે આપેલુંછે તે તો પ્રસિધ્ધછે, પણ ત્યાં આગળની બનાસનદીનું નામ એણે વર્ણાસા એવું આપેલું જાણવા જોગ છે. સિંધુદેશ અને ચેદિદેશ તે સિંધ અને પંજાબનો કોઇ ભાગ તથા માળવાની ઉત્તરે અને હાલ બુંદેલખંડ છે તેટલામાં એમ અનુક્રમે હોય એવો, એના વર્ણન ઉપરથી, સંભવ ધારી શકાય. પાંચાલ દેશનું મુખ્ય શહેર એણે કાંપિલ્ય એવું આપ્યું છે, ને ચેદિરાજને એણે એક સ્થલે કલચૂરિપતિ કહ્યોછે એટલે કલચૂરિ એવું ચેદિ દેશનું નામ હોય, કે એ નામનું ચેદિ દેશમાં મુખ્ય શહેર હોય એમ માની શકાય. વામનસ્થલિ તે વનથળી, અને દેવપત્તન એટલે હાલનું (પ્રભાસ)પાટણ તે પણ સારાષ્ટ્રમાં આપેલાં છે. દધિસ્થલી હાલનું દેથળી, સરસ્વતી કીનારે આવેલા મંડૂકેશ્વરની પાસે બતાવ્યુંછે પણ મંડૂકેશ્વર એ શહેરનો નિશ્ચય બની શકતો નથી. આપણે ભરતનાં નાટયસૂત્ર જાણીએ છીએ પણ હેમાચાર્યે શલાલિ, કૃશાશ્વ, અને કાપિલેયનાં પણ ગણાવ્યાં છે, તેમ પુરાણોમાં કૌશિક અને

કાશ્યપનાં પુરાણ ઉમેર્યાં છે, તથા પરાશર્યનું ભિક્ષુસૂત્ર પણ બતાવ્યું છે. ગૂજરાત શબ્દનું મૂલ શું હશે એ વિષે વિદ્વાનોમાં થોડા વખત પર તકરાર થઇ હતી, ને ઉ-હ્રસ્વ કરવું દીર્ઘ કરવું તે માટે બહુ વિવેચન ચાલ્યું હતું, પણ તેનો એકદમ નિકાલ હેમાચાર્યે કરી આપ્યોછે, કેમકે તે મૂલ સંસ્કૃતમાંજ ગૂર્જર એમ લખેછે. દીનાર એ શબ્દ હેમાચાર્યે એક ઠેકાણે વાપર્યોછે તે ઉપરથી એ અનુમાનને કાંઇક ટેકો મળેછે કે ગૂજરાતમાં મુસલમાનો આવેલા તો ખરાજ, પણ તે વાત હેમાચાર્યે નોંધીનથી. રૂપીઆ એ શબ્દ પણ આવેછે. પરંતુ रूप्यक: એમ લખેછે એટલે તે ઉપરથીઝાઝુ અનુમાન બંધાવાનો સંભવ નથી. કેટલાંક પ્રાચીન માપ વિષે પણ ટીકાકારે સારો ખુલાસો કર્યોછે. વિસ્ત=૧૬ માસા સોનાનો નાનો શિક્કો. આચિત=કપાસના દશ ભાર. કંબલ=ઉનના સોપલા પલ=૨ રૂપીઆભાર. પણ અને કાર્ષાપણ એ બેનો અર્થ એકજ બતાવી તે એક પ્રકારના શિક્કાનાં નામ, એમ લખ્યુંછે. કાકણી ( જેને ખાંખણી કહીએ )=૨૦ કપર્દક ( કોડી ). નિષ્ક=૧૦૮ સુવર્ણ પલ=લગભગ ૨૧૬) રૂપીઆ. ચીન, ખસ, તેજ, એ આદિનામ, કેટલાક, આર્યાવર્તબહારના મ્લેચ્છનાં ધારેછે, તથા હૂણ એ શબ્દ પણ ઘણાક લોક મ્લેચ્છને માટે વાપરેછે, પરંતુ મન્વાદિએ આપેલી સાક્ષીમાં હેમાચાર્યની પણ સાક્ષી ઉમેરાયછે કે એ બધાં કોઇ ક્ષત્રિય જાતિનાં નામ છે, ને તે જાતો હેમાચાર્યના સમયમાં પણ હતી.

છેવટ હેમાચાર્યની પોતાની કેટલીક હકીકત ફાર્બસ સાહેબે રાસમાળામાં આપી છે તે ઉપરથી તથા ચતુર્વિંશતિપ્રબંધમાં છે તે ઉપરથી કહેવી જરૂરની છે. ધંધુકાના મોઢ વાણિયા ચાચિંગને પેટ પાહીણીથી એનો જન્મ થયો હતો. એનું નામ ચંગદેવ પાડ્યું હતું; તે જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે દેવચંદ્ર આચાર્ય ફરતા ફરતા ત્યાં આવ્યા. ચંગદેવના બાપ ઘેર હતા નહિ, તેવામાં

આચાર્યે, ચંગની આકૃતિ જોઇ બહુ ભવ્યતાનાં ચિન્હ દેખી, તેની માને સમજાવી, છોકરાને જૈનદીક્ષા આપવા પોતાની સાથે લીધો. કર્ણાવટીમાં પોતાનો અપાશરો હતો ત્યાં એને લઇ ગયા. ચાચિંગ પરદેશથી આવ્યો, ત્યારે એને એ વાત ગમી નહિ તેથી કર્ણાવટી ગયો, પણ પોતાનો દીકરો દીક્ષા લે એ વાત ત્યાં તેને ગળે ઉતરી તેથી તે હેમચંદ્ર એ નામે સાધુ થયો, ને થોડાજ વખતમાં પોતાની હોશીઆરીથી સૂરિ એ ઉપપદ પામ્યો. એને આગળ જતાં પોતાની તપઃસિદ્ધિના મહિમાથી સિધ્ધ એ ઉપનામ પણ પામ્યો. એના રચેલા ગ્રંથોમાં અભિધાનચિંતામણિ, દેશીનામમાલા શબ્દાનુશાસન અધ્યાત્મોપનિષદ્ ત્રિષષ્ઠીશલાકાપુરુષચરિત્ર ઇત્યાદિ અને દ્વયાશ્રય એટલા જાણવામાં છે. એણે જે વ્યાકરણઅષ્ટાધ્યાયી બનાવી હતી તે એણે સિધ્ધરાજને ભેટ આપી તેને તેણે બહુ માનથી પાલખીમાં મૂકી ગામમાં ફેરવી, પણ બ્રાહ્મણોએ કહ્યું કે એમાં તમારી કાંઇ સ્તુતિ નથી તેથી હેમચંદ્રે તે અષ્ટાધ્યાયીના ઉદાહરણ રૂપ દ્વયાશ્રય કાવ્ય કરવા માંડ્યું એમ દંતકથા છે. હેમાચાર્યના મરણ વિષે અનેક દંતકથાઓ ચાલેછે. શંકરાચાર્યે ઝેર દેવરાવી મારી નાખ્યા, તો કોઇ કહેછે કે શંકરાચાર્યને ને એમને વાદ થયેલો તેમાં શંકરાચાર્યે કુમારપાલના મહેલને છેલે માળથી માયાવી પ્રલય દેખાડી માયાવી હોડી તેમને બતાવી, તેમાં પોતે બેસવા ગયા એટલે નીચે પડી છુંદાઇ મુઆ. પણ એ વાતો ઉપર કશો આધાર રાખી શકાય નહિ. એટલું નક્કીછે કે એ બહુ વિદ્વાન્ અને પ્રાકૃત તથા સંસ્કૃત વ્યાકરણ અને દેશી શબ્દોના અર્થ સંબંધે પ્રમાણયોગ્ય પંડિત સિદ્ધરાજના તથા કુમારપાલના વખતમાં હતો, અને કુમારપાલના રાજ્યની આખર વખતમાં ઇ. સ. ૧૧૭૪ પૂર્વે મરણ પામ્યો. કુમારપાલના સમયમાં શંકરાચાર્યના મઠના દેવબોધિ આચાર્ય સાથે તેમને વિવાદ થયેલો એમ સમજાય છે.

દ્વયાશ્રય શબ્દનો અર્થ બે આશ્રય એટલે આધાર એટલોજ થાયછે, ને વ્યાકરણ તથા ઇતિહાસ બે આધાર જેને રચવામાં લીધેલા તેવો ગ્રંથ તે દ્વયાશ્રય. એમાં પોતે રચેલી અષ્ટાધ્યાયીનાં સૂત્રનાં પાદવાર ઉદાહરણ છે, ને ગૂજરાતના ઇતિહાસનો અર્થ તેમાંથી નીકળતો ચાલેછે. ભાષાન્તરમાં વ્યાકરણનાં ઉદાહરણોનો જે હેતુ તે તો નજ સચવાય, એ કોઇ પણ વિદ્વાન્ સહજ સમજી શકે એવી વાત છે, એટલે કેવલ ઐતિહાસિક અર્થજ આપી શકાય તે આપ્યોછે. તે દ્વયાશ્રયકાવ્ય આ પ્રકારે ભારવિના ભટ્ટિકાવ્યને મળતું આવેછે, પણ ફેર એટલો છે કે ભારવિએ જ્યારે પાણિનીયની અષ્ટાધ્યાયીનો ક્રમ યથાર્થ સાચવ્યો છે ત્યારે બે આશ્રયથી રચેલો આ ગ્રંથ બહુજ કઠિન થઇ ગયોછે, ને ટીકાની સાહાય્ય વિના તે સમજાવો પણ મૂશ્કેલ પડે એવો છે. એની ટીકા કોઇ અભયતિલક ગણી નામના જૈન સાધુએ લખી છે તે બહુ ઉપયોગી છે. ફાર્બસ સાહેબ આ અભયતિલકગણીને બદલે લેશાભયતિલકગણી એવું નામ આપે છે ને તેને અપૂર્ણ રહેલા દ્વયાશ્રયનો પૂર્ણ કરનાર જણાવેછે, તથા ટીકાકાર તો કોઇ લક્ષ્મીતિલક નામે બીજોજ જણાવેછે. દ્વયાશ્રયની જે પ્રતિ મારા આગળ છે તેમાંથી આવી કશી વાત નીકળતી નથી, તેમાં તો જેને હું ટીકા કહું છું તેને વૃત્તિ કહેલી છે, ને પ્રતિસર્ગે આ પ્રમાણે સમાપ્તિ કરેલી છે:

इतिश्रीजिनेश्वरसूरिशिष्यलेशाभयतिलकगणिविरचितायांश्रीसिद्धहेमचंद्राभिधानशब्दानुशासनद्व्याश्रयवृत्तौ.

ઇત્યાદિ. અભયતિલકગણી, તે જિનેશ્વર સૂરિનો શિષ્ય એમ આમાંથી જણાયછે ને શિષ્યલેશ એ ઉપનામ ચરણરજ જેવું નમ્રતા વાચક શિષ્ય એ અર્થનુંજ બોધક છે: આ નામને બરાબર ન જોવાથી લેશાભય તિલક ગણી એવું ભ્રમયુક્ત વાચ્યું હોય એમ ધારૂં-

છું. મારા હાથમાં દ્વ્યાશ્રયની એકજ પ્રતિ હતી એટલે તેમાં જેવા પાઠ હતા તેવાનુંજ મેં ભાષાન્તર કર્યુંછે, ને યથામતિ તેને ટીકાને આધારે સુધાર્યા છે, જોકે ટીકા પોતે અનેક સ્થલે અતિ અશુદ્ધ રીતે નકલ કરાયલીછે. દ્વ્યાશ્રયની ભાષા સંસ્કૃત છે, તે બહુ શુદ્ધ છે, પરંતુ તેમાં તથા ટીકામાં ઘણા દેશી શબ્દો આવ્યાં જાયછે. જે કારણને લીધે આ ગ્રંથ અતિ કઠિન થઇ ગયોછે, તે કારણથી એમાં આપણે સ્વાભાવિક રીતે રસિક કાવ્યત્વની આશા ન રાખીએ, તો પણ એમ કહ્યા વિના ચાલતું નથી કે હેમચંદ્રનાં રચેલાં બધાં પુસ્તકોમાં કાવ્યચાતુરી બહુ હલકા પ્રકારનીછે. આ સંસ્કૃત દ્વ્યાશ્રય છે તેમાં પોતાની અષ્ટાધ્યાયીના પ્રાકૃત ભાગનાં ઉદાહરણ આવતાં નથી, તે ઉપરથી એમ માનવાનું કારણ રહેછે કે હજુ આ દ્વ્યાશ્રયનો પ્રાકૃત ભાગ થોડોક હોવો જોઇએ; ને ગ્રંથની સમાપ્તિ જે રીતે કરીછે તે ઉપરથી પણ એમ માનવાને કારણ થાય. કોઇક તો એમ પણ ધારેછેકે દ્વ્યાશ્રય આથી આગળતો નથી, પણ જેવો સંસ્કૃતછે તેવોજ આખો એ પ્રાકૃત છે. આ બાબતનો સ્પષ્ટ નિશ્ચય કરવાનાં સાધન હજુ આપણે હાથ આવ્યાં નથી.

નડીઆદ
૧૬ એપ્રિલ ૧૮૯૩

મ. ન. દ્વિવેદી.

શ્રી અર્હત પરમેશ્વરને નમસ્કાર.

# શ્રીદ્વ્યાશ્રયમહાકાવ્ય.

## ( ભાષાન્તર )

### સર્ગ ૧.

ભયંકર, કાંત, અવિનીત, વિનીત, ક્રૂર, શાંત, આદિ ગુણરૂપી, અને તેથી સ્યાદ્વાદને સિદ્ધ કરી બતાવનાર(૧) એવા ચૌલુક્ય(૨) વંશનું ભદ્ર થાઓ—૧

સાલાતુરીયાદિલોકથી(૩) જેમ અદુષ્ટ શબ્દસિદ્ધિ ફલીછે, તેમ ચૌલુક્યવંશથી ન્યાય અને ધર્મની વ્યવસ્થા પણ અતિ અદુષ્ટરીત્યાવિજયવતી વર્તેછે—૨

ધર્મનું ગૃહ, અને નયનું સ્થાન, એવું ભૂમિના સ્વસ્તિકરૂપ અણહિલપાટક(૪) નામનું પુર, શ્રીલક્ષ્મીએ સદા સેવેલું, શોભેછે—૩

---

( ૧ ) સ્યાદ્વાદ જે જૈનોનો સિદ્ધાંત છે તેમાં અપેક્ષાથી સદસદ્રૂપપદાર્થ માન્યોછે, તેની પેઠે ભયંકર છતાં કાન્ત, આદિ ઉભયકોટિક ગુણોવાળો વંશ, તે વાદ જેવોજ છે. આમ પ્રકારાન્તરે મંગલ પણ થયું.

( ૨ ) સંધ્યાવંદન કરતાં અર્ઘ્ય આપવાના ચુલુક( ખોબલા )માંથી થયેલો તે ચુલુક્ય, ને તેનો વંશ તે ચૌલુક્ય. એ કથા વિસ્તારથી વિક્રમાંકદેવચરિતના આરંભે છે.

( ૩ ) પાણીનીય, ઈંદ્ર, ચંદ્ર, શાકટાયનાદિ એમ ટીકાકાર લખેછે.

(૪) પૂર્વે, પુરસ્થાપનાર્થે ઉત્તમ ભૂમિ શોધવા વનરાજ જતો હતો તેવામાં અરણ્યમાં ગાયો ચારતો અણહિલ નામે ભરવાડ દીઠો. તેને પૂછતાં, તેણે

લક્ષ્મીથી શોભીરહેલા આ પુરમાં, સપત્નીને ઈર્ષ્યા કરાવવાની ઇચ્છાવાળી, મૃદુ ઉરુવાળી, સ્ત્રીઓથી વિવિલાસ સમેત, પતિ સમીપે, મધુ ઇચ્છાયછે. ( પીવાયછે )–૪

ઉમાભર્તાના વૃષભના સ્કંધ જેવા સ્કંધવાળા, માતાપિતા અને ઋષિઓને પૂજનારા, નરોનું પોષણ કરવામાં શ્રેષ્ઠ, એવા, એ ( પુરમાં ) રાજા થયા; તે સર્વે પિતૃઋણથી પણ મુક્ત હતા.–૫

અહીંના વિદ્યામઠમાં અભ્યાસ કરતાં જડજિવ્હાવાળો પણ હોતૃ પોતૃ આદિ કઠિન શબ્દોને ઉચ્ચારતો અતિ ઉત્તમ વાણી વદનારો થાયછે–૬

જેમ તૃકારનો ઋકારની સાથે સંધિ ત્રણ પ્રકારે કરીને ઘટે છે, તેમ અહીં ધર્માર્થ કામરૂપી ત્રણ પુરુષાર્થની વ્યવસ્થા ત્રણ પ્રકારે સારી શોભેછે–૭

તૃકારની જેમ ઋકાર સાથેની વ્યવસ્થા સંધિમાં, તેમ ધર્માર્થ-કામની વ્યવસ્થા આ પુરમાં, ત્રિપ્રકારે, શોભેછે–૮

શમવૃત્તિએકરીને મહર્ષિતુલ્ય એવા રાજાઓને અહીંયાં દેખી, લજવાઇ જઇને, સપ્તર્ષિ આકાશમાં જતા રહ્યા–૯

અહીં, સર્વ ઋતુમાં અતિ શોભાયમાન ઉદ્યાનોને વિષે, મત્ત-ગજના જેવી ચાલવાળી અને રંભાના સ્તંભ જેવી જંઘાવાળી, તથા લૃકાર જેવી વક્ર ભ્રૂવાળી, અંગનાઓ ભાસેછે–૧૦

અહીં કોઇને ઋણાર્ણ, કંબલાર્ણ, વત્સરાર્ણ, દશાર્ણ, વસનાર્ણ, વત્સતરાર્ણ, પ્રાર્ણ(૫), કોઇપણ પ્રકારનું કોઇનું ઋણ નથી–૧૧

---

શકુન જોતાં એક શીયાળને એક જબરા કૂતરા ઉપર ધસતો જોઇ તેજ સ્થલે પોતાના નામથી પુર સ્થપાવ્યું, એવી દંતકથા છે એમ ટીકાકાર લખેછે.

( ૫ ) ઉત્તમ ઋણ.

એથીજ ઋણમાત્રથી મુક્ત હોઇ, રતિઇચ્છાએ પરમ પીડિત એવા જન, આનંદ પામતા, સુખે, સ્મરતાપ શમાવા સ્ત્રી સાથે રમેછે–૧૨

અહીંયાં પ્રકૃષ્ટ તપવાળા ઋષિઓ સ્વેચ્છાએ સર્વત્ર વિચરેછે, સ્વર્ગમાં જાયછે, પાતાળમાં પ્રવેશ કરેછે, પોતાના તપોમય તેજથી નિરંતર યુક્ત હોઇ સ્વેચ્છાચારી છે–૧૩

અહીંયાં સાધુઓ શમને વિષે ઋષિ જેવા છે, ધર્મધુરાને વહેવામાં વૃષભ જેવા છે, ને તેથી ખલપ્રતિ પણ અતિ ઋજુભાવ ધારેછે–૧૪

ઋકારના જેવી કુટિલ વેણીવાળી, ને ઋકારના જેવી કુટિલ ભ્રૂ કરતી, અહીંની મૃગલોચનાઓ આકાશમાં દાંતની પ્રભાથી ઋકારાકાર ચીતરેછે–૧૫

સ્વામીનું કાર્ય ઉપસ્થિત હોય ત્યારે, ગુણના ઓઘથી વિશુદ્ધમતિવાળા, અને ભૃત્યવર્ગમાં પ્રૌઢ, એવા સેવકો, અહીંયાં, કાર્ય કરવામાં તર્ક વિતર્ક કરવા અટકતા નથી–૧૬

સ્વચ્છન્દાચારીકામની અક્ષૌહિણીરૂપ કુલટાસ્ત્રીઓના અભાવથી, અત્રજ ધર્મ વસ્યો છે, અત્ર ત્રેતાયુગજ પ્રવર્તે છે, એમ ( લોક ) ધારેછે–૧૭

અત્ર સ્ત્રીઓ માર્જારનેત્રી નથી, કે નથી વૃદ્ધ બિડાલજેવી ક્રૂર, તેમ નથી બાલબિડાલ જેવી લંપટ પણ; તેમના હોઠ દીર્ઘ નથી, હ્રસ્વ નથી, તેમ જાડા પણ નથી.–૧૮

અત્ર, પુરુષો સ્વોઢાનેજ સેવેછે, પરકીયા ઉપર દૃષ્ટિ પણ કરતા નથી; એથીજ જેમ શ્રોત્રિયોના પ્રણવોચ્ચારથીજ હોય તેમ, ધર્મની વૃદ્ધિ થાય છે. ૧૯

ગુરુચર્યાપિતૃચર્યાદિવિનીત કાર્યવડે લૃકાર જેવી ( નમ્ર ) આકૃતિવાળા જનોને લીધે, અત્રસ્થાને એકત્રિત થઇને એકત્ર વસેલો

ધર્મ સર્વ પ્રકારની ઔષધિની ગરજ સારતો સતો, અતિ બલિષ્ઠ રૂપે વૃદ્ધિ પામે છે.--૨૦

ચારુરજતને જોઇને, અને મનોહારિકાંચનને જોઇને, આ તે દહી છે કે મધુ છે એમ કુમારિકાઓ અત્ર વિતર્ક કરે છે.—૨૧.

અત્ર આકાશ અને પૃથિવીને પાવન કરનારી, પાપમાત્રનો નાશ કરનારી, ઉર્વાગ્નિને સમુદ્રપ્રતિ કાઢીમૂકનારી, વિખ્યાત ઇતિહાસવાળી, ગાયોને ઉપયુક્ત, તેમ નાવ ફરી શકે તેવા અગાધ જલવાળી, બ્રહ્માપુત્રી સરસ્વતી વહે છે.—૨૨

બળદગાડીમાં બેઠેલા પોતાના બળદની, કે નાવમાં બેઠેલા પોતાના નાવની, પણ અત્ર દરકાર કરતા નથી; તેમનાં ચિત્ત કાપણી કરનારી અંગનાના સુગીતમાં સુલીન છે—૨૩

અત્ર શ્રાદ્ધપક્ષને વિષે ગૃહિણીઓ ઘરની જાળીમાં રહીને, ગાય બળદ આદિને આનંદ આપનારી લીલી ભૂમિને, તેમ ઈંદ્રિયોને શાન્ત કરનારી નદી( સરસ્વતી )ને, નિહાળે છે—૨૪

ગાય અને ઉંટને પ્રિય એવી વેલીવાળા આ સ્થલના પાદર, મહાવૃષભના સ્કંધ જેવા સ્કંધવાળા અને વૃષભ ઉપર બેઠેલા, એવા ગાય અને ઉંટવાળા સેવે છે—૨૫

અત્ર સ્વાધીનપતિકા ગૃહિણીઓ પોતાના પ્રિયને જાઓ, બેસો, ન બેસો, આમ બોલો, આમ ન બોલો, ઇત્યાદિ પ્રેમોપચાર ઉચરે છે.—૨૬

અત્ર જપા અને વર્ણ એ નામનાં કુસુમો રત્ન જેવાં મનોહારિ છતાં પણ અહો ! રે ! બાપ ! આ તો અગ્નિ છે એમ કહીને બાલકોથી તજાય છે--૨૭

મણિ જેવાં કઠિન અને કોમલ, તથા ચક્રવાકદંપતી જેવાં

નિરંતર યુગ્મરૂપ, સ્ત્રીઓનાં સ્તનયુગ, અત્ર સ્વર્ગ અને મૃત્યુ એ લોકને જીતવાનાં સ્મરદેવનાં આયુધ જેવાં પ્રકાસે છે. ૨૮

હે સખિ ! સપત્નીપ્રતિ જનારા એવા એને ગળે તેં પ્રત્યક્ષ નખક્ષત તો જોયા; તથાપિ એમજ માનતી હોય ( એને નિરપરાધી માતી હોય ) તો જા જા ! મારે તારૂં પણ કામ નથી. તું જ વિચાર કર કે જો એની રતિ આવીજ હોય તો પછી શું કરીએ ? બહુ થયું, એનું પણ શું પ્રયોજન ! એમ અત્ર માનીનીઓ સખિપ્રતિ વદેછે— ૨૯–૩૦

જે હનૂમાન્‌ના પગ લંકાની પ્રદક્ષિણા કરતાં થાકયા નહતા, તે આ પુરના એકથી બીજે અંતે જતામાં થાકી જાય એમ હું ધારૂં-છું—૩૧

રે ! અરે ! ઓ ! કોણ ! ઇત્યાદિ પ્રભુસંબોધન સમયે; કે અહો ! હે ! ઇત્યાદિ ગુરુસંબોધન સમયે; તેમનાં પ્રાણપ્રિયજન વિભો ! પ્રભો ! આદિ ઉત્તરથી અત્ર તત્કાલ સેવાતત્પર રહેછે–૩૨

અમારા આપ માતા છો, તાત છો, ઇશ્વર છો, એવી જે સંબોધન-રૂપ, શિષ્યોની ગુરુપ્રતિ, વાણી તે અત્ર, ઘઞ્ પ્રત્યયની પેઠે સર્વત્ર વૃદ્ધિનું ( ૧ ) કારણ થયેલી છે—૩૩

જ્યાં સુધી અત્રસ્થલની સુભ્રૂસ્ત્રીઓની મધુરગિરા શ્રવણ કરાઇ નથી ત્યાં સુધીજ સામવેદ સામકરનારો છે, મધુ મિષ્ટ છે, દહી સ્વાદિ-ષ્ટ છે—૩૪

કુરંગનયનીના કર તે શું મૃદુપદ્મ છે, ને તેના નખ તે શું તે પદ્મનાં કેશર છે, એમ અત્ર રસિકજનો કલ્પના કરેછે–૩૫

---

( ૧ ) ઘઞ્ પ્રત્યય જ્યાં આવે ત્યાં આગળ વૃદ્ધિકાર્ય થાય છે તેમ અત્ર સમૃદ્ધિ થઇ છે, એમ વૃદ્ધિ, એ શબ્દ દ્વયર્થ છે.

ચતુર્મુખ ( બ્રહ્મા ) કે ષણ્મુખ ( કાર્તિકેય ) કોઇ આ પુરનાં ન્યાયધર્માદિ વર્ણન કરવા સમર્થ નથી; ણિત્ અને ઞિત્ પ્રત્યયની પેઠે આજ તેની વૃદ્ધિનું પરમકારણ પંડિતો માનેછે—૩૬

અત્ર આગુરુના ધૂમથી છાઇ ગયેલા આકાશને મેઘ ધારીને ણ-કારના જેવી શિખાવાળો અને ક્રકારના જેવી ચાંચવાળો મયૂર ડોક અને ચંચૂ ઉંચી કરી મધુરવાણી આલાપેછે–૩૭

જે હલ્ અને ઋલ્ આદિ સંજ્ઞા પણ સમજતો નથી એવો મૂઢપણ આ સરસ્વતીસદનમાં ષટ્શાસ્ત્રવેત્તા થઇ જાયછે—૩૮

સત્યમિતવાણીથી આનંદ આપનારા, ને આકીટ મનુષ્ય સર્વ-ને ઉપકાર કરનારા, અત્રત્ય સજ્જનોને જોયા નથી ત્યાંસુધીજ ચંદ્ર-પોતાના આનંદીપણાનો ગર્વ ધરેછે, કે મેરુ ઉન્નત રહેછે–૩૯

શત્રુના પરાજયથી યશરાશિવડે દિશામાત્રને હ્રાસપમાડેલો એવા અતિ વિખ્યાત અને દિગ્ગજ જેવા હસ્તિની સેનાવાળા અત્રત્ય રાજા આગળ ઈંદ્ર પણ ઝાંખો પડેછે–૪૦

નિરંતર હિતની ઇચ્છાએજ નિષ્પાપપ્રવૃત્તિ કરનાર અત્રનાં જન અચ્ હલ્થી અને હલ્ અચ્થી જેમ સર્વદા ભિન્ન નથી તેમ ધર્મ અને અર્થથી અભિન્ન જણાયછે–૪૧

અત્રના વાક્શૂરોને જોઇ વાચસ્પતિ પણ નીચું માથું નમાવે; અત્ર રાજાઓના યશથી, જે સ્વાભાવિક રીતે શ્વેત નથી તે પણ શ્વેત થઇ ગયુંછે–૪૨

શાંતિને પ્રવર્તાવનારની વષટ્ શ્રૌષટ્ આદિવાણી અત્ર નિરંતર સુધા વરસાવેછે, ( મહામાર્યાદિ ઉપદ્રવ કદાપિ થતા નથી ); જલશાયી-દેવ જલમાં શયન કરતા નથી, પણ લક્ષ્મીને અત્ર વસેલી દેખી ત્યાં આવી વસેછે–૪૩

અહીં જે અતિ કૃતાર્થ, અને ઈંદ્રિયજિતપુરુષો પર ફલ આપનારાં વિવિધ ધર્મદાનાચરણ કરેછે તેથી ધર્મ અતિ પ્રીતિ પામેછે, કલિ ખિન્ન થાયછે, ને સત્પુરુષોનો મનોરથ સિદ્ધ થાયછે—૪૪

પ્રસિદ્ધ ષટ્ચક્રવર્તી તુલ્ય (૧) અત્રત્ય રાજાઓએ અત્ર અંતઃ, ભગવાન્ અર્હત્, વિષ્ણુ, શંભુ સૂર્ય, ચંદ્ર, અને કાર્તિકેય, એ છ દેવની સ્થાપના કરેલી છે—૪૫

અતિ જાગ્રત્, ચંચલ, પાંચે પ્રકારની ગતિને શીખેલા, બાહ્યશાલા ચત્વરાદિમાં ફરતા, તથા ઠકારાકારખરીથી ભૂમિ ઉપર ઠકાર ચિન્હ ચીતરતા, એવા નાના પ્રકારના અશ્વના ગણથી પીડા પામતી હોય તેમ ભૂમિ અત્ર પોકાર કરેછે—૪૬

અત્ર, ઉચ્ચસ્વરે મૃદુ ગાયન કરતી, અતિ સુંદર રૂપ લાવણ્યવાળી, અને ચારુતર ગમન કરનારી, વધૂ નો સમૂહ યુવકોનાં મનને અશરણ કરી નાખી ઠગનારો જણાયછે.—૪૭

અત્ર, યોધ્ધાઓ પ્રાણને ધૂળસમા જાણનારા, અને શત્રુનો પરાજય કરનારા, તથા ટંકારવ કરતું ધનુષ્ ધારી ફરનારા, શરણાર્થિનું રક્ષણ કરનારા, છે—૪૮

અત્ર ઠકારાકાર સ્તનવાળાં વધૂજન અંગમાત્રને બરાબર ઢાંકતાં જણાય છે, ને ખડ્ગધારી પણ શાન્તવૃત્તિએ વિચરે છે, એમ કોઇ પણ દારુણવૃત્તિ રાખતું નથી—૪૯

અત્ર કોયલના જેવા સ્વરવાળી, પુરુષની ઇચ્છા કરતે સતે પણ પુરુષને ચલાવનાર કુલટાવૃત્તિ વિનાની, અન્ય પુરુષે ન ઢંકાયલા અને કેવલ સાધુવૃત્તિવાળા એવા ઉત્તમ પુરુષો રૂપી ભર્તાની સાથે, શોભેછે—૫૦

---

( ૧ ) માંધાતા, ધુંધુમાર, હરિશ્ચંદ્ર, પુરૂરવા, ભરત કાર્તવીર્ય.

અત્ર કહીં કોઇ પણ પુરુષ ટિટ્ટિમજેવા ઉધ્ધત, કે ચોર, કે છલ કરનારા, કે ખલવૃત્તિવાળા, કે અધમતાવાળા, કે શીયાળ જેવા ભીરુ, કે પશુ જેવા મૂર્ખ, નથી-૫૧

અત્ર, અનેક પુરુષો જેમનો સંસર્ગ ઇચ્છે છે એવા પુરુષોત્તમ, અને પુરુષપરાક્રમથી અતિ પ્રસિધ્ધ થયેલાની સાથે, પુરુષોમાં ઠાકોર જેવા અનેક પુરુષ સહવર્તમાન ઉત્તમ પુરુષો અતિગાઢ મૈત્રી કરેછે-૫૨

પુરુષોમાં અતિ શૂર, અને પરપુરુષનો બોલ પણ સાંખે નહિ એવા, તથા લેશ પણ ક્ષુદ્રભાવ વિનાના એવા ટક્કા નામના ક્ષત્રિઓ અત્ર ચૌલુકય રાજાની સેવા ઉત્તમ પ્રકારે કરેછે-૫૩

અત્ર ભૂપતિ છે તે પ્રજાને રંજન કરવાથી શું હરિશ્ચંદ્રજ છે કે તેમનું પાલન કરવાથી શું પુરૂરવાજ છે, કે તેમનું પોષણ કરવાથી શું માંધાતાજ છે, એમ અનેક પ્રકારે કલ્પાય છે-૫૪

પોતાનાં સહસ્ર ચક્ષુને કૃતાર્થ કરતો ઇંદ્ર અત્ર કેવા કેવા સુભટો, કે કેવા કેવા અશ્વો, કે કેવા કેવા હસ્તિ, નહિ દેખે!-૫૫

અનેક રત્નના સમૂહથી અનેક પ્રકારની શોભાવાળા સંસ્કારને પામેલું આ પુર જો ત્વષ્ટા દેખે તો સ્વર્ગની જે અમરાવવતી તેને શણગારવાના શાશા વિચાર ન યોજે?-૫૬

જેમને અરુચી થયેલી એવા લોક અત્ર વિવિધ ગુણોને એવી સારી રીતે રુચિવાળા કરવાની યોજના કરે છે કે જેવી કોઇએ કહીં કરી નહિ હોય, કે કરશે પણ નહિ-૫૭

અશ્વો ચતુર રીતે ચંચલતા કરેછે, હસ્તિ મંદમંદ નાદ કરેછે, સ્ત્રીઓ રમ્ય રમ્ય રમેછે, અહો! આ સ્થાનમાં વસ્તુમાત્ર પોતાના ઉત્તમ ગુણથી ફાલી રહીછે!-૫૮

અત્ર, દૂર સુધી વાંકા ચુંકા વિસ્તારવાળી છાયાવાળાં અને નિરંતર ફુલ આપનારાં વૃક્ષોની ઘટામાં, આકાશમાં ભ્રમણ કરનાર વિદ્યાધરની કન્યાઓ (પણ) છાનેમાને ભરાઇ બેસેછે-૫૯

આકાશને અડકે તેવી ખુંધને ચાટતા વૃષભોથી જનો અત્ર પરસ્પર ક્રીડા કરેછે, તેમ શમધર્મ પાળી અતિ ઉત્તમ તપ કરનારા યતિઓ પણ તેવા યતિઓથી પ્રીતિ પામેછે–૬૦

જેમ સ્વેચ્છાએ મહાલતું કરિગણ અચલા પૃથ્વીને પણ હલાવેછે, તેમ અત્ર મંદમંદ મહાલતી સ્ત્રીઓનો સમૂહ કોના મનને ન હલાવે !–૬૧

( અતિથિને દેખી ) કદાપિ પણ જાત ન ચોરનારા, ને મનમાં બહુ આનંદ માનનારા, એવા કોઇ પણ લોક અત્ર અભ્યાગતને સંતોષવામાં પોતાનું દ્રવ્ય ચોરતા નથી–૬૨

ગઇકાલના પદાર્થને આજ ન દેખી અત્ર લોક ત્રણે લોકના નાથ, અને હરિએ પણ પૂજાયલા, એવા અતિ ઉજ્જ્વલ તેજવાળા ( શ્રી અર્હંત )ને ભજેછે–૬૩

અત્રના જન શૌર્યવૃત્તિ, શાસ્ત્ર, શમ, સમાધિ, સત્ય, ષડ્દર્શન, અને ષડંગ, એ સર્વેમાં પ્રથમ છે–૬૪

અત્ર સ્મૃતિ શ્રુતિ શાસ્ત્ર વ્યાકરણ જ્યોતિષ્ ષાડ્ગુણ્ય(૧) એ સર્વેને કંઠ જાણનાર તેમ ષટ્શાસ્ત્રના તર્કને જાણનાર એવો સુંદર વાણીવાળો કોણ નથી ?–૬૫

કોયલની પેઠે પંચમ લલકારનાર, અને મયૂરની પેઠે ષડ્જ ધમકારનાર, તથા સારસની પેઠે મધ્યમ આલાપનાર, એવાં ગાનારથી અત્ર કોણ રંજન ન પામે ?–૬૬

આ પુરને વિષે, સર્વે રાજાનો રાજા ( ભીમદેવ ) સુરાષ્ટ્ર અને

---

(૧) સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ, સંશ્રય.

સિંધુદેશના(૧) મહારાજાના, મદથી ઝરતા ગંડસ્થલ તથા સુંઢોવાળા હાથીને યુદ્ધમાં જીતી લાવ્યો—૬૭

અતિ નિઃસ્વાર્થબુધ્ધિરૂપ શૌચવાળા, અને અતિ શૌર્યસંપન્ન, અને અનંતલક્ષ્મીવાળા, પુરુષો અત્ર શરણાગતને પાલતાં સતાં જે વચન વદેછે તે જાણે મિષ્ટ મધુનો વરસાદ વરસાવેછે—૬૮

અત્ર પ્રાતઃકાલે, સ્થાપન કરેલા અગ્નિ આદિત્ય અનંત ઈંદ્ર આદિ દેવને, વરી, તે વિષે હે સુચેતા ! હે અગ્નિ ! આદિ સંબોધન ( સહિત આહૂતિ આપતાં કરેલી ) વાણી સંભળાયછે—૬૯

આ મનોરમપુર ઉપર સ્વર્ગવાસીની પણ પ્રીતિ થાયજ, ( કેમકે ) અત્ર હે ધાર્મિક ! અમને કાંઇ આપો એવી કોઇપણ જીવની વાણી સંભળાતી નથી—૭૦

હે ગંધર્વ ! હે નાગ ! હે દેવ ! અહો આવું પુર કહીં પણ હશે ! એવી વાણી અત્ર સ્વર્ગગામી દેવલોક ઉચ્ચસ્વરે ઉચરેછે—૭૧

જ્યાં સાધુજનનો અતિ ઉદય છે એવા આ પુરમાં લોકમાત્ર મુમુક્ષુ, કોઇથી પરાજય ન પામે તેવા, અને મોક્ષને યોગ્ય, તથા વૃક્ષલતાદિને પણ ન છેદનારા, એવા, શિવને મસ્તકે શોભતિ ચંદ્રકલા જેવા નિષ્કલંક ગુણવાળા છે—૭૨

હે બંધુ ! આ એનાં નયનકમલજ છે એમાં શો સંદેહ છે? આમ આ પુરમાં કામિનીની સ્તુતિ અન્યોન્યપ્રતિ કોણ નથી કરતું ?—૭૩

અત્ર બ્રાહ્મણો બ્રહ્મયજ્ઞમાં હે સૂર્ય ! હે શિવ ! હે ઇંદ્ર ! હે વિષ્ણુ ! એમ સ્મરણ કરે છે—૭૪

હે ઈંદ્ર ! હે ચંદ્ર ! હે આદિત્ય ! હે વિષ્ણુ ? તમારામાંનો કો-

( ૧ ) ટીકાકાર લખેછે કે સિંધુદેશનો એક ભાગ સૌરાષ્ટ્ર હતો.

ણ આ પુરનો રાજા છે એમ સ્વર્ગવાસીઓ પરસ્પર પૂછેછે–૭૫

અત્રે જે આવે છે તેના પ્રતિ, હે બંધો ! હે સાધુ ! જો ( જે તેં સાંભળેલા ) તે આ સમૃદ્ધિમાન્, તે આ વનોપવનાદિ, ને તે આ અવનિપતિ, એવી વાણી પ્રસરે છે––૭૬

જે પણ પડ્યા છે તેમને આ આપો, ને પેલા છે તેમને આ આપો, એમ અત્ર ઉદાર લક્ષ્મીપતિઓ પોતાના મુનીમને કહેછે–૭૭

અત્ર શ્રાવકો, હે અર્હન્ ! તમેજ સંસારમાં પડેલાંના શિવ રૂપ છો, તમેજ વિષ્ણુ છો, તમેજ બ્રહ્મા છો, એમ સ્તુતિ કરતાં બહુ શ્રદ્ધાથી સુંદર વાણી વદેછે–૭૮

જેનું માપ ન કરી શકાય એવી કાન્તિવાળા, રત્નના દીપ, અત્ર લક્ષ્મીપતિઓ કરે છે, કે લક્ષ્મીની જે છાયા છે તેને દીપની છાયા, ખાટલાની છાયાની પેઠે જરા પણ છેદ નહિ(૧)–૭૯

હે નાજુક અંગવાળી તન્વિ ! હે પોયણીના જેવા પેટવાળી ! તારા વદનથી લજ્જા પામેલો ચંદ્ર તારા વદનની શોભા પામવા ઇચ્છે-છે એમ જે કહીએ છીએ તે કાંઇ ખોટું નથી. એવી અત્ર લોકોની વાણી સંભળાયછે–૮૦

આ પુરમાં ગુણના સાગર, પૂજ્ય યોગીઓ, બ્રહ્માના જેવા બ્રહ્મ જાણનારા, અતિ ઉગ્ર તેજથી આદિત્યને પણ અસ્ત પમાડનારા, ચારે દિશાને પોતાની કીર્ત્તિથી પરોવી નાખેછે–૮૧

અત્ર સંયતપુરુષોના દર્શનથી, આવીપડેલા અસંયત પણ સંયત થાયછે; સર્વલોક પિતૃકાર્યે મિત્રકાર્યમાંજ પરાયણ છે, ( જાણે ) વિધાતાએ એવા સર્વ ( પરોપકારી ) અત્રજ સર્જ્યા છે–૮૨

---

( ૧ ) એવી પુરાણોક્તિ છે કે બકરાંની ગધેડાંની ને સાવરણીની રજ તેમ દીપની અને ખાટલાની છાયા એટલાં લક્ષ્મીનો વિનાશ કરેછે.

અત્ર કાંત અને મધુર વાણીવાળા કવિ, અતિ કૃતાર્થ થઇ, પોત-પોતાના ઇષ્ટદેવાતાને સ્તવેછે કે હે સંસારના તારનાર ! ત્રિલોકના રક્ષક ! પ્રભુ ! અમે તમને નમીએ છીએ, તમે રક્ષણ કરો-૮૩

અત્ર, સુપાત્રને યથાવિધિ ધન આપતા, અને ગુણથકી ચંદ્ર જેવા ઉજ્જ્વલ, ધૈર્યવાન્, વીર્યવાન્, એમ સર્વે લોક સત્યવદનાર હોઇ શોભેછે-૮૪

ઉલ્કારૂપીઉત્પાતવર્જિત આ પુરમાં લકારસહિત ઝકાર જેવા આકારવાળી મણિપ્રભા તેજ ઉલ્કાસ્થાને શોભે છે, ને વલ્મીક(૧) રહિત આ સ્થાનમાં અતિઉન્નત એવા દ્રવ્યના ઢગલા તેજ વલ્મીકની ગરજ સારેછે-૮૫

સખિ ! આ દહિ દહિ, આ મધુ આ મધુ, એમ બાલ્યને લીધે કાલી અને મીઠી વાણી કુમારીઓ અત્ર બોલેછે-૮૬

અત્ર થતા શંખધ્વનિને(૨) મિષે પ્રતિ પ્રાતઃકાલ કલિ, એમ પોક મૂકેછે કે હાય ! હાય ! મારૂં સ્ફુટ સ્ફુરણ પામેલું પરાક્રમ અહીંયાં કેવલ ઢંકાઈ ગયું !-૮૭

અતિ મધુર અને અતિ સુંદર એવો સ્ત્રીઓનો કંઠ તે પુષ્પ ધન્વાનો(૩) જયધ્વનિ કરતો શંખ છે એમ અત્ર કામીજનોએ નિશ્ચય કર્યોછે-૮૮

જેમ કમલોના સમૂહથી તૃષાર્ત્તભ્રમરને પીવાનું મધુ ઝરેછે તેમ અત્ર સત્પુરુષોની ગૌથી( ૪ ), આનંદે ફ્ફડીને ઉંચાથતા કાનથી પીવાજેવું પય ઝરેછે ૮૯

---

( ૧ ) સાપના રાફડાના ઢગલા. ( ૨ ) જે દેવાલયોમાં થાય તે. ( ૩ ) કામદેવનો.

( ૪ ) ગાય અને વાણી; પયશબ્દનો અર્થ વાણી પક્ષે મીઠાશ એટ-લોજ લેવો.

અતિ પ્રસિદ્ધ વિભ્રમવાળી તથા અપ્સરાની પણ કાન્તિને લજ્જા પમાડનારી, ને તેથી મકરધ્વજનો રસ સર્વત્ર રેડનારી, સ્ત્રીઓ અત્ર યુવકોનાં મનને અતિ મથન કરેછે—૮૦

તપશ્ચર્યાથી કૃશ થઇગયેલા, અને દર્શનથી હર્ષ પમાડનારા, યતિનાં દર્શનથી હિંસકો પણ ઉત્તરાયનમાં સૂર્યની પેઠે અત્ર ધનુનો( ૧ ) ત્યાગ કરેછે—૮૧

અત્ર મધુરવાણી વદનારાં જન, પુત્રને ખાનાર ! પૌત્રને ખાનાર ! પુત્રને હણનારી ! પુત્રને ખાનારી ! એવી ગાળો કદાપિ ઉચરતાં-નથી—૮૨

પુત્ર કે પૌત્રને ખાનાર શાકિન્યાદિ રહિત આ પુરમાં, પુત્ર પૌત્ર આદિનું ભક્ષણ કરતાં મત્સ્યના વરુણે સ્થાપેલા ન્યાયને સર્વે હસે છે—૮૩

અત્ર સુકુમાર અંગવાળી અને કંબુકંઠી( ૨ ), તથા કમલનેત્રી, અંગનાઓ વારંવાર વિવિધ પ્રકારે રમેછે, ને તેમની ભમરની આગળ દોડતો સ્મર તેમના કિંકરની પેઠે વર્તેછે—૮૪

અત્ર સુંદર ભમરવાળી સ્ત્રીઓનાં મુખ મધુને ચાંટતાં ભ્રમરદંપ-તીસહિત પદ્મ જેવાં છે, અને સત્પુરુષોનાં હૃદય સ્વર્ગંગાના જલ જેવાં સ્વચ્છ છે—૮૫

મુખથી કરીને ઇંદુનો ગર્વ ચૂર્ણ કરીનાખ, ને સ્વર્ગની સ્ત્રીઓથી પણ તું અધિક થા, એમ અત્ર સ્ત્રીજનને ઉત્તમ ઉપદેશ દેતી સખી-ઓ વદેછે—૮૬

આ પુરમાં મૃદુ, અતિ પ્રેમબધ્ધ, અતિ વિશુધ્ધ, અને રમ્ય,

---

( ૧ ) ધનુષ્, કામઠું, અને ધનરાસિ. ( ૨ ) શંખ.

તથા સર્વસુખસંપન્ન, એવાં સ્ત્રીજન અપ્સરાસમાન હોઇ અહોરાત્રીને જાણતાં નથી–૯૭

અત્ર ઉમાની પૂજા કરવા આવેલી પ્રૌઢાઓના મુખની સુગંધિથી પુષ્પનો ભ્રમ પામેલો ( ઉમા પૂજનનાં પુષ્પમાં આવેલો ) ભ્રમર, તે પ્રૌઢાના મુખને ચાટવાને તૈયાર થાયછે–૯૮

અતિ ઉંચા સ્તંભ ઉપર ચઢાવેલી ધ્વજાના શબ્દથી પવન એમ પોકારે છે કે આ પુરની શોભા સ્વર્ગમાં પણ નથી, ને બૃહસ્પતિ પણ તેનું વર્ણન કરવા સમર્થ નથી–૯૯

રે ! અતિ વિનીત તથા સર્વ સૌંદર્ય અને ભાગ્યવાળી કાન્તિવાળો આ તારો પતિ ઊભો, એવાં સખીવચનથી અત્ર મુગ્ધા ઉભી થઇ પોતાના અંગમાંનો સ્તંભ તજેછે–૧૦૦

એનું જે પરાક્રમ છે તે કોઇ અપૂર્વજ છે ! એનામાં જે પ્રભુતાનો ઉત્તમ ગુણ છે તે પણ અપૂર્વજ છે ! અહો આ તે ઇંદ્ર છે કે એનાથી પણ કોઈ અધિક છે, એમ અત્ર લોકોની રાજાને સ્તવવાની રીતિ છે–૧૦૧

અહો ! શું આતે સ્વર્ગજ ! ના, ના, આની ભવ્યતા આગળ સ્વર્ગ શાહીસાબમાં ! એમ સિદ્ધલોકો આ પુરને જોઇને સંશય કરેછે–૧૦૨

અત્ર રૂપવાળી કુલસ્ત્રીઓ, ગૃહાંગણમાં, વ્યંજનના પછી આવેલા પંચમ વ્યંજનની પેઠે વાલોપશોભિત( ૧ ) દીપીરહીછે–૧૦૩

---

( ૧ ) વાલોપ શોભિત એ શ્લિષ્ટ વિશેષણ છે. સ્ત્રીઓપક્ષે એનો અર્થ સુંદર કેશથી શોભીતી એટલો થાયછે ને વ્યંજન પછી આવેલા અનુનાસિક પરત્વે વા+લોપ એમ લેઈ વિકલ્પે સરૂપ એટલે પૂર્વાક્ષરને પોતાના જેવા કરે કે પોતે એમનેએમ રહે એટલો અર્થ થાયછે.

વિદ્વાનોની એવી શિક્ષા છે કે ધર્મને વધારો, ગુણનો ઉત્કર્ષ કરો, પાપનો નાશકરો, કલિને સંહારો, આપે તે લો, ન આપે તે નઇચ્છો–૧૦૪

અનેક કલાને જાણનારી અહીંની નારીઓ, શ્રીવિષ્ણુ(નારાયણવતાર )ની સાથળમાંથી ઉત્પન્ન થયેલી, અને પોતાના ગુણથી અતિ ગર્વ પામતી એવી અપ્સરા( ઉર્વશી )ને પણ પોતાના ગુણથી પરાજય પમાડેછે–૧૦૫

હે દૂધના જેવા શુદ્ધ અંતઃકરણવાળી ! તું લજ્જા પામીશ નહિ, પણ પ્રગલ્ભાના જેવો આચાર કરી, તારી શોકોનો મદ ઊતાર, એમ આ પુરમાં મુગ્ધાઓને ભણાવાય છે–૧૦૬

અત્ર બ્રાહ્મણો ષટ્કર્મ કરનારા, સત્યવાણી વદનારા, નાના પ્રકારની વિદ્યાઓ જાણનારા, ચારે દિશામાં પ્રસિદ્ધિ પામેલા, છે; અને જગત્‌ને અપકાર કરનારનો પ્રતાપ ખંડવામાં વસિષ્ઠ જેમ વિશ્વામિત્ર પ્રતિ વર્તતા તેમ વર્તનારા છે–૧૦૭

આ અદ્ભુતસ્થાનને વિષે, મુંગાં સુંદર વાણી વદતાં થાયછે, તૃષાવાળાની તૃષા શમેછે, અંગવિકલનાં અંગ સારાં થાયછે, આનંદવિનાનાં આનંદ પામેછે, એમ પ્રાણીમાત્ર દેવતાતુલ્ય થઇ રહેછે–૧૦૮

અત્ર કામીલોક સ્ત્રીઓને કંઠે લાગી સદા ખેલેછે, અને સંધિકાર્યની પેઠે કદાચિત્ વિરામમાં( ૧ ) પ્રવર્તતા નથી–૧૦૯

જો આ પુરની સ્ત્રીની વાણી સાંભળી હોય, કે તેમના મુખેંદુનું

---

૧ વિરામ એટલે સંધિપક્ષે વાક્યનો વિરામ, ત્યાં સંધિ કરવો ન કરવો સાપેક્ષ છે માટે ન કરે તો ચાલે; અને વિરામ એટલે કામીપક્ષે અટકવું બંધ રહેવું, તેવા વિરામમાં કામી પ્રવર્તતા નથી, એટલે ખેલતાં અટકતા નથી.

દર્શન કર્યું હોય, તો કોયલનો મધુર સ્વર પણ કઠોર લાગે, અને ચંદ્ર-પણ ગંદો જણાય—૧૧૦

ઉત્તમ કુલના પુરુષો સાથે રાજકુમારો, અત્ર, વસંતાદિ સર્વ ઋ-તુએ એકજ સમયે સેવાયલાં ઉપવનોમાં વિહરેછે—૧૧૧

પ્રભુનું કાર્ય સાધવામાં મુખ્ય હોવાથી કીર્ત્તિ પામેલા, ભયમાત્રને ખાઇ ગયેલા, તરવારની મૂઠ હાથમાં ધારણ કરનાર ક્ષત્રિયોથી, શ્રી-માન્‌લોકનાં દ્વાર અત્ર શોભેછે—૧૧૨

અત્ર હસ્તિ મદ ઝરતા છે, સ્ત્રીઓ લાવણ્યરસ વહેતી છે, અને ધ-નાઢ્ય લોક દાનાર્થ કરેલા સંકલ્પના જલથી વહેતા હાથવાળા હોઇ ધ-નને લીટ જેવું તુચ્છ ગણેછે—૧૧૩

આ તરફ ફેલાયલાં કિરણથી શોભીતી રત્નવેદી ઉપર બેઠેલી, અને આંસુ ઢાળતી, ભાગું ભાગું વદતી, ન બેળે બેળે નિહાળતી, એ-વી મદમાતીને જોઇ અત્ર કોણ ન ચળે !—૧૧૪

અત્ર, મન અને વાણી ઉભયથી અતિ સ્વચ્છ, તેમ મહત્પુરુષો-ને યોગ્ય સત્કારાદિથી સન્માન કરનારા, એવા દૃઢપુરુષો રાજદ્વાર આગળ ઉચિત ઉચિત મહત્કાર્યમાં નિયોજેલા છે—૧૧૫

બૃહસ્પતિ ખરેખર વાણીના પતિ છે, ને દિવાકર ખરેખર દિ-વસનો રાજા છે, પણ આ પુરના વાણી અને તેજથી અતિ દીપી રહેલા લોક આગળ કોણ વાણીનો પતિ ને કોણ દિવસનો રાજા !—૧૧૬

હે રાજન્ ! તું પૃથ્વીના રાજામાં મુખ્ય છે, કીર્ત્તિનો મુખ્ય પતિ છે, લક્ષ્મીનો પણ ઉત્તમ નાથ છે, એમ પ્રજારક્ષણથી અને તેજથી તું વ-રુણ છે કે ચંદ્ર છે એમ લોકો અત્ર વદેછે—૧૧૭

અત્ર સર્વ રાજરાજેશ્વર ઇંદ્રસમાન છે, ને પ્રજા કુબેરસમાન લક્ષ્મી-વાળી છે; સત્પુરુષો પણ યોગ્ય અને વિચારયુક્તવાણી બોલનારા બૃહસ્પતિ સરખા છે ૧૧૮

આ પુરની, અતિ વહી જતા લાવણ્યમાં રમતી સ્ત્રીઓને જોઇ ઈંદ્ર, જલથી ઉત્પન્ન થયેલી અપ્સરાઓને, માત્ર જલમાણસ જેવીજ ગણેછે–૧૧૯

ઉડી રહેલા ચામરથી હસી રહેલી, અને ઉંચે ધરેલાં છત્રથી ઉજ્જવલ થઇ રહેલી, એવી, દુર્ગતિમાત્રનો નિરંતર સંહાર કરતી, લક્ષ્મી અત્ર શોભિછે–૧૨૦

શાન્તિ ધારણ કરી સર્વત્ર ફરી જનને સંતોષ કરનાર, તથા ઋકાર જેવા કુટિલ ચિત્તવાળાને પણ યોગ્ય શિક્ષા આપનાર, એવા વિદ્વાન્, સર્વત્ર, શિષ્યોને સાક્ષાત્ સરસ્વતીની પેઠે અત્ર જડ્ આદિ વ્યાખ્યાપૂર્વક ભણાવેછે–૧૨૧

જેનો અખિલ યશ, શત્રુપાસે હાથ ધરવા રૂપી વજ્રથી ચૂર્ણ થયેલોછે એવો યજ્ઞપુરુષ(૧) આ પુરના રાજાની બરાબરી કયાંથી કરી શકે ?–૧૨૨

અત્રના પંડિતોનું નિરંતર, ટ ઠ ડ ઢ ણ ની પેઠે, ઉત્તમ વાણી અને સ્ફુટ વક્તૃત્વ એ વિષયમાં, મૂર્ધન્યત્વ( ૨ ) કીયો પંડિત ન સ્વીકારે ?–૧૨૩

ણકાર જેવા કુટિલ કેશવાળીને આગળ કરતો, ધનુષનો ટંકારવ કરતો, અને એમ પોતાનો પ્રતાપ સર્વત્ર પ્રકાશતો, કામદેવ અત્ર આખા જગત્નો પરાજય કરવાને તૈયાર થયેલો જણાયછે–૧૨૪

અરે પતિના હાથમાં ભીડાયા પછી પાછી શામાટે હઠેછે, ને પૂછેછે ત્યારે સારીરીતે બોલતી શેં નથી, જા જા, લાજ માત્ર તજી દે, એમ અત્ર મુગ્ધાને સખીઓ શીખવેછે–૧૨૫

---

( ૧ ) વિષ્ણુએ બલિ પાસે યાચના કરી હતી. (૨)ટકારાદિ પક્ષે મૂર્ધન્ય સ્થાનથી ઉત્પન્ન થવાપણું; વિદ્વાન્પક્ષે સર્વને માથે હોવાપણું.

મેરુના જેવી ઉંચાઈવાળો, અને આકાશને અથડાતી ધ્વજાઓથી ( આકાશના પણ મોંમાં ) થુંકનારો, તથા શેષની ફણા જેવાં ધવલશિખરથી શોભતો કીલ્લો આ પુરની ચારે તરફ છે-૧૨૬

છન્નુએ પાખંડ(૧) સહિત તથા અતિ સંતુષ્ટ ચારે આશ્રમ સહિત આ પુર છ(૨) ચક્રવર્ત્તીની છ નગરીઓ જીતીને જામેલું છે-૧૨૭

તેમનામાંજ લય પામી ગયેલા ચિત્તવાળા નરો, કામાદિ ષડ્રિપુના રિપુ સોળમા તીર્થંકર શાંતિનાથનું એક લીલામાત્રથીજ વિઘ્નની શાંતિ માટે અત્ર સ્મરણ કરેછે-૧૨૮

અત્ર લોક ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થની અતિરુચિવાળા છે, તેમ ચતુર્થ પુરુષાર્થ, મોક્ષ, માટે પણ જરાથી વિમુક્ત એવા યોગીઓ અત્ર ધ્યાનસ્થ થાયછે-૧૨૯

આ, પેલા, ઓલ્યા, ઇત્યાદિ મહાત્માઓથી અને જરાવિમુક્ત સિદ્ધોથી આ પુર અતિ પવિત્ર હોઇ ભાગ્યશાલી છે એમ જન બોલેછે-૧૩૦

એથીજ નયનની પ્રીતિ છે, એમનાથીજ લક્ષ્મી છે, એથીજ ઉત્સવ છે, એનાથીજ ધર્મ છે, એમ અત્ર શ્રીમાન્‌નાં ઘરને કોણ ન વર્ણવે !—૧૩૧

ગુરુ અને માતપિતાની ભક્તિથી, તથા મોક્ષાર્થે અતિ ઉત્તમ જ્ઞાનસંગ્રહથી, અત્ર જુવાન માણસો પણ સ્પષ્ટ વૃદ્ધત્વવાળા હોય એવા છે-૧૩૨

આત્મામાં નિરંતર લીન હોવાથી જેને જરા દૂર છે, તેમ જેને

---

(૧) ષટ્‌શાસ્ત્રાદિ વર્જિત જે નવીન ધર્મ તે પાખંડ કહેવાતા.
(૨) વૃત્તિકાર માત્ર એટલુંજ લખેછે કે તે ચક્રવર્તી તે ધુંધુમારાદિ.

જરા આવેલી છે, તેવા સર્વને જરાથી વિમુક્ત એવા યોગીની સાથે અત્ર સ્પર્ધા વર્તે છે(૧)-૧૩૩

સર્વને પ્રિયકર્તા, ને ગુણવડે સર્વથી ઉજ્જવલ, એવો અત્ર શ્રી-મૂલરાજ નામે ચૌલુક્ય કુલનો ચંદ્રમા, રાજા હતો—૧૩૪

ઉત્તમ અધમ સર્વની આશા પૂરનાર એ રાજા, સર્વને ઉપકાર-કર્તા હોઈ, સર્વમાં ઉત્તમોત્તમ હતો—૧૩૫

સૂર્ય અને ચંદ્ર એ બે આ રાજાથી હીન છે તેનાં બે કારણ છેઃ એક તો આ રાજાને તમઃકૃત અભિભવ નથી, ને સર્વ કાલમાં ઉદય ન હોય એમ નથી(૨)—૧૩૬

આપ બીજા આદિત્ય છો, કે વિષ્ણુ અથવા ઇંદ્રમાંના એક છો, કે અગીઆર રુદ્રમાંના એક છો, એવાં વચનપૂર્વક એ રાજાને બીજા રાજા નમસ્કાર કરેછે—૧૩૭

દેવતામાંના એક, અને બીજા ધરણીધર શેષ, એવી રાજાની સ્તુતિ કર્યા પછી બુદ્ધિમાન્ બીજા કોની સ્તુતિ કરી શકે ?—૧૩૮

એ રાજા જે જે જેવી પ્રાર્થના કરે તેને તેવું આપે છે, અને જે જે દોષ કરે છે તેના ઉપર કોપ કરે છે—૧૩૯

દાતામાં એકજ, અને યુગ્મ અશ્વિનીકુમારમાંના એક, એવા આ રાજાનો યશ સર્વ દેશમાંથી કીયા દેશમાં નહિ ગયો હોય !—૧૪૦

---

(૧) અત્ર યોગરત હોવાથી સર્વે—બાલવૃદ્ધ—જરાથી મુક્ત છે એમ અર્થ છે.

(૨) તમઃ એવું રાજાપક્ષે તમોગુણનું નામ લેવું; ને સૂર્ય ચંદ્રપક્ષે રાહુનું નામ સમજવું, ઉદયમાં પણ ચંદ્રનો દિવસે ને સૂર્યનો રાત્રીએ ઉદય નથી પણ રાજાનો તો ઉભય વખતમાં છે.

દાન એજ એક વ્રતવાળા એવા તમે, તેનાથી યાચના કરેલી એવા ઈંદ્ર અને વિષ્ણુ તે, તમારા અનેક ગુણની એક કલાની પણ બરાબરી કરી શકે નહિ—૧૪૧

પોતાથી મહોટાં, નહાનાં, સમ, અસમ, સર્વથી, તેમ અનેક રાજાઓથી ગુણવડે અતિ ઉત્કૃષ્ટ આ રાજા, સર્વને વિસ્મય પમાડતો—૧૪૨

દક્ષિણ ઉત્તર તેમ પૂર્વ પશ્ચિમ આદિ સર્વ દિશામાંથી (આવીને) આ બીજા કૃષ્ણના ચરણે કોણ પડ્યું નથી ?—૧૪૩

પારકાનું દ્રવ્ય ન ઇચ્છતાં, તેમ પોતાના દ્રવ્યને પોતાનું ન કરતાં, સત્પાત્ર વિદ્વાન્ બ્રાહ્મણોને, પોતાનાં સ્વજનને આપતો હોય તેમ, આ રાજા નિત્ય દાન આપે છે—૧૪૪

ચાંડાલાદિની પુરીની અંદર રહીને પણ એના શત્રુ વસ્ત્રની આશા રાખતા હતા ને તે માટે એની પ્રાર્થના કરતા(૧)—૧૪૫

અતિ તેજથી અપ્રતિમ એવા આ રાજાની સામે ઊભો તેના ઉપર કૃતાંત કોપ્યો અને તેનું દૈવ રુઠ્યું એમ જાણવું—૧૪૬

પૃથ્વી તથા સ્વર્ગ ઉભયના શાસન કરનાર એ રાજાની, તમારા જેવા અમારા જેવાનાં પુણ્યથી ( પ્રકટ થાય છે ) એમ ઈંદ્રે પણ સ્તુતિ કરી છે; એવા સર્વથી અતિ ઉત્તમ થયેલા રાજા આગળ આપ કોણમાત્ર છો કે એની ઈર્ષ્યા કરોછો, એમ, જ્યારે આ રાજા સેના સજ્જ કરી પ્રયાણનો વિચાર કરે છે ત્યારે ઉત્તરકોશલમાં મંત્રીઓ રાજાને કહેછે—૧૪૭-૪૮

---

( ૧ ) એનાથી ડરીને એના પુરમાં પેશી શકતા નહિ ને એવા નીચ સ્થાનમાં સંતાઇ, અતિ દ્રવ્યહીન થઈ જવાથી વસ્ત્ર માટે પણ એની પ્રાર્થના કરતા.

અર્ધાને દાસ કર્યા, અર્ધાને માર્યા, એમ સર્વ રાજાને આણે વશ કર્યા, ( પણ ) સૈન્યમાં તો માત્ર અર્ધાજ હાથી ને અર્ધાજ ઘોડા સજ્જ કર્યા હતા, સર્વ સૈન્ય તૈયાર કર્યું નહતું—૧૪૯

પૂર્વે તેજસ્વી થઇ ગયા, પાછળ પણ થયા, પણ તે બધાએ રવિની પેઠે આનો ઉદય થતાં અસ્ત થયા—૧૫૦

જે સાક્ષાત્ બૃહસ્પતિથી જરા પણ ન્યૂન ન હોય એવા કોઇ અલ્પજ, એના ગુણનું અલ્પ પણ, બીજા ત્રીજા ચોથા પાંચમા ભાગનું પણ વર્ણન કરી શકે—૧૫૧

કંઇક દેવ, કંઇક નાગકુમાર, કંઇક મણિ, કોઇ પણ જેમ કૌસ્તુભની આગળ ઝાંખાં પડેછે તેમ આની આગળ પડેછે—૧૫૨

સૈન્યમાંના હાથીના દંતથી વટાઇ ગયેલા, પૂર્વાદિ દિશામાં વર્તમાન સમુદ્રના તટ, એના દિગ્વિજયની સાખ પૂરેછે—૧૫૩

પૂર્વથી અને પશ્ચિમથી, તેમ દક્ષિણથી અને ઉત્તરથી પણ, લક્ષ્મીને ખેંચી લાવતો એ રાજા દક્ષિણ, ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ ચારે દિશાઓનો પતિ થયોછે—૧૫૪

રાજામાત્ર, શ્રી અને પરાક્રમમાં મુખ્ય એવા એ રાજાને નમેછે, અને એ પણ તેમના ઉપર, તે જેમ એક માસ કે એક દિવસે પણ નાના ( ભાઇ ) હોય એમ સ્નેહથી જુવેછે—૧૫૫

પોતાના ખડ્ગમાત્રનીજ સાહાય્યવાળા, અને બીજા કૃષ્ણ રૂપી આ રાજાને, બીજા ત્રીજા (સર્વ) દેશમાંથી આવી આવીને રાજા પગે પડેછે—૧૫૬

બીજા ત્રીજા ( સર્વ ) રાજાની કીર્તિને અસહન કરનાર આ રાજા, આ જગત્માં, ઉપરના જગત્માં, ને ત્રીજા જગત્માં, ત્રણે ( સ્વર્ગ, મૃત્યુ, પાતાલ ) સ્થાનમાં અતિ પ્રખ્યાત છે—૧૫૭

સૂર્ય જેવા તેજવાળા આ રાજાથી સર્વ શત્રુનો પ્રલય થઇ ગયોછે, ને રૂપે કરીને ચંદ્ર જેવા એ રાજાથી સર્વ મિત્રોને અતિ હર્ષ વ્યાપ્યો છે–૧૫૮

પૂર્વથી પળાતાં આવેલાં ન્યાય અને ધર્મમાં આ રાજા તત્પર છે, અને પુરૂરવાથી પૂર્વ( બૌધ્ધ )ના કરતાં, તેમ તેનાથી પણ પૂર્વ ( ચંદ્ર )ના કરતાં, લેશ પણ ઉતરે તેવો નથી–૧૫૯

આણે પોતાની ધનશક્તિથી પૂર્વના બલિઆદિ દૈત્ય, તેમ કર્ણાદિ નૃપ, પૃથ્વી ઉપર ફરીથી સ્મરણમાં આણાવ્યા છે–૧૬૦

રિપુના લોહીને પીનારા એવા પોતાના ખડ્ગરૂપ પલંગમાં પોતાને અતિ અનુરક્ત એવી જયશ્રીને ક્રીડાર્થે આ રાજા સ્થલ આપે છે–૧૬૧

( થયેલા કે થનાર ) સર્વ રાજાઓ કરતાં આ રાજા અતિ વિખ્યાત છે, કેમકે સર્વ પ્રજાને અતિ હિતકર છે, અને સર્વ સંપત્તિનું સ્થાન છે–૧૬૨

લક્ષ્મી અને વસુધા ઉભયને લીલામાત્રથીજ પોતાના હાથથી ધારણ કરનાર આ રાજાના કુંદ જેવા ધવલ યશથી પૃથ્વી અને આકાશ ભરાઇ ગયાં છે–૧૬૩

એના શત્રુઓ રણમાં સુંદર ચાપ અને ભાથા તજીને અતિસ્ત્રી(૧) એવાં ગુરુ અને અબલતાભીતિ તેનો આશ્રય કરેછે–૧૬૪

---

( ૧ ) અતિસ્ત્રી એટલે સ્ત્રીની પણ પાર ગયેલાં એટલે અબલતા અર્થાત્ નિર્બલતા અને ભીતિ એટલે ભય તે એવાં કે સ્ત્રીઓમાં હોય તેથી પણ અધિક. આવો ભય પામી શત્રુઓ ગુરુ એટલે પોતાના બ્રહ્મચારી આચાર્ય તેમની પાસે શાન્ત થઈ જાયછે, એવો વિરાગ પામી જાયછે ને ગુરુ પણ અતિસ્ત્રી એટલે સ્ત્રીને કદી ન અડનારા એવા બ્રહ્મચારી.

આની બુદ્ધિ કામધેનુના જેવી અપરાજિત છે; એણે અતિ ગર્વિષ્ઠ શત્રુઓને ત્રાસથી સ્ત્રીઓ કરતાં પણ વધારે ભયભીત કરી નાખ્યા છે–૧૬૬

બુદ્ધિના અતિ પ્રકર્ષથી, મુનિના પણ મુનિ, અને સાધુના પણ સાધુ, એવા આ રાજાએ અતિ ઉત્તમ કીર્ત્તિ પ્રાપ્ત થાય તેમજ વર્તન ગ્રહણ કર્યું છે–૧૬૬

કુબેર, વરુણ, દ્યોઃ પતિ, અને વિધુ, એમનામાં જે ગુણો છે તે, કીર્ત્તિથી કરીને શુદ્ધ એવા આ રાજાએ, પોતાને વિષે સ્થાપ્યા છે–૧૬૭

ત્રિભુવનના પતિ ( વિષ્ણુ ) સરખા, અને રણમાં અસહાય રહી ઝુઝનાર, આ રાજાના સર્વે ગુણનું વર્ણન કરવાને કોણ સમર્થ છે ?–૧૬૮

પૃથ્વીના પતિ અને ઇંદ્રના મિત્ર એવો આ રાજા રણને વિષે મિત્રની સાહાય્ય ન ઇચ્છતો ઝુઝે છે, ને જયશ્રી પણ એનેજ વરે છે–૧૬૯

નિશાપતિ ( ચંદ્ર ) જેવી કાન્તિવાળો, વસન્તસખા ( કામ ) જેવા રૂપવાળો, આ રાજા, શંભુસખા ( કુબેર ), અને શ્રીપતિ ( વિષ્ણુ ) કરતાં સમૃદ્ધિમાં ઉણો નથી–૧૭૦

એની, ( સામ, દામ, દંડ, ભેદ )ચાર ઉપાય રૂપી આંચળવાળી, અતિશુદ્ધ, પવિત્ર, અને કીર્ત્તિરૂપી દૂધ દેનારી, બુધ્ધિરૂપી કામધેનુની ઈંદ્ર પણ ઇચ્છા કરેછે–૧૭૧

આવી કીર્ત્તિ અને આવી મતિવાળો એ આ વિશ્વનો રાજા સતે, ઈંદ્રે રક્ષાયલું છતાં પણ દૈત્યનાં યુધ્ધથી ભય પામી રહેલું સ્વર્ગ નિર્ભય થઇ શક્યું–૧૭૨

વિજય આપવામાં કામધેનુ જેવી તરવાર પકડીને એણે

મહાબુદ્ધિશાલી નૃપપંક્તિનો પણ રણમાં ક્ષોભ કર્યો—૧૭૩

આના, ખભે અડકતા કર્ણવાળા, અને અતિ સ્નેહમય દૃષ્ટિવા-ળા, લાંબા પહોળા શરીને જોઇ આશ્ચર્ય પામેલા દેવતા પૃથ્વી ઉપર ( એને જોવા માટે ) આવજા કરે છે—૧૭૪

પૃથ્વીવધૂનો(૧) કર લેતો સતોપણ આ રાજા લક્ષ્મીવધૂને સુખ-રૂપ છે; તેમ સ્ત્રીથી અત્યંત વિમુખ છતાં કીર્તિસ્ત્રી પ્રતિ અતિ લુબ્ધ છે—૧૭૫

અતિ ઉત્તમ હોય કે અતિ શુદ્ધ હોય એવી પણ પરસ્ત્રી પ્રતિ-એ અત્યંત નિસ્પૃહ છે, અને કોઇની પણ સુસંપત્તિ કે સુંદર સ્ત્રીની એ ઇર્ષ્યા કરતો નથી—૧૭૬

શ્રી અને બુદ્ધિનો નિવાસ, વિનયવતી લજ્જાનું સ્થાન, અને ભીતિને લેશ પણ ન ઓળખનાર એવો એ રાજા, સ્વર્ગથી પૃથ્વી ઉપર આવનારી સ્ત્રીઓની, એકથી બીજી, ને બીજીથી ત્રીજી, એમ ભમરોમાં રમી રહેછે—૧૭૭

યવમાત્રનોજ ક્રય કરતી, અને નદીને તરાપા ઉપર તરવાનો પ્રયત્ન કરતી, તથા ક્યાં જવું તે બુદ્ધિ વિનાની, એવી એના રિપુની સ્ત્રીઓની પુંઠે ભિલ્લ લોક, દેડકીઓની પેઠે, પડે છે—૧૭૮

લક્ષ્મીએજ સાક્ષાત્ નાના રૂપ ધારણ કર્યાં હોય એવી અતિ નિરૂપમ સૌંદર્યવાળી, અને કાંઇક નમેલી ભમરવાળી, એવી સ્ત્રીઓ-ની ભમરોને નૃત્યોપદેશ કરનાર આચાર્ય આ રાજા થાય છે—૧૭૯

યાચકોની મહા આશાનો પણ એ પૂરનાર છે, અને સોમ પી-

---

૧) એક સ્ત્રીનો કર પકડી તેના ઉપર રક્ત પુરુષ બીજીને ખુશી ન કરી શકે છતાં આ રાજા કરેછે એ વિરોધ, તેનો પરિહાર કર શબ્દનો અર્થ વેરો એમ કરવાથી સમજવો. એવોજ વિરોધ ઉત્તરાર્ધમાં પણ ઘટાવી લેવો.

નારા ઉત્તમ બ્રાહ્મણોની તેમ તેમની પત્નીઓની પણ, નિત્ય પૂજા કરનારો છે—૧૮૦

આ રાજા આઠ બુદ્ધિગુણનું ધામ છે, અંતર્ને ક્ષોભ કરનાર છ રિપુનો જીતનાર છે, છ ગુણનું તેમ ચાર વેદનું સ્થાન છે( ૧ )-૧૮૧

આ રાજા ચારે વર્ણનો, તેમ ચારે સમુદ્રનો પ્રભુ છે, અને ત્રણે પુરુષાર્થનો પ્રવર્ત્તક છે-૧૮૨

સાધુને સત્કાર કરનાર, અને કલયુગ રૂપી રિપુનો મદ હરનાર, એવા આ રાજાએ પૃથ્વીને સ્વર્ગથી પણ વિશેષ કરી નાખીછે-૧૮૩

પતિની ઇચ્છા કરતી જયશ્રીનો પતિ, પાપનો ધ્વંસ ઇચ્છતા અને મિત્રની પ્રાપ્તિ ઇચ્છતા ઈંદ્રનો મિત્ર, એવો શંભુને નમનાર, આ રાજા નિરંતર ન્યાયનો પ્રવર્ત્તક છે-૧૮૪

સુધાની ભગિની ( લક્ષ્મી )ને ધારણ કરનાર રૂપે ( વિષ્ણુરૂપે ) અને સૂર્યના પૌત્ર ( ઇક્ષ્વાકુ )નાથી પણ અધિક, એવા આ રાજાને પોતાના શાસન કરનાર રૂપે પામીને પ્રજા અતિ પ્રસન્ન થઇ છે-૧૮૫

શંભુની આજ્ઞા ( જાણવામાં ) તેમના નંદી જેવા, અને કુશલતામાં ત્વષ્ટા જેવા, એવા આ રાજાને યજ્ઞકર્મમાં હોતૃ પોતૃ નેષ્ટૃ આદિ સર્વ ઋત્વિજો સ્તવે છે( ૨ )-૧૮૬

---

( ૧ ) આઠ બુદ્ધિગુણ: શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહ, અપોહ, અર્થવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન. છ ગુણ તે સંધિ, વિગ્રહ, આસન, યાન, દ્વૈધીભાવ, સંશ્રય.

( ૨ ) અર્થાત્ એ એવો પ્રવીણ છે કે યજ્ઞકર્મમાં પણ એની શિક્ષા પૂછેછે.

એની સ્તુતિ કરનારા એને, હે ચંડિકામાતર્(૧)! તારાથી પૂજાયલા પિતૃ સંતુષ્ટ થાઓ, અને દેવ પ્રસન્ન થાઓ, ને એમ તું નિરંતર સુખી થા, એવું કહેછે–૧૮૭

એના શત્રુ, હે માતા! હે પૃથ્વિ! હે અમ્બા! હે લક્ષ્મિ! હે શંભુ! હે ગૌરિ! હે ચંડિ! એ અંબિકા! હે રક્ષણકરિ! હે વિશ્વવ્યાપિનિ! એમ પોકાર કરે છે–૧૮૮

સુભટોમાં મુખ્ય, સજ્જનના મિત્ર, એવા અતિરૂપલાવણ્યથી ઉત્તમોત્તમ, હે નૃપ! તમેજ ધરણીને ધારીને રાખીછે, એમ એને સ્ત્રીપુરુષ સર્વે કહેછે–૧૮૯

એ ચારે વેદોનો ને ૭ અંગનો જ્ઞાતા છે, તેમ ચારે(૨) વિદ્યાનું ને ત્રણે શક્તિનું સ્થાન છે–૧૯૦

શત્રુઓનાં પ્રાણ અને શક્તિ હરી લેનાર, એવા આ નરેશ આગળ ચાર દિવસ ચાલતી લડાઈમાં કોઇ પણ બીજે કે ત્રીજે દિવસ પડ્યું નથી–૧૯૧

સાયાન્હ ન હોય ત્યારે પણ, જેમ સાયાન્હે સૂવું નિષિદ્ધ છે તેમ, એ કદી સૂતો નથી; અને સાયાન્હ સમયના અગ્નિની પેઠે પોતાના પ્રતાપથી અતિ દીપેછે–૧૯૨

પિતૃ દેવ કે બ્રહ્મા સર્વના દિવસ થઇ રહે તોપણ એના ગુણનું વર્ણન કરતાં કોઇ પાર પામે એમ નથી–૧૯૩

---

(૧) ચંડિકા માતર્ એનો અર્થ કરતાં ટીકાકાર લખે છે કે "ચાંડાલ દેવી એ નામની એનીમા હતી તેથી એતું એ સંબોધન છે; અથવા ચંડિકા એટલે શ્રીગૌરી તેજ જેની પૂજાદિથી સંતુષ્ટ થયેલી માતા છેતેવો."

(૨) ચારવિદ્યા તે આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા, દંડનીતિ. ત્રણ શકિત તે પ્રભુત્વ, ઉત્સાહ, અને મંત્ર.

આઠ દિગ્ગજ, તેમ આઠ કુલપર્વત, ( ૧ ) તે કરતાં પણ અધિક ધરણીને ધારણ કરનાર એ નૃપ આગળ નવે નિધિ ઢળેલા છે, ને નવે ગ્રહ એના ઉપર પ્રસન્ન છે—૧૯૪

( સાંખ્ય શાસ્ત્રોક્ત ) પચીશ( ૨ ) તત્ત્વને જાણનાર આ રાજાની કીર્ત્તિએ નવેખંડ પૃથ્વી, આઠે દિશા, અને આઠે પર્વત, શ્વેત કરી દીધાછે—૧૯૫

ચતુર્દશ ભુવનનું રક્ષણ કરવાને સમર્થ એવા આ રાજામાં, પોતાનું જેટલું બલ છે તે બધું એકાદશી રુદ્રોએ મૂક્યુંછે; અને વિજયાર્થે આ રાજા જ્યારે ભાથો ( અને ધનુષ્ ) ચઢાવે છે ત્યારે એના હાથી ઘોડા આદિ સૈન્યમાં ( તેમનો ) પરિવાર માત્ર આવી બેસે છે—૧૯૬

એનું પરાક્રમ કોઇ જૂદુંજ છે, એનું તેજ પણ સૂર્ય અને ચંદ્રમાંના એક જેવું છે, એનું ધૈર્ય કહીં પણ નથી તેવું છે, ને એના સર્વ ગુણ કોઈ બીજામાં ન હોય તેવા અલૌકિક છે; એણે રિપુનું કીયું સૈન્ય નથી સંહાર્યું, કે કીયું જગત્ હૃષ્ટ નથી કર્યું ?—૧૯૭

જુવાન વૃદ્ધોને મૂકીને નાસે છે, ને વૃદ્ધ જુવાનને મૂકીને નાસે છે, એમ એના શત્રુનો સમૂહ યુધ્ધ સમયે, હે સ્વાદિષ્ટ જલ ! ક્યાં છે તું, એમ તૃષાથી પીડાઇને પોકારે છે—૧૯૮

એ રાજા યુધ્ધનો આરંભ કરે છે, ત્યારે એના સામા થયેલા રાજા ઝાંધો વતે દોડવા માંડે છે, ને રસ્તામાં બહુ થાકથી ખેદ પામે

---

( ૧ ) આઠ દિગ્ગજ—ઐરાવત, પુંડરિક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ, સુપ્રતીક. આઠ કુલ પર્વતઃ વિંધ્ય, પારિજાત, શુક્તિમત્, ઋક્ષ, માહેંદ્ર, સહ્ય, મલય, હિમવાન્.

( ૨ ) પુરુષ પ્રકૃતિ, મહત્, અહંકાર, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, મન, પાંચ તન્માત્ર, પાંચ ભૂત.

છે, તથા આંખે અશ્રુ વેહેવરાવે છે, ને ગભરાટમાં દહીને કે હાડકાને કે મધુની મીઠાશને કે જલની મીઠાશને, પરખી શકતા નથી; તેમ એમના અતિ ચિત્ર વિચિત્ર ગતિ કરનારા અશ્વ પણ તે ગતિને ભૂલી જાય છે, ને અતિ બલથી પ્રવર્તનાર હાથી પણ પોતાનું બલ તજે છે–૧૯૮

વૃષભના જેવા દૃઢ સ્કંધથી અતિ સુભગ, અને વીર મંડલીમાં મુખ્ય, અતિ વીર્યવાળા અને પરાક્રમી બાહુ યુક્ત, અતિ પ્રવીણ બુદ્ધિવાળો, અને બલિષ્ઠ સેનાથી પરિવૃત, આ એકજ જે ખરો પુરુષ, તેણે ત્રણે જગત્ પોતાને વશ કર્યા છે; પૃથ્વીનું રક્ષણ કરી ત્યાં ન્યાયમય માર્ગ સ્થાપી પૃથ્વીને સ્વર્ગ કરી છે, ગોબ્રાહ્મણનું રક્ષણ કરવા તેમના રિપુ (પાતાલવાસી દૈત્ય)રૂપી સમુદ્રમાં પોતાના ખડ્ગનો રવૈયો કર્યો છે, અને એમ (તથા યજ્ઞાદિથી) ઇંદ્રને સુખી કર્યો છે–૨૦૦

---

## સર્ગ ૨.

પૃથ્વી ઉપર ઇંદ્ર જેવો, શત્રુરૂપી દહીમાં રવૈયા જેવો, પૃથ્વી ઉપર નીતિ માર્ગનો શુભ માર્ગ સ્થાપનાર, ઇંદ્ર સહિત સ્વર્ગની રક્ષા કરવા ઇચ્છનાર, એવા આ રાજાને સ્વપ્નમાં એક વાર શંભુ આ પ્રમાણે બોલ્યા–૧

બુદ્ધિથી શુક્ર જેવા, અને તેજથી શુક્રને પણ તિરસ્કાર કરનાર, ને દેવતાની ભક્તિથી અશુક્ર (એટલે બૃહસ્પતિ જેવા,) વૃષભને પણ ધુર્વહન કરવામાં હઠાવનાર, ચાર વર્ણ, ચાર ઉપાય, ચાર અર્થ અને ચાર વેદ જેને પ્રિય છે એવા, હે ચુલુક્ય ! તું મારા નંદી જેવો ધુર્વહનક્ષમ છે, તું હરિનો પાંચમો હાથ છે, તારે કોઇ પ્રકારના સહાયની શી અપેક્ષા છે ! ચારે દિશાનું રક્ષણ કરતાં તને બહુ વર્ષ વીત્યાં છે, હવે દેવતાનું પણ કાંઇક કાર્ય સંભાર.–૨૦૩

વિષ્ણુનો સખા ( અર્જુન ) પણ જેનો સંહાર કરવા સમર્થ ન થયો, તેમ તેનો પિતા કે ઈંદ્ર પોતે પણ ન થયો, તેવા પ્રભાસનો વિધ્વંસ કરનાર ( ગ્રાહરિપુ આદિ દાનવ ) પ્રતિ, તું ચાપ ચઢાવીને દંડશાસ્ત્રમાં શુક્ર જેવો થા—૪

શત્રુનો ( ૧ ) સંહાર કરનાર સર્વ રાજાઓમાં મહાન્, આ નરરવિ, આ સ્વપ્ન બહુ શ્રેયસ્કર છે એમ હર્ષ પામતો જાગ્યો ત્યારે, બંદી જનો પણ સૂર્યોદયના પ્રસ્તાવે કાવ્ય ગાતા હતા—૫

સૂર્ય વિનાના જગત્‌માં ચારે તરફ પ્રસરી રહેલા, અને દૃષ્ટિને વ્યર્થ કરનાર, અંધકારને સૂર્ય હણે છે; અને એને અર્ઘ આપવાના ઉદ્દેશથી સુંદર જલવાળાં સરોવરનાં જલ, દ્વિજેન્દ્રો હાથમાં લે-છે—૬

ઉગ્ર તેજવાળો (સૂર્ય) પોતાના કિરણથી સરોવરનાં જલને સુંદર કરતો, તેમ અંધકારના સમૂહને ગળી જતો, અત્ર ઉગે છે; અને અંધકારનો સમૂહ પણ શીયાળની પેઠે ભયભીત થઇ શીયાળવાળી કુંજોમાં ભરાઇ જાય છે—૭

હે પ્રકૃષ્ટ બાહુવાળા ! તારા હુકુમથી શત્રુઓ કરે, તેમ સૂર્યના ઉદયથી શીયાળ પોતાનાં મિત્ર શીયાળ માટે પણ પ્રતીક્ષા કરતાં નથી, તેમ શીયાળવીઓ પોતાનાં બચ્ચાંને તજીને પણ નાસે છે, શીયાળવાં એમ કરે એમાં શું ( ૨ ) !—૮

જેમને ચાર વેદ પ્રિય છે એવા લોકમાં ત્રયીમૂર્તિરૂપ રવિનો ઉ-

---

( ૧ ) વૃત્તિકાર લખે છે કે મંદેહા નામના દૈત્યને મારનાર એમ મૂલ સંસ્કૃતમાં દ્રિહ્ણા એવો શબ્દ છે તેથી સૂચવ્યું છે.

( ૨ ) અર્થાત્ મરીજાય તોપણ આશ્ચર્ય નથી, જેમ તારા શત્રુ તને દેખીને નાસે તેમાં શું ! તેમરે તો પણ આશ્ચર્ય નથી.

દય થતાં, ચાર ચાર કે ત્રણ ત્રણ પ્રિયાવાળા શ્રીમાન્ લોક ત્રણ કે ચાર બધી વધૂને તજીને, સંધ્યાકર્મ માટે પ્રવર્તે છે—૯

ત્રણ કિરણવાળો, ( ને તે વધતાં ) ત્રણ પ્રભાવાળો, ( ને તેમાં-થી ) ચાર પ્રભાથી અધિક થતો, તથા તેથી પણ અધિક ચાર પ્રભા-વડે ઉપર જણાતો એવો ત્રયીનિધાન, પ્રાતઃસૂર્ય ઉગતાં જગત્ માત્ર ચારે દિશાથી અતિ પ્રકાશમાન્ થઇ રહ્યું છે—૧૦

ઇષ્ટ્યાદિ છ ક્રિયાઓ વડે કરીને, વૃદ્ધ તેમ બાલ સર્વે બ્રાહ્મણો, મોક્ષપ્રાપ્તિ માટે જરારહિત આદિપુરુષ (૧) ( વિષ્ણુ )ને સંભારે છે—૧૧

જલમાં નાહી, હાથમાં જલ લઇને, સમૃદ્ધિમાન્ ઇશ્વરો, બ્રાહ્મ-ણોને, આટલું તમને અતિ અલ્પ છે તથાપિ અમારા ઉપર કૃપાકરી એટલું ગ્રહણ કરો એમ બોલતાં, દાનમાં સંકલ્પે છે—૧૨

કોઇ ખંડિતા પોતાની ( શોક છતાં પોતાના જેવીજ ખંડિતા ) સખીને કહે છે કે "તને અને મને મૂકીને ગયેલાને એને મારૂં ને તારૂં શું કામ છે ! કેમકે એ તો આપણા ઉપર કેવલાનિઃસ્પૃહ છે; ને જે એ એમ કહેછે કે હું તો તમારે વશ છું તે મિથ્યાજ છે" !–૧૩

તમને, અમને તથા તમને અને અમને, અસભ્ય એવું પણ હિ-તવચન કહેનાર ગુરુને, તેમ તમારાં અમારાં પ્રિયજનને એમ છ એને આ પ્રભાત સુખકર હો—૧૪

ચક્રવાકનાં દ્વંદ્વ તથા ભ્રમરનાં મિથુન પરસ્પરને ઉચ્ચ સ્વરે કહે છે કે આપણે રાત્રીમાં વિયુક્ત થઇ ગયાં હતાં તેવી રાત્રી કાઢી નાખ-નાર, અને આપણી પાસે આવીને આપણને આશ્વાસન કરનાર, એ-વા સૂર્યકિરણને આવો આપણે સત્વર નમીએ—૧૫

---

( ૧ ) એ શ્લોકનો અર્થ જૈનધર્મોક્ત શ્રીઋષભદેવને લાગે તેમ પણ કરી શકાય છે.

હે કમલો ! સ્ત્રીઓનાં નયનના પ્રબોધથી અમે જીતાયાં છીએ એમ હસોછો શાનાં ? કેમકે તમે પણ એજ નયનોથી જીતાયલાંછો, એમ તારા પુરની નહેરોમાં, ( પોતામાં બીડાયલા ) ભ્રમરના શબ્દથી બોલતાં પોયણાં મીચાઇ જાય છે—૧૬

તેં મારા પ્રતાપનું અનુકરણ કર્યું છે, કે મેં તારાનું કર્યુંછે, એમ તર્ક કરતો રવિ મંદમંદ ઉદયે ચઢેછે એવો અમારા જેવાના મનમાં આ સમયે સંકલ્પ થાયછે—૧૭

તારી પાસે આવવાનું કહીને જે મારી પાસે રહ્યો, અને મારી પાસે આવવાનું કહીને જે તારી પાસે રહ્યો, તેના વિષે તને શો અનુભવ થાયછે ? હું કહુંછું તે યથાર્થ છે એમ જાણી તુંજ આ ? વાતમાં તત્વ ( એ પતિનું શઠપણું ) વિચારી જો, એમ અત્યારે પરસ્પરને સખીઓ ( શોકો ) કહેછે—૧૮

રાત્રીમાં હું તને ને તું મને ( એમ આપણે શબ્દ કરતાં હતાં (છતાં) મળ્યાં નહિ, એનું કારણમાત્ર તને અને મને હઠાવી દેનારાં વિધિવિલસિતજ છે, એમ ચક્રવાક મિથુન ( હવે ) પરસ્પર રટે છે—૧૯

તને, મને, આપણને, તમને, અમને, તમે સર્વને, ધિઃક્કાર છે, કે તમારા અને અમારા પ્રતિ સદ્ભાવવાળા એનાં દર્શન થયાં નહિ, તમારાં ને અમારાં ઇષ્ટોમાં અત્યારે જોરબંધ વાતો ચાલેછે—૨૦

આ ( રાજા ) તમને અને અમને હિતકારી છે, તેમ તમારાથી મારાથી ને આપણાથી ઉત્કૃષ્ટ છે, ને તમારો તથા અમારો ઇશ્વર છે, એમ બોલતા આ રાજા આ સમયે તારા તરફ આવેછે—૨૧

આ અતિ ઉત્તમ, તમને અને અમને રક્ષેછે, આપેછે, શાસન કરેછે, તેમજ તમને અને અમને હિતકારી છે; એમ જનોએ પરસ્પર, ઉદય સમયે સ્તવાયલો સૂર્ય, જેમ એજ પ્રકારે જનોથી સ્તવાયલો તું અમને પવિત્ર કરેછે, તેમ તને પવિત્ર કરો—૨૨

મહર્ષિઓ અમને કૃત્યનો ઉપદેશ કરો, સર્વે દેવતાઓ અમારૂં રક્ષણ કરો, વિપ્રવરો મને પવિત્ર કરો, અને હે સૂર્ય! પ્રભુ! તમે મારૂં રક્ષણ કરો, એમ ( ધાર્મિકો ) અત્યારે વાણી વદેછે–૨૩

અરે! તારા વક્ષઃસ્થલમાં નખચિન્હ છે, ને તું મને કહેછે કે "તારા સમ," ( જા જા ) તારી મારે અપેક્ષા નથી, તો હવે મારા સામું શામાટે જુવેછે, મને મૂકીદે, રસ્તે જવાદે, એમ અત્યારે કોઇ અનુનય કરતા કામુકને કોઇ નાયિકા કહેછે–૨૪

ભલે બા! તમે નહિ સૂતાં હો એટલે તમને આળસ આવેછે, ને બેન અમેતો સૂતેલાં એટલે ફરકડીની પેઠે ફરીએ છીએ; તમે તો ખરેખરાં વહાલાં એટલે તમારા પતિ તમારી પાસે આવેલા; ને અમે વહાલાં નહિ એટલે અમારા પતિ અમારી પાસે ન આવેલા; તમે ખરાં સકોમળ કે તમને સૂર્યનો તાપ પણ પીડા કરે, ને અમે તો બાપા કઠણ એટલે અમને તે ન નડે; એમ પ્રાતઃકાલે સખીઓ પરસ્પરને કાકૂક્તિથી વદેછે–૨૫—૨૬

પાત્ર લાવો, આને સ્વચ્છ કરો, આમાં પૂજાસામગ્રી લાવો, આનાથી બલિ આપો, આજુહુ, આસ્રુચ, એને લાવો ને એમાં ત્વરાથી ઘી રેડી, કુંડ ખોદો, એને લીપો, આ ફૂલ ઝાલો, એને હોમો આ દહી રહ્યું, એનાથી પૂજા કરો, આ બહુ શ્રુતિપારંગત છે માટે એમનો સત્કાર કરો, પેલા આવેલા છે તેમને બોલાવા જાઓ, એમને દક્ષિણા આપો, આ અગ્નિ રહ્યા, એમને નમસ્કાર કરો, આમ અન્યોન્યને આજ્ઞા કરતા બ્રાહ્મણોની, આવી વાણી, આ સમયે બ્રહ્મપુરીમાં વર્તી રહીછે–૨૭–૨૮–૨૯

પોતાના આ કિરણોથી, અતિ દયાપાત્ર એવી દિશાઓના કર્ણના અલંકાર સર્જતા, આ સૂર્યે પૃથ્વી અને આકાશ વચ્ચે, આ પોતાનું છે આ પરાયુ છે એવી સ્પષ્ટતા વિસ્તારી—૩૦

આ દીપ રવિઉદયે રાજતા નથી, તેમ તેમના કરતાં પણ અધિક તેજસ્વી એવો અગ્નિ પણ રાજતો નથી; પેલો ચંદ્ર કે પેલા

તારા તે પણ શોભતા નથી; અથવા એમજ હોય, કેમકે દેવને અગ્નિ-ન હોઇ કોણ સર્વદા શ્રીસહવર્તમાન રહેછે ?—૩૧

સંધ્યા બ્રાહ્મીતનુ છે, ને આ રવિ શાંભવીતનુ છે, તેમ આપ પ્રત્યક્ષ મુરરિપુનું તન(૧) છો, તો એવી જે આત્રયી તેને કોણ પુમાન્ ન પૂજે !—૩૨

હે નૃપ ! સંધ્યાર્ચન કરો, એ સંધ્યાને હરિહર ને બ્રહ્મા પણ પૂજેછે, તેમજ એના પૂજનથી આ જગત્‌ના લોક પણ પાપને છેદ-નાર તથા મુક્તિએ પહોચાડનાર માર્ગને પામેછે—૩૩

કેટલાક રવિને સ્તવતાં વેદને ભણેછે, કેટલાક યવ વેચાતા લઇ અગ્નિ—શરણમાં પેસેછે, કેટલાક કુશ કાપવાને તથા સમિધ્ ભેગાં કરવાને તરાપા ઉપર નદીને તરી સામે પાર પહોચેછે—૩૪

દિશારૂપી સ્ત્રીને, પદ્મિનીરૂપી સ્ત્રીને, આકાશની શોભારૂપી સ્ત્રીને, સ્વર્ગની લક્ષ્મીરૂપી સ્ત્રીને, એમ સર્વને પોતાની સ્ત્રી હોય તેમ પાદપાત(૨)થી આરાધતા સૂર્યને :સિદ્ધલોકોની સ્ત્રીઓ ઉંચી ભમર કરીને નિહાળેછે—૩૫

માર્ગ બતાવનાર જેવા પ્રભાતને પામી, બુદ્ધિમાન્ માલીઓ, દ્રવ્ય પામવાની ઇચ્છાથી, કુસુમને ભેગાં કરી, જગત્‌ને પાવન કરનાર

---

( ૧ ) બ્રહ્માએ સૃષ્ટિ સર્જવા અનેક તનુ ધારણ કરેલાં છે તેમાંનું એક મનુષ્ય સર્જ્યા પછીનું તનુ સંધ્યા છે. શિવની અષ્ટ મૂર્ત્તિ કહેવાયછે ( જુઓ શકુંતલાનું મંગલાચરણ ) તેમાં સૂર્ય પણ છે. રાજા પોતાને તો વિષ્ણુરૂપેજ ગણુવાનો સંપ્રદાય છે.

( ૨ ) પાદપાત એ દ્વિઅર્થી છે, પાદ એટલે કિરણ તેમ પગ; કિરણો-ના પડવાથી કરીને સર્વને શોભાવતો સૂર્ય જાણે તેમને પગે પડેછે. તેને સિદ્ધ સ્ત્રીઓ એવી સ્પૃહાથી જુવેછે કે આપણે પતિ પણ આવો હોય તો ઠીક એ ધ્વનિ છે.

કોઈ શ્રેષ્ઠ મંદિર આગળ, દેડકાંની પેઠે, અનેક ઝેરી જીવડાંમાં પણ પગ મૂકી મૂકીને (ત્વરાથી), આ સમયે, લઇ જાયછે—૩૬

ચંદ્રને એકવાર પરણેલી એવી પૂર્વ દિશાને પૂનર્વિવાહિત જેવી કરવા ઇચ્છતો સૂર્ય, અંધકારને કારાગૃહમાં પૂરેછે; અને એનું તેજ, જે અતિ પુણ્ય કરેછે તેનાં સલાટના ટાંકણાની પેઠે પાપમાત્રને ટાંકીને ઉખાડી નાખેછે—૩૭

પાપને સંહારવા ઇચ્છતા રવિના અશ્વ, પૂર્વાચલ ઉપરના કેવલ ધાતુમય એવા તટને ઉલ્લંઘેછે; ને અત્ર પાકેલી કેરી જેવી રક્ત સંધ્યા, એ અશ્વની ખરીથી વટાયલી ધૂલ આકાશને લાગી હોય તેવી ભાસેછે—૩૮

આગિરિની ભૂમિમાં પડેલાં પોતાનાંજ પ્રતિબિંબને, એ અશ્વ અતિ ગાઢ ઉગેલાં લીલાં તૃણ ગણીને ચાટવા ઇચ્છેછે, ને તેથી અંધકારને હણવાની ઇચ્છા રાખતા અરુણના, અતિ તેજસ્વી આર ઘોચીને કરેલા હોકારાને પણ ગણકારતા નથી—૩૯

સુંદર સરસ્વતી જેવા છતાં પણ ગુરુનાં વચનને અનુસરે છે; અને શ્રેયરૂપી રથના ધુસરા જેવા છતાં તે ધુસરાને ટેકો આપવા ઇચ્છેછે; એવા શાન્ત સાધુ મોહમાત્રને જીતતા સતા છુર્યાદિકનો (૧) ઉપયોગ કરેછે–૪૦

ચાલો જઇએ એવી બૂમો મારતા, પાંદડાં પાડવાની લાકડી હાથમાં લઇ તૈયાર થયેલા, બળદને રાશથી બાંધી દોરતા, એવા અ-વિદ્વાન્ ગામડીઆ, આકાશરૂપી થાળીમાંથી ખસી પડતા ચંદ્રને દહીંનો લોચો જાણી નિહાળેછે–૪૧

ઉદય પામવા ઇચ્છતા દૈત્યલોકના રણ—યજ્ઞનો ઋત્વિજ, ઇંદ્રની દિશાને સ્પર્શ કરનારો, કિરણરૂપી માલાને પોતાની આગળ

(૧) જિનધર્મોક્ત કર્મવિશેષનું નામ છે.

પ્રસારતો, અને અજરામર તથા અતિ પ્રવીણ એવા મુનિથી ઉષ્ણિગ-ગાદિ છંદોથી સ્તવાયલો, રવિ તમારાં પાપનો સંહાર કરનારો થાઓ -૪૨

જલના કણથી યુક્ત, ઉન્મત્ત ક્રૌંચ પક્ષીના શબ્દ સહુવર્તમાન કમલની રજથી સ્પષ્ટ રીતે ભરેલો, અતિ પ્રસરતો વાયુ દિવસારંભે-જ શીતલતા વિસ્તારેછે, ને એમ સૂર્યે કરેલા દિવસને ન કર્યા જેવો કરી નાખેછે( ૧ )-૪૩

દિવસનું રત્ન ( સૂર્ય ), દિવસ કારતો સતો જયવાન્ થાયછે, પછી દિવસનું ઉજ્જ્વલ રૂપ સ્ફુરેછે, અને આપને રાતદિવસ આશિ-ર્વાદ આપતા સામ વેદ જાણનારા, પ્રભાતે રથંતર સામ ગાવા પ્રવર્તે-છે-૪૪

તમારો વિયોગ મારે ભાગ આવ્યો ત્યારથી મારાં પત્ર સંકોચાઇ ગયાં એવી હું થઇ ગઇ, તમે ગાયો દોવાઇ તે વેલાથી કયાં સંતાઇ ગયા હતા! એમ આ કમલિની અતિ દુઃખ પામી ભ્રમરના શબ્દોથી રાત્રીએ પોતાની જે દશા થયેલી તેની જાણે રવિને ફરિયાદ કરે છે( ૨ )-૪૫

પૂર્વદિશાને ઉન્નતનાભિવાળી કરતો રવિ ઉદય પામેછે, ને તેના ઉદયને ઇચ્છનારા લોક, પોતાનું કર્ત્તવ્ય જાણતા સતા, અને સુકૃત કરવાની ઇચ્છા રાખતા સતા, જાગ્રત થઇ ઉઠેછે, નહાયછે, દાન કરેછે-૪૬

પ્રાતઃકાલે ફુંકાતો શંખ માનિનીઓને જાણે કહેછે કે તમે માન ધર્યું, ભ્રુકુટી ચઢાવી, ને ( પ્રિયે અનુનયકર્યા છતાં પણ ) ધીરજ ધરી

---

( ૧ ) કેમકે સૂર્યોદયે શીતલતા કમી થાય તે થતી નથી.

( ૨ ) એમાં પતિવ્રતા સ્ત્રી પોતાના પતિના વિયોગથી થયેલી પોતાના વ્રતાનુસાર દશાનું પણ વર્ણન કરેછે એવો ધ્વનિ છે.

રાખી, તે બધું હવે બાજુએ મૂકો, ને પ્રિય સાથે સમાધાન કરી સંભાષણ કરો ( કેમકે હવે રાત રહી નથી )–૪૭

દૂધ દોહ્યું, પાત્રમાં રેડ્યું, તેને ઢાંક્યું, તેમાંથી લેવું હોય તે લીધું ને તે અથવા તક્ર કે જલ જે પીવું હોય તે પીધું, એમ અત્યારે સર્વે વૃદ્ધ આહીરો પૂછે છે–૪૮

હે રાજા! તું લક્ષ્મીને વર્યો છે, પૃથ્વીના પતિ છે, તેં શત્રુને સંહાર્યા છે, તું સુખે રહે છે, ગુરુની સ્તુતિ કર, સંધ્યાવિધિ સમાપ્ત કર, અને આ ભુવનને યશથી તારી નાખ–૪૯

તમે બુદ્ધિથી યુક્ત છો, જડતા તમારામાં લેશ પણ નથી, તેમ તમે નિરંતર છો, એટલેજ નિદ્રા પણ તમને સ્પર્શતી નથી, એમ તમે સર્વ ઉત્કૃષ્ટ ગુણથી સંપૂર્ણ છો—૫૦

તમે તમસ્‌નો નાશ કર્યો છે, શત્રુને સંહાર્યા છે, ને વિશ્વમાત્રને પવિત્ર કર્યું છે, એ સર્વથી શું તમે સૂર્યની પ્રભાને અનુસર્યા છો, કે શું તેણે તમને સહાય કરી છે, કે તેણે તમારૂં સન્માન કર્યું છે!–૫૧

જેના યજ્ઞનાં વિઘ્ન તમે હણ્યાં છે તે અત્યારે તમને આશિષરૂપી અનુગ્રહ કરે છે, તેજ તમને સંસ્કાર કરો, તમને સન્માર્ગમાં પ્રવર્તાવો, તેમના સર્વ ગુણ તમારામાં સ્ફુરો—૫૨

આકાશને પણ પહોચતા એવા કિરણવાળાં રત્નથી જડેલા મંડપમાં બેસો, સિંહાસને ચઢી પર્વતશિખરે ચઢેલા સિંહની શોભાને પામો, અને ઇંદ્રની લક્ષ્મીને પ્રાપ્ત થાઓ—૫૩

પછી, દૂધના જેવો ઉજ્જવલ અને રમણીય નેત્રરૂપી કમલવાળો, અન્યાય કરનાર દૈત્યાદિને દહન કરનાર, દાનવ સંહાર ઇચ્છનારા દેવનો પ્રિય, તથા વૃત્રને હણનાર ઇંદ્રના દુઃખનો હરનાર, અતિ બુદ્ધિમાન્‌, અને કાર્ય સાધવામાં જરા પણ મુગ્ધતા ન પામનારો, એ ( મૂલરાજ ) ઉઠ્યો—૫૪

શત્રુને સંહાર્યા છે જેણે એવો, શિષ્ટલોકને પાલનાર, અમૃત વરસાવતો, અને મીઠી વાણી બોલતો, સ્નાન કરેલો તથા વેદ ઉચ્ચારતો, આ ( મૂલરાજ ), તેણે, સ્નાન કરેલા, મંત્રોચ્ચાર કરતા બ્રાહ્મણોથી વીંટાયલો હોઈ, સંધ્યાવિધિ સમાપ્ત કર્યો—૫૫

અતિ ભક્તિયુક્તવાણી વદતા પોના શિરપેચનાં રત્નથી જેની પાદુકા છવાઇ રહી છે એવો એ બારણા આગળ પ્રતીહાર વિજ્ઞાપક લોકને શું કહોછો એમ પૂછે છે ( ? ) ( તેવે સમયે ), મનમાં કર્તવ્ય કાર્ય ધારણ કરીને, જંબક તથા જેહુલની સાથે સભામંડપમાં ગયો—૫૬

વિપ્રને પૂજનારો, અને સો યજ્ઞ કરનાર ( ઇંદ્ર જેવો ), તથા ગુણનો શુદ્ધ કરનાર, એ રાજા, ગુણ વડે કરીને રાજાને શોભાવનારા, અતિ ભક્તિમાન્, અને શત્રુને દહન કરનારા, આ ( જંબક અને જેહુલ મંત્રીથી ), હર જેમ બ્રહ્મા અને વિષ્ણુથી, તેમ શોભી રહ્યો—૫૭

એ રાજા, બેઠા પછી, દાંતના કિરણના સમૂહથી, શંખના ઝીણા લોટથી હોય તેમ, સભામંડપને અતિ ધવલ કરતો, તેમને, શંકરનો પ્રભાસને બગાડનારને મારવારૂપી સંદેશો કહેવા લાગ્યો—૫૮

મેંજ ગ્રાહરિપુને બનાવ્યો છે, પણ એ દુષ્ટ લગ્નમાં જન્મેલો નિર્લજ્જ, પરિવ્રાજકોને પીડનાર નીકળ્યો; ત્યારે હું પૂછું છું કે હું એનો નાશ શી રીતે કરૂં, કેમકે પોતેજ વાવેલું પોતેજ ઉખાડે એમ કીયો ઉર્જસ્વી પુરુષ કરે ?—૫૯

ભીતિના અસ્થાન, અને મતિના પરમ ધામ, શત્રુના સંહારનારા, હે મહાત્માઓ ! તમે બૃહસ્પતિ જેવા છો, ને તમે શુક્ર જેવા છો, તો તમે એક ક્ષણ પણ વિલંબ કર્યા વિનાજ યોગ્ય હોય તે કહીદો—૬૦

રાજા બોલી રહ્યા ત્યારે લક્ષ્મીવાન્ યશવાન ન્યાયકારી બુદ્ધિ-

માન, અને પ્રસન્ન, તથા અહીવતી, કામનીવતી, ઋષિવતી, આદિ નદીનાં જલ જેવી સ્વચ્છ અને મધુર વાણીવાળો, જેહુલ બોલ્યો—૬૧

ચર્મણ્વતીના સર્જનાર ( બહુ યજ્ઞ કરનાર રંતિ દેવ ) જેવા, તથા રુમણ્વાન્ જેવા અતિ ઉન્નત, અને કક્ષિવાન્ જેવા સંપૂર્ણ ધાર્મિક ! હે સર્વ ભૂપતિએ ઘુંટણવાળીને નમન કરાયલા ! એ આહીર ગધેડાને ઉદ્દેશીને જે શંભુએ આપને કહ્યું તે યુક્તજ છે—૬૨

ઉદજવાન્નો દ્રોહ કરનાર એ સુરાષ્ટ્રરાજાએ મારી નાખેલા તીર્થયાત્રા કરનાર લોકનાં અસ્થિ ચર્માદિથી છવાયલી સમુદ્ર સુધીની પ્રભાસભૂમિ પ્રયત્નવાન્ને પણ અગમ્ય થઇ પડે છે—૬૩

જે સુરાષ્ટ્રભૂમિ શ્રીવિષ્ણુએ કરીને ઉત્તમ રાજાથી યુક્ત હતી, તેને, દલ્મિનામના અસ્ત્રવાળા હોવાથી ઉર્મિ સહિત સમુદ્ર જેવા જણાતા, અને કૃમિના રોગવાળાના જેવી શૌર્યની ચેળ થયેલા, આ ભૂમિપે, નઠારા રાજાવાળી કરી નાખી છે—૬૪

હાથમાં યવ લીધેલા એવા મુનિઓની ગાયો, માહિષ્મતીના ઇશ ( કાર્તવીર્યાર્જુન )ની પેઠે હરનારો, વૃષભના જેવા સ્કંધવાળો, ભાનુમતીના પતિ ( દુર્યોધન ) જેવો, આ, કૃષ્ણાર્જુનને વસવા યોગ્ય આપુર ( વામન સ્થલી )માં વસેછે—૬૫

રાત્રીએ હુમલો કરેછે તેથી રાત્રીએ પણ ન સૂઇ જનારો, ને એવા ઉગ્ર બાહુવાળાથી ડરીને આસને પણ ન બેસનારો, એવો વીશ હાથવાળા ( રાવણ )નો ભાઇ પણ મને લાગેછે કે પોતાનું આસન ( આ નઠારાને હાથે ) માસ કે અર્ધ માસમાં ખોઇ બેસશે—૬૬

હૃદયથીજ દુષ્ટ, પૃથ્વીના હૃદયને કાંટારૂપી, ને રાવણથી આઠમે હીસ્સે પણ હઠે નહિ તેવો, અને સમુદ્રનાં જલથી પણ ન અટાકાવી શકાય એવો, આ, લોહીપીનાર( રાક્ષસો )ને શત્રુના લોહીથી ખુશી કરેછે—૬૭

અને નીકળી પડતાં લીડાં તથા આંતરડાવાળા, લાંબા દાંતવાળા, શત્રુના હાથીના સમૂહને, યમના દંત જેવાં અસ્ત્રથી હણતો, મદ્યપાનાદિના જેવા રક્તપાનથી, તેમ વિષ્ટા જેમાંથી નીકળી ગયેલીછે એવાં આંતરડાથી, પિશાચીને ( આ રાજા ) સંતોષ પમાડેછે—૬૮

તીર્થમાં ફરનાર જનોના શત્રુએ, એણે, વ્યાઘ્રપાદના પુત્ર ઋષિ, જેમની દૃષ્ટિ નિરંતર નાસાગ્ર ઉપરજ ઠરી રહેછે, જેમનું મન નિરંતર દ્વિપથ્યાદિ છંદો રચવામાં રમેછે, ને જે મનુષ્યમાત્રના હિતમાંજ નિરત છે, તેમનો, નાક ફુંગરાવીને અનુચિત વચન બોલી તિરસ્કાર કર્યા—૬૯

મનુષ્યમાત્ર પ્રતિ દુષ્ટતા કરતા એવા કેવલ અક્કલ વિનાના, તથા સર્પના જેવાં કુટિલ કર્મ કરનારા, તેમ ચતુર્થાંશ લેવાનો કહીને લોક પાસેથી આખુંએ તાણી લેનારા, આ દુષ્ટથી ધર્મ કેમ પાંગળો ન થાય ?—૭૦

પશ્ચિમ દિશાનો પતિ ( એ ગ્રાહરિપુ ) દક્ષિણ તથા ઉત્તર દિશાના રાજાને પશુની પેઠે પોતાની આગળ પગે ચાલતા કરીને, અતિ અહંકાર ભર્યો, હૃદય તથા ચક્ષુ તેમનાથી ઉંચાં ને ઉંચાં રાખીને, સ્વર્ગનેજ રસ્તે જતો હોય ( ૧ ) તેમ, અધર ચાલે છે—૭૧

વિદ્વાનો સહિત છતાં પણ કેવલ પાપિષ્ઠની સંગતિમાં રહેનારા, પુરુષોને વિષે ધર્મનો જાણનાર છતાં પણ પાપમાંજ રમનારા, એવા અતિ રૌદ્ર અસ્ત્રાદિના નૈપુણ્યવાળા, આ રાજાનાં ચરિત્ર, તેનાથી ત્રાસીને નમી જતી પૃથ્વીજ જાણે છે–૭૨

અતિ ક્રૂરતાએ કરીને વરૂજેવા, તથા ઇંદ્રિના વૈભવની ઇચ્છા રાખનાર, આ જુવાનની, કૂતરાના પૂછડાજેવી વાંકી બુદ્ધિ, ઇંદ્રાણીને ભોગવતા ઇંદ્રને પણ કાંટાની પેઠે સાલે છે—૭૩

---

( ૧ ) અથવા સ્વર્ગ એ આંગળ વેગળું હોય તેમ.

જવાનીના મદથી શ્વાનના જેવી ઉન્મત્તતાવાળા, અને યુવતીઓના લંપટ, તથા ઇંદ્રથી પણ ન બીહીનારા, એવા એણે રાજાઓને હણી હણીને તેમની શેતી રાણીઓને પોતાના રણવાસમાં રાખી છે—૭૪

સામ વેદમાં ( રથંતર અને બૃહદ્ર થંતર ) સામ જેવા, વૃત્ર તથા અર્જુનના બલવાળા, રાજાઓને બંદીવાન કરી રાખનારા, સુંદર અશ્વવાળા, દુષ્ટ કર્મ કરનારા, એવા આ પાપના દિવસ રૂપ રાજાને જોઇ, કોણ નમતું નથી ?—૭૫

શતઘ્ની એ નામના આયુધથી હજારો બ્રાહ્મણને મારી નાખવાથી, યજ્ઞમાત્ર બંધ થયાથી પૃથ્વીને પ્લીહરોગજેવા આ રાજાનાથી ( ત્રાસીને ) પોતાનો યજ્ઞભાગ ન મળવાથી ક્ષુધાતુર થયેલો ઇંદ્ર, આજને આજજ, આ દુષ્ટને પૃથ્વીપતિ બનાવતા વિધિને ધિક્કારશે—૭૬

પહોળાઇથી દીપતાં, મદથી ડોલતાં, ચલવિચલ થતાં, ને એમ યમની પણ સ્પર્ધા કરતાં, અને પૃથ્વી તથા આકાશને ગળીજવાને તત્પર, એવાં એનાં નેત્ર, તે પણ, એવાજ એના તનુને યોગ્ય છે—૭૭

જ્યારે એની પાસેના ભાથામાં, ચપલતા, શત્રુઓપ્રતિ ધૂણેછે, દળેછે, ફેંકી દેછે, ત્યારે દેવતાઓ પણ જ્યાંથી નાશી ગયા છે એવું સ્વર્ગ, દેવતાના પુનરાગમનને ઇચ્છતું સતું, સ્વર્ગ કેમ કહેવાઇ શકાય !—૭૮

કારક જેમ અનેક ક્રિયાનો, તેમ એ મહા મહા પાપનો હેતુ છે, સ્વતંત્ર છે, કુકર્મનો કર્તા છે; ને વિશ્વને અતિ તાપ આપે છે, દિશામાત્રમાં રખડે છે, સમુદ્રને પણ તરી જાય છે, દુર્ગુણમાં પણ પેસે છે, ને જરાએ ભય પામતો નથી—૭૯

રમતમાં પણ ફરતાં ભૂપતિઓને ભડકાવે છે, પૃથ્વીમાંથી દ્રવ્યમાત્ર ખેંચી લેછે, તેમ તે ઉપર અધર્મજ પ્રવર્તાવે છે, મુનિઓ પાસે કાંઇ ભણતો નથી ( એટલુંજ નહિ ) પણ તેમની વૃત્તિનો પણ રોધ

કરેછે, તેમને સન્માર્ગ પૂછતો નથી, ને ઉલટો તેમની પાસેથી કર લેછે–૮૦

રત્નાકરમાંથી રત્ન તાણે છે, ( છતાં ) કુબેરના ભંડારની ઇચ્છા કરેછે, યુદ્ધમાં પ્રતિપક્ષીઓ એની પાસે પોતાના પ્રાણ યાચે છે ને એને પોતાના સ્વામી રૂપે સ્વીકારે છે–૮૧

રાવણ પોતાના પુરમાં પરસ્ત્રીને ખેંચી ગયો હતો, કાર્તવીર્ય મુનિની ગાય ચોરી ગયો હતો, પોતાની બહેનનાં બાલકને કંસ મારી નાખતો હતો, શું એ ત્રણે પાસેથી અનીતિ આ દુષ્ટ શીખ્યો છે ?–૮૨

સિંધુપતિ પાસેથી ગજ અશ્વ ગાય આદિ મથી નાખીને લઈ લીધાં, ને એની યુક્તિઓથી મહીધરો પરસ્પરમાં વિરોધવાળા થઈ પડ્યા; એમ એણે સિંધુપતિ અર્થાત્ સમુદ્રને મથન કરી ઐરાવત કામધેનુ, અને ઉચ્ચૈઃશ્રવા લેનાર, તથા મહીધર એટલે પર્વતની પાંખો તોડી નાખનાર ઇંદ્રના ગુણ, દંડ રૂપે ગ્રહણ કર્યા છે; યમને પણ એ ઘાત કરવા પ્રેરેછે, પણ પોતે યમથી પ્રેરાતો નથી–૮૩

એણે પૃથ્વીને સૈન્યના સમૂહથી ખેદ પમાડ્યો છે, શેષ નાગને ભારની પીડા બતાવી છે, શત્રુને યમપુરી બતાવી છે; ને પિશાચોને તેમનું માંસ ખવરાવ્યું છે–૮૪

કેદ કરેલા રાજાદિને એણે અતિ કઠોર વચન સંભળાવ્યાં છે, ને તેમને એણે દંડની રકમો કહી( ૧ ) બતાવી છે; વૈરીના માથા ઉપર પગમૂકતા એણે ઉગ્રતેજથી કોને રાંધી નાખ્યા નથી ?–૮૫

ઉર્જયંત ઉપર મૃગયા રમતાં કૂતરાના ટોળાથી ચમરીવાળી ગાયોને એ મરાવી તેમનેજ તે ખવરાવે છે; ને એ ચિત્ર રંગના કૂતરા-

---

( ૧ ) ટીકાકાર લખે છે કે આમ કરવું એ મ્લેચ્છાચાર છે, માટે તે નિંદ્ય છે.

ના ટોળાને પ્રભાસના આશ્રમોમાંની ચીસો પાડતી હરણીઓને પણ ખવરાવી દેછે—૮૬

જગત્ માત્રને અભક્ષ્ય એવું ભક્ષ કરનારને એને હવે દૂતથી કહે-વરાવવું કે બોલાવવો એ કામનું નથી; હે ચંડનેત્ર ! અંબાડીસહિત હાથીની સેનાને, તેનો દંડ કરવાની ક્રૂર આજ્ઞા સહિત એની તરફ મોકલો—૮૭

જે પ્રજામાત્રને કુમાર્ગે ચઢાવે તેવાને મૃત્યુ માર્ગે ચઢાવવો જોઇ-એ; જે જે ઇશ્વર એવાને દંડ ન કરે તે તેના પાપથી પોતાનો ધર્મ ખુવે—૮૮

તમે જો એને દંડ નહિ આપો તો એ પોતાના બલથી યમને પણ ગણકારશે નહિ ( તો તમ જેવાંની શી દશા ? ), કેમકે સત્પુ-રુષોએ ઉપેક્ષિત એવા દુષ્ટ લોક કોને કોને પોતાની મેળેજ ખરાબ કરતા નથી ?—૮૯

દુષ્ટ નીતિવાળા ( છતાં બાહ્યાચારથી અનુકૂલ જણાતા ) એ-વાને તમે કેમ અદ્યાપિ પ્રસન્નતાથી નિહાળોછો ? એવા કપટીનો જરા પણ સત્કાર કરો નહિ; જે ન્યાયી છે તે ન્યાયનેજ નમે છે. ૯૦—

હે નાથ ! રાત્રીએ તમને જેણે કહ્યું છે તે નાથને જો તમે ( પ્રસન્ન કરવા ) ઇચ્છતા હો, કે ઉત્તમ યશ પ્રાપ્તકારવા ઇચ્છતા હો, કે તમારા વંશના ધર્મને કે સ્મૃતિપ્રોક્ત ધર્મને સંભારતા હો, તો આ સંબંધે તો ક્રોધ ઉપર દયા કરો, ક્ષમા ઉપર નહિ—૯૧

શ્રીશંભુ તમારા સ્વામી થઇ તમને "તુંજ તેને શાસન કરવા સમર્થ છે" એમ કહી ગયા છે, તો સૈન્ય તેમ બુદ્ધિ ઉભયને એના વધ માટે શુદ્ધ કરી તૈયાર કરો, કેમકે શત્રુની ઉપેક્ષા રૂપી

વ્યાધિ ( તે ઉપેક્ષા કરનાર રાજાનેજ નહિ ) પણ આખા રાજ્યને પીડા કરેછે—૯૨

પૃથ્વીને સંતાપ કરનાર તથા તેને ચૂશી ખાનાર એવા એ વ્યાધિને હણવાના સંબંધે આપને ઉપદેશ કરવાની જરૂર નથી; પૃથ્વીને પીડા કરનાર પર્વતગણની પાંખ છેદવામાં ઇંદ્રને કોણે પ્રેરણા કરી હતી ?—૯૩

લોકને પીલી નાખનાર શત્રુને દંડ ન દેનાર રાજા આખી પૃથ્વીને પીલે છે, માટે જો એમ ન કરવું હોય તો પ્રજાને રંજાડનાર આ દુષ્ટને રંજાડો—૯૪

જેમ ઇંદ્રે જંભને હણ્યો, જેમ જલશાયી વિષ્ણુએ મધુને હણ્યો, ને પુર દૈત્યને શંભુએ હણ્યો, તેમ હે રાજા ! પૃથ્વીને પીડનાર આ પાપને તું હણ—૯૫

ખરદૂષણાદિના નિઃશેષ સંહારની પેઠે શત્રુનો સંહાર કરનાર રાજાએ, આંખના અણસારાથી પ્રેરાયલો, જાંબવાન જેવી તિક્ષ્ણ બુદ્ધિવાળો, જંબક આ વચન સાંભળીને બોલ્યો—૯૬

પ્રભુના કાર્ય માટે પોતાના મિત્ર પુત્ર વૈભવ કે પ્રાણ કોણે વેગળાં મૂક્યાં નથી ? પણ જેહુલના જેવો આવું ત-ત્વરૂપ અને સત્ય તેમ પ્રિય બોલનાર બીજો થયો નથી—૯૭

જે લોભથી અર્થાત્ અતિ પાપસંગ્રહની ઇચ્છાથી, મંત્રસમયે ખુશામદથી કે કાંઇ કપટથી બોલેછે, તે પોતાની કીર્ત્તિ, પોતાનું કુલ, ને પોતાના આત્માની ઉન્નતિએ ( ઉત્તમોત્તમ વસ્તુથી ) જુગાર ખેલેછે( ૧ )—૯૮

મંત્રસભામાં બેશી જે સ્ફુટ બોલેછે, તે સ્વામીના ચિત્તમાં વસે

---

( ૧ ) અર્થાત્ તેમને ખુવે છે.

છે, સભામાં બિરાજનારને મસ્તકે ચઢેછે, ને તેણેજ ખરી ગુરુ-સેવા કરેલીછે—૯૯

તેટલા માટે, તમે તો સર્વ અર્થશાસ્ત્રમાં અતિ પ્રવીણ છો, તથાપિ સત્ય કહુંછું કે પોતાના સ્વામીની પાસે બેશી જે માણસ ગાય દહોવાય તેટલો અર્થાત્ એક અણુ જેટલો પણ ઉદાસીન રહે, તે સત્વર નરકમાં જાયછે—૧૦૦

પોતાના પુરમાં વસતા એને એક ગાઉ ઉપરજ ડુંગરો છે, એના-થી એક યોજને સમુદ્ર છે, એમ એ બધાં એનાંરક્ષણ સ્થાન છે, એ સર્વદા ઉદ્યત રહેછે; શાલિપાક જેટલું પણ સુતો નથી; એવાને સાધવો સહજ ન જાણશો—૧૦૧

ગાય દહોવા જેટલી વાર પણ વિરામ પામ્યા વિના, રાજાઓ એને સેવેછે; સો કોશ જેટલે છેટેથી, સૈન્યપતિને આજ્ઞા કરવાની રીતિથી, તમે એને સંહારવામાં માત્ર એક દાતરડાથી વૃક્ષ કાપવા જેવું કરોછો—૧૦૨

જો તમે જયની સ્પૃહા રાખતા હો, કે યશની સ્પૃહા રાખતા હો, તો લોકના ઉપર કોપ કરતા, તેમની ઇર્ષ્યા કરતા, તેમનો દ્રોહ કરતા, એવા આ દુષ્ટને સંહારવા સારૂ જાતેજ કોપ કરીને ઉઠો—૧૦૩

વનના ગવ્હરમાંથી નીકળીને સિંહ બધાં વનપશુના યૂથમાંથી ઉદ્દામ હાથીનેજ શોધીને મારેછે; માટે તમારે જગતનું રક્ષણ કરવા સારૂ જાતેજ એની સામા જવાના વિચારથી પાછા હઠવાનું નથી, તે વાતમાં પ્રમાદ કરવાનો નથી, કે તે વાતમાં કાંઇ હલકાઇ ગણી તેને ફેરવવાની નથી—૧૦૪

યુદ્ધમાં અપરાજિત, શત્રુથી ભય ન પામનાર, કચ્છદેશથી તુરુ-ષ્કનું પણ રક્ષણ કરનાર, તથા કશાથી પાછો ન હઠનાર, એવો પ્રસિ-દ્ધ લક્ષરાજા એક માનો જણ્યો ભાઇ હોય તેવો એનો સખા છે—૧૦૫

અશ્વિન પૂર્ણિમાથી જેમ દીપોત્સવ, તેમ માત્ર આઠજ યોજન કચ્છથી સૌરાષ્ટ્ર દૂર છે, એટલે ફૂલને પુત્ર એ લક્ષરાજા, જે પૃથ્વી ઉપરના ભૂપતિથકી બલવડે કરીને અધિક છે તે એનાથી દૂર નથી.—૧૦૬

પર્વત ઉપર, સમુદ્રમાં, જે જે નૃપ ક્ષત્રિત્વ ધારણકરી રહ્યા છે, ને એની આંખ આગળ રમી રહ્યા છે, તે સર્વે એના યુધ્ધમાં ઝંપલાવશે, માટે તમારા પ્રતિપક્ષી એક કે બે છે એમ ન જાણશો, પણ ઘણા છે એમ સમજજો—૧૦૭

એક મિત્રની સમીપે, કે એક દુર્ગમાં ભરાયલો, કોઇ રાજા હોય-તો તેને જીતવો કઠિન છે, તો એ ઉભય રીતે સંપન્ન આને મારવાને આકાશ અને પૃથ્વીની વચમાં તમારા પોતાના વિના બીજું કોઇ હાલ જણાતું નથી—૧૦૮

સુરાષ્ટ્રમાં જે આભીર લોક વસેછે તેમના પ્રતિ, અર્જુનને પણ પરાક્રમથી અતિ ક્રાન્ત કરેલો એવા તમે, જ્યારે ચઢશો ત્યારે તેમની સ્ત્રીઓ " હે પ્રાણનાથ ! ધિક્ વિધિ ! " એમ પ્રલાપ કરવા મંડશે, એવું હે પ્રભુ ! મારી કલ્પનામાં આવેછે.—૧૦૯

પર્વત, વન, સમુદ્ર આદિ સ્થાને ઉપરાઉપરી શત્રુ વસેછે એમ કહેલું સાંભળી, અતિ પુલકિતતનુ થઇ, ઉભય ભુજ ઉપર દષ્ટિ કરતો, રાજા ઉભો થઇ ગયો, ને એની પૂઠે એના બે મંત્રી પણ તુરત ઉભા થયા, તથા બધાં પરિજન પણ ઉભાં થઇ ગયાં—૧૧૦

---

## સર્ગ ૩.

એટલામાં આકાશમાં શ્વેત વાદળાંથી શોભતી, સરોવરે સરોવરને સુંદર જલવાળાં કરનારી, દિગ્વિજયના પ્રયાણને અનુકૂલ, એવી શરદૃઋતુ આવી—૧

ધાન્યની સમૃદ્ધિ, પ્રત્યેક નૃપને, પ્રત્યેક ગ્રામ પતિને, પ્રત્યેક ખેડૂતને, તેમ પ્રત્યેક દિશા, પ્રત્યેક ગામ અને પ્રત્યેક ક્ષેત્રને—સર્વને સંતુષ્ટ કરતી શોભી રહી—૨

આ ( શરદ્કાલ ) પ્રત્યેક હાથીને મદ ઉત્પન્ન કરવાથી, પ્રતિ અશ્વને અનુપાલનાનુકૂલ હોવાથી, તથા પ્રતિવૃષભને બલિષ્ઠ કરનાર હોવાથી ( સર્વને અનુકૂલ છે )—૩

શ્વેતપત્રવાળા હંસ સરોવરમાં વસેલાં કમલો પાસે દોડી આવ્યા તે ઉપરથી શરદ્ઋતુ આગળ બીજીબધી ઋતુઓ, ગંગા આગળ બીજી બધી નદીઓ જેવીછે, એમ થયું—૪

પાકેલી ડાંગરનું આનંદ પૂર્વકરક્ષણ કરતી ગોપીઓ બધો દિવસ બૂમ પાડી પાડીને ગીત વિસ્તારતે સતે ગાય દહોવા જેટલો કાલ પણ થાક પામતી નથી—૫

નવરાત્રીના નવ દિવસમાં પારાયણ( ૧ )પૂર્ણ કરીને, તથા એક કોશ જતાં જેટલો કાલ થાય તેટલા વખત સુધી આશિર્વાદ મંત્ર ઉચ્ચારીને, બ્રાહ્મણો પોતાના યજમાનને ગાય દહોવાય એટલીવાર યથાવિધિ અભિષેક કરેછે—૬

સમ તેમ વિષમ ઉભય પ્રકારના છંદ, અથવા વેદ, તેમને આખો દિવસ ભણતાં છતાં પણ બ્રાહ્મણબટુકોને તે પાઠે થયાં નહિ કેમકે તેમનાં હૃદય ( આ ઋતુમાં ) ગીત લલકારતી ગોપીના શબ્દથી ભ્રમી ગયાં હતાં—૭

ધાન્યથીજ અર્થ ઉત્પન્ન થાયછે એમ સમજી વર્ષાઋતુના માસ પૂર્વે, અર્થની ઇચ્છા રાખતા પુરલોક, કૌતુક—સ્તંભવડે કરીને ઇંદ્રનો ઉત્સવ વિસ્તારેછે—૮

---

( ૧ ) સપ્તશતીનું એમ ટીકાકાર કહેછે.

અતિ સુંદર વેષ ધારણ કરેલા ગોપ, પોતાનાથી એક માસે નાના, ને નિપુણ વાણી વદતા મિત્રો સાથે ગાયોને વસવાના સ્થાનમાં ગોળ મેળવેલું દૂધ પીએછે—૯

અતિ યૌવન મદે જરાપણ ઉંણા નહિ એવા ગામડીઆ, ગેડી દડા રમતાં ઉડીને વાગેલા દડાવડે કાણા થયેલા, ને ગેડીથી પગે ખો-ડંગતા, એવા પરસ્પરથી મૂક્કામૂક્કી કરીને કલહ કરેછે—૧૦

નદીના તટ શ્વેત રેશમી વસ્ત્ર સાથે, સરોવરો આકાશ સાથે, કૌ-મુદી દિવસ સાથે, અને મેઘ કૈલાસનાં શિખર સાથે, સ્પર્ધા કરેછે—૧૧

બંધૂક પુષ્પો સ્ત્રીઓના અધરથી, પદ્મ તેમનાં મુખથી, કાસકુ-સુમો તેમના હાસથી, સહસા સ્પર્ધા કરવા મંડી પડયાંછે—૧૨

આખાં કમલનાં વનને વન ખીલી ઉઠવાથી શ્વેત પક્ષવાળા હંસ સુખે રમેછે, ને અતિ કષ્ટથી મેઘજલ પામતા ચાતક દુઃખી થા-યછે—૧૩

એ સમયમાં જલ અને અન્ન, જે પુષ્કલ થયેલાંછે, તે સારી પેઠે પ્રાપ્ત થઇ શકતાં હોવાથી પથિક લોક સુખી થાયછે, ને તેમની પ્રિયા-ઓ દુઃખી થાયછે—૧૪

જાતથીજ ક્રૂર, અને પ્રકૃતિથીજ શઠ, એવો બક એક આંખે કાણો ને એક પગે લંગડા જેવો થઇને, માછલાંને જોતો, નદીતટ ઉપર બેઠોછેઃ ખલ છે તે બડા માયાવી હોયછે—૧૫

અરે પુષ્કરાવર્તક મેઘ ! આ પ્રમાણે મેઘ ચઢાવીને અને વીજળી ઓના ચળકારા તથા વર્ષાના કણ વરસાવીને તેં આશું કરવા માંડ્યું છે ! બસ બહુ થયું ! એમ જાણે હંસો મેઘને કહેછે—૧૬

શ્રુતિ અને સ્મૃતિમાં પ્રવીણ, તથા તે ઉપર અતિ શ્રદ્ધાવાળા,

એવા ઉત્સુક લોક વિધિપૂર્વક પાયસ સહિત શ્રાધ્ધ, જેમ મઘામાં બ્રહ્મચર્ય પાળેછે, તેમ ચંદ્રયુક્ત મઘામાં કરેછે?—૧૭

કૃષિ ઉપર અને પોતાનાં પશુ ઉપર અત્યંત આસક્ત, તેમ કર ભરી દેવાને પૂર્ણ ઉત્સુક ( ખેડૂતો ) બબ્બે દ્રોણ ડાંગર અને દ્રોણ દ્રોણ તલ આપેછે—૧૮

ગોપીઓ અતિ રસે ચઢીને હજાર હજાર સારસને તેમ હજારો પોપટને પાંચ પાંચ કરીને ગણવા લાગીછે—૧૯

ગામડીઆના છોકરા, તેમના ગુણ અને તેમનો પ્રેમ જાણતા, તથા તેમની સાથે ઠરેલી રતિને સંભારતા, દાસીઓને ડાંગર ભરી આપેછે—૨૦

હંસે હંસીને જે મૃણાલ તન્તુ આપ્યું તે તેને બહુ આનંદકારી લાગ્યું; અથવા પોતાને જે પ્રિય હોય તેણે આપેલું કોને મીઠું નથી લાગતું ?—૨૧

સ્વાતિનું પાણી મોતી થઇ જવા લાગ્યું, દુધ દહીં થઇ જવા લાગ્યું, અને શરદ્‌નું દેવું કાઢેલો એવો મેઘ ખાલી ( દેવાળવો ) છતાં પણ નાશી ( ૧ ) ગયો—૨૨

ગર્જના કરતો મેઘ, પોતાના સ્નેહનું, મોરને, ગર્જનાથી વચન આપેછે, તેમ તે મોર પણ એમ કહેતા મેઘને પોતાની કેકાથી પ્રતિ-વચન આપેછે—૨૩

દેવમાત્ર તમને ભેગા થઇ સહાય થશે, ને તમારૂં રક્ષણ કરશે,

---

( ૧ ) એવી સૂચના ઉપર અલંકાર દોરવ્યો છે કે જેની પાસે કાંઇ નથી એવા દેવાદારને પકડીને લેણદાર બેસાડે તો તે વખતે નાસી જાય, પણ જે ખરો શાહુકાર છે તે ખાલી છતાં પણ નાસતો નથી, બેશી રહેછે.

( એમ થવાથી મારૂં પણ મન ધીરજ ધરશે ) એટલે હે નાથ ! મારા તરફ શું જોઇ રહ્યાછો ? ( સુખે પધારો ), એમ કુલવધુઓ પોતાના પતિ જે સમુદ્રમાં મુસાફરીએ જવા તૈયાર થયા છે તેમને કહેછે—૨૪

પુત્ર, દારા, કોઇનો વિચાર કર્યા વિના અને માર્ગના શ્રમનો ખેદ પણ ગણ્યા વિના, લાભમાત્ર ઉપરજ નજર રાખી પ્રવાસીલોક નીકળી પડ્યા—૨૫

લોહીના જેવી રાતી વીજળીની પ્રભા અતિ તાપ પેદા કરનારી હોવાથી, ( ૨ )વિરહાતુર થઇ જઇ સ્ત્રીઓ પોતાના પતિને અનુનય કરેછે, સમ દેછે, ને મનાવેછે—૨૬

ઉત્તમ પ્રકારથી સંયત એવા તપસ્વી, પોતે પકવેલા એવા નમાર વીણવા જાયછે, ચાતુર્માસનો ઉપવાસ છતાં પણ ગામમાં કે શહેરમાં જતા નથી—૨૭

ચિત્રા, સ્વાતિ ને વિશાખા એ નક્ષત્રમાં જતા સૂર્યના તાપથી પીડાયલા વટેમાર્ગુ પોતાની જાતને શ્વાન જેવી કે તૃણજેવી પણ ( સુખી ) ગણતા નથી—૨૮

પયપાનથી ઉન્મત્ત થયેલા ગોપ અન્નને નાવને ( ? ) શુકને, કાકને, શિયાળને કે વૃષભને કશાને પત કરતા નથી, એક પાડાને કાંઇક શ્વાન જેવો કે તૃણ જેવો ગણકારે છે ( ? )—૨૯

પૃથ્વી અને આકાશ સર્વને સુખકર તથા હિતકર છતાં, એકમાત્ર ચાતકને સંતોષી ન શક્યો માટે પોતાની જાતને એક તૃણ સરખી પણ ન માનતો હોય એમ, મેઘ સૂકાઇ જાય છે—૩૦

રાજા પ્રજા સર્વને કલ્યાણ, હિત, ભદ્ર, અને આયુર્વૃદ્ધિ, થાઓ,

---

( ૨ ) કપિલ વીજળી વાતનું ચિન્હ છે, લાલ વીજળી તાપ સૂચક છે, પીળી વર્ષાની, અને ધોળી દુકાળની સૂચક છે એમ ટીકાકાર લખેછે.

તથા ક્ષેમ અને અર્થની સિધ્ધિ થાઓ, એમ ઉદય પામતા અગસ્ત્ય જાણે મેઘગર્જનાથી કહે છે—૩૧

શ્રેય થાઓ, કુશલહો ચિરાયુ થાઓ, કાર્ય સિધ્ધ થાઓ, પુત્ર અને બ્હેનોને આ પ્રમાણે બલિ મહોત્સવને( ૧ ) સમયે સ્ત્રીઓ આશિર્વાદ આપે છે—૩૨

શોભા અને ક્રીડામાં અતિ સમર્થ એવા હંસ, તે શું શરદઋતુએ હજાર દશહજારથી વેચાણ લીધા છે ? કે તેનીજ પાછળ ગયા—૩૩

પિતૃને સ્વધા, ઈંદ્રને વષટ્, અગ્નિને સ્વાહા, દેવને નમઃ એમ ઋત્વિજે ( એ કરેલા હોમ વખત )ની વાણી ધાન્યસંપત્તિરૂપે અથ-સંપૂર્ણ ફલી છે—૩૪

પ્રજાનું સર્વત્ર કલ્યાણ કલ્યાણ થઇ રહ્યું છે, જલશાયી શ્રીવિષ્ણુ-ની નિદ્રા ( ૨ )ગઇછે, અને નદીના તટ સુધી, માત્ર પાષાણવાળી ભૂમિ અને ઉષર ભૂમિ વિના, સર્વ ભૂમિ લીલીછમ થઇ રહીછે—૩૫

સપ્તચ્છદ વૃક્ષો હાથીના મદની ગંધથીજ જાણે સુગંધ આપવા લાગ્યાં; અને પવન, શેફાલીને, તેમનો ગંધ લઇ, તે બદલ નૃત્ય ક-રાવવા લાગ્યો—૩૬

મોર, ઉપાધ્યાય પાસેથી જાણે શીખ્યા હોય તેમ, અથવા નટને ઉપદેશ સાંભળીને હોય તેમ, પ્રાસાદ ઉપર ચઢીને નાચેછે, ને નગરની સ્ત્રીઓ તેમને આસને બેઠી બેઠી નિહાળેછે—૩૭

વર્ષાના અંતથી અને કમલોના ખીલવાના વખતથી માંડીને,

---

( ૧ ) કાર્તિકમાસમાં પ્રતિપદ્દને દિવસ બલિમહોત્સવ કરાયછે એમ ટીકાકાર લખેછે.

( ૨ ) દેવઉઠી અગીઆરસ આવી.

વીણાના નાદથી જૂદા પ્રકારનો, અને વાંસળીના નાદથી પણ જૂદો, એવો ભમરીનો નાદ ભાસવા લાગ્યો—૩૮

પશ્ચિમ દિશામાં જવાનું છતાં, નવમીને બીજે દિવસ ( દશરાને દહાડે ), લોક, એક ગાઉથી સીમલંઘન ( ૧ )કરવા માટે, પૂર્વદિશા તરફ જાયછે—૩૯

કાચબા, તીરની પાસે, અને જલની બહાર, રવિના ઉષ્ણ કિરણથી તપતા સતા પણ, જાણે લેણદારના બાંધ્યા હોય તેમ પડી રહેછે—૪૦

સુગંધના અનુરાગમાં આનંદથી બંધાયલો એવો ભ્રમર, કુમુદ અને કમલની સમીપે, અને નીપ તથા કેતકથી દૂર, ભમવા લાગ્યો-૪૧

નવાં જાતિ પુષ્પ, નવાં કમલ, તથા નવા જલના કણ, એ સર્વને થોડો થોડો ઘસાઇને આવતો પવન, વિયોગીઓ, મહા દુઃખે સહે છે—૪૨

સૂર્ય સામું અતિ દુઃખે જોવાઇ શકાતું હોવાથી શરદ્ પણ એક નાનો સરખો ગ્રીષ્મ થઇ રહી, ને થોડાં થોડાં વાદળાંથી શરદ્ નાની સરખી વર્ષા થઇ રહી—૪૩

અતિ વિષહતાપથી ક્લાન્ત થઇ ગયેલા, ને જ્યોત્સ્નાને ન ઓળખી શકતા, એવા ચકોર, સરોવરના જલ ( ને જ્યોત્સ્નાજાણી તે ) તરફ ગયા, પણ નાનાં મોજાંના શોરથી સમજ્યા—૪૪

પર્વતની ઉપર, નીચે, પૂર્વે, પશ્ચિમે, ( ચારે તરફ ), ઉડતા પોપટોએ શરદ્ લક્ષ્મીના ઉપર નીલછત્ર કરી મૂક્યું—૪૫

---

( ૧ ) શુભ મુહૂર્તે શુભ દિશાથી ગામમાં પેસવું એવો દશરાને દિવસ જે રીવાજ છે તેને સીમલંધન કહેછે એમ ટીકાકાર લખેછે.

પિતૃઓને દુર્ગતિ તજી દેવયાન સધાવનારો માર્ગ ( ૧ ) ધ્રુવની દક્ષિણે, તેમ વાતાપિને ભક્ષણ કરી જનાર ( અગસ્ત્ય )ની ઉત્તરે, દીપવા લાગ્યો—૪૬

સારી રીતે જલથી પૂર્ણ એવા મેઘની ગર્જનાથી પણ જેની નિદ્રા પૂર્વે ગઇ ન હતી, તે સમુદ્રમાં ( સૂતેલા )મધુ અને કૈટભના હણનારે, ( હવે ) તજી—૪૭

જલકણને આકાશમાં લઇ જનાર, તરલતાને વેલીઓમાં લઇ જનાર, કમલના રજને ચારે દિશામાં ફેલાવનાર, પવન થાકેલાંને નિદ્રા પમાડનાર થયો—૪૮

સારસીઓના સ્વર વીણાના સ્વરની પેઠે શોભવા લાગ્યા, અને- પુષ્પવતીની પેઠે કાશપંક્તિએ( ૨ ) કુસુમ કાઢવા માંડયાં—૪૯

દુરાત્માઓ જેમ મિત્રનો તેમ શીંગડાં હરણાંનો ત્યાગ કરેછે, ને પાણી જેમ તટને, તેમ તેને તોડી પાડવાની ઇચ્છાવાળા વૃષભ તેને તોડી પાડેછે—૫૦

સ્તુત્ય, માન્ય, અનુકરણ કરવાયોગ્ય, ભજવાયોગ્ય, એવી અને- કોપમાયોગ્ય સદ્‌ગુણવાળો એ રાજા, અનેક બીજા દેવ જેવા રાજા સહિત, ચઢવાને સજ્જ થયો—૫૧

પોતાના નાદથી આકાશને પૂરી નાખતાં દુંદુભિ, યશના ઇ- ચ્છનાર અને પૃથ્વીના પાલનાર આ રાજાએ, રિપુનો અવશ્ય ક્ષય કરવો એમ જાણે કહેછે—૫૨

---

( ૧ ) જેને જ્યોતિષશાસ્ત્રમાં વત્સ કહેછે, ને વેદમાં દંદશૂક કહેછે એમ ટીકાકાર લખેછે.

( ૨ ) પુષ્પવતી શબ્દદ્વિઅર્થી છે. સ્ત્રીઓ પક્ષે પુષ્પ એટલે રજ, અને, વૃક્ષ પક્ષે પુષ્પ તે કુસુમ. એમજ કુસુમ શબ્દ પણ સમજવો.

જગત્‌ને પવિત્ર કરતો, અતિ ઉચ્ચ ( ઉદાત્ત ) સ્વરવાળો, મંગલ શંખ, વેદ ભણતા બ્રાહ્મણ જેવો, સ્વર કરેછે—૫૩

દિગ્ગજોથી પણ દુઃસહ એવો શબ્દ કરનાર ભેરીઓથી સૈન્ય સહિત ચઢાઇ કરવા તૈયાર થયેલા એ શસ્ત્રધારી રાજાની વાત ઇંદ્રને પણ પહોચી—૫૪

આકાશમાં છાઇ રહેલા સ્વરથી મૃદંગોએ મેઘનું અનુકરણ કર્યુંછે; અને મયૂરોએ પણ ( એ મેઘ નાદથી ઠગાઇ ) હર્ષ પામીને, સત્પુરુષોને સંમત એવા નાદ કરવા માંડયા—૫૫

અંગરક્ષકોએ રક્ષેલા, ભૂપના આસન આગળ સ્ત્રીઓએ કીર્ત્તિ લક્ષ્મી અને હાસ્યનું અનુકરણ કરનાર, મોતીના સાથીઆ પૂર્યા છે—૫૬

સુરાષ્ટ્રપતિ જવા તૈયાર થયેલા અને લક્ષ્મીને ધરેલા, એ રાજાની આજ્ઞાનો અમલ કરનારા બીજા રાજા, તેના આગળ કોટિ ઋણના દેણદાર હોય એમ ઉભા છે—૫૭

જગત્‌ના ભાવિ અરિષ્ટનો અવશ્ય ઉચ્છેદ કરનારા એવા, માસમાં બેજ વાર ભોજન કરનારા, ને બેજવાર જલ પીનારા, બ્રાહ્મણો ત્યાં આવ્યા—૫૮

તપ અને શ્રુતિને અત્યંત આસકત, તથા મંત્ર અને શાંતિકર્મમાં કુશલ, એવા સ્વસ્તિવાચન કરનાર પુરોહિતોએ શુભ મુહૂર્ત્તે, હસ્તિ અને અશ્વનું પૂજન કર્યું—૫૯

હસ્તિ, અશ્વ, રથ અને પદાતિના સ્વામી, લક્ષ્મી અને પૃથ્વીના અધિપતિને દ્વારે ઉભા—૬૦

લક્ષ્મીના સ્થાન, કીર્તિ, ધર્મ અને નીતિના સાક્ષી, શુક્ર અને ગુ-

રુના પુત્ર જેવા, અને એકગોત્રના ભાઇ જેવા, મંત્રી પણ ત્યાં આવ્યા—૬૧

ક્ષણમાંજ, શત્રુને અહિતકારી, ને નૃપને શુભકારી, એવું મુહૂર્ત નક્કી કરવા બધા જન્મથી જ્યોતિષશાસ્ત્ર ભણતા જોશી( ૧ ) છાયામાં શંકુ માંડેછે—૬૨

નેત્રધારી પ્રતીહારનો નાયક, પોતાના પ્રતિ સાધુ કે અસાધુ હોય તે ન ગણકારતાં, સ્વામિના પ્રતિ સાધુ અને સ્વામીના કાર્યમાં નિપુણ, એવાને આગળ પ્રવેશ કરાવેછે—૬૩

માત્ર માતા આગળજ નિપુણ, અને પિતા આગળજ સાધુ, એવાનો ઉપહાસ કરતા, અને પોતાના સ્વામી પ્રતિ અત્યંત ભક્તિથી કાર્યનિપુણ, એવા શસ્ત્રધારી અંગરક્ષક દ્વાર આગળ હાર થઇ ઉભા છે—૬૪

ચૌલુક્યના ભૃત્યોનું, તેમ પર્વતવાસી રાજાઓનું સૈન્ય, ( રાજા મૂલરાજના ) સૈન્યમાં મળી ગયું, તે એક ખારીમાં દ્રોણ હોય તેમ સમાયું( ૨ ) —૬૫

વેણવાદિ વાદ્ય વાગે ત્યારે ભેરી બંધ રહેછે, ને ભેર્યાદિ વાગેછે ત્યારે વેણુ બંધ રહેછે, બ્રાહ્મણો બેઠા ત્યારે ભાટ આગળ આવી દક્ષિણા પામ્યા ને તે બેઠા ત્યારે પાછા બ્રાહ્મણ પામ્યા—૬૬

અહીંથી આઠયોજન કે દશ યોજન સુધી જે ગામ છે, તે બ-

---

( ૧ ) શંકુ તડકામાંજ માંડય પણ નૃપના મહાસૈન્યથી એટલી ધૂળછાઇરહીછે કે તડકો જણાતોજ નથી એવોધ્વનીછે.

( ૨ ) સોળદ્રોણની એક ખારી એમ ટીકાકાર. મતલબકે મૂલરાજનું સૈન્ય અતિ વિપુલ હતું.

ધાં પૂર્ણિમાની યાત્રા જોવા આવેછે તેમ, આજ ભેગાં થયાં છે—૬૭

દેવતામાં ઇંદ્ર જેવા, નરમાં શ્રેષ્ઠ રાજાને જોવા માટે પુરસ્ત્રીજન, રાતાં બાલક મૂકીને તથા ઘરકામ પડતાં મૂકીને, દાડી આ વ્યાં—૬૮

જેમનાથી યથાર્થ સ્થાને રહીને એક કોશથી પણ વિંધાયલો, ક્ષણના પણ ક્ષણમાં પ્રાણ તજે એવા, સર્વ અસ્ત્રધારીમાં શ્રેષ્ઠ, યોધ્ધા, તે સમયે અતિશય શોભવા લાગ્યા—૬૯

રાજાના ભવનમાં હુચડાહુચડીથી તૂટી ગયેલા સ્ત્રીઓના હારનાં મોતીનો ઢગલો એક બે ખારી કરતાં પણ એક દોઢ દ્રોણ અધિક થયો—૭૦

કસુંબલ ભૂષણ અને અંગરાગ વિના, ઇંદુ અને પદ્મના જેવાં મુખવાળી સ્ત્રીઓ, રતિ અને લક્ષ્મી જેવી, થઈ નહિં ( થાત નહિ (?)—૭૧

પ્રયાણ પૂર્વના મહોત્સવાર્થે, રાજભવનની પૂર્વે, ને દ્વારની પશ્ચિમે, કુંકુંમ રંગ છાંટયા છે—૭૨

પ્રાસાદથી આગળ, અને આગલી અટારીથી પાછળ, એમ, પ્રયાણ પૂર્વે ઉત્સવાર્થે કુંકુંમ લીપ્યાં છે—૭૩

સ્નેહથી, ભક્તિથી આનંદથી, એમ નરેંદ્રના દર્શનાર્થે તેસમયે કોણ ઉત્સુક નથયું ?—૭૪

જે કારણથી અશ્વના ખોંખારા થાયછે, જે હેતુથી હસ્તિને મદ ચઢયોછે, જે હેતુથી વૃષભો ધ્વનિ કરી રહ્યાછે, ને જે માટે ભટોનો ઉદ્યમ છે, જે કારણે પૃથ્વી પણ ઉંચે સાસે તૈયાર છે, જે માટે મરુત્ પણ સુખકર થયોછે, તે સર્વથી એમ જણાય છે કે રાજાનો થોડાકમાંજ અતિ મહાન્ વિજય થશે—૭૫—૭૬

કલ્યાણથી જરા પણ દૂર નહિ એવો રાજા, એ પછી, લોકથી દૂર છતાં, તેમની પાસેજ અતિ તેજથી ઝળકી રહેલો, સિંહાસને બેઠો—૭૭

ભાટ લોકો રાજાનો દૂરથી યશ બોલે છે, સર્વે બ્રાહ્મણો તથા ગુરુ તે, પાસેથીજ આશિર્વાદિ આપેછે, ને ગાયકો પાસેથીજ ગાયછે—૭૮

આજ અમે સુખે બેશીશું, આજ અમે અમારા સ્વરૂપથી પ્રકાશીશું, એમ જાણે તૂર્યત્રિકના પ્રતિશબ્દોથી પૃથ્વી અને આકાશ કહેછે—૭૯

અમે જાણીએ છીએ તે અમે કહિએ છીએ કે જે પાર્થ ફલ્ગુનીમાં થયો હતો તેજ તું છે, તારો સર્વથા વિજય થાઓ, એમ વદતો એ રાજાનો ગોર એને તિલક કરેછે—૮૦

આસપાસ ઉરાડતા બે ચામર સહિત એ રાજા જાણે બે ફલ્ગુની સહિત કે બે પ્રોષ્ઠપદા સહિત ચંદ્રજ છે શું?—૮૧

તમારા શત્રુઓ પ્રોષ્ટપદામાં દક્ષિણ દિશાએ (૧) જાઓ, ને તમારો જય થઓ, તમારી વૃધ્ધિ થાઓ, એમ જ્યોતિર્વિદલોક વદે છે—૮૨

હે ભુજ! તમે પૂજ્ય છો, તમે લક્ષ્મીના સ્થાન છો, એમ (રાજાને હાથે કરેલા) કલ્યાણ તિલક (નાસુગંધ)થી આકર્ષાઇ આવેલી ભ્રમર દારાઓ જાણે કહેછે—૮૩

ગોદગ્રામ, ખલતિક, અશ્મદેશ, અને વનના ભોગવનારા, તેમ બીજા ભૂપતિઓ આ રાજાને નમસ્કાર કરીને તેની આગળ થયા—૮૪

---

(૧) દક્ષિણદિશા યમપુરીની દિશા છે, ને પ્રોષ્ઠપદામાં ત્યાંજે જાય તે કદી પાછું ન આવે એમ જ્યોતિષશાસ્ત્ર પ્રસિદ્ધ છે એવું ટીકાકાર લખેછે.

કેટલાક આગળ રમતા, કેટલાક પુરનું રક્ષણ કરતા, ને કેટલાક વિનયથી નમી નમી ચાલતા, એવા એ સર્વેથી દીપતો રાજા ભક્તિપુરઃસર, મહાલક્ષ્મીને નમસ્કાર કરેછે—૮૫

પગ વાળીને ઉભેલા, અને મોટા પર્વતને પણ તિરસ્કાર કરતા, ગજ ઉપર, શત્રુનો તિરસ્કાર કરીને, રવિનો પણ પોતાના તેજથી તિરસ્કાર કરતો, એ રાજા ચઢયો—૮૬

પુરુષોમાં અર્જુન જેવો, અને પુરુષોનો રક્ષણ કર્તા, એ મદોન્મત્ત હાથીના કુંભસ્થલને, નીચે પુરુષો સહિત, શોભાવવા લાગ્યો—૮૭

શ્રેયની ઇચ્છા કરતો, બલનું સ્થાન, તથા અંકુશે સહવર્તમાન એવા એ રાજાએ, યશ માટે યાત્રાએ જતાં જલપૂર્ણ, અને સર્વ રીતે સાજા, એવા જલકુંભ સામા દીઠા—૮૮

થોડા ઘણા યશવાળો, અતિ બલવાન્ આખલો, વારેવારે શબ્દ કરતો, રાજાના ડાબા હાથ ભણીથી જાણે એમ કહેછે કે તમારા શત્રુના દુર્ગ આ એક તુચ્છ તટ જેવાજ છે—૮૯

દૂધ ઝરતી, અને પાણીની ઇચ્છા ન રાખતાં દૂધ પીવાની ઇચ્છાવાળા ને તેથી નીચા નમતા વાછડા સહિત, એવી ગાય એને સ્વર્ગતુલ્ય અગ્રભૂમિ ઉપર સામી મળી—૯૦

ધનુષ્યના જેવી ભમરવાળી, અતિ શુભ વાણી વદતી, નિષ્કલંક, એવી સ્ત્રી હાથમાં ઘી લઇને, જ્યોતિષશાસ્ત્ર જાણનારમાં મુખ્ય એવા એને, સામી મળી—૯૧

પ્રાપ્ત થવા અતિ કઠિન એવા, તથા શુભ સૂચક શકુન, બહાર જોઇ, દુષ્કૃતમાત્રથી દૂર, અને સૈન્યને લઇ જવા રૂપ ઉદ્યમમાં પડેલો રાજા અતિ પ્રસન્ન થયો—૯૨

ચાર હાથનું ધનુષ્ ધારણ કરતા એ રાજાને ચોટામાં આવતાંજ

કીયા સત્કુલના સજ્જનોએ પ્રેમના પ્રકાશપૂર્વક પૂજ્યો નથી ?—૯૩

બેવાર કે ત્રણવાર શ્રીફલથી વધાવતા, કે બેવાર કે ત્રણવાર પુષ્પથી અભિનંદતા, કે બેવાર કે ત્રણવાર આકાશ તરફ ડાંગર નાખીને વધાવતા, એવા કીયા લોક સાથે એ બે ત્રણવાર પણ બોલ્યો નથી ?—૯૪

સૂર્યના તેજને પણ ઝાંખુ પાડનારૂં એવું એનું શરીર જોતાં લોકોએ પોતાના જીવિતને કૃતાર્થ થયું જાણ્યું, પોતાનો જન્મ પ્રશસ્ત જાણ્યો, અને પોતાનાં લોચન સફલ થયાં જાણ્યાં.—૯૫

સૂર્યના કિરણને ગળી જતો, માણસોનાં નયનનું તેજ છાઇ નાખતો, ને આર્ચિમાત્રને ઢાંકી દેતો, દર્ભને પાંડુ કરી નાખતો, રજ આકાશ સુધી પહોચ્યો—૯૬

ધનુર્ધર લોકોએ સસ્પૃહ જોવાતો એવો ઇન્દ્રધનુષ્નો એક પ્રદેશ રચતા, પરશુ અને ભાલાના કિરણો તે સમયે અતિ તેજથી દીપી રહ્યા—૯૭

ધનુષ્ને અને ખડ્ગને યોગ્ય આંટણવાળા હાથ સહિત, ઘી પીધેલા સુભટો, દર્ભ ખોદવાથી હાથે આંટણ પડેલા ઘી પીનારા બ્રાહ્મણો જેવા શોભેછે—૯૮

છાયારૂપી ફલ વિસ્તારતાં, અને સૂર્યનો તાપ નીવારતાં, છત્રથી ઢંકાયલો કીયો રાજા, દડકકના ભાઇના ( ૧ ) પુત્રને અનુસરી સેવતો નથી ?—૯૯

ચારે દિશામાં પ્રસરી રહેલા સૈન્યના ભારથી શરીરે શ્રમ પામેલી

---

( ૧ ) રાજબીજને દડકક એવા ત્રણ ભાઇમાંથી મૂલરાજ રાજનો દીકરો હતો એમ ટીકાકાર લખે છે.

પૃથ્વીને, જાણે પોષવા ઇચ્છતા હોય એવા હાથી, મદ જલથી સિંચે છે-૧૦૦

ચાટવાને ઇચ્છતો હોય એમ દર્ભને શા માટે ચુમે છે, એમ મહાવતો બૂમો મારતે છતે પણ, ઘીમાં ઉભો હોય તેમ, હાથણીના મૂત્રમાં ઉભેલો હાથી બહુ મહેનતે ત્યાંથી ખસે છે—૧૦૧

અગ્નિની સ્તુતિ કરનારા, જ્યોતિષ્ટોમ તથા આયુષ્ટોમ જાણનારા, તથા અગ્નિષ્ટોમ જાણનારા, વનવાસી તાપસો રસ્તામાં સૈન્યને જુવે છે—૧૦૨

માશી અને ફોઇથી જૂદાં પડેલાં રોતાં ગામડાનાં બાલકને, માશીને ફોઇથી પણ અધિક એવી સેનામાંની સ્ત્રીઓએ આશ્વાસન કર્યું-૧૦૩

માતાના પક્ષનાંને પિતાના પક્ષનાં, સર્વે સ્ત્રી પુરુષ સહિત આખું વ્રજ આનંદનદીમાં નહાતું, ક્રીડા કરવામાં અતિ કુશલ, અને નદીમાં નહાતા, હાથીને જોવા ત્વરાથી દોડી આવ્યું—૧૦૪

અતિ શુદ્ધ તંતુના બનેલા ધ્વજપટ, અતિ ઉંચા લગાડેલા હોવાથી જાણે સ્વર્ગંગામાં નહાઇને ધોળા થયા હોય તેવા શોભે છે—૧૦૫

વૃક્ષનાં લાકડાંના બનાવેલા, અને લક્ષ્મીના સ્થાન, એવા રથ પોતાના ચીત્કારના વિસ્તારથી વનમાં વસતા ઋષિઓના બૃહતી છંદના ગાનનો વિસ્તાર કરવા લાગ્યા—૧૦૬

વિસર્ગની પંક્તિજેવી, અશ્વના કંઠમાં પહેરાવેલી મણિની પંક્તિ, અન્યોન્યશું ખડખડી ખડખડીને યુધિષ્ઠિર જેવા ગુણવાળો આ રાજા છે એમ સૂચવેછે-૧૦૭

ગવિષ્ઠિર ઋષિજેવા, શ્રીષેણ અને હરિસિંહાદિ નૃપ, વિષ્ણુ

અને ઉગ્રસેન જેવી પૂજ્ય સેનાવાળા કટકમહોદધિમાં ક્યાંએ સંતાઇ ગયા–૧૦૮

રોહિણીષેણ અગ્રે થયો, ને છેવટ તેનો પુત્ર રહ્યો; એક બાજુએ શતભિષક્સેન ને બીજી બાજુએ પુનર્વસુષેણ રહ્યો—૧૦૯

પક્ષિના સ્થાનને, નઠારી ભૂમિને, વૃક્ષથી ભરાઇ ગયેલા સ્થાનને વાંદરાંના ઠામને, સર્પને વટાવી, ઉપર બેઠેલા કપિષ્ઠલ ગોત્રના યોદ્ધાઓને લઇને, ઉંટ, સમડીના ઝાડ તળે ગયાં—૧૧૦

બેત્રાણ સ્થાને આવેલા એવા ગોવાળના વાડામાં ભૂમિ ઉપર કુમાર્ગ તજી ઉભેલા, શંકુ નામના અસ્ત્ર ઉપર જેમના હાથ નથી એવા, માવડીમુખા હોવા રૂપ ભાવને ન ભજનાર ( ? ) પદાતિઓએ દૂધ પીધું—૧૧૧

જમણા હાથમાં રહેલા ભાલા ઉપરની શેકુ (૧) જેવી ધ્વજા ઉપર હાથ રાખતા. અને માવડીમુખા નહિ, એવા યોદ્ધા, રસ્તામાં પરમેશ્વરાદિ ( રામાદિ ) દેવનાં યુદ્ધનું વર્ણન કરતા ચાલેછે–૧૧૨

દુષ્ટ ગતિવાળા, અને અગ્નિ તથા મજીઠના જેવી રાતી આંખવાળા, હાથીને, પૃથ્વીએ જેમના પગ અડકતા નથી એવા હાથમાં પીછી રાખતા (૨) પરિકાર, સીધે રસ્તે ચલાવેછે–૧૧૩

વિકટ પ્રદેશમાં પણ, અસ્ખલિત ગતિથી ચાલતા, અને કાંઇ ખોડ વિનાના પગવાળા, અશ્વથી સીધી રીતે દોડતા રથ સાંધા વિનાના એકાકાર હોય એવા લાગેછે–૧૧૪

---

( ૧ ) એક પ્રકારનું પક્ષી થાય છે એમ ટીકાકાર લખે છે.

( ૨ ) એટલે ધોડે બેઠેલા અથવા દોડતા એમ ટીકાકાર લખે છે. પરિકાર એવું હાથીની ચાકરી કરનારનું નામ છે એમ લખે છે, ને એવો સંપ્રદાય બતાવે છેકે હાથમાં પીછી રાખીને તે વતે હાથીને જરા મારી મારી સીધો ચલાવી શકાય છે.

સામ વેદથી થયેલા ( ૩ ), અને સામોપચારને ન માનતા, એવા હાથીને તેમના મહાવતો ઘણા ઘણા સામોપચારથી, બીહીકણ ન હોય તેને યોગ્ય એવા સૈન્યના અગ્ર ભાગે લઈ ગયા—૧૧૫

રૂઝાયાલા ઘા, બલિષ્ઠ શરીર, સુતેજસ્તા, અને દૃઢ બાહુ, એ બહાર વસતા ચાંડાલનાં ચાર વાંનાં, ( સુભટોએ ) ઇચ્છયાં—૧૧૬

સૂર્યના તેજમાં રહેવાથી તપી ગયેલાં છે. ઉત્તમ શરીર જેમનાં એવા નૃપો, સ્વામીની આજ્ઞાથી જંબુમાલી એ નામની નદીને તીરે મુકામ કરવા લાગ્યા—૧૧૭

પ્રસ્વેદ પેદા કરવા ઇચ્છતા સૂર્યના કિરણનું ભક્ષણ કરી જનારાં વૃક્ષોએ, સૈનિકોનો શ્રમ, તેમને ઉંઘાડવાની ઇચ્છાવાળાં જાણે હોય તેમ, હણ્યો—૧૧૮

શરીરને નવરાવવાની ઇચ્છા રાખતા હાથીને, તરંગના નાદથી સ્તુતિ કરતી કે પ્રોત્સાહન કરતી નદીએ જલથી નહવરાવ્યા—૧૧૯

કેટલાક સુઇજતા ભૃત્યોને બીજા નાપસંદ કરી ઠપકો દેછે કે આપણા સ્વામી હજુ સુતા નથી તે પહેલાં તું કેમ સુવાનું કરે છે—૧૨૦

સુવાની ઇચ્છાવાળા છતાં પણ સ્વામીની આજ્ઞાને લક્ષમાં રાખી, ઇંધનને ભેગાં કરતા કોઇ પણ ( ભૃત્યે ) આંખ મેળવી નહિ—૧૨૧

સારા ચિન્હયુક્ત હોવાથી સુંદર હૃદય વાળા, તાપથી અતિ પીડાતા, બહુ પાણી છાંટે તો પણ પીડા ન પામતા, એવા અશ્વને કેટલાકે જલમાં ફેંક્યા, તથા તેમાં નહવરાવ્યા—૧૨૨

શીતલ પવનથી શ્રમ ઉતરીજતાં, જે અતિ દક્ષ ભૃત્યો પ્રશસ્ય

---

( ૩ ) એવી દંત કથા છે એમ ટીકાકાર લખે છે. આ શ્લોકમાં એમ પણ ધ્વનિ છે કે કોઈને વશ ન થાય તેવા યોધ્ધાને સૈન્યને મોખરે સ્થાપ્યા એમ ટીકાકાર સૂચવે છે.

કર્મને વિષે પ્રવૃત્ત થયા તેમને તેમના સ્વામીએ હર્ષથી વખાણ્યા-૧૨૩

કેટલાક ભૃત્યોએ, પૃથ્વીને પાંણી છાંટી ઠંડી કરવા ઇચ્છતાં સતા, તેની ઉપર પડદા બાંધી લીધા; ને કેટલાકે પોતાના સ્વામીની સ્નાન કરવાની ઇચ્છા જાણી તેમને નહવરાવ્યા-૧૨૪

શાખાઓને ભાગી નાખવા ઇચ્છતા હાથીને તેમ કરવા પ્રેરીને, મહાવતોએ હાથીની સ્તુતિ કરવા માંડી, ને પછી તેમને સ્તંભે બાંધી દીધા-૧૨૫

સૈન્ય સાથે ચઢાઇએ જનારા સારા પ્રતિષ્ઠિતો એ, ચઢાઇમાં ન આવેલા એવાએ રોકેલી જમીન, તેમના પ્રતીહારોએ ઠરાવેલી (તે પ્રમાણે) મુકામને માટે લીધી-૧૨૬

જે રાજા કોઇની સાથે ચઢેલા નહિ, કે જેમના ઉપર કોઇએ ચઢાઇ કરેલી નહિ, એવા ને પણ, અનિરુદ્ધાજ્ઞા વાળા આ રાજાએ પોતાના દ્વાર આગળ પ્રતીહાર કર્યા—૧૨૭

જેમણે પૃથ્વીના હાથીમાત્રને હઠાવી નાખ્યાછે, ને જે દિગ્ગજને પણ ઉતારી નાખવાનું અભિમાન રાખેછે, એવા મૂર્ધાભિષિક્ત હાથીઓએ વૃક્ષોને મદજલથી સિંચ્યાં—૧૨૮

માર્ગમાં થયેલા શ્રમને લીધે મૃદુઅંગવાળી સ્ત્રીઓ પગને જલથી સિંચેછે, ને પછી તે ઉપર ઘી ચોપડેછે, તથા તે ઉપર જલાર્દ્ર વસ્ત્ર લગાડેછે—૧૨૯

ત્યાં દુકાનો સ્થાપીને અતિ મર્યાદશીલ વાણીઆ સુખી થયા, કેમકે ત્યાં અતિ મર્યાદાવાળા સોદા કરનાર લોકની ભારે ઠઠ થઇ ગઇ—૧૩૦

કેટલાક અતિ બલવાળા સુભટોએ દૃઢ દંષ્ટ્રાવાળા સૂકરને શ્વાન પાસે ઝલાવ્યો, ને કેટલાકે તે પછી તેને શરથી સંહાર્યો—૧૩૧

કેટલાક બલિષ્ઠ સુભટો તટની પાસેનાં વૃક્ષો તળે પડયા; ને કેટલાક સાવધાન ચિત્તથી તટ ઉપરજ રહ્યા—૧૩૨

બલિષ્ઠ અશ્વારોએ પોતાના અતિ બલિષ્ઠ તથા ઉન્નતસ્કંધ વાળા અશ્વોને પોતાના સ્થાનની પાસેજ બાંધ્યા—૧૩૩

ખાવાની ઇચ્છા થયેલા કોઇ સુભટે કર (૧) ભક ખાઇ લીધું તથા તમે ખાઓ, તમે, ખાઓ, એમ કરી બીજાને પણ ખવરાવ્યું—૧૩૪

જેણે પર્વતમાં રહી પોતાની પ્રિયાને એલચીની લતાઓ ખવરાવેલી, ને પોતે, પણ ખાધેલી, તેજ હાથી આજ (બંધાયાના કષ્ટથી) બૂમો પાડતો ઘાસના પૂળા ચાવેછે—૧૩૫

ભારથી ખેદ પામેલાં, અને ચીસો પાડતાં, તથા બેસવાની ઇચ્છા કરતાં એવાં ઉંટને ઉંટવાળાએ બેસાડયાં, પણ પોતે બેઠા નહિ—૧૩૬

બાલકો માતાની પાસે બેઠાં, ને માતાને પણ બેસાડી, માતાએ પણ બેસવા ને ન ઇચ્છતા તેમના પિતાને બેસાડયા—૧૩૭

શ્રમને લીધે બેસવાની ઇચ્છા કરતી, કમલનાં પત્રને શરીરે લગાડતી, એવી સ્ત્રીઓને જલમાં નહાવાની ઇચ્છા વાળા તેમના પતિ ભેટયા—૧૩૮

જેમણે તેમને ખાવા દરો નાખીછે, તથા જેમણે તેમની પાસે રહી સેવા કરીછે, તેવા નોકરો પ્રીતિથી વાજિશાલા સેવતા અશ્વોને ભેટયા—૧૩૯

---

(૧) છાશ અને સાથુ તે તાપને લીધે ખાધેલાં એવું ટીકાકાર લખેછે.

ચુલો સેવવા ઇચ્છતા કેટલાકે લાકડાં સંભાળ્યાં, ને કેટલાકે મંડક ( ૨ ) કરવાની ઇચ્છાથી આટો મસળવા માંડ્યો—૧૪૦

કોઇ કીલાટ ( ૩ ) કરવા ઇચ્છતા દૂધને સેવેછે, ને વટક ( વડાં ) બનાવવાને કોઇ અડદને સંભાળવા લાગ્યા—૧૪૧

ભક્તિપાશથી બંધાયલા, અને વિષયમાત્રથી વિદૂર, એવા કેટલાકે હાથ જોડી દેવની સેવા કરી—૧૪૨

કેટલાક, પગારરૂપી દોરથી બાંધેલા રસોઇ પરવારીને, એક પણ તડ રહે નહિ તેમ, અંદર આંખો પરોવીને, પડીઆ પતરાળાં સીવવા લાગ્યા—૧૪૩

નાશી ગયેલાં વિષ્કિરપક્ષી વાળાં વૃક્ષોએ ભારને પ્રહાર વેઠ્યાં, તથા વેઠવાને અશક્ય એવું પણ વેઠ્યું—૧૪૪

જેટલું વેઠવાનું હતું તેટલું કષ્ટ વેઠ્યું, સૂર્યના કિરણ મને અતિ પીડાકારીછે, હવે મને પીડા કરશો નહિ, એવાં સ્ત્રીવચન ઉપરથી કેટલાકે તંબુ ઉભા કર્યા—૧૪૫

પોતાના પ્રભુએ જે ભૂમિને જલ તૃણેંધનાદિ માટે વખાણી તેને નોકરોએ પણ તેજ પ્રકારે વખાણી—૧૪૬

માણસોને, બલ, પ્રીતિ, પરાક્રમ, બુદ્ધિ, અને લક્ષ્મી, એટલાં ભેટ્યાં પણ શ્રમ ભેટ્યો ( ૪ ) નહિ—૧૪૭

જે રજ વૃક્ષો ઉપર છાઇ રહ્યો હતો, આકાશમાં પથરાયો હતો,

---

( ૨ ) રોટલી એમ ટીકાકાર કહેછે.

( ૩ ) દૂધનો કાંઈ પદાર્થ એમ ટીકાકાર.

( ૪ ) અર્થાત્ વિશ્રામથી થાક ઉતરી ગયો, ને કહેલાં બધાં વધ્યાં, એમ ટીકાકાર.

ને દિશાઓમાં ભરાઇ ગયો હતો, તે ભૂમિ ઉપર ઠર્યો, જલમાં પડ્યા, અને ખીણોમાં ભરાઇ ગયો--૧૪૮

અહો, નદીએ શું શું ન વેઠ્યું ! એણે પોતાના તટનો પાત વેઠ્યો, ને જલનો શોષ પણ વેઠ્યો—૧૪૯

કોઇએ જે તાપ ન વેઠ્યો ને જે તૃષા ન વેઠી તેનું કારણ એજ કે તેમણે તરુછાયાને શોભાવી હતી ને નદીતટનો આશ્રય કર્યો હતો—૧૫૦

મદ ઝરતા. અને સુંઢથી ટીપાંએ ટપકતા, એવા હાથીઓએ શલ્લકી રસ કાઢ્યો—૧૫૧

ઝરતા પ્રસ્વેદના વર્ષાદવાળા, તથા ફીણના લોચા ખરાવતા અશ્વોને લીધે, જાણે વરસતાં વાદળાંથી થઇ હોય તેવી, પૃથ્વી ભીની થઇ ગઇ—૧૫૨

મંદરાચલથી વલોવાયલા સમુદ્રમાં જેમ યાદોર્ણસી પથરાઇ ગયાં હતાં તેમ સૈન્યથી ડહોળાઇ ગયેલી જંબુમાલીમાં ઝષકાંભસી( ૧ )વિખરાઇ ગયાં—૧૫૩

મદ ઝરતા હાથીના મદના ઝરણથી પૃથ્વી પલળી જવાથી, સર્વ તરફથી પલળી ગયેલો રેણુ આંખને પીડા કરી શકતો નથી—૧૫૪

શ્રમથી ઉત્પન્ન થતા શોષથી ન પીડાયલા એવા બલવાન્ તથા સ્ફુર્તિવાળા, બળદોને બલિષ્ઠ અને સ્ફુર્તિવાળા ગોવાળ પુષ્કલ તૃણવાળી ભૂમિ તરફ ચારવા લઇ જાયછે—૧૫૫

ભેગા થઇને ખૂબ પ્રસરતા વાયુએ અન્યોન્યમાં ગુંચવાઇને

---

( ૧ ) યાદોર્ણસી તે કોઇ જલજંતુ છે, ઝષકાંભસી એ નાનાં માછલાંની એક જાતિ છે, એમ ટીકાકાર.

ઉડતા ધ્વજવાળા અને તેથીજ ભેગી થઇ જતીને ઉડતી છાયાવાળા, રથ, પંક્તિમાં ઉભા રહેલા શોભી રહ્યા છે—૧૫૬

રિપુને હઠાવનારા, સર્વત્ર પ્રસરી રહેલા સૈન્યે, વૃક્ષોથી કરી અસમતાવાળી થઇ ગયેલી, કંઇક ગાઢ સ્થાનોમાં ઉંચી નીચી થઇ ગયેલી, ને ખાડાખોચરાથી બગડી ગયેલી, ભૂમિને બરાબર કરી —૧૫૭

વૃક્ષોની વનમાં દુર્ભાગિ ઉત્પત્તિ, ને તેમનાથી જે સુંદર છાયા ફૂલ પુષ્પાદિની ઉત્પત્તિ, તે બધું સૈન્યના લોકોએ કૃતાર્થ કર્યું—૧૫૮

તેજ ક્ષણથી ન ઉંઘેલાં કામ અને કામુકવાળું; તથા રતિશ્રમથી થાકી ગયેલી સાથળોવાળી, જાગરણથી ભારે આંખોવાળી, અને અનેક વિલાસ વિસ્તારતી, અંગનાઓએ દીપાવી મૂકેલી શોભાવાળું; અને તેજ ક્ષણે ઉત્પન્ન થયેલાં અનેક હાટવાળું; તથા તે સર્વના રક્ષણાર્થ જાગતા યોદ્ધા સમેત; એ શિબિર, ગંધર્વપુરી સમાન હોઇ, આવેલા શુભ સ્વપ્નની પેઠે, આનંદને આપનારૂં થયું —૧૫૯

યોદ્ધાઓએ અતિ ઔત્સુક્યથી ભેટાતો, ને તેમને બાણથી નવરાવતો, યુધ્ધ ઉત્સવ સારી રીતે થાઓ; અપ્સરાઓ ત્યાં આવો; ત્યાંજ ( ધારાતીર્થમાં ) સ્નાન કરવાની ઇચ્છાવાળો જે તેમ કરશે, તે સ્વર્ગગંગામાં સ્નાન પામશે; એમ સૈન્યના યોદ્ધાઓ વિચાર કરેછે—૧૬૦

---

## સર્ગ ૪.

નદીતટના વનમાં ઉતરેલા રિપુને શિક્ષા કરનાર નરેન્દ્રને, ગ્રાહરિપુના, અસ્ખલિત વાણી ઉચરતા, દૂતે આવીને, આ પ્રમાણે નીતિ કહી—૧

શૌર્યમાં અર્જુન રૂપ ! હે ન્યાયવિરુદ્ધ વર્તનારને દંડ દેનાર ! તમારા આવવાનું કારણ અતિ રસથી જાણવાની ઇચ્છાવાળા, સૂર્યસમા, ગ્રાહરિપુએ, મને દ્રુણસને મોકલ્યો છે—૨

ઋગયન પઠન કરતા, દુષ્ટનાસિકાવાળા, અંદરનાં વનોમાં વસેલા, અમારાં આમ્રવન અને ઇક્ષુવન ઉખેડી નાખનારા, દ્વીજોએ મિથ્યા વાર્તા બતાવીને આપને ચલિત કર્યા છે શું ?—૩

ખદિરવન, અગ્રવન, દ્રાક્ષવન, શાલવન, પ્લક્ષવન, શરવન, શિગ્રુવન, એ બધાં વનોમાં રહેતા અમારા રાજાઓએ શું અપરાધ કર્યો છે ?—૪

અમારાં શિગ્રુવનમાં, કે બદરી આદિ વનમાં, બોરડીને હોયછે તેવા, આપના કંટકો ભરાયા નથી, અડદના વનને શોધતો કોઇ પણ મનુષ્ય કદાચિત્ પણ નમારના વનમાં અડદના વનને પામતો નથી—૫

નીવાર વન, તથા ફુલી રહેલાં વિદારીવન, સુરદારુવન, ઇરિકાવન, ઇત્યાદિ વનોમાં, મૃગયા સારૂ, ગિરિનદીના વેગથી, ( જંબુમાલીનું ) સુંદર જલ પીતા પધાર્યા છો ? —૬

અથવા જલને સ્થાને મધુ પીતાં, હાથમાં મદ્યના પ્યાલાવાળા યદુઓએ શું કાંઇ ભરવ્યું છે ? પણ હાથમાં મદ્યપાનના પ્યાલાવાળા, દારૂડીઆ સોરઠીઆ ગમે તેમ લવે તેમાં શો દોષ ? —૭

અથવા ધનુર્ધારિ વાહન, તેમ વીરોને લઇ જનારાં વાહન, એ સર્વના અતિ પ્રશસ્ત સમુદ્ર જેવો, તથા હાથીના વાહનવાળો જર્તાધિપ( ૧ ) જે અમારો આશ્રિત છે, તે શું, શરદૃઋતુના અપરાન્હની પેઠે આપને પીડા કરેછે ?—૮

---

( ૧ ) જર્તાધિપ તે લક્ષરાજા એમ ટીકાકાર લખેછે.

ત્રણ ત્રણ ચચ્ચાર વર્ષથી ચાલતા શત્રુવિગ્રહને શમાવવાને આપ પધાર્યા છો? પણ ચાર કે ત્રણ વર્ષના જુવાન ઘોડાવાળો એ (ગ્રાહરિપુ) શત્રુથી અપરાજિત છે—૯

કે અતિ ગર્વિષ્ઠ એવા કોઇ સમુદ્રતટાધિપતિને જીતવા આપ પધાર્યા છો? રિપુના સંઘને સંહારતાં બાણના સમૂહ સહિત પૃથ્વીમાત્ર ઉપર ફરતો એ, શું તેને જીતી નહિ શકે?—૧૦

અથવા બધી પૃથ્વીમાં ફરતા આ ક્ષત્રિય કુમારને આ શરદૃ-ઋતુના દીર્ઘ દિવસોમાં (મળવાની) ઉત્કંઠાવાળા હોઇ આપ પધાર્યા છો? તો તો બહુ સારૂ, આજ અમારાં પુણ્ય પકવ થયાં, ને એમનાં સર્વ શુભ કામ સફલ થયાં—૧૧

વૃષભવાહન શ્રી(સોમનાથેશ)નાં દર્શન કરવા, અતિ ઉગ્ર ઇચ્છાવાળા સારા નૃપો સહિત, (આપ પધાર્યા હો તો), સુરાષ્ટ્રના ઇંદ્રને, કોઇ સત્પ્રધાનદ્વારા, ખબર શા સારૂ ન અપાવી?—૧૨

શું આપ શંખોદ્ધારથી સારી રીતે પકવ થયેલી શેલડીના રસ જેવું મિષ્ટ તીર્થ જલ લઇ જવા ઇચ્છો છો? તો આપને નમસ્કાર કરી હુંજ ત્યાં જાઉં, ને જલ મોકલી આપું, આપ વનોનો નાશ ન કરો—૧૩

ઉત્તમ હયવાળી, તથા ઉત્તમ નાયકોવાળી, સેના અન્યાયથી અતિ દૂર એવા આપ મિથ્યાજ લેઇ ચાલ્યા ન હો; પણ જીવ જતાં પણ અંતરમાં રહેલી મૈત્રી નાશ પામતી નથી, કે એક વાર થયેલી તે મટતી નથી—૧૪

એ (ગ્રાહરિપુ) ચારે દિશા પોતાના સૈન્યથી ફરી વળે છે, જેની પાસેથી લેછે તેનું લઇનેજ બેશી રહેતો નથી, બીહીક પામતાનું રક્ષણ કરેછે, શત્રુનો નાશ કરેછે, એવી દૂતની વાણીથી આપ ઇર્ષ્યા શા માટે ધરો છો?—૧૫

શત્રુને સંહારતો તેમનો યશ માત્ર પીજાય છે, ને પોતાને નમનારને લક્ષ્મી આપે છે, ન્યાયવ્યવહાર બહુ સારી રીતે સમજાવે છે, એવા ગર્જતા હસ્તિની સેનાવાળા ( ગ્રાહરિપુ ) ઉપરની મૈત્રીનો નાશ ન કરશો—૧૬

નિરંતર જાગ્રત્, અને અત્યંત શાન્ત કરી દીધેલા રીપુવાળા, તથા ઘણા કાલથી વૃદ્ધિ પામતો અત્યંત મૈત્રીભાવ ધરતા, આ ( ગ્રાહરિપુ )ની ધનધાન્યાદિ પૂર્ણ પૃથ્વીને, વિપુલ રેણુસમૂહને ઉરાડતા સૈન્ય સહુવર્તમાન તમે, શા માટે નુકસાન કરોછો ?—૧૭

અથવા જો તમારા અંતર્માં ન કહી શકાય એવો કાંઇ છલજ હોય, તો મારે બોલવાની કાંઇ જરૂર નથી, તમારે ઉત્તર આપવાની પણ જરૂર નથી, હવે તો માત્ર યમરાજજ એ બધાનો બદલો વાળવા તમારો પ્રતિશત્રુ થાઓ—૧૮

અમારી કીર્તિને અતિશય ઉખેડી નાખવાની ઇચ્છાથી, તમે અતિ ઉકળી ઉઠે તેવો કોપ ચઢાવનારૂં કર્યું છે, એટલેથીજ તમારા ઉત્તરની કશી જરૂર નથી, તમારી હકીકત, મારા મનમાં વારંવાર બળતો હું, ( મારા સ્વામીને ) કહેવા આ ચાલ્યો—૧૯

જીવવું બાજુએ મૂકીને, પ્રાણ જાય તેવું આ પ્રમાણે બોલીને, દૂત અટક્યો; એટલે તેને જીવાડતો સતો રાજા આ પ્રમાણે બોલ્યો; આ સર્વ જીવતામાં પણ જીવતા, હે આવું વદનાર ! તું સર્વ જીવતામાં ખરો જીવતો છે—૨૦

તેં તારા સ્વામીનો પક્ષ સારી રીતે કર્યો, તેમ તેં તારો ધર્મ પણ બહુ સારી રીતે બજાવ્યો, કેમકે પૃથ્વી ફાટી જાય તેવું આમ બોલતાં, આ સભામાં, કદિ હણાય નહિ એવા પણ, હૃદયમાં, હણાવાનું ભય આવે છે—૨૧

આને સહજ હણું, અંદર મારી નાખું, અંદર મારી નાખીએ, બહુ હણીએ, આપણે બે મારીએ, એમ હણવાની ઇચ્છાવાળી નૃપમંડલી છતાં, તુ જે આમ આ સભામાં બોલી શક્યો તે ખરેખર બડો બહાદુર છે—૨૨

પોતાના સ્વામીના કાર્યને પક્ષપાતપૂર્વક સ્થાપન કરતાં લેશ પણ ભય ન ધરીને તારી પેઠે, મદ્યપાનથી અતિ નિંદ્યલોકવાળા ( તમારા દેશના લોકો )માંથી, કેવળ અનિંદ્ય અને કોઇએ પણ આગળ ન વદેલું એવું કોણ વદી શકે ?—૨૩

તારો સ્વામી, બુદ્ધિહીન થઇ પોતાની જાતને પણ હીન કરનારો, અમો ચઢયા છીએ તેમાં શું પોતાની જાતને ચઢાઇ કરવા યોગ્ય નથી જાણતો ? કે અમારી ચઢાઇને માટે વળી સામો તેવો ભય દેખાડેછે ?—૨૪

કુટિલ ધનુષ્‌વાળા એ પાપીએ તીર્થમાં જનારા યાત્રાળુના ગમનનો રોધ કર્યોછે, તેથી ચઢાઇથી શિક્ષા કરવા માટે એના ઉપર ચઢાઇ કરવી યોગ્ય છે—૨૫

કોપ કરે તેવાં દુષ્ટ આચરણવાળાને એને જો હું અકોપ થઇ જોઇ રહું તો અવશ્ય રક્ષણ કરવા યોગ્ય આ પૃથ્વી મારાથી કેમ રક્ષાય ?—૨૬

બ્રાહ્મણોને હિંસાએ પહોચાડનાર, એ રાજાને મારે જરૂર શાસન કરવું જોઇએ, કેમકે એના જેવા હિંસકોના રાજા આગળ તો, હિંસકો પણ કંટાળી જાયછે—૨૭

ધર્મકર્મથી પરવારેલાં, ( કેમકે ) અત્યંત પીડાથી થરથરતાં, અને પોતાનાં ગોત્રાભિધાનાદિ પણ વિસરી ગયેલાં, તથા નિસ્તેજ, એવાં એણે અત્યંત વિપત્તિમાં ડબાવેલાં, કીયાં કીયાં બ્રહ્મસ્થાનો અમને પીડા નથી કરતાં ?—૨૮

દુષ્ટ કર્મની ઇચ્છા રાખનારા એનાં, અન્યદાર ગમનાદિ, અપવિત્ર, અને કહીં પણ પ્રકાશ ન કરી શકાય તેવાં કુકર્મ, અતિ પ્રબલ થઇ પડયે સતે, તે અમારા મનમાં ચિંતાનું કારણ થઇ પડેલાં છે, ને તેથી એ અમારી મૈત્રીને અત્યંત અયોગ્ય છે—૨૯

અત્યંત પાવન કરનાર, અને લક્ષ્મ્યાદિથી ભપકી રહેલા, પ્રભાસને, અનેક ત્રાસથી, તથા તેની મધ્યે ગયેલા લોકને હણવાના રીવાજથી, એણે, અતિ દુષ્ટપણાની કીર્ત્તિ સંપાદન કરવાની ઇચ્છાવાળાએ, રંજાડી નાખ્યુ છે—૩૦

જનોની, અંદર જવા રૂપ યાત્રાને અત્યંત બંધ પાડતા એનાથી, સુરાષ્ટ્રદેશ યાત્રાલુને અંદર જઇ શકવા યોગ્ય રહ્યો નથી; માટે એ દેશના મધ્યમાંજ હણવા રૂપી દંડ, ઘી પીપીને મસ્ત થયેલા એને કેમ ન દેવો ?—૩૧

જે યજ્ઞ કરતા ( બ્રાહ્મણોને ) તેમણે ભેગાં કરેલાં સૂકાં છાણાંથી મારીને હર્ષથી વારંવાર નાચેછે, એવા નિર્ભય મનવાળા, અને તરવાર નચાવતાનું, બીજું શું દુષ્કર્મ જોઇએ ?—૩૨

ગર્ભના ભારથી નમી જતા પેટથી નાસવા અશક્ત, એવી હરણીના ઉપર શસ્ત્ર ફેંકી તેના રુરૂધિરથી પ્રસિદ્ધ ઉર્જયંત તીર્થને અભડાવી, અતિ દુર્ગંધવાળુ જેણે કરી મૂક્યું છે, એવો મ્લેચ્છીને પેટ જન્મેલો હોય તેવો, તે, શું અમારો મિત્ર થઇ શકે ?—૩૩

ભયથી નાશી છૂટતાને પોતે મારી નાખે છે, ને તેને બીજા વળી ખાય છે, ને ત્રીજા ખાય છે, એવી માછલાંની નીતિ ચાલતી રહેશે ત્યારે અમારા અર્ગલા તુલ્ય ભુજના જાડા પરિઘ પણ શા કામના છે ?—૩૪

જેણે લૂફ્ડિ ઋષિ, જે સર્વ યોગ જાણનારના ગુરુ હતા, જે માત્ર ધરતીનેજ પોતાનો પલંગ કરીને રહેતા. ને જાતે અષ્ટાંગ યોગ સિદ્ધ હતા, તેમને પીડયા, તથા તેમનાં સ્ત્રી પુત્રાદિને પણ પીડયાં, એવા ( રાત દિવસ ક્રોધથી રાતી )જપાપુષ્પ જેવી અક્ષિવાળા પાપના પલંગને, હું કેમ સહન કરીશકું ?—૩૫

આ ઉછળી રહેલી, રિપુના રુધિર રૂપી જપાપુષ્પથી પૂજાયલીય વિજયવતી ને આઠે દિશાને પ્રકાશતી, યમરાજની સગી બહેન,

મારી બલિષ્ઠ, તથા સારી રીતે હણનારી, તરવાર આજ એને ખાઇ જવા ભૂખી થઈ છે—૩૬

જેમ સૂર્યને ધારણ કરતી, રાત્રીની પાર ઉતરેલી, પૂર્વદિશા તમો રૂપ દુઃખથી સંપૂર્ણ મુક્ત થાય છે, તેમ આણે અનેક રીતે પીડેલી પ્રજા પણ, મારા દર્શનથી, સર્વ પીડાથી મુક્ત થાઓ—૩૭

થોડાજ સમયમાં આ સુરાષ્ટ્ર ભૂમિ એનો સ્વામી બંદીવાન થાય તેવી, કે એનો સ્વામી મરે તેવી, થાઓ, અને એમાં દ્વિપદીને ચતુષ્પદી ગાતા, ચારણોનો સમૂહ ઘડા જેવા બાવલાવાળી ગાયોને સુખે ચારો—૩૮

ઘડા જેવાં બાવલાં વાળી સો ગાયો આપીને ખરીદેલી, જે ત્રણ ત્રણ વર્ષની ઘોડીઓ છે ( ૧ ) તેમને, બાલકોને તજાવી તજાવીને, રથે જોડો, તથા, ત્રણ વર્ષનો જૂનો દારૂ કોરે મૂકી, ગળે માળા બાંધેલા અશ્વ ક્ષણમાં તૈયાર કરો—૩૯

જા, મહોટા રાજાઓ, તેમ બહુસામ નામની પુરીના અધીશ્વરો, સહિત સો રાજાવાળી કે હજાર રાજા વાળી, સદા સામોપાયથી વિરહિત એવા, અને સવદા યુદ્ધ માટે તૈયાર એવા, તેમના સેના તૈયાર કરીને સીમાડે યુદ્ધ માટે આવે, એમ તારા સ્વામીને કહે—૪૦

પર્વ દિવસ કરતાં પણ અધિક આનંદથી વ્યાપી રહેલી વનાંતસીમાએ, દ્વિપાદ કે ત્રિપાદ વાળી ઋચાઓ ઉચ્ચારતા મહર્ષિને, હજારો બકરાંના સમૂહમાં વાડામાં પડેલી બકરીઓને તાણી જવાની ઇચ્છાવાળા વરૂની પેઠે જોતો જોતો, એમ રજા પામેલો તે, ગયો—૪૧

ગ્રાહરિપુએ એ કથા તેની પાસેથી સાંભળી, અને, માછલાં

---

( ૧ ) મૂલમાં અશ્વતરી શબ્દ છે તેથી ખચરી એમ પણ કહેવાય.

પકડનાર જેમ પ્રભાપા તથા ભૂરિનદ્દા નદીને, તેમ એ, પ્રભાને ક્ષીણ કરતી, બહુ વિલાપ કરતી, બંદીવાન કરેલી, ગૌર વર્ણી તાપસી, જે ઉત્સઋષિની બાલાઓ તેમને, અતિ કોપથી, જોવા લાગ્યો—૪૨

એણે, શકિત વાપરનારી, શત્રુને કંપ કરનારી, શિલાજેવા ભુજ-થી શિલામય ગદાને ઉછાળી શકતી, ગરુડના જેવા બલવાળી, પૌરુષ-યુકતસેનાને હુકમ આપ્યો—૪૩

તે વખતે, એની આજ્ઞાથી, ચારુ ત્રિવલીથી વિભૂષિત, દાસીઓ-એ રમણીય અલંકાર કરેલી, અક્ષ રમતી વહૂઓને, સહુસા તજી, શુક્રનીતિમાં કુશલ, પાણિનીયશાસ્ત્રના જાણ તથા કામકલાપ્રવીણ એવા નાયકો આવ્યા—૪૪

વૃધ્ધ સ્ત્રીઓએ મંગલ કરાયલા, શલ્યી નામનું અસ્ત્ર ઝાલતા, બે દ્રોણ ધાન્યથી, છ વૃષભથી, ત્રણ પણથી, શતકં બલથી, બે આચિતથી કે ત્રણ વિસ્તથી(૧) ખરીદલી ઘોડીઓ ઉપર બેશીને આવ્યા—૪૫

ત્રણ તીરવા લાંબી, કે નવ કે દશ તીરવા લાંબી, એવી છડીઓ એ વાળ ઉંચા બાંધેલા, એવા મેરુ ( ભીલ ) લોક, બે તીરવા ક્ષેત્ર-ભૂમિને કૂદી, તથા છ પુરુષ જેટલી ખાઇને ઓળંગી આવ્યા—૪૬

બે પુરુષ જેટલી ઉંચી ભાલાની લાકડીથી પ્રકાશતો, નીલ ઘોડી ઉપર ચઢેલો, અને નીલ વસ્ત્ર ધારણ કરતો નીલાદ્રિ જેવો જણાતો, ને રોહિણીનાથના શત્રુ (રાહુ) ને પણ દૂર મૂકે તેવો લક્ષ, રેવતીમાં ( ૨ ) આવ્યો—૪૭

---

( ૧ ) વિસ્ત એવું સોળમાસા સોનાના એક શિક્કાનું નામ છે; આચિત એવું કપાસના દશ ભારનું નામ છે; કંબલ એટલે ઉનના સોપલ ( પલ: ૨ રૂપીઆભાર ); અને પણ એક સોનાનો શિક્કો છે; એવું ટીકાકર લખેછે.

( ૨ ) રેવતીમાં એટલે જ્યારે ચંદ્ર એ નક્ષત્રમાં હતો ત્યારે, અર્થાત

નીલી, નીલા, મબધ્ધલૂની, બધ્ધવિલૂના મામકી, ઇત્યાદિ સ્ત્રી-ઓથી થયેલા એના( ગ્રાહરિપુ ) પુત્રો, કેવલી( ૧ ) વિદ્દની પેઠે સમય જાણીને, પોત પોતાને ઠામેથી આવ્યા-૪૮

આર્યકૃતી, ભેષજી, સુમંગલી, અપરીપાપી, ભાગવયી, એ બધી એની પીઠદેવીઓ સમાનીદેવીસહવર્તમાન, અતિભક્તિથી, સૈકોત્તર-થી( ૨ ) આવી—૪૯

ભાજીના જેવા કાળા, કુશીના જેવા દાંત વાળા, જાડાંને ઉંચાં કુંભ સ્થળ વાળા, ગુણના સ્થાન રૂપ, એવા હાથના સમૂહે ચઢી, કેડ સુધી લટકતા કેશવાળા નિશાદ લોક પણ આવ્યા—૫૦

હે કામક્રીડા કરનારી ! હે ભાજાદેવીના જેવી ભ્રમરવાળી ! કાંતિના કુંડ ! ગોણે લાવણ્યજલના કુંડ ! નાગે ! કાલે ( ૩ ) કામ-સ્થલે ! એમ, જવાની તૈયારીવાળા સુભટો પોતાની ગૃહિણીને ત્વરાથી આવવા કહે છે—૫૧

ખેતી કરવી ઢોર સાચવવાં વગેરે જાનપદી વૃત્તિવાળી, તથા દેશી

---

લક્ષની રાશી મેષ છે કેમકે આશ્વનીમાં જન્મેલો છે, ને રેવતીમાં ચંદ્ર મીન રાશિનો તેથી તે લક્ષને બારમો થયો, માટે આ અશુભ કાલેઆવ્યાથી એનું મરણ થશે એમ સૂચવ્યું—એવુ ટીકાકાર લખે છે.

( ૧ ) જે મુક્ત પુરુષો અષ્ટાદશ દૂષણરહિત ઈશ્વર છે, ને જે સર્વજ્ઞ છે, તેમને કેવલી કહેછે, ને તેમનાં જ્ઞાનને પણ કેવલી કહેછે. ને જ્ઞાનવાળા તે કેવલીવિદ્દ.

( ૨ ) સૈકોત્તર એવું સમુદ્રમાં આવેલા એક પર્વતનું નામછે એમ ટીકાકાર.

( ૩ ) ગોણા અને નાગા તથા કાલા એ નામ છે એમ ટીકાકાર.

સુરાનું પાન કરનારી, હાથમાં ( ૧ ) કુશનામનું અસ્ત્ર લઇ, રણમાં પડવાને ઉત્કંઠિત, રાતી આંખોવાળી, ને તેથી તરહવાર રંગવાળી જણાતી, તથા રોષથી રાતી થઇ ગયેલી, એની પ્રજા પણ આવી—૫૨

અશ્વની ખરીઓના પ્રહારથી ઉપડેલી ધૂળ, રથથી ઉડેલી ધૂળ, તે બધીને, ગજસમૂહથી ઝરતા સુગંધી મદે સર્વ માર્ગમાં નાશ પમાડી દીધી—૫૩

ત્રણે શક્તિ સહવર્તમાન, અતિ તીક્ષ્ણ શકિત ધારણ કરી, શકિતધર ( કાર્તિકેય ) જેવો ગ્રાહરિપુ, અતિ ચંચલ, વાયુને પણ ભક્ષણ કરવા જતી હોય એવી ત્વરાવાળી, ને ગર્વ પૂર્ણ, અશ્વરચના સહિત ચઢયો;—૫૪

ધોળાં, કાબરચીતરાં, ભુખરાં, લીલાં, રાતાં, એવાં કવચ ધરેલા યોદ્ધા, ધોળી, કાબરચીતરી, ભુખરી, લીલી, રાતી ઘોડીઓ ઉપર ચઢયા—૫૫

આકાશમાં ફરનારી સુંદર કેશવાળી વિદ્યાધરીઓની આંખો પૂરી નાખતા, સૈન્યે ઉરાડેલા ઉંચે ઉડતા રજથી, કાળી છતાં પણ નભશ્રી, ધોળી જણાવા લાગી, ને લશ્કરમાંની સુંદર કેશવાળી સ્ત્રીઓ પળીયાં વિનાની છતાં પણ પળીયાંવાળી જણાવા લાગી—૫૬

સર્વ કેશવાળી છતાં પણ અકેશ તથા જાડી નહિ, એવી, અને કફ દોષ વિનાની, ને તેથી અતિ વેગવાળી મયા ( ૨ ) ઉપર, ખોળામાં પાણીની દૃતિ લઇને, સુભટોની સ્ત્રીઓ ચઢી. ૫૭

---

( ૧ ) એ અસ્ત્ર બરૂ અને લોઢાનું થતું એમ ટીકાકાર.

( ૨ ) संढीवैसरीर्वा એમ ટીકાકર અર્થ આપેછે પણ તે ત્રણે નામ કીયા જનાવરનાંછે તે જાણવામાં નથી.

બકરીના વાળવાળી કે રીંછના વાળવાળી જવનિકાથી ઢાંકેલી આંખો વાળા હાથી, અતિ વિસ્તારવાળા માર્ગમાં પોતાની ઉર્ધ્વમુખી કે અધોમુખી છાયાને સહન કરતા નથી—૫૮

નાભિના જેવાં મુખવાળી, ઉ-તુંગનાસિકાવાળી, લાંબાઓઠ વાળી, ઉન્નત ઓઠવાળી, લંબોદરી, કૃશોદરી, નઠારી ઝાંઘોવાળી, સ્થૂલ જંઘાવાળી, એવી પિશાચીઓ એ સેનાની પૂઠે થઇ—૫૯

હલના જેવા દાંતવાળી, બીલાડાના જેવા દાંતવાળી, હાથી કાની, વાંદર કાની, બળદના જેવાં શીંગડાંવાળી, ગધેડાના જેવાં અંગવાળી, ઉંટ જેવા અંગવાળી, એવી રાક્ષસીઓ, લોહી પીવાની આશાથી, રણ ભણી ચાલી—૬૦

સર્પના જેવાં ગાત્રવાળી, પર્વત જેવાં શરીરવાળી, ઉશ્ચ કંઠી, લાંબાં ગળાં વાળા, હળ જેવી દાઢાવાળી, લાંબી જીભવાળી, સૂકા કપોલવાળી, દીર્ઘ જીવ્હાવાળી, રીંછ મુખી, બિલાડીના જેવા મુખવાળી, એવી વંતરીઓ પ્રકટ થઇ—૬૧

તેમાં શૂર્પનખી, દાત્રનખી, વજ્રનખી, કાલમુખી, એવી, તથા તેમની પુત્રીઓ, ઋજુપુચ્છી, દીર્ઘપુચ્છી, મણિપુચ્છી, વિષપુચ્છી, એવીએ સર્વે, ત્વરાથી જતી જણાયછે—૬૨

વિચિત્ર રંગવાળા પુચ્છવાળી, પકડેલા સર્પ સહિત શરપુચ્છી જણાતી, ગરુડજેવી પાંખવાળી, સમળીઓ આકાશમાં રહી નિશ્ચય એમ કહેછે કે આ ગોપુચ્છાકાર ચમૂ, રાજના પુત્ર મૂલરાજથી રણક્ષેત્રમાં ખરીદાયલી છે—૬૩

રજોલિપ્ત આકાશ કાંઇક રુધિર લિપ્ત લાગવા માંડ્યું, અને જેને દાંત આવેલા, જેના દાંત યથાયોગ્ય થયેલા, ને જેના દાંત પ્રશસ્ત ગણાયલા, ને તેથીજ શણગારાયલા, એવી હાથીની પંક્તિનો એકાએક મદ સૂકાઇ ગયો.—૬૪

માંસને શોણિતની ગંધવાળી ગરધલોનાં, ઉંચે અતિશય ઉડી રહેલાં ટોળાંથી એ આખી સેના ચર્મથી મઢાઇ ગઇ હોય તેવી થઈ, અને પતિ સહિત છતાં પણ રાંડેલી ( ૧ ) જેવી જણાય—૬૫

આકાશનો સ્વામી કિરણમાલી સૂર્ય, પરિધિયુક્ત હોઇ, શંકરના લલાટલોચનની સ્પર્ધા કરવા લાગ્યો, અને પતિથી કદાપિ પણ જરા આડી ન ચાલેલી, એવી રાજાની પત્નીઓ પતિને ન ગણકારવા લાગી—૬૬

કેટલાક સુભટોએ, સગર્ભા ગૃહિણીઓને, તર્જના કરી કે તમારા પતિ બેઠાં પણ આશું અયોગ્ય કરોછો ? કેટલાકે હાથ તથા અંચલને વાનરીની પેઠે પકડનારીને વૃષલીની પેઠે મારી નાખી—૬૭

પતિનાં વસ્ત્રમાં જુઓ પડી દીઠી તેથી, તથા ક્ષણપાકી, આખુકર્ણી, ગોવાલી, શાલપર્ણી, એ જયદાતા ઔષધિ નષ્ટ થઇ ગઇ તેથી, ક્ષત્રિય અને શૂદ્રની સ્ત્રીઓ બીહીવા લાગી—૬૮

શતપુષ્પા, શંખપુષ્પા, પ્રાક્પુષ્પા, સત્પુષ્પા, પ્રાંતપુષ્પા, તથા અમાવાસી ફુલી સહિત એકપુષ્પા, ભસ્ત્રફુલાસહિત પિંડફુલા, ને એકફુલા, તથા વ(?)સંફુલા,( ૨ ) અજિનફુલા, દર્ભમૂલી, અમૂલા, શણફુલા, એ આદિ વિજયસૂચક ઓષધિમાત્ર, ઉલ્કાપાતથી બળી ગઇ—૬૯—૭૦

મધુ, ગોપાલ, કુસીદ, કુસીત, એ બધા ઋષિની પત્નીઓને હરી જનારો, શ્રીવિષ્ણુની લક્ષ્મીની આકાંક્ષા રાખનારો, તથા અગ્નિ-

---

( ૧ ) ટીકાકર એવો સંપ્રદાય બતાવેછે કે રાંડેલી સ્ત્રીઓ ચર્મ ધારણ કરતી.

( ૨ ) હાલ જેને ભાદર કહેછે તે હશે(?)

પત્ની સ્વાહા અને ઋત્વિક્પત્નિઓનો અરિ, એ, આ બધાં અરિષ્ટને ગણકારતો નથી—૭૧

ત્યારે આ અશુભ અરિષ્ટની વાત મનુની પત્નીએ ઇંદ્રાણીને કહી, ને વરુણની પત્નીએ મનુની પત્નીને કહી, તેમ શંકરની પત્નીએ પણ મનુપત્નીને કહી, શંકરે ગૌરીને કહી, ને ગૌરીએ પાછી શકરને કહી—૭૨

એ, હરિની મામીના પતિ ( કંસ ) જેવો, મામીની પુત્રીનો પતિ, પકડેલી વાણિયેણો અને કેદ કરેલી અગ્નિહોત્રીની પત્નીઓ તથા આચાર્ય-પત્નીઓ, તેમના શ્વાસ જેવા પ્રચંડ પવનથી આનંદ પામ્યો—૭૩

પાર્થના ઉપાધ્યાયની પત્નીના પુત્ર ( અશ્વત્થામા ) જેવો અતિ ક્રોધવાળો, એ, પરશુરામના ગુરુ ( શિવ )નાં, યાજ્ઞવલ્ક્યના ઉપાધ્યાયની પત્ની ( સૂર્ય પત્ની રાજ્ઞી દેવી )નાં, તથા અભિમન્યુની મામી ( લક્ષ્મી )નાં, દેવાલય ભાગતો, ચાલ્યો—૭૪

દેવ પ્રાસાદને પાડતાં, ઉપાધ્યાય અને આચાર્યની વિદ્વષી સ્ત્રીઓનું પણ, એ, મદાંધ થઇ, સાંભળતો નથી, અથવા સૂર્યની પત્ની ( કુંતી )ના પુત્રના ( કર્ણ ) જેવો બલવાન્, અને સૂર્યાણી ( રાજ્ઞી દેવી )ના પુત્ર ( યમ ) જેવો, તેને શું માન્ય હોઇ શકે?—૭૫

હિમના સમૂહથી શીત થયેલા, નઠારા યવનું ભક્ષણ કર્યાથી તૃપ્ત થયેલા, હાથીના મદથી, સૂર્યા ( રાજ્ઞી દેવી )ની પુત્રી ( ભદ્રાનદી ) ના તટ ઉપર, યવન લોકોની લીપી જેવી લીપીથી, પોતાની પ્રશસ્તિ લખાવતો સતો, મહા અરણ્યોને ઓલંઘી ગયો—૭૬

આર્યાણી નિર્ભય છે કે ક્ષત્રિયાણી, તેમ ચતુરાઇવાળા તે ક્ષત્રિય

છે કે આર્યા ( ૧ ) છે એમ, વાત્સી અને વાત્સાયનીપતિને જેણે કેદ કર્યાંછે એવો એ વિચાર કરવા લાગ્યો—૭૭

વન પાસેથી એ નીકળ્યો ત્યારે હે લોહિત્યાયનિ! સાંશિત્યાયનિ! દૂરથાઓ, કાત્યાયનિ! ઉતાવળ કર, શાકલ્યાયનિ! દૂર જા, ગૌકક્ષ્યાયણિ! ગૌકક્ષીસુતા, ખસ, આવટ્યાપુત્રિ! આવટ્યાયનિ! ( ૨ ) કૌરવ્યાયણિ! જલદી નાસો, એમ ભયભીત થયેલી માંડુકાયની અને આસુરાયણી બોલેછે—૭૮—૭૯

સુતંગમ ઋષિની પુરી સૌતંગમ્યાને લૂટી, તેમાંથી, વ્યાઘ્ર જેમ હરણીને અને તિત્તિરીને પકડે, તેમ દક્ષઋષિ અને વારાહ ઋષિની પુત્રીઓ, બીચારી બ્રાહ્મણીઓને પકડી, એ લંપટ બદરીવનની પારપડયો—૮૦

અધ્વર્યુપત્ની, કમંડલૂ, તથા કોમલ બાહુવાળી મદ્રબાહુ, એ ઋષિસ્ત્રીઓને, દોરડે બાંધેલી હોય તેવી ભયભીત થતી જોતો જોતો, એ, કદ્રુના પુત્ર ( સર્પ ) જેવો, જંબુમાલીએ પહોચ્યો—૮૧

યુદ્ધમાં જનારા યોધ્ધા પોતાની પત્નીઓને આ પ્રમાણે કહેછે—હે કરભોરુ! ( ૩ ) સમાનઉરુવાળી, સંહિતોરુ, વામોરુ, ઉત્તમ

---

( ૧ ) આ ઠેકાણે વપરાયલો આર્ય શબ્દ ટીકાકારે વાણીઆ એવા અર્થથી સમજાવ્યો છે.

( ૨ ) આ બધાં તે તે નામના ઋષિઓનાં ગોત્રનામ છે.

( ૩ ) કરભ એટલે ટચલી આંગળી પ્રણિબંધ સુધીનો હાથેળીનો ભાગ, તેના જેવી સુવાળી જંઘાવાળી—આવો કરભનો અર્થ ટીકાકાર કહેછે.

સાથળવાળી, લક્ષ્મીયુક્ત ઉરુવાળી, સુશ્લિષ્ટ ઉરુવાળી, તમે, વરોરુ, શ્વશ્રૂ, સખી, આદિ વૃદ્ધસ્ત્રીઓ પાસે ઉભાંરહો; વળી હે તરુણિ, હે દેવદત્ત પૌત્રિ, હે વરાહ પૌત્રિ, હે વરાહ પુત્રિ, હે યુવતિ, દક્ષપૌત્રિ, વાસિષ્ઠિ, કાપટપિત્રિ તમે પાંગળીઓ હો તેમ અમારી પાસે ઉભી ના થઇ રહો, અમારૂં બાહુવિક્રમ જુઓ; વળી હે પુણિક પૌત્રિ ! ક્રોડ-પુત્રિ, તમે આવો; હે લાડ પુત્રિ ! હે પ્રાપ્તયૌવને, ભોજવંશ જે, તમે ઉભાં રહો, ને હે ભોજે ! તું મને મૂકીદે; હે સૂતે ! દેવયજ્ઞપુત્રિ, કંઠેવિદ્ધપુત્રિ, તથા તત્સંબંધી સ્ત્રી તમે ચાલો; તેમ હે સત્યમુગ્રપુત્રિ ! નિર્ભય થા; હે દેવયજ્ઞા સખી ! તમે સત્યમુગ્રની પુત્રિથી અધિક હીમત-વાળાછો, તમે પાછળ શામાટે રહોછો ? હે શુચિવૃક્ષ પુત્રી ! તથા હે શુચિવૃક્ષપુત્રી સખિ ! તમે પણ સત્યમુગ્રપુત્રી કરતાં અધિક છો, પાછ-ળ શાને રહો ?—૮૨—૮૩—૮૪—૮૫

કુમુદગંધની પુત્રી જેમાં મુખ્ય છે એવી સેનામાં કૌમુદગધીના પતિ આગળ થયો એટલે કૌમુદ ગંધીના પુત્રે વર્મ ધારણ કર્યું, અને કૌમુદ ગંધીના ભાઇઓએ પણ તેમ કર્યું—૮૬

સૌગન્ધ્યા જેમની માતાછે એવા સુભટો પાંકજગંધી જેમની માતા છે તેમને જોઇને હર્ષ પામ્યા એટલે સૌગન્ધ્યા માતાના પુત્રો ધનુષ્ લઇને પાંકજગંધીના પુત્રોને સહાય થવા મળ્યા ( ૩ )—૮૭

અર્ઢુંધી માતાને પુત્ર, પોતાના નાના ભાઇ મૌઢુંધીના પુત્રને ગાદીએ બેસાડી ચાલતાં મત્સ્યના જેવાં ચંચલ નયન વાળી અપ્સરા

---

( ૩ ) આ તથા ઉપલા ને હવે પછીના શ્લોકમાં માતાનાં નામથી બધાનો નિર્દેશ છે તેમાં તેઓ એવા માવડીમુખા હતા ને તેથી પરાજય પામવા યોગ્ય હતા એવો ધ્વનિ છે એમ ટીકાકર.

સાથે રમવાની ઇચ્છાવાળો હોઇ, વનમાં ચરનારા હાથીઓની પંક્તિનો વ્યૂહ કરતો હવો—૮૮

જલના મનુષ્યરૂપ નાગસ્ત્રીઓએ ઉત્કંઠાથી જોવાયલો સિંધુ-રાજ, સૂર્યની પેઠે, સૂર્યને યોગ્ય પ્રભા ધારણ કરતો, તથા અગસ્ત્ય જેવો, દક્ષિણ દિશાએ તૈયાર થઇ ઉભો ( ૧ )—૮૯

અહો આજનો દિવસ, ચંદ્રયુક્ત પુષ્ય નક્ષત્રવાળો ન છતાં તેવો છે, કેમકે પૌષ અને તૈષ ( ૨ ) એવા સર્વ નરને સિદ્ધિદાતા છે; એમ ગર્ગાચાર્યની ઇચ્છા કરતા યાદવોને, ગર્ગની ગરજ સારવા લવતો, લક્ષ તૈયાર થયો—૯૦

વત્સ ઋષિના પુત્ર, તેમના મિત્ર, તેમના શિષ્ય, બિલ્વક અને વેણુકાતટવાસી, એવા પંચાગ્નિ પૂજનારા બ્રાહ્મણોએ, તે સમયે, દૈત્યરાજનું શસ્ત્રધારી મનુષ્ય સહિત સૈન્ય આવ્યું એવી વાત મૂલરા-જને કહી—૯૧

પછી હાથમાં ષટ્કુમારી (૩) વાળા, અને રિપુઓને સ્ત્રીત્વ આપ-નારા, અસિદંડ ધારણ કરીને ઉભા થયેલા, મૂલરાજે, પાંચ રામાથી, ત્રણ રંભોરુથી, છ ગોણીથી, છ સૂચિથી, છ સાત યુવાનોથી, ખરીદાય-લા, શત્રુના અશ્વોનું ખોંખારવું સાંભળ્યું—૯૨

દુશ્મનને અર્ધપિપ્પલીની પેઠે કચરી નાખવા માટે, અતિ મહાન્ ભૂમિવિસ્તારવાળા, તિરસ્કરણી બહાર આવેલા, બ્રાહ્મણ

---

( ૧ ) દક્ષિણદિશા એટલે યમપુરી ભણી ઉભા રહેવાથી એનો પરા-જય સૂચવ્યો એમ ટીકાકાર.

( ૨ ) પૌષતૈષ એટલે પુષ્ય અને તિષ્યમાં જન્મેલા. એવો સંપ્રદાય છે કે બારમો ચંદ્ર છ તે પુષ્ય નક્ષત્ર હોય તે સર્વાર્થ સાધક છે એમ ટીકાકાર.

( ૩ ) છ કૃત્તિકા, તેજ ખડ્ગનું નક્ષત્ર છે એમ ટીકાકાર.

બ્રાહ્મણીને પણ ન વિસરતા, સૂર્ય જેવા પ્રતાપી, આ રાજાએ બક્તર ધારણ કર્યું—૯૩

બ્રાહ્મણ જાતિ તથા બ્રાહ્મણીઓના ભાઇ, અને લક્ષ્મીનાથ (વિષ્ણુ) તથા લક્ષ્મીપુત્ર (પ્રદ્યુમ્ન) જેવા, એણે, યુદ્ધ સંબંધી વિજ્ઞાનથી ઝળકી રહેલું, બ્રાહ્મણ જાતિ તથા બ્રાહ્મણીઓને પ્રિય, એવું સૈન્ય, ગાર્ગીપુત્ર, (૪) મહેંદ્રહૂપુત્ર, કારીષગંધીપતિ, આદિ અનેક લક્ષ્મીનિવાસ અને ભ્રૂમંગથી કરાલ વદનવાળા નૃપો સહિત સજ્જ કર્યું—૯૪

## સર્ગ ૫.

એના (મૂલરાજના) સૈન્યમાંના, શૈલપ્રસ્થ ભૂમિના ભૂમિપ રેવતીમિત્ર આદિ નૃપોનું ધ્વનિ કરતું ધનુષ્, પૌરુષયુક્ત યોધ્ધાનાં મૃત્યુના નાંદી અને તૂર્ય રૂપ થયું—૧

રેવતીમિત્રના મિત્ર, ગંગાદ્વારના પતિ, ગંગમહ અને તેનો નાનો ભાઇ એ બે રાજા તે સમયે યુદ્ધ માટે સજ્જ થયા—૨

રાજાઓએ જેત્વ અને અજત્વ આપી દેવામાટે પ્રતિજ્ઞા કરી; ભયપામનારાને આગળનું, ને નિર્ભય શૂરને પાછળનું—૩

બૃહન્નટારૂપી અર્જુનના જેવી ભ્રૂકુટી ચઢાવી, યમ જેવા જણાતા, સુભટો બીજા સુભટો પ્રતિ, જેમ સ્ત્રીવેષધારી પુરુષો નર્તકી પ્રતિ કરેછે, તેમ ભ્રમર ચઢાવવા લાગ્યા—૪

પાકી ઇંટોએ બાંધેલું હોય એવું બલ, તેને પણ, ઇષિકાતૂલ

---

(૪) ગાર્ગીપુત્ર તે બ્રાહ્મણ, પણ તે આસ્થાને મંત્રીસ્થાન ઉપર છે; મહેંદ્રાદૂ આદિ રાજાનાં નામછે; એમ ટીકાકાર.

વત્, સ્ત્રીવેષધારી પુરુષોના ભ્રૂવિકાર જેવાં કુટિલ ધનુષ્ ધરનાર, અને પુષ્પમાલ ધારણ કરનારા યોદ્ધાઓએ, માન્યું—૫

રિપુની અધર્મોપાર્જિત લક્ષ્મીને હરણ કરવા માટે, ભિલ્લ લોકની નાની સરખી કુશલ સેનાએ રિપુના લોહીને પીજાય તેવાં એક ગોણી (૧) બાણ અને તેવાં બોરડીઓનાં ધનુષ્ ધારણ કર્યાં—૬

શોભાયમાન લક્ષ્મીવાળા, સારી શક્તિવાળી સેનાવાળા, રુધિર પીનાર દૈત્યને જીતનારા કુરુઓ, કોઈ એક એક બારીથી ખરીદેલા ભાથાવાળા, ને કોઇ અતિ અમૂલ્ય ભાથાવાળા, ફરવા લાગ્યા.—૭

નક્કી નાયક ન જણાયલો એવા રાજાના સર્વ સૈનિકો, કૃપાપૂર્ણ ચામુંડાથી સુરક્ષિત હોઇ, ક્ષુદ્ર અરિસૈન્યને જીતવા, ચામુંડાની પ્રીતીવાળા સ્કંદના સૈનિકોની પેઠે ત્વરા કરવા માંડ્યા—૮

મૃત્યુના સ્વકીય જેવા, રાવણના જાતિભાઇ જેવા, જય તથા બલ એજ જેનું ધન છે તેવા, યુદ્ધચાતુર્ય તથા પાદન્યાસાદિ ચાતુર્ય જાણનારા, હાથીઓએ ગર્જના કરી—૯

તુચ્છ બકરીનાં ચર્મનાં પલાણવાળી અશ્વસેનાએ, તીરભર્યા ભાથા તથા પાણી ભરી મસકો લઇ, ક્ષુદ્ર બકરીઓની પેઠે અરિને હણવા ત્વરા કરી—૧૦

પ્રિય ભાષણ કરવામાં ચટકા જેવી અને સારી રીતે નય જાણનારી, ક્ષત્રાણીઓ, એ શત્રુરૂપી ચટકાને સમળીરૂપ એવા ક્ષત્રિયપુત્રોને યુદ્ધ માટે કહેવા લાગી—૧૧

નિઃશંક તથા રણના અમાત્યરૂપ પદાતિસમૂહે, યુદ્ધને પ્રવર્તા-

---

(૧) એક પ્રકારનું માપ છે.

વનાર, ભરપૂર ભાથાવાળા, લક્ષ્મીજનક, એવા બે હાથ તરફ જોવા માંડ્યું—૧૨

મૃત્યુની સાક્ષાત્ પુત્રી, અને તિક્ષણ ધારથી ઝળકી રહેલી, દેવતાની સ્ત્રીઓને પતિ આપનારી, મહોટી તરવાર સુભટોએ હાથમાં લીધી—૧૩

વર્તકાના ટોળામાંથી વર્તકાને હરી જવાને સમળી તૈયાર થાય તેમ યુધ્ધમાં મંડેલી તથા કેશધારી એવી મરુદેશના રાજાની સેના શત્રુપાસેથી લક્ષ્મીને હરવા તૈયાર થઇ—૧૪

તમારૂં અમે રક્ષણ કરીશું એવી અહંતાવાળા સુભટોએ, પોતાને બરદાવતી વૃદ્ધ સ્ત્રીઓને, જે પેલી શત્રુને મારવાનું ક્ષિપકાસ્ત્ર ધરી દૃઢ થઇ રહેલીછે તે તમને આનંદકારી થાઓ એમ કહ્યું—૧૫

તારાના જેવી તેજવાળી, આકાશરૂપી પટને શ્વેત કરનારી શસ્ત્રોની પ્રભા, જયરૂપી અષ્ટકાની ( ૧ ) પ્રતિજ્ઞા કરેલાઓની, અષ્ટ દ્રોણ પ્રમિત ખારી કીર્તિ જેવી, પ્રકાશી—૧૬

પછી, ગ્રહરિપુના મૂર્ધાભિષિક્ત યોદ્ધા, એ સેનાને મારતા, આકાશને બાણથી છાઇ નાખતા, જય પામવા માટે આવ્યા—૧૭

શરૌઘથી સિંચતા, અને ધારણ કરવા યોગ્ય ધનુષ્ ધરેલા, અનેક પ્રકારનાં સ્થાનાદિથી ઉભેલા એ યોદ્ધાઓએ દિશાને અંધકારમય કરી નાખી-૧૮

તરવાર ધારણ કરેલા દૈત્યોએ, પટપટ ચાલીને, ઘૂટ્ ઘૂટ્ એમ શબ્દ કરીને, ચોતરફ વિખરાઇને, રણાર્થે અતિપ્રયત્ન કરીને, તથા પ્રતિપક્ષીને સત્કાર કરીને ગર્જના કરી—૧૯

---

( ૧ ) એ નામનું એક પિતૃ શ્રાદ્ધ થાયછે.

એકે ભાગી ગયેલા ભાલાનો અનાદર કરી, હાથે તરવાર ઝાલી, મનમાં નિશ્ચયકરી, શત્રુના મધ્યમાં પ્રહારકરી, પીવાય તેટલું ધરાઇને પાણી પીધું—૨૦

સારીરીતે હણીને, તથા સારીરીતે સન્મુખ વદીને, શત્રુને અસ્ત કરી તેનો જય, વિક્રમપુરઃસર, મન માનતી રીતે પી કોઇ પોતાના સ્વામીને નમેછે—૨૧

કોઇએ વગર સંતાયે, શરીર આગળ ઢાલ રાખીને, તથા સ્કંધને ઢાલથી સાચવીને, નાચતે નાચતે, વિચારીને, હાથીને પણ હણ્યો-૨૨

બીજાએ નૃપોને, અંતર્ ભાવ પમાડી તર્જના કરતાં તથા અશ્વની સ્તુતિ કરતાં તેમ પગે ચાલીને વચનમાત્રથીજ ક્ષોભ પમાડતાં, વચનથીજ શત્રુને જીત્યા—૨૩

કોઇ એક, મૌન ધારણ કરી, સ્વામીની આજ્ઞા મનમાં ધારી, યશને ઇચ્છી, જયને છાતીએ ચાંપી, ઉભો થયો—૨૪

કોઇ, પોતાનાંને છાતી આગળ રાખી, સવારોને પાળાને હાથીને સર્વને સાહાય્ય કરી, લડતો ચાલ્યો—૨૫

પુત્રને સાહાય્યકરી પોતાના પદે સ્થાપી, સૈન્યને અધિકારે પોતાને સ્થાપી, તથા અસ્ત્રદેવતાને પ્રત્યક્ષ કરી ને કોઇક દીપવા લાગ્યો—૨૬

તરવાર રૂપી કૃત્યાને સાક્ષાત્ કરી; પોતાના બાહુનું બલ અમિથ્યા કરી, બલને મિથ્યા કરી, કીર્તિને હાથે કરી, ને બીજો નાદ કરવા લાગ્યો—૨૭

રિપુની લક્ષ્મીને હાથમાં લઇ, શત્રુને બંદીવાન કરી, સ્વામીની આજ્ઞાને જીવની પેઠે અને રહસ્યની પેઠે પાળીને બીજો આવ્યો-૨૮

રણભૂમિમાં પરસ્પર સંબંધ થતાં, વિજયરૂપ એકજ પ્રયોજ-

નના વિષયમાં સ્પષ્ટ રીતે ચતુર એવા ગૂર્જર સુભટોએ, જેમ શબ્દ-વિદ્યા ચતુર લોક, સમાસમાં મળેલાં પદને નામ ભેગાં યોજેછે તેમ, શસ્ત્રો સાથે શસ્ત્ર મેળવ્યાં—૨૯

તેમણે દેવતાના શત્રુ ઉપર બબે ત્રણ ત્રણ, ચચ્ચાર, છ છ, સાત સાત, આઠથી પણ અધિક, એમ નવનવ દશદશ, શર એકજ સમયે નાખવા માંડયાં—૩૦

નેવું તેમ નવ અગીઆર એવા, સુભટો સહિત અશ્વોને, બહુ મત્ત હાથી વાળી શત્રુસેનામાં કેટલાકે હણ્યા—૩૧

અગ્નિકોણસ્થ, અને અતિ બલિષ્ઠ એવા કોઇ સુભટે અગ્નિની પેઠે, ઉચ્ચમુખ રાખેલા, ઉંટ જેવા મુખના, વૃષભ જેવા સ્કંધવાળા, પુત્ર પૌત્ર સહિત, એવા ઘણા શત્રુને હણ્યા—૩૨

કેટલાકે ભાલે ભાલાની મારામારી ચલાવી, કેટલાકે ચોટલા ચોટલી ચલાવી, તેથી પૃથ્વી જાણે લોહીની ગંગા હોય, અથવા સાક્ષાત્ પંચનદ હોય, તેવી થઇ ગઇ—૩૩

એકજ મુનિપ્રણીત ધનુર્વેદ જાણે બે મુનિનોજ કરેલો હોય એમ દર્શન કરાવતા કોઇએ રણને બે ગોદાવરી જેવું કે ત્રણ ગોદાવરી જેવું માન્યું—૩૪

ગંગા પારનો પતિ કાશીરાજ પોતાના સપ્તકુલનું પરાક્રમ સ્મરણ કરતો અરિસેનાની પાર, હાથી ઘોડાની મધ્યે મારતો ચાલ્યો ગયો—૩૫

કોઇએ, લડાઇમાં પોતાના સ્વામી પાસે રહી, ધનુષ્ ઉપર કરના અગ્રે ચઢાવી, જ્યાં સુધી શત્રુ હતા ત્યાં સુધી, નામર્દ અને આર્તને છોડી જય પામતા પર્યંત તીર માર્યા—૩૬

અર્બુદ ( આબુ ) પર્વતથી પૂર્વના રાજાઓની સેના, વ્યૂહની

બહાર, હાથીને અશ્વની સામે પથરાઇને જંબુમાલિને તીરે ઉભેલી શોભવા લાગી—૩૭

સ્વામીસમીપે અને નદીને તટે ઉભેલા એ યોધ્ધા યુધ્ધ કરતાં શ્રમને પણ ન ગણકારનારા હોઇ, ગાયો વાળવાના વખતને પણ ગાયો છૂટવાના વખત જેવો માનવા લાગ્યા—૩૮

શલાકા, ( ૧ ) અક્ષ, કે ઉભયથી રમતાં જેમ અજય પામ્યા હોય તેવા હારેલા, અને નદીતટે કચરાઇ ગયેલા, શત્રુથી તેમણે રાક્ષસો માટે પ્રચુર ખોરાક તૈયાર કર્યો—૩૯

સુરાષ્ટ્રને માનભંગ કરવા ( ૨ ), સુરાષ્ટ્રને સાફ કરવા તથા મ્લેચ્છોથી મુક્ત કરવા, એ લોક આવ્યાથી શત્રુના સુભટો, હવણાં શસ્ત્રનો વખત નથી એમ બોલતા, હાથી પાછળ સંતાઇ ગયા-૪૦

મૂલરાજ એ નામનો પરાજય ઇચ્છનારા તે ચક્રસહિત ( ખડ્ગાદિ ) ધારણ કરો, કુલની રીત ન ભૂલો, એમ અન્યોન્યને કહેતા, જ્યેષ્ઠ કનિષ્ઠનો વિચાર પણ બાજુપર રાખી લઢયા—૪૧

સ્વામીની સતૂકીર્તિ સમુદ્રપર્યંત વિસ્તરે એમ ઇચ્છીને અબુર્દેશ્વરે પ્રત્યેક પ્રત્યેક અરિને પૂરૂં પડાય તેવાં તેવાં આયુધધારી, સર્વને તેમના નામસહિત, હણ્યા—૪૨

યથાધર્મ પ્રહાર કરતો, ધનુષ્ સહિત દ્રોણ જેવો દખાતો, જે જે બીહે તેનું રક્ષણ કરતો, એ અર્જુન જેવો શોભ્યો—૪૩

---

( ૧ ) પંચિકા નામની પાસાની કે સળીઓ ( શલાકા ) નીરમત છે, તેમાં બધા ચતાકે ઉંધા પડે તો જીતાય અને તેમ ન પડે તો હરાય એમ ટીકાકાર લખેછે.

( ૨ ) ત્યાંના રાજાનાં છત્રચામરાદિ હરિને એમ ટીકાકાર.

એ, પૂજ્ય અને અતિદુષ્કર જય જેણે પ્રાપ્ત કરેલા એવા રાજાએ, જેની પણછ કનિષ્ઠ નથી એવું ધનુષ્ શત્રુઓને નડારા ઘાસની પેઠે ઉડાવી દેવા ધારણ કરી, બાણના વરસાદથી દિવસ અંધકાર વાળો કરી દીધો—૪૪

શ્રીમાલ ( ૧ )નો સર્વોત્તમ રાજા તામ્ર જેવાં રક્ત નયનવાળો, બાણથી પ્રતિપક્ષના ઉત્તમ સુભટોને, સીમા મૂકી ઉલટેલા સમુદ્રની પેઠે છાઇ નાખવા લાગ્યો—૪૫

કેવલ નિર્ભય અને રણમાં ઘૂમવા લાગેલા એણે, રિપુસૈન્યને હાથીના વળી જવાથી કચરાઇ જતું, યુદ્ધથી થાકેલું,ને રણથી નાઠેલું એવું કર્યું—૪૬

ફરીથી ઉંચા થઇ આવેલા રોમાંચ સહિત, અને ફરીથી બખ્તર બંધાવી તૈયાર થઇ, એ પરમારે, તરવાર તથા છરાના ઘાથી શત્રુને માર્યા—૪૭

ન કહી શકાય એવા કોપથી ભરાયલા એણે શ્રાદ્ધ ન જમનાર બ્રાહ્મણની પેઠે, શત્રુને તીરના વરસાદથી, અસૂર્યંપશ્યા (૨) બનાવી દીધા—૪૮

લવણનું ભોજન ન કરતો હોય તેમ શુદ્ધ નયનવાળો એ, કાન કપાઇ ગયેલા એવા, અવધ્ય ( ગોબ્રાહ્મણાદિ ) ને હણનારા, તેમ વત્સને પણ પીડનારા, શત્રુને સંતાપ કારી થયો–૪૯

---

( ૧ ) એને ભિલ્લમાલ પણ કહેછે તેનોજ રાજા અર્બુદેશ્વર એમ ટીકાકાર.

( ૨ ) સૂર્યને ન દેખે તેવા, અને બ્રાહ્મણ પક્ષે એમ લેવું જોઇએ કે અસૂર્ય એ નામનું નરક છે તેમાં અશ્રાદ્ધભોજી બ્રાહ્મણ શાપથી પિતૃને મોકલેછે. ટીકાકારે આમ સમજાવ્યું નથી પણ આમ કરવું ઉચિત છે.

કાયના પૂર્વભાગે ( છાતીએ ), અપર ભાગે( ઝાંઘે ), અધરભાગે ( પગે ) ઉત્તર ભાગે ( માથે ), એમ પોતાના સૈનિકોને કૂટાયલા દેખી ગ્રાહરિપુ સાયાન્હસમયના અગ્નિની પેઠે તપી ઉઠ્યો—૫૦

મધ્યાન્હ સૂર્ય જેવા એણે, અર્ધી દષ્ટિએ પોતાના શત્રુના સૈન્યને ને અર્ધી દષ્ટિએ પોતાના બાહુને જોયાં—૫૧

અર્ધજરતી જેવી આ તમારી સ્થિતિથી હસતા એવા તમે તેની આ અર્ધજરતીને ધિક્કાર છે; કે આપણી સેનાનો અર્ધ ભાગ અરિસેનાના ત્રીજા ભાગે ભાગ્યો; રે મગના ચોથા ભાગ જેવા નિઃસત્વ ! તમને ભુમિનું અર્ધ, લક્ષ્મીનું તૃતીય, અન્યધાત્વાદિનું ચતુર્થ આપવું, તે વ્યર્થજ છે; આમ બોલતાં એણે ધનુષ્ ધારણ કર્યું—૫૨—૫૩

હાથમાં વસ્ત્ર લઇને, પગ ઉંચો કરી, તે, પોતાના પગના ભારથી પૃથ્વીને નમાવી નાખતા, તથા સુંઢમાં ગદા પકડેલા હાથી ઉપર ચઢ્યો—૫૪

એક વર્ષના સાપ જેવી ભયંકર ભમરવાળા, અને ત્રણ વર્ષના સિંહ જેવા, જાતે ઉદ્યોગ કરનારા, એણે અર્ધું વિખેરાઇ ગયેલું સૈન્ય સ્થિર સ્થાપ્યું—૫૫

અતિ ઉજ્જવલ યશવાળા, ને અહોરાત્રસ્નેહશાલી, એવા રાજાઓ, એની વૃદ્ધિને માટે, છ મુહૂર્ત જેમ દિવસની પાસે (૧), તેમ પાસે ઉભા—૫૬

---

( ૧ ) ઉત્તરાયન પછી દિવસ વધે છે ને રાત્રી ઘટે છે, દક્ષિણાયન પછી રાત્રી વધે છે ને દિવસ ઘટે છે; પણ તે ઉભય વખતે બબે ઘડી એટલે છ મુહૂર્તનો ફેર પડે છે. એ છ મુહૂર્ત જ્યારે દિવસમાં ઉમેરાય ત્યારે અહઃસ્નેહશાલી ને રાત્રીમાં ઉમેરાય ત્યારે રાત્રીસ્નેહશાલી એમ રાત્રી તથા દિવસની કાલે કાલે વૃદ્ધિ કરનારાં છે. આમ દ્વયર્થ વિશેષણોથી ઉપમા સાધી છે એમ ટીકાકાર.

શસ્ત્ર ધારણ કરી, દેવતાથી પણ અધિક ( દૈત્યરૂપ ), જીવિકા પામેલી સેનાથી, ને જીવિકા પામતા નૃપોથી, વીંટાયલો એ યુદ્ધ માટે ચાલ્યો—૫૭

ક્રોધથી જરા રક્તનયનવાળા, અને ગદાને ફેરવતા, એના મદોન્મત્ત હાથીએ, હાથ પગ ભંગાયલા શત્રુને ભમાવી નાખ્યા—૫૮

અતિ વીર્યવાળી, અને સાથે આવેલા મ્લેચ્છાદિથી ચારમાંના એક અંગેજ સંપૂર્ણ થએલી, એવી અક્ષૌહિણીને પાછળના ભાગમાં રાખી, ભયરહિત એવા એણે શત્રુને મથી નાખ્યા—૫૯

એનાથી મહીને નાના મોહોટા એવા નૃપોથી શસ્ત્રે હણાતાં, શત્રુએ ઓકરેલા લોહીનો, સરી પડાય તેવો, કાદવથઇ રહ્યો—૬૦

ઘાણે મારવા જેવા શત્રુને માત્ર ફુંકે ઉરાડી દેવાય તેમ હણતા એણે, ઓગણીસમા ભૂતની પેઠે( ૨ ), કાગડા પી શકે તેવી લોહીની નદી સંપૂર્ણ વહેરાવી—૬૧

ઓગણપચાસ મરુત્થી પણ અધિક એવા એણે, ઉપાડેલો સુખ અને યશ આપનારો ભાલો, યુદ્ધયજ્ઞમાં, યૂપદારુ જેવો શોભવા લાગ્યો—૬૨

સહજમાં છૂટી ગયેલા, સિંહથી બીહીનેલા હરણ જેવા, સો કરતાં પણ અધિક, કેટલાક, એણે જયાર્યે શસ્ત્ર ઉપડ્યું ત્યારથી મૃત્યુના ભયથી છૂટ્યા-૬૩

શત્રુના હજારો નરને સંહારતા એણે, તેમનાં ઉછળતાં માથાંથી સૂર્યને પણ અનેક રાહુની શંકા ઉપજાવી—૬૪

---

(૨) અઢાર પ્રકારનાં ભૂત ટીકાકારે ગણાવ્યાં છે પણ આ તો કોઇ નવોજ ઓગણીસમો.

દેવતાના શત્રુ ( દૈત્ય )નો પૂજક, શત્રુની ગતિને કાપી નાખ-નાર, હણવા મંડયો, ત્યાં કેટલાક પાળા ને કેટલા રથ પડયા તેનો હીસાબ રહ્યો નહિ—૬૫

અરિના હસ્તિદંતને વિખેરનાર એણે, પાછળ પડતા સુભટોને ધમકાવતાં, તેમ શત્રુને સર્વ કરતાં વધારે વાર હણતાં, યુધ્ધને ચૂતભં-જિકા( ૩ ) બનાવી દીધું—૬૬

કોપિત, અને ત્રિપુર નાશ કરનાર રુદ્રજેવા દુઃસહ, તથા કરિ કુંભસ્થલ ઉપર શસ્ત્ર ફેંકતા, સુરાષ્ટ્રભૂમિપતિએ, હાથીઓને બેસાડી પાડયા—૬૭

અજાણ્યાને ગાય દહોવાનું મુશ્કેલ પડેછે તેમ એની ઉગ્ર યુદ્ધ-કૃતિ આગળ નાસતા ભૃત્યોને આજ્ઞા કરી ઠેકાણે રાખવાનું ( શત્રુ પક્ષના ) રાજાઓને મુશ્કેલ થયું—૬૮

ઇંદ્રના શત્રુએ એણે, બીજા રાવણ જેવાએ, રાજાઓની સમક્ષ-જ રાક્ષસોને તૃપ્ત કર્યા અને લોહીથી પુષ્ટ કર્યા—૬૯

યમના બાંધવ, અને કલિના ગુરુ, એવા એણે, પરાક્રમીની સ્તુતિ કરતાં તેમ ત્રસ્તની નિંદા કરતાં, રાજામાં પણ જાણીતા અને સધર્મીમાં પ્રસિદ્ધ એવા સુભટોને હણ્યા—૭૦

દૈત્યોથી પૂજિત અને રાક્ષસોથી અર્ચિત એવા એણે, તે સમયે શત્રુની કીર્ત્તિની શ્વેતતાને મલિન કરતાં પરાક્રમની પરાકાષ્ઠા ક-રી—૭૧

રણમાં અતિકુશલ એવા એના હાથના લાઘવાથી, એણે ફેંકે-લાં તીરનું રૂપ કોઇથી જોવાતું નહિ; જેમ અક્ષમાં ખોટાપાસા નાખનારનો ખોટો પાસો જણાતો નથી—૭૨

---

( ૩ ) એ નામની રમત છે એમ ટીકાકાર. શી છે તે આપી નથી.

એ રણસિંહે, રણવ્યાઘ્રજેવા રિપુને પણ યુધ્ધમાં પ્રહારથી, તીર્થ-કાક કે તીર્થબક જેવા વિહ્વલ કરી નાખ્યા—૭૩

એ બધા બહુ છતાં પણ કાંઇ ન કરી શકે તેવા થઇ પડયા, કેમકે તે જે જે પ્રહાર તેના પ્રતિ કરતા તે રાખોડીમાં હોમ્યા બરાબર થતા—૭૪

આગલે દિવસે જે પ્રતિજ્ઞા કરેલી, આગલી રાત્રીએ જે સંકલ્પ બાંધેલા, તે બધાંને, એ અરણ્ય-તિલ જેવા ક્ષુદ્રલોક એના માર આગળ વિસરી ગયા—૭૫

એના યુધ્ધમાં એની ઉગ્ર અને તીવ્ર અને લોહિત તથા તક્ષક જેવી તરવારે, શત્રુનાં માથાંરૂપી નીલોત્પલથી રણમાં કરવાની પૂજા કરી—૭૬

એણે, અતિ તીવ્ર અને ઉગ્ર તથા કાર્તવીર્યાર્જુન જેવાએ, તથા કૃષ્ણસર્પ જેવાએ, એક ધનુષ્ ધારણ કરી, સર્વ સુભટોને સામા આવી નાસવું પડે એમ કરી, નસાડયા—૭૭

કેવલ પરાક્રમથી પ્રાચીન વરાહ જેવા, શેષ જેવા, નવા ઈંદ્રજિત જેવા, એણે ઉત્તરકોશલાધિપ સહિત સેનાને જીતી જય-ગર્જના કરી—૭૮

પશ્ચિમ સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલો, સાઠ કરતાં અધિક મુદ્રાથી ખરીદેલો, એવો, સોરઠી ગાય એજ જેનું ધન છે તેવા સુરાષ્ટ્રના લોકને આનંદ કરતો શંખ, ગાય ઉપર પ્રીતિવાળાએ, એણે, ફુંકયો—૭૯

આ પછી શ્રીવિષ્ણુ અથવા રુદ્ર જેવો મૂલરાજ, બે દિવસથી ચાલેલા આ યુધ્ધમાં, અસ્ત્રસહિત બે ભાથા સજીને ઉભો થયો—૮૦

ક્ષત્રિયાધમ, પાપિષ્ઠ દૈત્ય, નઠારા યોધ્ધાની સહાય્યવાળો, એ ક્યાં છે એમ બોલતા એ નરવ્યાઘ્રે પણછ ચઢાવી—૮૧

તેજથી બીજા સૂર્ય જેવો એ, આદિપુરુષ શ્રીવિષ્ણુ જેમ પ્રથમ દૈત્યને હણવા નૃસિંહ રૂપે તત્પર થયા તેમ, આ છેલ્લા દૈત્ય ( ગ્રાહરિપુ )ને હણવા તૈયાર થયો—૮૨

મર્ત્ય લોકના પતિ ( મૂલરાજ ), વીરપુરુષ, મધ્ય પાંડવ ( અર્જુન ) જેવા, એણે અતિ પરાક્રમથી અસાધારણ રણોત્સવ આરંભ્યો—૮૩

એણે શ્રેણીમાં ગોઠવેલા ને સમૂહે કરેલા પ્રથમ શૂર યોધ્ધાને, શત્રુઓએ, એ પોતેજ જાણે શ્રેણિરૂપ કે સમૂહરૂપ હોય, એમ ભયથી જોયા—૮૪

એણે યુધ્ધ કર્યું ન કર્યું એટલામાં અતિ ક્લેશ પામેલા અને ક્લેશમય મૂર્તિવાળા, તીરથી લોહી પીવાયલું ન પીવાયલું એવા શત્રુઓ છેદાયા ન છેદાયા છતાં ભ્રમણ પામી ગયા—૮૫

એ શ્રેષ્ઠ નૃપે હાથી ઉપર રહે રહે, પૂર્વે ક્લેશ ન પામેલું એવું શત્રુસૈન્ય ક્લેશિત તથા પરમ વિહ્વલ, ઉત્તમાસ્ત્રોથી, કરી નાખ્યું —૮૬

એટલે ઉત્કૃષ્ટ અસ્ત્રો વર્ષાવતો દૈત્યનો રાજા ( ગ્રાહરિપુ ) ક્રોધ પામી, ઉત્તમ યોધ્ધાથી વીટળાયલા રાજકુંજર તરફ ધસ્યો—૮૭

હે ક્ષુદ્રનૃપ ! આપણામાંનો કોણ હવે કઠ છે ને કોણ ઉત્સ( ૧ ) છે એમ અન્યોન્યને આક્ષેપ કરતા એ બે રાજા લડવા લાગ્યા —૮૮

---

( ૧ ) શસ્ત્રભીરુ બ્રાહ્મણોનાં નામ.

જવાન હસ્તિનીઓની પેઠે, કેટલાક ઘોડાથી ને કેટલાક હાથીથી વીંટાયલા એ બેના રાજાઓ તો દૂર ઉભા રહ્યા—૮૯

જે એ યુધ્ધમાં ભળ્યા નહતા તેમને, એકવાર વાયલી ગાય, ગૃહ્ઠવત્સથી દહોવાતી ગાય, વાછડાંને ખાતી ગાય, વાંજણી ગાય, તેની પેઠે એ બે પૃથ્વી રૂપ ધેનુના પાલનાર, હણતા ન હતા—૯૦

શ્રોત્રિયકઠ, કાલાપપાઠક, કૌત્સોપાધ્યાય, એમને જેમ ધૂર્તકઠ છેતરે છે તેમ સૌરાષ્ટ્ર ( ગ્રાહરિપુ એ ) ચૌલુકય ( મૂલરાજ )નાં અસ્ત્રોના પ્રહારથી વંચી જવા માંડયું—૯૧

એ દૈત્યશ્રેષ્ઠે, ગાર્ભિણી ઘોડીના ગર્ભ છૂટી પડયા એ રીતે, ઉત્તમ ગદા, ગર્જના કરીને, ગૂર્જરભૂપતિ ઉપર ફેંકી—૯૨

માથેથી યુવા છતે પણ તાલવાળો, બુધ્ધિથી યુવા છતે પણ વૃદ્ધ, જુવાન છતાં પળીયાં વાળો, એવા રાજપુત્રે, હસીને તેના શક્તિથી ભંગકર્યો—૯૩

તીખું ભોજન કરવાથી થઇ હોય તેમ અશ્રુ સહિત આંખવાળો ગ્રાહરિપુ ક્રોધથી કપાળે ચઢાવેલી કરચલીથી, જુવાન છતાં વળિયાં પડેલો વૃધ્ધ જણાયો—૯૪

સરખે સરખા જાડા બે એ હાથથી, ખાવાનું અન્ન હોય તેમ, લીલામાત્રથીજ, એણે, લોઢાનાં સર્પ જેવાં, બે શંકુ પકડીને ( મૂલરાજ ઉપર ) ફેંકયાં—૯૫

કુમારીપરિવ્રાજિકાના શાપ જેવાં દુઃસહ, કે કુમારી શ્રમણાના શીલ જેવાં તીક્ષ્ણ, તીરથી તેને ચૌલુકયે તોડી નાખ્યાં—૯૬

અન્યોન્યને છેતરવાની બુદ્ધિથી ફેંકાયલાં તીરથી એ ઉભયે, પક્ષીસહિત પ્લક્ષ અને ન્યગ્રોધનાં વૃક્ષ જેવા રાજે છે—૯૭

તેમને, સ્નિગ્ધવાણી અને અંગવાળા, તથા પીઠછત્રોપાનહાદિ ધારણ કરતા, નારદ મુનિએ, ધવખદિરપલાશાદિમાં ભરાઇ રહીને જોયા—૯૮

પછી ભમર ચઢાવીને, રોષથી વાંકી દાઢી કરીને, ભયાનક અને ફાટી ગયેલા ડોળા સહિત, અતિ ભયાનક ભુજવાળો, એ દૈત્ય, વાંદરાની પેઠે કૂદીને, કીર્તિ તથા યુધ્ધનાં માતા રૂપ છરી અને ખડ્ગ લઇ, જે હાથી ઉપર ચૌલુક્ય બેઠો હતો તે ઉપર ચઢ્યો—૯૯—૧૦૦

એ બે અતિ દર્પવાળા, યમપુત્ર જેવા, હાથમાં તરવાર અને છરી લઇ પિત્રાઇ બાઝ્યા હોય એમ એકજ હાથી ઉપર લઢવા લાગ્યા—૧૦૧

સ્કંદકુમારનાં માતા પિતા ( શિવ પાર્વતી ) અને પ્રદ્યુમ્નનાં માતા પિતા ( વિષ્ણુ અને લક્ષ્મી ) તારા ઉપર આજ રુઠ્યાં છે એમ કહેતાં ચૌલુક્યે દૈત્યને ભૂમિ ઉપર પાડ્યો —૧૦૨

શિવનાં સાસુ સસરાના પુત્ર ( મૈનાક ) જેવા દુર્ધર એણે, કૂદી પડીને, જેનાં સાસુ સસરો રડતાં રહ્યાં એવા ( ગ્રાહરિપુ )ને હાથીની વરતથી બાંધ્યો—૧૦૩

ઇંદ્ર અને ઇંદ્રાણીના રિપુને બલિની પેઠે બાંધનારને, એને, વિષ્ણુની પેઠે, ઇંદ્ર તથા ઇંદ્રાણી તેમ ગાર્ગ્ય અને વત્સ કુટુંબના બ્રાહ્મણો, સ્તવવા લાગ્યા—૧૦૪

આ ગાયો, આ વાછડાં, આ ઘોડા, આ રુ રુ, સર્વ ત્વરાથી જાઓ એમ, એ પકડાયા પછી, બોલતો ક્રોધ કરીને લક્ષ ધાયો —૧૦૫

વસ્ત્ર, અંગરાગ, માલા, એ બધાં શ્વેત કરતો ( તે ), ચૌલુક્ય પાસે આવીને બોલ્યો—૧૦૬

હે મૂલ નક્ષત્રમાં જન્મેલા ! આજ હું યુદ્ધે ચડ્યો છું ત્યાં તારો ચંદ્ર પુષ્ય અને પુનર્વસુમાં છે( ૧ ) એમ જાણ, કેમકે મારા અને ગ્રાહરિપુનામાં તિષ્ય અને પુનર્વસુની પેઠે કશું અંતર નથી—૧૦૭

તારાં પોતાનાં લાભાલાભ વિચારી, એને, તેમ તારાં માન અને કીર્તિને, મૂક, લાભાલાભ વિચાર કરીનેજ સુખકર કે દુઃખકર વસ્તુનું ગ્રહણ કરાયછે—૧૦૮

ઘોડાઘોડીની પેઠે એને બાંધીને ઘોડા ઘોડીની ઇચ્છા કરતો હોય તો તારા આગળ પાછળનામાં કોઇએ એમ કર્યું હોય તે કહે, અમે તો ( મિત્રને છોડાવવા રૂપી કાર્ય રૂપ ) આ યુદ્ધથીજ તે કહી બતાવીએ છીએ—૧૦૯

ઉંચું નીચું જો નહિ, ત્યાં હવે તારૂં કોણ છે? પાડે પાડાને બાઝે તેમ હવે મારી સાથે યુદ્ધ કર—૧૧૦

પછી ચૌલુક્ય, કોપમાં પણ વાણીથી દધિ અને ઘૃત ખવરાવતો બોલ્યો કે જેને ગાયો એજ દહિ ઘીને સ્થાને ખપેછે તેવા એ દુષ્ટને કેમ મૂકી શકાય ?—૧૧૧

એ પાપી કુશકાશ જેવો છે, ને એના સહાય નૃપો પણ તેવાજ છે, એને છોડાવવાની ઇચ્છાવાળા એક તમેજ, ધવાશ્વકર્ણ ( ૨ ) જેવા સસાર જણાઓ છો–૧૧૨

તમે જો યુદ્ધ કરશો તો તમને તિલ અને અડદની પેઠે આ મારો

---

( ૧ ) અર્થાત્ આઠમો ચંદ્ર છે, તેથી તારૂં મરણ થશે, એમ ટીકાકાર.

( ૨ ) એ નામનું વૃક્ષ એમ ટીકાકાર. એવા સસાર જણાઓછો એ ઉપહાસગર્ભ વાણી છે.

હાથ પીશી નાખશે; ધવાશ્વકર્ણને ભાગી નાખનારો મહાવાયુ શું તિલ અડદનાં કર્ષણ આગળ પાછો હઠશે ?—૧૧૩

એક પ્રકારના હરિણ જેવા અશ્વસહિત તે હરિણની પેઠેજ જો નાશી જવાની તારી ઇચ્છા હોય તો અત્યારથીજ નાશ, અહીં તિત્તિર અને કપિંજલની પેઠે ટક ટક ના કર—૧૧૪

એમ સાંભળીને એણે ( લક્ષે ), અશ્વરથાદિમાં બેઠેલા શત્રુને મગતરા જેવા કે તિત્તિર કપિંજલ જેવા પણ ન ગણ્યા, ને પોતાના હાથમાં ધનુષ્ લીધું—૧૧૫

બોર અને આમળાની પેઠે, કે ધાણી અથવા જલેબીની પેઠે, શત્રુને ખાઇ જવા માટે એણે તીર વરસાવા માંડ્યા ત્યારે ત્યાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર સર્વે ત્રાસ પામ્યા—૧૧૬

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્રના પાળનારે ( મૂલરાજે ) પણ ધનુષ્‌નો ટંકારવ કર્યો, અને ભેરી તથા શંખના વગાડનારાએ જયનાદ કરતાં ભેરી તથા શંખ ફુંક્યાં—૧૧૭

માથું અને ડોક ન હલાવતા એવા એના, ધનુષ્‌ની પણછના ઉચ્ચનાદથી જાણે એમ કહેવાવા માંડ્યું કે હવે કઠ અને કાલાપ એ ( બ્રાહ્મણો ) પ્રતિષ્ઠા તથા ઉન્નતિ પામ્યા—૧૧૮

વાજપેય ચયનમાં કે અર્કાશ્વમેધમાં હોય તેમ રણમાં એ ઉભયે વજ્ર જેવાં ઇશુથી માંડવો બનાવી નાખ્યો—૧૧૯

વિરોધને લીધે નોળીયા અને સર્પની પેઠે બાઝેલા, તથા( અનુક્રમે ) દેવતા અને દાનવથી સ્તવાયલા, એ ઉભયે, યુદ્ધરૂપી સંહિતાના વિસ્તાર માટે પદક્રમ કરવા માંડ્યાં( ૧ )—૧૨૦

---

( ૧ ) સંહિતા, પદક્રમ એ શબ્દો દ્વ્યર્થ છે. સંહિતા એટલે સંધિપૂર્વક

ગુર્જરત્રા અને કચ્છના એ બે નાથે, દ્વારકાનાથ અને કુંડિનપુરાધીશની પેઠે, શર રૂપી મોજાંની પરંપરાથી જાણે ગંગાશોણ વહેવરાવ્યો—૧૨૧

વારાણસી અને કુરુક્ષેત્ર રૂપી સંગ્રામભૂમિ પામીને એ બે, જેમ શૌર્યપુર અને કેતવતના નાથ તેમને પામીને ખુશી પામે, તેમ ખુશી થવા લાગ્યા—૧૨૨

દૃઢતાથી ગૌરી અને કૈલાસ પર્વત જેવા, અંગે અક્ષત, એ બે સૂતાર અને લવારનું અનુકરણ, પરસ્પર શસ્ત્ર ભાંગી નાખી, કરતા હતા—૧૨૩

સુભટોએ બળદ અશ્વ ઉંટ ગર્ધવાદિ ઉપર બાણ આણી આણીને, દહી અને દૂધ જેવી ઉજ્જ્વલ કીર્તિની આકાંક્ષા રાખતા તેમને આપ્યાં—૧૨૪

દશ જેની સમીપ છે (૧) એટલા હાથીના જેટલા બલવાળા, તથા દધિ અને સર્પિષ્ જેવાં ચક્ષુવાળા લક્ષે, છ બળદ અને પાડાથી ઉચકાયલો ભાલો ઉપાડ્યો—૧૨૫

એણે, લગભગ દશ હાથી તથા ઘોડાને કચરી નાખતાં, તથા દશેક રથને છુંદી નાખતાં, અતિ મત્સરવાળા દંતથી હોઠ કરડતાં, ભાલો ઉંચો કરીને ફેંક્યો—૧૨૬

---

લખેલો વેદમંત્રોનો સમૂહ; તેનો વિગ્રહ કરી બોલાય તે પદ; અને તેની અમુક પ્રકારે બબે બબેથી આવૃત્તિ કરાય તે ક્રમ–એવા ઘણા પ્રકાર છે. જેમ વેદ સંહિતા પદને ક્રમથી વિસ્તારવાળી થાય તેમ યુદ્ધ કાર્ય પદક્રમ એટલે અમુક અમુક સ્થાનાદિ પ્રક્રિયા તેથી વિસ્તરે.

(૧) એટલે નવ કે અગીઆર એમ ટીકાકાર.

ષડંગે ઉન્નત ( ૧ ) એવા ચુલુક્યરાજે, ચારે દિશાને કીર્તિથી સુવાસિત કરી લીપી લેતા, સર્વ સારમય લોહના ભાલાથી લક્ષને હણ્યો—૧૨૭

ઉગ્રરિપુના નિગ્રહથી પોતાનું પ્રિય કરેલા એવા એના ઉપર તેજ ક્ષણે બબ્બે ત્રણ ત્રણ સ્ત્રીઓસહિત દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી —૧૨૮

બાલકોને આંગળીએ વળગાડીને એની પરણેલી સ્ત્રીઓએ, પતિરૂપ ભિક્ષા માગવાથી, એણે ગ્રાહરિપુને, અંગુલી કાપી લઇને, છોડી દીધો—૧૨૯

સૌરાષ્ટ્રનાં વૃદ્ધ તેમ બાલ સર્વેએ એ સમયથી ધારણ કરેલો સ્ત્રીવેશ ( ૨ ) રાજિપુત્ર ( મૂળરાજ )નો યશ પ્રકાશ કરેછે—૧૩૦

એ ભૂપતિએ યતિ તથા વિપ્રોને, યથાર્થ વ્યવસ્થાપૂર્વક, દુઃખહીન કરી સુખ સંપન્ન કર્યા—૧૩૧

પછી પ્રજાને પુત્ર સમાન ગણતો, અને તેજરૂપી અગ્નિથી સર્વને હિતકારી, એ, પુત્રપ્રસવથી જાણે સંતોષ પામ્યા હોય એવા અગ્નિહોત્રીઓ સાથે પ્રભાસ ગયો—૧૩૨

ઉંચી રાખેલી તરવારવાળો, અને ઉંચી રાખેલી તરવારવાળાથી રક્ષાયલો, વિષ્ણુરૂપ, એ, ચંદ્રશેખર શૂલપાણિ શિવને સ્પર્શ કરી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો—૧૩૩

---

( ૧ ) શુભ લક્ષણયુક્ત મહાપુરુષોનાં માથુ, હૃદય, ખભા, ને પગ, એ ૭ ઉન્નત હોયછે એમ ટીકાકાર.

( ૨ ) કાછડી ન ઘાલવારૂપી એમ ટીકાકાર.

હે શ્રીકંઠ ! જે કોઇ આર્ત હોઇ, કંઠમાલથી કે શિરોવેદનાથી પણ પીડિત હોઇ, તમને નમેછે તેનો કંઠરોગ તેમ શિરોવ્યાધિ સર્વ તેજ ક્ષણે નિવૃત્તિ પામેછે—૧૩૪

હે વિશ્વપ્રિય ! દાસરૂપ મીમાંસક તે, તમારા ( સર્વજ્ઞત્વનો ) નિરાસ કરતાં, પ્રિય છે મિથ્યાવાદ જેને એવા દાસરૂપ જૈમિનિ જેવો કોઇકજ હોય, ( બાકી બીજો તો ન હોય )--૧૩૫

વૃદ્ધ મન્વાદિથી સ્તુત્ય એવા તમને જે વૃધ્ધ મન્વાદિ તુલ્યભક્તિ-પૂર્ણ વાણીવાળો હોઇ, ધર્માર્થને પ્રિયગણી, સ્તવે તે કદાપિ પણ ધર્માર્થથી ભ્રષ્ટ થાય નહિ--૧૩૬

બ્રહ્માદિના તમે આદિ ને અંત છો, પણ તમારૂં આદિને અંત કોઇ નથી, અગ્નિ સોમ વાયુ જલ આદિ સર્વ દેવ તમારા ( અંશ-ના ) તિલ કે માષ જેવા છે—૧૩૭

હે કાર્તિકેયપિતા ! કુબેરસખા ! જે પુત્ર દારા–મિત્રાદિ તજીને તમનેજ ભજે છે તે ત્રીલોકમાં અસ્ત્ર શસ્ત્રથી અતિ દુર્જય થાય છે—૧૩૮

શ્રદ્ધા અને તપથી સંપન્ન એવા ધન્ય પુરુષો તમને બીલી અને ગુગળથી અર્ચી, શંખ દુંદુભિ વીણા આદિથી તમારી ઉપાસના કરે છે—૧૩૯

વીણા દુંદુભિ શંખાદિ તમને પ્રિય છે માટે પ્રસિદ્ધ નારદાદિ પણ તમારા આગળ વીણાદુંદુભિશંખાદિ ગ્રહે છે—૧૪૦

વિનાયક અને કાર્તિકેયના ગુરુ ! ફાગણ અને ચૈત્રની પૂર્ણિ-માએ તમારાં દર્શન ગ્રીષ્મલીલામાં ને દોલાલીલામાં ( ૧ ) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સર્વે કરે છે—૧૪૧

---

( ૧ ) ગ્રીષ્મલીલા તે ફાગણ શુદી ૧૫ ની જે હાલ હોળી થાય છે.

પછી બારે સૂર્યની શોભાવાળો, ગ્રીષ્મ વસંત ( ની ક્રીડા ) માટે ઉત્કંઠિત થયેલો, એ, કાર્ત્તિકેય અને બુધ જેવો, પૃથ્વીપતિ, હાથીના ચર્મથી તથા ભસ્મથી શરદ્ અને વર્ષાકાલના મેઘ સમાન શોભતા શંકરને એમ સ્તવી, પાંચ છ દિવસમાંજ, આઠસો હાથી સહિત, મઘા અને અશ્લેષાની પાર ચંદ્ર ગયેલો એવે સમયે ( ૧ ), પોતાના પુરમાં પેઠો—૧૪૨

## સર્ગ ૬.

પછી યથાર્થ રીતે ધર્માર્થકામને આરાધતા એ રાજાને ચામુંડરાજ એ નામે પુત્ર જન્મ્યો; જેનામાં પરસ્પરની સ્પર્ધા કરતી હોય એમ સરસ્વતી અને લક્ષ્મી, પ્રતાપ અને શાન્તિ, એકત્ર વસ્યાં—૧

પરસ્પરનો દ્વેષ તજીને, કે પરસ્પરનો પ્રતિબંધ ન કરીને, કે અન્યોન્યની સ્પર્દ્ધાથી, એનામાં મિત્રની પેઠે વિવિધ વિદ્યા ને ગુણો વસ્યાં—૨

શક્તિ અને ક્ષમા, યૌવન અને સંયમ, પરસ્પરને જોડાઇને રહેલાં

---

ઢુંઢા નામની રાક્ષસી બાલકોને પીડતી તેથી તેનો વિનાશ બાલકોનેજ હાથે કરાવેલો છે. બાલકો હાસ્ય કારક ગીત ગાતા, રમણીય વેશે, તોફાન કરતા, આવે છે, ને ઢુંઢાને ખાવા નોતરેલી હોય છે, ત્યાંથી શંકરકૃપાએ મારી કાઢે છે. આવી મતલબની ભવિષ્યોત્તર પુરાણમાંની વાત ટીકાકાર આપે છે. દોલા એટલે હીંદોળો તેનો ઉત્સવ ચૈત્રી ૧૫ ને દિવસ શંકરપાર્વતી હીંદોળે બેસે છે, ને તે પાર્વતીની ઇચ્છાથી વાસુકીનો શંકરે બનાવ્યો છે ઇત્યાદિ મતલબની વાત એજ પુરાણમાંથી ટીકાકાર આપે છે.

( ૧ ) અશ્લેષા મઘા ને પૂર્વાફાલ્ગુની એ પ્રવેશ માટે અનિષ્ટ છે ને ઉત્તરાફાલ્ગુની ઇષ્ટ છે એવા આશયનું લખી તે ઉપર રત્નમાલાનું વાક્ય ટીકાકાર આપે છે.

દીઠાં નથી, તો પણ એવા નીતિમાન્ આગળ તે પણ પરસ્પરનો ચિરયોગ કરી રહ્યાં છે—૩

કલા, શાસ્ત્ર, અને બુદ્ધિગુણ, એ ત્રણે જાણે સંકેત કરીને ભેગાં થયાં હોય તેમ એક એકને અધિક શોભાવનારાં એનામાં થયાં અને અતિ ઉત્તમ ભૂષણ નીવડ્યાં-૪

વૃદ્ધોની સેવા કરવી, ભક્તિ કરવી, ને સ્પૃહા કરવી, અક્ષથી( ૧ ) વિરક્ત રહેવું, સ્ત્રીવ્યસન પરત્વે નિયમિત રહેવું, એ બધા એના જે સહજ ગુણ છે તેનું પૂર્વના સંસ્કાર એજ ખરેખરૂં પૂરતું કારણ છે-૫

શંકરગૃહમાં, વ્યાસ પાસેથી, જ્ઞાનવૃદ્ધાદિકના સંગમ ઉપર પ્રીતિ રાખનાર એ અર્જુનનાં પરાક્રમની કથા સાંભળી, એમ વિચાર કરવા લાગ્યોકે આમારી પાસેનાં ધનુષ્ અને ભાથાથી, ગુરુની યુદ્ધાર્થ આજ્ઞા સિવાય શું કરી શકાય?—૬

ગૂર્જરેશોની સમૃદ્ધિનો હેતુ, અનેક ભારદ્વાજ( ૨ ) પ્રતિ ભક્તિમાન્, ત્રણે લોકમાં જેના ગુણ ગવાયલા એવો, ગૂર્જરેન્દ્ર ઉપર અતિ સદ્ભક્તિવાળો, એ સ્વર્ગના રાજાના પુત્ર ( જયંત ) જેવો શોભતો હવો–૭

( પરસ્ત્રીના સહોદર થવાના ) યશની આકાંક્ષાવાળો, લોકમાત્રને ન્યાયમાર્ગે ચલાવવાના તંત્રનો સૂત્રધાર, પરસ્ત્રીને અનંગ રૂપ, એવા એના આગળ જે સ્ત્રીઓને પૂર્વે લક્ષ્મી જેવી અમે છીએ

---

( ૧ ) પાસા, અથવા વિષયો એવા બે અર્થ ટીકાકાર કરે છે.

( ૨ ) ભારદ્વાજ છે તે ચૌલુક્ય વંશના આદિ પુરુષ તથા ગુરુ છે એમ શ્રુતિ છે એવું ટીકાકાર.

એમ માન હતું તે તેમણે તજ્યું એટલુંજ નહિ, પણ પોતાને ઉત્તમ સ્ત્રીરૂપનું માન હતું તેપણ તેમણે તજ્યું—૮

વેદપારાયણ કરતા, તપરૂપી બલથી બલિષ્ઠ, એવા હિમાદ્રિથી આવેલા( બ્રાહ્મણ ) જનોને, એણે, બીજાં કામ વેગળાં મૂકી, સહસા અભ્યુત્થાનાદિથી સત્કાર કરી, તથા જલથી અર્ઘ્યાદિકરી, યથેષ્ટ ( ધન ) આપ્યું-૯

તેણે તમોગુણથી, ઉદ્ધતાઇથી, પ્રજાને કશી પીડા કરી નથી, કેમકે પુરુષો પોતાની નાની બહેનના દોષ તરફ મૂલથીજ આંધળી આંખ રાખે, તેમ એ પ્રજા પ્રતિ રહ્યો છે—૧૦

વિદ્વાનોથી વિનીત, પોતાની મેળેજ વિષમશાસ્ત્રને પણ જાણનારો, સ્વભાવથી વીશમા ગુણ જેવો શોભતો, એ, પ્રસન્ન એવી સરસ્વતીથી કરીને, જેમ ઙિત્ ધાતુ આત્માનેપદને પામે છે, તેમ આત્મને પદ ( પોતાને માટે ઉન્નત પદ )ને, પુરુષોમાં, પામ્યો–૧૧

અંતરથી સસાર એવા એને, યુધિષ્ઠિરને પણ ચઢે તેવા રાજાએ, અરણ્યતિલવત્, કે વંશવનવત્, પરસ્મૈપદને (૧) શેષ રહેલા ધાતુની પેઠે, પૂરો પડે તેવો ગણ્યો–૧૨

સ્તૂપેશાણ, દૃષદિમાષ, યૂથપશુ, ( ૨ ) આદિ કરના ભરનારા

---

(૧) પરસ્મૈપદ એ શબ્દના બે અર્થ છે. પર એટલે શત્રુ તેનું પદ એટલે સ્થાન અર્થાત્ શત્રુને પૂરો પડે તેવો. શેષધાતુ એટલે આગળના શ્લોકથી જે આત્મને પદ ઙિત્ધાતુ કહ્યા તેનાથી જે શેષ રહેલા ધાતુ પરસ્મૈપદને પૂરા પડે છે એટલે પરસ્મૈપદના થાય છે તેમ. આવો શબ્દશ્લેષ આ ઠેકાણે છે.

( ૨ ) આ ત્રણે એક એક પ્રકારનાં નામ છે. સ્તૂપ એવું ગાયોના ટોળાનું નામ છે ને શાણ એવું ચારમાસા સોનાના શિકકાનું નામ છે. ટોળે ટોળે

અને કીર્તિરૂપ મોતીના કોઇ વંશ ( ૧ ) જેવો, તથા હાથીના જેવા બલવાળો, અને ઇંદ્રના જેવી લક્ષ્મીવાળો, ગણે છે—૧૩

પોતાથી સહજ મહોટા તેમ અતિ વૃધ્ધ એવા સર્વ ગુરુને આનંદ આપતો, તથા જેનાં કામમાત્ર ભસ્મમાં ન હોમાતાં સફલ છે એવો એ, શું ગોને ( ૨ ) વિષે ફરતો વિષ્ણુ છે, કે કોઇ વિદ્યાધર છે, કે હૃદયનો મર્મ જાણનાર મદ્રદેશચારી શલ્ય છે, એમ ( એના વિષે બધાં ) વિચાર કરે છે—૧૪

મેરોનો અનંત ગુરુ, સિંહ જેવો, કૃશોદર, માથે શિખાવાળો, એ એકવાર, છાતીએ લોમવાળા ( ૩ ), તથા કંઠે જેને કાલકૂટ છે એવા શંકર જેવા રાજાને નમસ્કાર કરી સભામાં બેઠો—૧૫

એવામાં, માથે માલા ધારણ કરેલો, અર્થવિજ્ઞાપનાના કાર્યમાંજ નિરંતર મસ્ત, પત્રધારી ( પ્રતીહાર ), હાથ જોડીને વિજ્ઞાપના કરવા લાગ્યો: પોતાના માથાની ઇચ્છા રાખતા અંગદેશના રાજાએ ચક્રાદિ અવયવો એ સારી રીતે શણગારેલો આ રથ આપને આજ ભેટ કર્યોછે—૧૬

---

શાણ આપવો એ કર તે રતૂપેશાણ. અને દૃષદ્ એટલો પથરો, તે પથરે પથરે એક માસો એટલે પાંચ રતિ આપવી તે દૃષદ્મિાષ, યૂથ એટલે પક્ષીનું યૂથ તેમાં એક એક પશુ આપવો તે યૂથપશુ. એ બધા કર એણે ન લીધેલા માટે એને લોક ચહાય એવી મતલબ છે એમ ટીકાકાર.

( ૧ ) મોતીની ઉત્પતિ પ્રાચીન શાસ્ત્રકારો, હાથીના માથામાંથી ને દાંતમાંથી, કૂતરાની ને વગાહની દાઢમાંથી, મેઘમાંથી, સર્પમાંથી, વાંસમાંથી, ને માછલીમાંથી, માને છે એમ ટીકાકાર.

( ૨ ) ગો એટલે ગાયો તે વિષ્ણુપક્ષે, ને ગો એટલે પૃથ્વી તે ચાંમુડરાજ પક્ષે.

( ૩ ) એ મહાનુભાવતાનું લક્ષણ એમ ટીકાકાર.

હે પ્રથમ પ્રહરના સૂર્યથી પણ અધિક પ્રતાપવાળા! તમે હાથીના બાંધનારા જે (વિંધ્યાદ્રિના) રાજાને (જીતીને) હાથે બાંધ્યોછે, ને જેણે આપની સેનાની યોજના કરી છે, તેનો ભેટ મોકલેલો પ્રથમ પ્રહરના કમલના અગ્ર જેવી સૂંઢવાળો આ હાથી રહ્યો—૧૭

પ્રાતઃકાલની અને સાયંકાલની સંધ્યાની પેઠે જે આપની પાદુકાને અર્ચેછે, એવા પાંડુદેશાધિપતિની ભેટરૂપ આ પ્રથમ પ્રહરે પણ જ્યોત્સ્નાની શોભા ધારણ કરતા આહાર આવ્યાછે—૧૮

તમે જેની આંગળી લીધી છે એવો, અને તેથી પૂર્વ પ્રહરે કે પશ્ચિમ પ્રહરે નહિ (પણ રાત્રીએજ) ભોજન કરનારો, સિંધુરાજ પ્રથમ પ્રહરના સૂર્ય જેવી પ્રભાવાળાં આ રત્ન ભેટ મોકલેછે—૧૯

વિનયથી શિષ્યભાવ ધરતો જે વનવાસ(૧) ભર્તા, તમને જલશાયી (વિષ્ણુ) કે જલશાયીના મહોટાભાઇ (બલભદ્ર) કે શિવના શિષ્ય (પરશુરામ) જેવા જાણેછે, તેણે આ સુવર્ણ પોતાના વનવાસના કર રૂપે મોકલ્યુંછે—૨૦

હે કમલાક્ષ! શરજાચલ(૨)નો રાજા, સંધ્યાકાલે પણ ન મીચાનારાં, વર્ષ દિવસની સેવાના ફલરૂપે કાર્તિકેય પાસેથી મળેલાં, આ કમલો વાર્ષિક દંડરૂપે આપને મોકલેછે—૨૧

શ્રીલક્ષ્મીના પ્રસાદથી ને શ્રીગૌરીના પ્રસાદથી થયેલો કોલ્લા-

---

(૧) વનવાસ એ એક દેશનું નામ છે, ને ત્યાં સુવર્ણ થતું એમ ટીકાકાર.

(૨) શરજ એટલે કાર્તિકેય તેનો અચલ પર્વત. તે દેવગિરિ એમ ટીકાકાર.

પુર ( ૧ )ના પ્રસિધ્ધરાજા કમલોનું વન હોય તેવા પદ્મરાગમણિ, કામરૂપ શત્રુને શંભુ જેવા આપને મોકલેછે—૨૨

હે મેઘગતવિદ્યુત્ જેવા તેજસ્વી ! મનોજના નવીન અસ્ત્રરૂપ ઉત્તમ હરિણોના મૂત્રના પંકમાંથી થયેલી, ઇંદ્રાણી અને પાર્વતીનાં સ્તનના લેપને યોગ્ય, ( કસ્તૂરી ), કીરે ( ૨ ) મોકલીછે—૨૩

ઇંદ્રધનુષ્ જેવાં રત્નથી ઇંદ્રધનુષ્‌ની શોભાવાળું, વર્ષાકાલના મેઘ જેવું, તે પ્રસિદ્ધ, કુરુરાજનું, શરદ્ ઋતુના કાલના તાપને પણ હણનારૂ, આ છત્ર આવ્યું છે—૨૪

સમુદ્રથી ઉત્પન્ન થયેલા દિવ્ય અશ્વ ( ઉચ્ચૈઃશ્રવા ) જેવા, જલમાં દોડતા નાવ જેવી ગતિવાળા, મેઘમાંથી ઉત્પન્ન થતી વીજળી જેવી છબિવાળા, અને જેમને જોતાં લોક તૃષાતુર છતે પણ પાણી પીવું ભૂલી જાય તેવા, તેજ દેશના રાજાના આ અશ્વ આવ્યા છે—૨૫

માર્ગમાં ચોર લોકની સાથે મળીને વર્તનાર, દાસીપુત્ર, ખસ લોકને તમારી આજ્ઞાથી હણીને, કાંપીલ્યના, ગંગાતટે પડેલા સિધ્ધે તેમની સમૃદ્ધિ તમારા તરફ મોકલી દીધી છે ( ૩ )—૨૬

પર્વત જેવો ઉન્નત, જોનારનાં હૃદયનું તુરતજ હરણ કરનારો, વર્ણન કરી ન શકાય તેવો, મહાહાથી, હે. જેના રિપુ દાસીપુત્ર

---

( ૧ ) કોલ્લાપુરતે કોલ્હાપુર હશે; ત્યાં પદ્મરાગમણિ થતા એમ ટીકાકાર લખેછે.

( ૨ ) કીર એ કાસ્મીરનો રાજા એમ ટીકાકાર.

( ૩ )ખસ એ જાતના ક્ષત્રિય હતા; તથા કાંપીલ્ય એ પાંચાલદેશનું એક શહેર હતું જેનો રાજા પાંચાલાધિપ, સિદ્ધ કહેવાતો એમ ટીકાકાર.

જેવા થઇ જાય છે તેવા પ્રતાપી ! લાટ દેશના દ્વારપ રાજાએ દક્ષિણ દિશા ભોગવવાના દંડ રૂપે મોકલ્યો છે (૧)—૨૭

(એ સાંભળતાં તુરતજ) એ હાથી તરફ આંખનો અણસારો કરતાં, તેની ઉત્પત્તિ કેવા પ્રકારના હાથીથી છે એ જાણવાની ઇચ્છાવાળા ભૂપતિએ, કુમાર (ચામુંડરાજ) તરફ જોયું; ને મૂલરાજપુત્રે પણ હાથ જોડી આ પ્રમાણે કહ્યું—૨૮

વાચસ્પતિકૃત ગજલક્ષણશાસ્ત્ર યથાર્થ સમજીને જેવું મને શુનઃશેપ, શુનઃપુચ્છ, શુનોલાંગૂલ, આદિ મુનિઓએ કહ્યું છે તે પ્રમાણે એ હાથી યોગ્ય નથી—૨૯

આવો લાંબી સૂંઢવાળો હાથી, દિવોદાસાદિ દેવથી સ્તવાયલા ઇંદ્રનું સ્વર્ગાધિપત્ય, હોતાના પુત્ર શિષ્યાદિ સર્વે આશિર્વાદ આપતા હોય તે છતાં પણ, તોડી નાખે—૩૦

આવો અસ્થિ દંતો હાથી જે સ્વામીના ઘરમાં રહે તેના પિતાના શિષ્ય, પિતાના પુત્ર, પિતાની ભગિનીનાં છોકરાં, તેનો પતિ, ને તેનું નામ પણ, ઉખેડી નાખે.—૩૧

આવો બિડાલનેત્ર ગજ યજમાનના ઘરમાં આવતાં, હોતા અને પોતા, પોતાનાં પિતામાતા તથા બહેન અને ભાણેજ સહિત અતિ ક્લેશ કરેછે—૩૨

બહેન અને દીકરી તથા પિતા અને પુત્રનો ક્ષય કરનાર આવા પોપટપૂછીઆ હાથીને હે રાજન્ હોતાનો પુત્ર દક્ષિણામાં પણ લેતો નથી, તો ઇંદ્ર અને વરુણથી પણ અધિક એવા તમે તેની તો શી વાત !—૩૩

---

(૧) આ વર્ણનથી યુક્તિએ કરીને હાથી ઘણા કુલક્ષણવાળો છે એવો ધ્વનિ પણ કર્યોછે એમ ટીકાકાર.

વાયુ અને અગ્નિ જેવો, અગ્નિસોમ જેવો, કે અગ્નિ વરુણ જેવો, બ્રાહ્મણ પણ, અગ્નિસોમ કે અગ્નિવિષ્ણુ જેના દેવતા હોય એવા, નઠારા ગજથી ઉત્પન્ન થતા રિષ્ટની શાન્તિ કરે તો પણ તે વ્યર્થજ—૩૪

દ્યાવાપૃથિવીમાંથી ઇંદ્રિ અદૃશ્ય થઈ જવાથી જ્યારે દ્યાવાપૃથિવીના પાતા નહુષરાજા ઇંદ્રિપદે હતા (૧) ત્યારે તેમણે દ્યાવાપૃથિવીમાં પણ નમાય તેવી બુદ્ધિવાળા ગુરુ (બૃહસ્પતિ)ને પૂછ્યું હતું તો તેમણે અલ્પ પીઠવાળા આવા હાથીને બહુ નિંદ્યો હતો—૩૫

દિવસ અને રાત્રીનાં પ્રાચીન પિતારૂપ દેવ સૂર્ય અને સોમ, કદાપિ પશ્ચિમ દિશાએ ઉગે ત્યારે આવો હોઠે કરચલીવાળો (હાથી) શુભ ગણાય—૩૬

એનાં માતાપિતા મૃગ જાતના હાથીમાંનાં છે, આ એનો શ્વાસજ ઉકરાડાના જેવો ગંધાય છે; એનાથી, કેળના સ્તંભ જેવી જંઘાવાળી પત્નીનો પતિ, કે સુંદર ભાર્યાનો પતિ, અતિ દુઃખાસ્પદ થાય—૩૭

એમજ લાગેછે કે શ્વેત થઇ પ્રસરી રહેલી આપની કીર્તિને જોઇ ન ખમાયાથી, આ હાથીને મિષે, જેનું દર્શન અતિ અમંગલ છે એવી, મહામારીનેજ સ્પષ્ટ આપની તરફ મોકલી છે—૩૮

હે સ્કંદ જેવા પ્રતાપી ! પરાક્રમથી બલભદ્ર જેવા ! હસ્તિનાં યૂથ સહિત ઉત્તમ હસ્તિ આદિ સેના સજ્જ કરો, કે તીક્ષ્ણ બાણને

---

(૧) ટીકાકાર પુરાણાખ્યાયિકા આપેછે કે ઇંદ્રે વૃત્રને વિશ્વાસ આપીને હણ્યો તે મિત્રહત્યા એને વળગી તેમાંથી છૂટવા તે સપ્તદ્વીપ ઓલંઘી ક્ષીરાબ્ધિમાં કમલમાં કીડો થઇ સંતાયો હતો ત્યારે સ્વર્ગ પૃથ્વીમાં અવ્યવસ્થા થવાથી સર્વ દેવે નહુષરાજાને ઇંદ્રપદે સ્થાપ્યા હતા.

રુધિરથી રક્ત કરી, એ દરદ રાજાની પુત્રીના પતિને જડથી ઉખાડીને હું લાવું—૩૯

પછી રાજાએ કહ્યું કે ભવ્યભક્તિવાળા હે કુમાર ! આજથી પાંચમી રાત્રી મંગલકારી છે માટે પાંચ રાત થોભો, પછી લાટને રડતી રાણીઓવાળો કરવા યત્ન કરજો—૪૦

તું અદ્વિતીયમતિવાળો, સહદેવ કે નકુલ જેવો હોઇ, એ દત્તારાણીના પતિને રોતી રાણીવાળો કરવા સમર્થ છે, તથાપિ તારૂં પરાક્રમ નિરખવાને અમે પણ સાથે આવીશું—૪૧

આ હાથી, ન્યંકુ ( ૨ ) જેવી કુટિલ મતિવાળા, વિદિશાપુરીની માતાના પુત્ર એ લાટ તરફ, પાછો જાઓ; ને એની ન્યંકુ જેવી કુટિલ બુદ્ધિનું ફલ, એ, મજીઠીઆપટ ઓઢનારો ( ૩ ), થોડાકમાંજ પામો—૪૨

પછી, કઠી માતાના પુત્ર એ સુભટોને હાથી સહિત, સુવર્ણની છડીવાળા પ્રતીહારે કાઢી મૂક્યા; ને પુરની સુંદર કેશવાળી સ્ત્રીઓના ઉપહાસથી લાજ પામતા, કઠી અમારી માતા નથી એમ માનતા, તે ગયા—૪૩

પછીને દિવસે, એ ( મૂલરાજ ) અતિ જોવા લાયક અને ચોતરફ પ્રસરતી તથા ભવ્ય અને પ્રિય એવી, પીળા પીતાંબર જેવી પ્રભાને વિસ્તારતો, હરિના અગીયારમા અવતાર જેવો, કુમાર સહિત નીકળ્યો—૪૪

---

( ૨ ) એ નામનો મૃગ થાયછે એમ ટીકાકાર.

( ૩ ) લાટદેશમાં મજીઠનો રંગ પૃથ્વી અને જલના ગુણના કારણથી સારો થતો એમ ટીકાકાર લખેછે.

દરદ રાજાની પુત્રી દત્તાના પતિ અને વિદિશાની નારીના પુત્ર, એવા એને હણવાને ઉત્સુક તે, કઠસ્ત્રીથી વસેલા, અને દીર્ઘ કેશવાળી પુરસ્ત્રીઓના વિહારસ્થાનરૂપ, શ્વભ્રવતી ( ૧ ) નદીના તટ ઉપર આવ્યો—૪૫

સ્નાયક અને મદ્રકાદિ જાતિની તે નદી ઉપર વસતી અને ત્યાંથી નાઠેલી સ્ત્રીઓવી, શત્રુનું નગર ભાગી ગયા જેવું થઇ ગયું, ને વ્યાકુલ થઇ જઇ ગભરાટમાં પડ્યું—૪૬

શત્રુની સ્ત્રીઓએ રાંધવાનું મૂકીને એકાએક નાસવાનું શુરૂ કર્યું, ને બીહીકથી એક ટોળે થઇ જવામાં તેમણે બ્રાહ્મણી કે મ્લેછી કોઇનો પણ હીસાબ લેખ્યો નહિ—૪૭

જે પ્રજા ધન, ધાન્ય, પશુ પુત્રાદિથી સંપન્ન હોઇ સમર્થ હતી તે અસહાય જેવી થઇ જઈ એવી નાસવા મંડી કે ફળીએ ફળીએ સર્વનાં બાલકો પણ પડી ગયાં—૪૮

પૂર્વે તુંને મૃગક્ષીર પ્રિય ન હતું, પણ હવેથી તારે મૃગીનું ક્ષીરજ પીવાનું છે આમ મૃગલાના બચ્ચાને કહેતી ઉત્તમ રસોઈ કરનારી, મૃગલીના જેવાં નયનવાળીઓ સાથે, નાઠી—૪૯

ત્રાસ પામેલી, અને અતિશય ઉકાળી નાખતાં સૂર્ય કિરણથી સારી રંધવારીની પેઠે તપી ગયેલી, એવી લાટસ્ત્રીઓ, ભારે સ્તન અને નિતંબની નિંદા કરે છે—૫૦

એ અતિ બલિષ્ઠ અને પ્રાચીન પુરી, અતિ કુત્સિતરૂપવાળી થઇ ગયેલી મૃગનયનીઓથી કુત્સિત રૂપવાળી જણાય છે, અને

---

( ૧ ) આ નદી પોતાના રાજ્યની સીમા હતી એમ ટીકાકાર લખે છે.

અતિશય ઘોર કરતી નદીના તથા શોર કરી રહેલી પ્રજાના, અતિ કોલાહલથી વ્યાપી રહી છે ( ૨ )–૫૧

અયોગ્ય રીતે ચલ વિચલ થઇ રહેલી તથા જાઉં જાઉં કરી રહેલી લક્ષ્મીથી અતિ પ્રકાશમાન રૂપ વાળી પુરી, પડી ભાગવા બેઠી, અને નઠારી રીતે ફ્ફડીને જાઉં જાઉં કરી રહેલા જીવવાળી પ્રજા પણ ભયથી બહુ ભડકી ગઇ—૫૨

ઉપદ્રવયુક્ત લાટપુરીમાં ઉત્તમ તેમ અનુત્તમ સર્વ સ્ત્રીઓ આ પ્રમાણે બોલવા લાગી; હે ધીમી ચાલનારી ! આ ધીમે ચાલવાનો વખત નથી, માટે જલદી ચાલ, ને હે નઠારી રીતે ચાલનારી ! જો આ નઠારી રીતે ચાલનારીની જોડે ચાલવું હોય તો મારા જેવી સારી ચાલનારીની સાથે ન આવીશ; ને હે લવારો ન કરનારી આ લવારો કરનારીની જોડે લવારે ન ચઢ, ને આ રાંડ ખખડતી મેખલાથી રડયું આકાશ ગજાવી ન મૂક; હે રાંડ ગર્ગપૌત્રિ, ને હે બહેન વત્સપૌત્રિ, ને હે ગૌરીતુલ્ય ઉત્સપુત્રિ ! ને હે રાંડ કઠિ ! તમે, આ કોપાવિષ્ટ, આ રાંડ આંગિહુતા, આત્રેયી ને આ રાંડ ઉર્વની પુત્રી, ને રાંડ પાંગળી, રાંડ ભોગવતી, ને રાંડ ગોરીમતી, એ બધાંની વાટ શા માટે જુઓ છો ?—૫૩. ૫૪. ૫૫. ૫૬.

લાટેશ્વર, મહારાજાઓનો કર ભરવાના અનુભવવાળા, અતિ પ્રતિષ્ઠિત, એવા ( પુરુષો )ને માહા ઘાસ પેઠે તરછોડી, ઘાસ જેવા નિઃસત્ત્વ, મહારાજાના કરને જાણનારા, ને ઝાઝી પ્રતિષ્ઠા વિનાના એવાને લઇ યુદ્ધ માટે તૈયાર થયો—૫૭

એ મહાબાહુએ, મહા ઘાસ ખાઇને મત્ત થયેલા બળદ જેવાએ

---

( ૨ ) આ પુરી તે ભૃગુકચ્છ ( ભરૂચ )અને નદી તે નર્મદા જે તેની પાસે છે એમ ટીકાકાર.

મહા મંત્રીયુક્ત મહારાણી નો કર તરછોડી નાખીને, અતિ ઉગ્ર પ્રકારના ગર્વથી, સેનાને ત્વરાથી ( જવા ) આજ્ઞા કરી—૫૮

મહા બલવાળો, લાકડીએ લાકડીથી યુધ્ધ માટે ઉત્સુક, પૃથ્વી રૂપી રાણીનો પ્રિય, એવો એને ( લાટેશ્વરને ) સાંભળીને ચામુંડરાજ પણ પટાની તેમ તરવારના પટાની રમતના કૌતુકથી ચાલ્યો—૫૯

યુદ્ધરૂપી યજ્ઞમાં, અષ્ટાકપાલ હવિનિ પેઠે શત્રુને હોમવાની કુમારની ઇચ્છા જાણતાંજ, રાજાએ ( મૂલરાજે ) પુરગાવનના ઇશને આઠ રંગવાળાં બાણથી ભરેલાં આઠ આઠ બળદથી તણાતાં ગાડાં લઇને જવાની આજ્ઞા આપી—૬૦

કોટરવન, સારિકાવન, મિશ્રકાવન, સિધ્રકાવન, સાલ્વાગિરિ, અંજનાગિરિ, ઇત્યાદિના રાજાઓને પણ આજ્ઞા કરી—૬૧

પોતાના પુત્રને ઇંદ્ર કે શેષના કરતાં પણ અધિક જાણતાં છતાં રાજાએ વાત્સલ્યોત્કંઠાથી શરાવતી, અજિરવતી, ને અલંકારવતીના રાજાને પણ આજ્ઞા કરી—૬૨

પ્રભાથી અગ્નિ જેવો, વિશ્વામિત્રથી પણ અધિક, વિશ્વાવસુથી કીર્ત્તિત, એ ચક્રવર્તી રાજા, અતિવાત્સલ્યથી હાથીઓને તેમ બીજા રાજાને પણ મોકલતો ગયો.—૬૩

પિતાનું કે માતાનું કોઇનું, શ્મશાન જેવા રણમાં એ પુત્રને બલ નથી, ને તે પંડે એકલોજ છે, એમ વિચારીને, પોતે પણ દાથરા જેવા કાનવાળા હાથી સમેત ચાલ્યો—૬૪

ઉચ્ચૈઃશ્રવા જેવા ચિન્હવાળા, અચ્છિન્ન કર્ણવાળા, વિંધેલા કાનવાળા, ભેદેલાકાનવાળા, સાથીઆ વાળા કાનવાળા, એવાં ચિન્હ વાળા, અશ્વો સહિત પાછા વળતા રાજાઓને મોખરેથી જોઇ મૂલરાજે આ પ્રમાણે વિચાર કર્યો—૬૫

છિદ્ર કર્ણવાળા, સરવાના ચિન્હવાળા કર્ણવાળા, પંચપ્રકારે ચિન્હિત કર્ણવાળા, એવા ઉપાનન પહેરવાથી કાંટા વાગતાં જેમ કોઇ કરે તેમ શું પાછાજ ફરેછે ?—૬૬

પ્રહારથી રહિત, અક્ષત, ને કોરાં શસ્ત્રવાળા, ને કાંઇ પણ ઇજા ન પામેલા, તથા અતિશય પ્રસ્વેદવાળા, એવા આ રાજહંસો યુદ્ધરૂપી વર્ષાથી ભય પામીને ક્યાં જશે ?—૬૭

અહો, અમે એમને અમારા મહેલમાં પ્રતીહાર તરફની કશી અડચણ વિનાજ દાખલ થવારૂપ જે પ્રસાદ કરેલો છે તે પણ વ્યર્થજ ! કે એમણે અંધતામિસ્ર નામના નરકમાં કોઇ પણ પ્રતીહારથી રોકાયા વિના પેસવા માટે આ નાસવા માંડ્યું છે !—૬૮

અથવા શત્રથી આવો અંધતા રૂપ અપ્રતિમ ભય પામવો એજ અપ્રતિમ નરક છે; કે એમણે ગળે પ્રાણ આવ્યા હોય તેમ, આ શત્રુને દક્ષિણાપથના દશ કંઠ ( રાવણ ) જેવો ગણ્યો—૬૯

એમણે સ્પષ્ટ રીતે રિપુને પીઠ આપી, એવા, કૂતરાની પેઠે કૂદનારા, જનાવર જેવી મંદ બુદ્ધિના, કૂતરાની પૂછડી જેવા વાંકા, ને કૂતરાના જેવા મોઢાવાળા, એ લોક મુનિએ સેવેલાં કે પિલુવૃક્ષથી ભરેલાં વનમાંજ જાઓ, એમનો બીજો શો ઉપયોગ છે ?—૭૦

છ દાંતવાળા આખલા જેવા, છ પ્રકારના ( ૧ ) બલથી યુક્ત, છતાં પણ સમર્થ ન થઇ શક્યા એવા એ કુતરાના પગ જેવા અપવિત્ર છે; કૂતરાની પૂછડી છ વાર અગીયાર વાર કે સોળ વાર સીધી કરીએ તોપણ વાંકીને વાંકી—૭૧

---

( ૧ ) મૌલબલ, ભૃતકબલ, શ્રેણિબલ, અરિબલ, સુહૃદ્બલ, આટવિકબલ, એમ ટીકાકાર.

બે, ત્રણ, બાર, તેર, અઢાર, અથવા ત્રણસોને સાઠ, લાટેશ્વર હો તોયે ભલે રહ્યા, ત્રેતાળીશ હાથીના બલવાળો એકલો એ કુમાર (ચામુંડરાજ)જ એને જીતવાને પૂરોછે—૭૨

બાસઠ, અઠાણું, ત્રેતાળીશ, એકસો અઠોત્તેર, ત્રણસો સાઠ, એમ અનેક બાણ ફેંકતા પુત્રને જોવા માટે તે ત્વરાથી ગયો—૭૩

એવામાં આનંદપૂર્ણ અને ઉછળતા તથા ઉભરાતા હૃદયથી નમસ્કાર કરી પાસે આવીને તે નૃપો બોલ્યા, હે શત્રુના હૃદયના વ્યાધિ રૂપ ! શત્રુહૃદયના રોગરૂપ તમારા પુત્રે, અમારા વિનાજ જય પ્રાપ્ત કર્યો છે, એ અતિ ધન્યભાગ્યની વાત છે—૭૪

તમારા ચરણના દાસ અમે ભૂમિ ઉપર ત્વરાથી પગ નાખતા પાળાને લઇને જઇ પણ પહોચ્યા ન હતા તેવામાં ત્રાસ પામી નાસતા અરિના પગથી ઉડતી ધૂળ અમે દીઠી—૭૫

કેટલાક, પગે ચાલતા, હિમથી પગે પીડાયા હોય તેમ, પગે શરઘાતની પીડાવાળા, બ્રાહ્મણવેષ ધારણ કરી, રસ્તે જતાં ઋચાઓ બોલતા ધીમે, ધીમે, ચક્રથી શબ્દ કરતા રથને તજીને નાઠા—૭૬

પાદઘોષ કરતા અશ્વસમૂહને તજી, પાદઘોષ ન કરતાં એવાં ઉંટથી, પોતાના પગનાં ને પોતાની પ્રિયાના પગનાં સુવર્ણભૂષણ તજી, પરસ્પર પગ અથડાતાં પણ પોતાના પગ સંભાળતાં, નાકમાં આવેલા પ્રાણ હોવાથી, કેટલાક નાઠા—૭૭

નાક ઉપર પડેલા મહારથી ભાગીગયેલા નાકવાળા કેટલાક અનુનાસિક શબ્દો બોલવા સમર્થ થતા નહિ; ને કેટલાક માથે પડેલા ઘાથી છૂટા થઇ ગયેલા વાળવાળી, માથાના વાળને પણ બાંધવાને સમર્થ નહતા—૭૮

બીજા, યુદ્ધને મોખરે લઢનારા, જલમાં ઘશેલી કસ્તૂરિએ લેપેલા

જલથી ભરેલા કુંભનાં વાહન સહિત પોતાની પ્રિયાઓને, પાણીઆરીઓમાં તજી, નાઠા—૭૯

ઉદક કુંભને ભેદીનાખે તેમ ઝપટથી ભેદાયલો બીજો, પાણી લઇને આવેલી પોતાની જલ સહિત પ્રિયાએ જલબિંદુથી, તેમ અશ્રુ બિંદુથી છંટાયલો, ઉદકના હારની શોભા પામવા લાગ્યો—૮૦

સમુદ્રને મંદરાચલથી મથતાં થયેલાં ઐરાવત અને વજ્ર જેવા નાદવાળા, અને શત્રુને પાણીપોચા ચોખાની પેઠે ખાઇ જનારા, (કુમારે), પાણીપોચા ચોખાની પેઠે, વજ્ર જેવી તરવારથી કચરી નાખેલો, કોઇ, ભમરી ખાઈ પડ્યો—૮૧

કેટલાક રણરૂપી જલમાં પેઠાથી રુધિરરૂપી જલનો ભારધારણ કરતા, જલપ્રવાહમાં પેઠા, અને ત્યાં પાણી જેમને પ્રિય છે એવાં જલજંતુ લાગવાથી તેમના ઘા જલ અને સક્તુ જેવા શુભ્ર જણાવા લાગ્યા—૮૨

કૂવાના માર્ગ જેવા મહત્તમ આપના (સુભટોથી) હણાયલા, સત્વર હોઇ, હે દેવ! હે દત્ત! હે દેવદત્ત! (૧) (અમારૂં રક્ષણ કરો) એમ અન્યોન્યમાં બોલતા—૮૩

દ્વીપના, જલ સમીપવર્તિ દેશના, જલરહિત દેશના, બહુ જલવાળા દેશના, જે રાજાએ લાટેશ્વરની કુમકે આવ્યા હતા, તે આપના પુત્ર આગળ કનિષ્ઠાંગુલી જેવા, નિઃસત્ત્વ જેવા, અબલા જેવા પોતાને માનીને રહ્યા—૮૪

દિવસને પણ મર્મભેદી અસ્ત્રોથી રાત્રી તુલ્ય કરી નાખનાર, તથા વૈદ્ય જેવા આપના પુત્રને, જેમની વાણીની સાખ નહિ એવા

---

(૧) એક દેવદત્ત એ નામનેજ એમ બોલતા.

કેટલાકે, પોતાના પુત્રો તેમનાપર પડેલા દંડની બાંહ્યધરીમાં સાંપ્યા —૮૫

પછી, નાઠા, ભાગ્યા, મુંવા, તોપણ શું, એમ, મધ્યાન્હ સૂર્યના કરતાં પણ અધિક પ્રતાપવાળા લાટે ધાર્યું, અને સર્વ લોકને આલ્હાદ કરતા આપના પુત્રને પાસે આવીને સ્પર્ધાપૂર્વક આકારણા કરી—૮૬

પોતાની કાંતિથી કરીને ઈંધન સમેત અગ્નિ જેવો, અને સર્વ લોકને આલ્હાદ કરનારો, શત્રુરૂપી રાતડીઓને ફાડી નાખનાર પ્રજ્વલિત અગ્નિરૂપ, એ પણ લોકને આલ્હાદ કરતા લાટની તરફ માછલાંને ગળીજનાર મચ્છ માછલા તરફ દોડે તેમ દોડચો—૮૭

રણરૂપી સમુદ્રમાં અન્યોન્યને ગળી જતાં તિમિંગિલ જેવા, અને પોતપોતાના પક્ષનું ભદ્ર કરતા, અને રામ તથા રાવણના જેવા બલવાળા, એ બે, પરસ્પરને સંતાપ પમાડવા પ્રયત્ન કરવા લાગ્યા—૮૮

હે પૃથ્વીરૂપી ભવ્ય ધેનુના વૃષભરાજ ! તીર્થંકરની કે કોઇ પણ તીર્થંકરની કથા આદિમાં પૂર્વે ન સાંભળેલા એવા એ યુદ્ધમાં એ બે જણે આયુધોથી દિવસ ને રાત્રી તુલ્ય કરી નાખ્યાં—૮૯

ભવ્ય ધેનુના સુત જેવા, યુદ્ધ સિવાય બીજા કાર્યમાં અસ્પૃહાવાળા યુદ્ધમાંજ અનન્યલીન એવા, એ બેને, દેવતાઓએ પોતાના ( સૈન્ય )સહિત, પોતાનાજ પ્રભુ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા અને રાગ સચવાતાં, સારી પેઠે નીહાળ્યા—૯૦

કોઇનાં આશિર્વાદથી કે જયવાદથી કે સાહાય્યથી અમને શું? અન્યની ઉત્કંઠા એમાંના કોઇએ કરતા ન હતા, કેમકે અન્યથી જ્યારે જય થાય ત્યારે તો યશ તેને મળે—૯૧

પછી લાટ એના તરફ વળ્યો, અને સર્વ દિશામાં પ્રસરતાં બા-

ણોએ કરીને એણે સર્વત્ર પ્રસરતા બલવાળાએ, તથા શેષનાગ જેવાએ, એના રથ ઉપર પ્રહાર કરવા માંડ્યો; તેમ દેવલોકમાં જેનાં બાણ પહોચ્યેછે એવા કુમારે પણ રથને મંડલાકારે વાંકો વાળી રાખ્યો—૯૨

હે અવીર ! અને હે પર્વત જેવા પણ નિરુપયોગી અને દુષ્ટ બાહુવાળા ! શા માટે આડો થઈ હઠેછે? તું હવે જીવવાનો નથી, એમ બોલતાં પર્વત જેવા ઉંચા અને આકાશ સુધી ઉછળતા લાટે, નરવાળા પ્રાણીની પેઠે, કુમારને મુક્કીથી મારવા માંડ્યો—૯૩

આયુધ વિનાની કુસ્તીના કામમાં જેની વ્યર્થ સ્તુતિ થયેલીછે, તથા જે નઠારા અશ્વોનો વ્યર્થ ગર્વ ધારેછે, અને જેના રથ પણ નકામા જેવાજ છે, એવા પ્રહાર કરતા તેને ઉત્તમ રથવાળા, ( કુસ્તીમાં ) પ્રખ્યાત કીર્તિવાળા, આપના પુત્રે મુક્કીથી નઠારા તૃણની પેઠે મસળી નાખ્યો—૯૪

તે સમયે લાટનામાં, નઠારાં ત્રણ વાનાં—પીઠદેવી, પૌરુષથી હારવું, અને દીલ ચોરવું—તેમાંનું કાંઈ જણાયું નહિ; ને તેથીજ એ ઉત્તમ શૂર એ ત્રણ વાતવાળાનો દ્વેષ કરનારી અપ્સરાનો અતિ ઉત્તમ પતિ થયો—૯૫

પોતાના સૈન્યથી કરીને, સહજ અગ્નિથી શેષની ફણાને સહજ ઉષ્ણ કરતો, અગ્નિથી ક્રોડ(૧)ના મુખને તપાવતો, તથા કમઠની પીઠને ઉની કરતો, જુઓ આ કુમાર આવેછે—૯૬

સર્વથી પૂજ્ય તથા ગમ્ય, સર્વ બલના સ્થાન રૂપ, શ્રીયુક્ત, એવા રાજા ( સામે ) જવાનું મન કરતો હતો તેવામાંજ, નિરંતર ઉત્તમાભિલાષવાળો, ઉત્તમ બલસન્નિધાનરૂપ, સ્થિરચિત્તવાળો, કુમાર તેને પગે પડવા માટે આવ્યો—૯૭

---

( ૧ ) આદિ વરાહ.

માંસનો પાક જેમને પ્રિય છે એવી માંસ રાંધનારીઓ, બીજા સૈન્યમાંથી, તત્ક્ષણ, માંસ રાંધવાનું વેગળું મૂકી શત્રુના માંસને રાંધનાર અને દક્ષિણ દિશાના પતિ એવા એ કુમારને જોવા આવી—૯૮

અત્યંત બલવાળા દક્ષિણ તીરના રાજા રૂપી વૃક્ષને સમૂલ પાડવામાં દુષ્ટ પિશાચયુક્ત મહાવાત જેવા, અતિ બલવાળા, ( પુત્રને ), વાત્સલ્ય રસથી ભીની દષ્ટિએ નિરખીને, જાણે એક માસને એક વર્ષે મળ્યો હોય તેમ, રાજાએ ચુંબન દીધું—૯૯

રિપુને સંપૂર્ણરીતે નિઃશેષ મૂલથી પણ ઉખેડી નાખનાર ( કુમાર )ને રાજાએ કહ્યું કે કાષ્ઠાગ્રંથ પર્યંત સકલ જ્યોતિષશાસ્ત્ર જાણનાર તમારૂં તમારા પરિવાર સહિત ચિરકાલ કલ્યાણ થાઓ—૧૦૦

જેમ ગાય વત્સ અને હલ સહિત આપણા દેશનું નિરંતર કલ્યાણ છે તેમ ગાય વત્સ અને હલ સહિત આ દેશનું નિરંતર કલ્યાણ થાઓ—૧૦૧

કુબેરના જેવો અતિ રૂપવાન એ ( રાજા ), નલકૂબર જેવા પોતાના પુત્ર સહિત, અલકા જેવી પોતાની પુરી તરફ ગયો—૧૦૨

બુદ્ધિ અને પ્રતાપથી સર્વ રીતે યોગ્ય એવા સુતને, શક્ર જેવા રાજાએ, સ્વર્ગથી લેશ પણ ભિન્ન નહિ એવા પોતાના રાજ્ય ઉપર સ્થાપવાનો નિશ્ચય કર્યો; એવા મહાત્માને તેવું થાય એ વિરલ નથી—૧૦૩

એવા અતિ મહત્કાર્યને માટે, પ્રસિદ્ધ બુધ્ધિવાળા સચિવોને, તેમ તેવા જ્યોતિષી અને ગુરૂઓને એવા ઉત્તમ રાજાએ બોલાવ્યા—૧૦૪

આવો ઈન ( ૧ ) આજ કેવો છે ? અમુક ચંદ્ર કેમછે ? ભૌમાદિ પણ કેવા છે ? ઇત્યાદિ પૂછતા રાજાને એમણે બુધ્ધિની મૂઢતા વિના સારી રીતે વિચાર કરી બધું યોગ્ય છે એમ કહ્યું—૧૦૫

મુક્તાફલના હાર જેવાં જલબિંદુથી છવાયલા, ઇંદ્ર તુલ્ય, અને લક્ષ્મીના ઉત્તમ કર્ણભૂષણ જેવા રાજાએ, વર્ણાશ્રમના શુધ્ધ રક્ષણથી પુણ્યની ઉપાર્જના કરવા યોગ્ય એવા કુમારને, મુક્તાફલના હારની છાયારૂપ જલની શોભાથી મેઘ જેવા તથા શોભાયુક્ત છત્રથી અભિષેક કર્યો–૧૦૬

પછી શ્રીસ્થલપુર ( સિધ્ધપુર )માં પૂર્વે વહેતી દ્રુહિણતનયા ( સરસ્વતી ) એ જઇ, પોતાના શરીરની અગ્નિને આહૂતિ આપી, બીજા સર્વના યશના ઉત્કર્ષને તાળુ મારી, જરાપણ વિકૃતિ પામ્યા વિનાની વિશુદ્ધ બુદ્ધિ વાળો, રાજિસૂનુ, અધીશ થઇ, રક્ષણ કરી રક્ષણ માટેનો કર સ્વર્ગમાંથી પણ ઉઘરાવવા ગયો ( ૨ )–૧૦૭

## સર્ગ ૭.

ગુણોની વૃદ્ધિથી મનોહર એવો મૂલરાજપુત્ર, પૃથ્વીને પુરૂરવાની પેઠે તેમ યુધિષ્ઠિરની પેઠે સર્વ રાજાનો પ્રભુ થયો—૧

એ કહીંપણ ચંચલ વૃત્તિવાળો ન થતો, તેમ નિરંતર કીર્તિને ઇચ્છતો; એણે પૃથ્વીનાં દાન કર્યાં, ને શત્રુઓને સંહાર્યા—૨

એની અતિ ઉજ્જવલ સત્કથા, અદ્યાપિ પણ, આજ કાલની વર્ત્તમાન હોય એમ દાતારોમાં સંભારાય છે—૩

---

( ૧ ) ઇન એટલે સૂર્ય તેમ સ્વામી એ બે અર્થ લેતાં ગ્રહને તેમ જે ગાદીએ બેસનાર છે તેને બંન્ને ને લાગુ પડે છે.

( ૨ ) આ શ્લોકમાં સૂનુ શબ્દનો બીજો અર્થ સૂર્ય પણ થાય છે, ને તેને પણ બધો અર્થ જરા ફેરફારથી લાગી શકે છે.

શત્રુઓને શાસન કરવાથી એ વિષ્ણુની પાંચમી ( વામન ) કે સાતમી ( રામ ) મૂર્તિ જેવો થયો, અને આવતી કાલ થનારા પણ એના કાર્યનો ધ્વંસ કદાપિ પણ કોઇ વિશંકતું નથી—૪

પોતાની આશિષ્થી લોકમાત્ર, પિતૃ અને દેવતા, એમણે એની સર્વ ભવિષ્યત્ આપત્તિને દૂર કરીછે—૫

શું જોતા નથી ! જોઇએ છીએ, આવો જોઇએ, તમે જોતા નથી અમે જોઇએ છીએ, તમે જુઓ, એમ એના બારણા આગળ રાજાઓની વાતો ચાલેછે—૬

એણે પારકાનું કાર્ય પોતાનુંજ ગણી કર્યું, અથવા કૃતાર્થ સજ્જનો પરાર્થેજ પ્રવર્તે છે—૭

દુર્ધર્ષ, શ્રીયુક્ત, અને શ્લાધ્ય એવા એને, શ્રીના સુસ્થાનરૂપ, અને તેજથી સૂર્યને પણ ઢાંકી દેતો, વલ્લભરાજ નામનો પુત્ર થયો—૮

પોતાના બરાબરિયામાં એ રમતા ભેગો સારી રીતે રમેછે, દડાને લઈ જતા ભેગો મોખરે લઇ જાયછે, તથા પ્રહાર કરતામાં પ્રહાર કરેછે, અસ્ત્રાદિના અભ્યાસમાં નિશાન મારનારમાં ઉત્તમ નીશાન મારેછે, અસ્ત્રધારીમાં ઉત્તમ રીતે અસ્ત્ર ધારેછે, ને ભણનારામાં સારી રીતે ભણેછે, બોલનારામાં સારી રીતે બોલે છે—૯-૧૦

એનામાં સર્વે ગુણ અને સર્વ લક્ષ્મી આવી વશ્યાંછે; એનાં નિર્ભય અલૌકિક કર્મોથી ધાત્રીઓ પરસ્પરને જોતી હસેછે—૧૧

એ રાજા ( ચામુંડરાજ )ના ચિત્તમાં વસ્યો, એણે રાજાને હર્ષ પેદા કર્યો, વિસ્મય પમાડયો, ને તેના સર્વ સંશય એણે ટાળ્યા, તથા શત્રુના મનોરથ વણસાડયા—૧૨

રાજાને દુર્લભરાજ નામે બીજો પુત્ર થયો, જેના વિષે એમ તર્ક થતો કે કોઇ પણ અસુર માથું ઉંચું ન કરી શકે માટે શું એ રૂપે હરિ પોતેજ પ્રત્યક્ષ થયાછે? —૧૩

જોશીઓએ એનું ભાવિ એમ કહ્યું કે યજ્ઞાચરણ કરીને એ આશિર્વાદ ખરીદશે, બુધ્ધિથી શુક્રને પણ ચઢી જશે, ગુણવડે સજ્જનોને હરી લેશે, બલથી દુર્ગનો પણ વિજય કરશે, શત્રુનો સૈન્યથી પરાજય કરશે, અને વિદ્વાનોથી બુધ્ધિને સતેજ કરશે —૧૪ —૧૫

એના જન્મની કથા કહેતાં હૃષ્ટ થઇ મહા વૃષભ જેવો ધ્વનિ કરતાં, દ્વારે ઉભેલા લોક રાજાઓને વધામણી ખાવા ચઢી ચઢીને દોડચા—૧૬

શબ્દ કરતી નવી ગાડીઓમાં ચઢેલા, તરતજ છોડી મૂકેલા બંદીવાનો, રમવા આવેલાં પોતાનાં ભાંડું સાથે ક્રીડા કરેછે—૧૭

ક્રોધકરીને ક્રીડા ન કરતા એ ( દુર્લભરાજ )ના આગળ, પોતે પણ ક્રીડા તજી દઇને રાજાઓ સોગન ખાયછે ( કે અમે તમારો અપરાધ કર્યો નથી ) કેમકે તે એ એને પોતાનો સ્વામી ગણે છે—૧૮

એનો મહોટો ભાઇ એની સાથે જમેછે ને એ પણ એ મહોટા ભાઇનાં વચનને અનુસરેછે; એ બન્ને જણા નયશાસ્ત્રમાં પ્રવાસ કરતાં પિતાના મનનું હરણ કરેછે—૧૯

અર્થનો ધર્મકાર્યમાં વિનિયોગ કરનાર ત્રીજો નાગરાજ નામે પુત્ર રાજાને થયો; જેને માતા ઉત્સંગમાં લડાવતી અમૃતરસમાંજ ડૂબેછે—૨૦

રાજા જેમ પોતાના ભૃત્યને કેળવે તેમ ગુરુએ એ ત્રણેને કેળવવા

માંડ્યા, અને સપ્રેમ કર પૂરો કરી આપતી સુખી પ્રજા પણ તેમને હર્ષથી નિહાળતી હવી—૨૧

તેમણે ષડ્રિપુને દૂર કર્યા, ( વ્યાયામાદિ યુદ્ધ કલાના ) શ્રમથી કફ દોષને હણ્યો, અને મરનારની પીડાની પેઠે શરણાગતની પીડા તેમણે હણી—૨૨

તમારૂં કદાપિ મરણ ન થાઓ એવી ગુરુઓની આશિષ્ જાગતી છતાં પણ, એમને અત્યંત અનિદ્ર જોઇ, સત્વર મરણ પામ્યા હોય એમ શત્રુઓ મૂર્છા પામી ગયા—૨૩

અગ્નિ, વેદ, આદિ પુરુષો, (૧) એ કોઇનું પણ ત્રિક એવું નથી શોભ્યું કે જેવું આમનું શોભવા લાગ્યું—૨૪

કલિના પ્રભાવથી પાછા હઠતા અને કૃત યુગનો આચાર પાળવા ઇચ્છતા આ ત્રણ જેવો કોઇ ભૂત ભવિષ્ય કે વર્તમાનમાં નક્કી થયો નથી—૨૫

વૃદ્ધિ પામવાની ઇચ્છા વાળો છતાં પણ એમના આગળ ખલ વૃદ્ધિ પામી શકશે નહિ, ને વૃદ્ધિ પામવા ઇચ્છતો હૃદ્વૃદ્ધિ પામશે એમ કોવિદોએ નિશ્ચય કર્યો—૨૬

આપ અમારા પ્રભુ છો, ને અમે ભૃત્ય થયા છીએ, એમ વૃદ્ધ અને યુવા સર્વના હૃદયમાં એ વસ્યા—૨૭

વિનયથી વર્તતા એમની બુદ્ધિ શાસ્ત્રમાં ક્રમણ કરવા લાગી, અને એમ વૃદ્ધિ પામતે પામતે સર્વથી અધિક દીપી નીકળી—૨૮

---

( ૧ ) અગ્નિ દક્ષિણ, ગાર્હપત્ય, આહવનીય. વેદ ઋક્, યજુષ, સામ. આદિ પુરુષો બ્રહ્મા, વિષ્ણુ, શિવ.

એ વિવેકીઓને, અર્થ સાથેજ ધર્મ વર્તતો, અને ધર્મ પાછળ અર્થ સાંપડતો, તેમ એ ઉભયની સાથે કામ વર્તતો —૨૯

પ્રતિપ્રભાતે હાથીઓની ઉત્તમ પ્રકારની ચાલની તે કવાયત લેતા તેમ અશ્વોની પણ અનેક પ્રકારની ગતિને કેળવતા—૩૦

એમ કરતાં એકવાર પિતાની આજ્ઞા માથે ચઢાવી, કંટકના ( ૧ ) ઉચ્છેદ માટે, અનેક અશ્વની સેનાથી પૃથ્વીને પીડાકરતો, તે, કૂર્મનું મુખ ફૂડાવી નાખતો, ચઢ્યો—૩૧

ઉત્કંઠાથી શબ્દ કરતા મયૂરના જેવા શબ્દવાળો એ, એક પ્રયાણ કર્યા પછી કોણ કોણ આવી પહોચ્યાછે તેની તપાસ કરવા લાગ્યો ને જે નપહોચ્યા હોય તેમને માટે અટક્યો—૩૨

જયશ્રીને આવ્હાન કરતા એને જતાં કોઇ રાજાઓએ રોક્યો નહિ; માત્ર પોતપોતાનાં ભાંડુંને બોલાવી એનો સત્કાર કરવાનેજ એને બોલાવવા લાગ્યા—૩૩

એ પ્રમાણે નમન કરતા એમને એણે ખબર અંતર પૂછી, તથા તેમના બંધુને પણ પૂછી, અને તેમણે આણેલો નજરાણો સ્વીકાર્યો તથા માર્ગદેવતાની પૂજા કરી—૩૪

---

( ૧ ) આ ઉપર ટીકાકાર એવો ઇતિહાસ આપેછે કે ચામુંડરાજ બહુ કામી હોવાથી તેને તેની બહેન વાવિણી દેવીએ પદભ્રષ્ટ કરી તેના પુત્ર વલ્લભરાજને ગાદી આપી. ચામુંડરાજ આથી વિરાગ પામી કાશી તરફ જતો હતો, તેવામાં માર્ગમાં એને માલવાના લોકોએ લુંટ્યો તે ઉપરથી એણે પાછા આવી વલ્લભને આજ્ઞા કરીકે માલવરાજને દંડ દેવો.

આ તરફ પારા અને સિંધુ ( ૧ ) એ મળેછે, આ રસ્તો કુંતલ દેશ તરફ જાયછે, એમ કહેતા અનેક રાજા એની સેવા કરેછે—૩૫

જે દાન ગ્રહણ કરવા માટે કદી યાચના કરતા નથી, ને જેમને અનેક અતિથિઓ ઉપાસેછે, એવા માર્ગમાંના આશ્રમના તાપસો, એને મંત્રોથી આશિર્વાદ આપવા લાગ્યા—૩૬

મુક્તિમાર્ગમાં પ્રવર્તનારા તે જ્યાંસુધી મોં આગળ ઉભા રહ્યા ત્યાંસુધી એ પણ હાથ જોડીને આસન ઉપરથી ઉતરી ઉભો રહ્યો—૩૭

આપ જશો નહિ, અત્ર રહો, અમે આપની સેવા કરીએ, કેમકે અમારી આપના ઉપર બહુ પ્રીતિ છે, એમ એ રાજાને કેટલાક કહેવા લાગ્યા—૩૮

કેટલાંકને એણે અભય આપ્યું, કેટલાંકને રાજ્ય આપ્યું, ને કેટલાંકને પોતાના તેજથી નિસ્તેજ કરતાં દંડ દીધો—૩૯

એવા એને દેખીને તે સમયે સિંહનું સ્મરણ રાજાઓને થયું, ને તેમણે એને જગત્‌ને કંપાવનાર મહાવાત જેવો જાણ્યો(?)—૪૦

જે એના બલનું પ્રમાણ અનુભવવા ઇચ્છે તેને કોઇ પ્રમાણ કરતું નહિ, અને એનું ન સાંભળે તેને કોઈ સાંભળતું નહિ—૪૧

જયમાટે આણે પ્રતિજ્ઞા કરી ત્યાં, કોઇ પણ રાજા એની સામે પોતાનું બાહુબલ બતાવવા આવી શકતા નથી, પણ સર્વે નિમ્બજા ( ૨ ) નું સ્મરણ કરેછે—૪૨

---

( ૧ ) અવન્તિપુરી આગળ પારા અને સિંધુ એ નદી મળેછે એમ ટીકાકાર.

( ૨ ) નિમ્બજા એવું રક્ષણ કરનારી દેવીનું નામછે એમ ટીકાકાર.

દૈવયોગે કરીને એને એવો કોઇ દુષ્ટ રોગ થયો કે જેને કોઇ વશ કરી શક્યું નહિ, ને જેને વૃદ્ધિ પામતાં કોઇ ઔષધ અટકાવી શક્યું નહિ—૪૩

પોતાના અંગમાં વ્યાપી જતા એ રોગને એણે આત્મસ્થ થઇ જોયાં કર્યો, અને સમાધિયુકત ચિત્ત રાખી કદી પણ ભય ધારણ કર્યું નહિ—૪૪

કલિદોષને પરાસ્ત કરતાં એણે ધૈર્ય ધારણ કર્યું, અને સંસારના તિરસ્કાર કરી, યોગીઓ જે પદને પામેછે તે ઉપર લક્ષ કર્યું—૪૫

જે પવિત્ર લોકો અન્યદારા, અન્યનિંદા, આદિ પરહરે છે, તે સર્વ ગુણોમાં પણ કાંઇક અધિક શોભા વધારતો એ, સર્વ ઉત્તમ ગુણનો સંસ્કાર કરનાર હતો—૪૬

કાલને પરાજય પમાડતો, મિત્રો સાથે વાર્તાનંદ કરતો, ને તત્ત્વ વિચારમાં નિમગ્ન રહેતો, એ પરમાત્મામાં લીન થયો—૪૭

હવે શું કરવું એ માટે વિવાદ કરતાં મંત્રીઓને એણે ઠપકો દઇ સમજાવ્યા, અને સેનાનીને સમજાવી(૧) એણે આત્મામાં આત્માને મેળવ્યો—૪૮

અનેક વિવાદ કરતા સૈન્યને, પોપટની પેઠે લવ કરતા તમને ધિક્કાર છે એમ કહી સેનાનીએ ત્વરાથી પોપટના સ્વરથી ગાજી રહેલા અરણ્યને ઓલંઘ્યું—૪૯

અમાત્યોએ કાંઇ વિરુધ્ધ કહ્યું નહિ, તેમ બીજા કોઇએ

(૧) મારૂં મરણ છુપાવીને સૈન્યને તું અણહિલ્લપુર લઇ જા, તને અમુક પારિતોષિક આપું છું એમ કહ્યું એવું ટીકાકાર.

પણ કહ્યું નહિ, પરસ્પરમાં વાતો કરતા તે સર્વેએ સેનાનીના વચનને માથે ચઢાવ્યું—૫૦

રાજપુત્રની ખબર પૂછતી, ઉંચે મોઢે ઉત્સુક પ્રજા, સેવા કરવા માટે અનેક પ્રકારે પૂછપરછ કરતી, આવી ઉભી—૫૧

જાણી ગયાથી શોક કરતા તેમને વારીને, સર્વે સૈન્ય ધૈર્ય ધારી પુરમાં આવી પહોચ્યું—૫૨

જ્યારે રાજા મળ્યા ત્યારે તે લોક અતિ શોકવાળા છતાં પણ ધીરજ રાખી, સ્વરનો વિકાર દાબી રાખીને, સર્વ વૃત્તાંત કહી ગયા—૫૩

અતિ વિપુલ થઇ મર્મ ભેદતા શોકથી રાજાએ સ્વરવિકૃતિ કરી નહિ, પગ પછાડયા નહિ, કે માથું કૂટયું નહિ—૫૪

અત્યંત પ્રજ્વલતા અગ્નિની પેઠે સળગી રહેલા શોકથી રાજાનું અંગ તપવા લાગ્યું, અથવા કોને એમ નથી થયું ?—૫૫

રાજાએ ધર્મોપદેશક ઋષિઓનો સમાગમ કરવા માંડયો, ને પુણ્યતીર્થને (૧) સંભારવા માંડયું, અને એમ કલિનું એમણે વિડંબન કર્યું, પણ કલિ તેમનું કરી શકયો નહિ—૫૬

શત્રુનો પરાજય કરતા દુર્લભસેનને રાજ્ય સોંપી, તપથી કરીને પોતાના આત્માને સાધવા લાગ્યા, અને એમ એમણે આત્મલાભ કર્યો—૫૭

સર્વને વિસ્મય પમાડનાર તેણે, વિસ્મય પમાડે તેવા ઉગ્ર તપોગુણથી, નર્મદાતટ ઉપરના શુકલતીર્થમાં જઇ, આત્મધ્યાન ધરવા માંડયું—૫૮

---

(૧) તીર્થ તે શુક્લતીર્થ એમ ટીકાકાર.

આણી તરફ દુર્લભરાજ નિર્ભય એવા શત્રુને પણ ભય પમાડતો થયો, કેમકે અતિ ભયકારી ભુજવાળો, એ, ઇંદ્રને પણ ભયકારણ થઇ પડે તેવો હતો—૫૯

એની હિમોજ્જ્વલ કીર્ત્તિ કૃષ્ણને મિથ્યા કરતી સતી, લક્ષ્મીને અનેક રીતે મોહ પમાડવા લાગી ને પ્રયાસ આપવા લાગી—૬૦

યાત્રકોને દાનાદિથી અને પ્રિય વાણીથી સંતોષતા એણે કેવું કેવું મધુ તેમને નથી પાયું, કે કેવું કેવું અમૃત તેને નથી જમાડયું? —૬૧

કેટલાક શત્રુને એણે પ્રતાપમાં હોમી દીધા, કેટલાકને ખડ્ગથી ભક્ષણ કર્યા, એમ કૂર્મ નારાયણને વ્યથા કરતી આખી પૃથ્વી એણે પોતાના હાથમાં કરી—૬૨

લોકમાત્રને પ્રીતિ આપતા એણે કોન હર્ષથી નચાવ્યા નથી? એણે ધર્મ કર્યો, શૂરની પૂજા કરી, ને અનેક દેવાલય બંધાવ્યાં —૬૩

તત્ત્વને જાણનારાએ એણે, તત્ત્વજ્ઞ સાધુની પૂજા કરી, અને એકાંતવાદને અત્યંત નિર્મૂલ ઠરાવી શુદ્ધતા ગ્રહણ કરી (૧)—૬૪

આયુષ્ અને લક્ષ્મીની ઇચ્છાવાળા નૃપો એની સત્કથા ઉપર ઉદ્યમ રાખેછે, ને એમ પોતે પોતના અત્માથી વિમુખ થતા નથી —૬૫

---

(૧) અહીં તત્ત્વ એટલે જૈન શાસ્ત્રોક્ત તત્ત્વ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, અને મોક્ષ. એકાંત એટલે એકજ નિશ્ચય, અર્થાત્ અપેક્ષા રૂપી જે ઉભય કક્ષાવગાહી જૈનસ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ તેથી વિરુદ્ધના મત.

બાહુબલવાળામાં અગ્રણી અને પોતાના શત્રુમાત્રને મોહ પમાડતા એને મહેંદ્રરાજાએ ( ૧ ) પોતાની બહેનના સ્વયંવરમાં નોતર્યો—૬૬

ઈંદ્રને પણ ઝાંખો કરતો, પૂર્વજોનું અનુકરણ કરતો, પોતાના નાના ભાઇ સહિત, વિપુલ સૈન્ય લઇને, તેની ધૂલથી સૂર્યને પણ ઝાંખ લગાડતો, એ નીસર્યો—૬૭

સુંઢોને આમતેમ ઉછાળતા, મદ ઝરતા, ગંધહસ્તી એના સૈન્યમાં અન્યોન્યને સહન ન કરવાથી જૂદા જૂદા ચાલવા લાગ્યા—૬૮

રમત ગંમત કરાવતા નર્મસચિવો સાથે રમત કરતો, અને ( સ્વયંવર વિના ) બીજી વાત ન કરતો, એ જરા પણ અટક્યા વિના રસ્તો કાપી ગયો—૬૯

કહીંક એણે અશ્વે ચઢી ખેલવા માંડ્યું, કહીં હાથીએ ચઢી મોજ કરી, કહીંક મિત્રોને રથમાં બેસાડી સત્કથા પ્રવર્તાવરાવી—૭૦

વેલીઓને નચાવતો, પતાકાને કંપાવતો, અને અમૃતનું ભોજન કરાવતો, વાયુ એના સ્વેદને શોષનાર થયો—૭૧

મૃગનાં બાલકોને નમાર ખવરાવતા, અને બહુ ગ્રંથોનો બોધ કરતા, તથા ભણાવતા, વનઋષિઓ એને સત્કાર કરવા આવ્યા—૭૨

ધુસરે ધુસરાં અથડાવતા, રથોના માર્ગ રુંધતા, વૃક્ષનાં મૂલ ઉખાડી નાખતા, લતાઓના રસ ચુવરાવતા, કોલાહલ કરતા, સરિ-

---

( ૧ ) એ મારવાડનો રાજા એમ ટીકાકાર.

તાના જલનો નાશ કરતા, પોતાના સૈન્યથી, એણે, મરુદેશાધિપની (૧) પુરીને છાઇ નાખી—૭૩—૭૪

અતિ ઉદાર એવા એણે લક્ષને ઠેકાણે કોટિ વાવરી નાખી, સૂર્યના પ્રતાપને પણ અતિક્રમણ કરી જતા પ્રતાપવાળા દુર્લભરાજની સ્તુતિ કરતાં, તેને યોગ્ય સત્કાર કર્યો—૭૫

સમૃધ્ધિથી ઇંદ્રની પણ બરાબરી કરનાર, પૃથ્વીનો પાલનાર, એ રાજા કન્યાની અભિલાષાવાળો હોઇ, બીજે દિવસ પુરમાં પેઠો—૭૬

માલ ખરીદવાનાં હાટને રસ્તેથી એને જતાં જોઇ, કેટલીક ખરીદવાનું ભૂલી જઇ, એની પાછળ જવા લાગી—૭૭

ત્રિપુરદાહ કરનાર શિવને જીતનાર આ, આપને દાહ કરનાર સાક્ષાત્ કામજ છે, એમ એની સ્તુતિ કરાતી સાંભળી કોણે એને સ્તવ્યો નહિ ?—૭૮

શચિના પતિ જેવા એને ઇચ્છતી કોઇક, એને જોવા જતાં, પાછળ આવતા પોતાના બાલક ઉપર ચીડાયછે—૭૯

ચિકિત્સા ન થઇ શકે એવો સ્મર જ્યાં શર-પ્રહાર કરવા લાગ્યો ત્યાં પોતાના જીવિતનો પણ સંશય કરતી કેટલીક પોતાને સ્થાને ટકી શકી નહિ—૮૦

તિલકને નીહાળતી અને બરાબર કરતી સખીને, કોઇકે, એને જોવામાં વિઘ્ન રૂપ માની અતિ બીભત્સરૂપવાળી ગણી—૮૧

નારીઓમાં પૂજાયલી એવી કોઇકે, પોતાના કાનને એને ઉદ્દે-

---

( ૧ ) એ દેશનું બીજું નામ નડુલ એવું ટીકાકાર આપેછે.

શીને મિથ્યા ખજવાળ્યા પછી, અતિ પ્રેમલાલસાથી એને પોતાની કાખ બતાવી—૮૨

કોઇક અતિ અભિલાષાથી વારંવાર જા આવ કરી શોભતી અને નિરંતર જાગતા કામે પીડાતી, અત્યંત પ્રકાશમાન એવા એ રાજાને બહુ પ્રકારે નિરખવા લાગી—૮૩

એને જોવા આવનારની ભીડમાં ખભેથી ખસી પડતા વસ્ત્રને કોઇ કૃશોદરી, વારંવાર એના દર્શનાર્થે રખડતી, પાછું ઓઢવાની પરવા કરતી નથી—૮૪

એના આવ્યાના ઉત્સવની સૂચના સમજાતાંજ, કોઇક વારંવાર ખાતા અને વારંવાર મૂત્ર કરતા બાલકને તજીને પણ જવાને ઉત્કંઠિત થઇ—૮૫

કોઇ, આંખો ઉપર ઢંકાતી નીરંગીને ખસેડી નાખી, એના તરફ જવાની અતિ ઉત્કંઠામાં પોતાની આગળ જતીની તર્જના કરવા લાગી—૮૬

કામથી અત્યંત ખવાતી કોઇકે, લાવણ્યસુધામય એને દૃષ્ટિથી ગળી જતાં લાજમાત્ર બાજુએ મૂકી—૮૭

એને જોવામાં અતિ ઉત્સુક અને તપતી એવી કોઇક ગમે તેમ પડતી આખડતી દોડે છે, અંગ મરોડે છે, ને મનમાં અનેક રમત રમેછે—૮૮

અતિશય શોભતી, અને કુલસ્ત્રીને ન છાજે તેવું બોલતી, સ્ત્રી-ઓને ક્ષોભ પમાડતો, અતિશય શોભતો, એ સ્વયંવર મંડપમાં યોગ—૮૯

અનેક વિલાસયુક્ત શોભાથી દીપતા રાજાઓમાં અનેક વિલાસ

વાળી શોભાથી ઉત્કૃષ્ટ થઇ રહેલો, અને મંડપને પવિત્ર કરતો એ, ત્યાં, પોતાને યોગ્ય આસને બેઠો—૯૦

એવા પવિત્ર કરનારા અનેક નૃપોથી યુક્ત થતો એ મંડપ બારે સૂર્યયુક્તનભશ્રીની શોભાને ચોરતો હવો—૯૧

પછી, માર્ગાદિ બતાવતી વેત્રવતીનો હાથ ઝાલેલી, દુર્લભદેવી મહેંદ્રની બહેન આવી-૯૨

સભાને નિહાળતી એને જોઇને, રાજાઓ વિલંબ સહન ન કરી શકયા કે બીજી વાત પણ વિચારી ન શકયા એમ અત્યંત ક્ષોભ પામી ગયા—૯૩

આવી શોભાને પામતી એ, સ્ત્રીઓમાં રત્ન હતી, કેમકે એણે અનંગને જીવાડી પોતાનો કિંકર કર્યો હતો—૯૪

ભિક્ષાથી નિર્વાહ કરનારા જે દ્વિજોને રાજાએ યથાયોગ્ય સત્કારથી તેડેલા હતા તેમણે ઉમાવિવાહનો અભિનય કરતાં ચંદ્ર અને સ્વાતિનો યોગ કર્યો—૯૫

જે રાજાઓ પોતાના દેશથી નીકળી સૂર્યની સાથેજ અત્રે શીઘ્ર આવી પહોચ્યા હતા, તે વરવાની ઇચ્છાવાળા વિષે, જુગુપ્સાથી અત્યંત રહિત એવી, દ્વારપાલિકા વર્ણન કરવા લાગી—૯૬

પોતાના જીવની ન દરકાર કરી જેની સાથે યુદ્ધની ઇચ્છા પણ કરતા નથી, અને જે જીવવાની ઇચ્છાવાળાને જીવાડે છે, એવો આ અંગરાજ રહ્યો, હે સુભ્રુ ! એની તને ઇચ્છા છે ?—૯૭

જેને પોતાના પુત્ર જેવો ગણી સ્વર્ગ કામનાવાળા ઋષિઓ પણ સ્વર્ગ કે બીજું કશું ઇચ્છતા નથી એવા આ કાશીરાજને પતિ કરવા ઇચ્છે છે?—૯૮

જે ઇંદ્રાધિષ્ઠિત દિશાનો ઇંદ્ર છે, ને જે શાસ્ત્રમાં કુશળ હોઈ મૂર્ખ નથી, તથા જે ઘણો પરાક્રમી છે, એવા અવંતીશ પ્રતિ શચિભાવ ધારણ કરવા ઇચ્છે છે ?—૯૯

જેની વાણી પદ્ય જેવી છે, જેનામાંથી લાવણ્ય ઝરે છે, એવા ચેદીરાજ સાથે અપ્સરા રૂપ થઇ તું રમવાને ઉત્સુક છે ?—૧૦૦

પરાક્રમને પ્રકાસતી, અતિ વિપુલ થતી, ને સર્વત્ર વ્યાપી રહેતી, જેની કીર્તિ ચારે દિશામાં પ્રસરે છે એવા કુરુરાજને કંઠે સુમન રૂપ થવાનું મન રાખે છે ?—૧૦૧

લોહીવાળાં મુખવાળા, ઢાલ રાખતા, અને શબ્દ કરતા, શત્રુને અતિ કષ્ટ વેઠી જેણે હણ્યા છે એવા આ હૂણને તું વરશે ?—૧૦૨

જે કોપથી કદી ભરાતો નથી, લોભથી લેવાતો નથી, ને કામથી ચલતો નથી, એવા આ મથુરેશને તું ભજે છે ?—૧૦૩

જ્યાં હરણાં સુખે વાગોળે છે એવા અરણ્યમાં પણ જેની આજ્ઞાથી વ્યાધ લોક પણ દુરાચાર કરી શકતા નથી એવા આ વિંધ્યેશથી તું રમે છે ?—૧૦૪

જેના શત્રુઓ ને ફીણ પડેછે, આંસુ રેલે છે, ને તાપ પીડે છે, એવા અંધ્રરાજ સાથે હોમ ધૂમ સહિત અગ્નિ સમીપ પરણીને સુખી થવા ઇચ્છે છે?—૧૦૫

જ્યાં શ્રીલક્ષ્મી લેશ પણ દુઃખ પામતી નથી, ને વળી શ્રી સરસ્વતી સાથે જરાપણ વૈર ધરતી નથી, એવો યશઃશંખના ધ્વનિ સમેત આ શ્રીગૂર્જરેશ્વર રહ્યો—૧૦૬

અને, જે નમન કરતો અને સેવા કરતો, તપોધન એવા મહાત્માઓને પણ આશ્ચર્ય પમાડે, તેવા દુર્લભરાજ એ નામના એને તું પરણવા ઇચ્છે છે ?—૧૦૭

એ સાંભળીને એણે હાથ ઉંચો કરી એના ગળામાં માળા આરોપી, અને ઉંચાં પૂછડાંવાળા અશ્વે ચઢીને અતિ કોપ કરતો બીજો રાજસમાજ નાઠો—૧૦૮

પૂછડાં હલાવતા હાથીઓ, પૂછડાં છટકારતા ઘોડાઓ, અને ધરી ઉપર ધધડતા રથો, એ વાહનોથી દુર્લભરાજનાં બંધુજન આવ્યાં—૧૦૯

યજ્ઞભાંડની યોજના કરતા, અને યજમાન પાસેથી વસ્ત્રાદિ પામતા, અને મંત્રોચ્ચાર કરતા, બ્રાહ્મણોએ તેમનો હાથેવાળો મેળવ્યો—૧૧૦

જે બ્રાહ્મણો અન્નને વર્જી માત્ર પયોભોજીજ છે તેવાએ, વેદમંત્ર ભણતાં, એમની મધુપર્કાદિ ક્રિયા કરાવી—૧૧૧

પછી, સંપૂર્ણ મનોરથવાળા મહેંદ્રે ચૌલુક્યને, દ્રવ્ય, અશ્વ, શ્વેતાશ્વ, આદિમાં નવરાવી નાખતાં વિવિધ પહેરામણી આપી —૧૧૨

એણે, અકુટિલ બુદ્ધિવાળાએ, જેમ ગોપાલ રૂપ વિષ્ણુએ પોતાની ભગિની અર્જુનને આપી હતી, તેમ પોતાની બીજી નાની બહેન વિજયવાન્ નાગરાજને આપી—૧૧૩

એ બે તથા એ બધાં આનંદથી પ્રકાશવા લાગ્યાં, અને એમના લગ્નના હર્ષથી એ પણ પ્રકાશવા લાગ્યો—૧૧૪

મહેંદ્રે એ વરકન્યાને પોતાના જેવાંજ ગણી તદનુકૂલ સર્વ ઉપચાર પૂર્વક વિસર્જન કર્યાં, અને એમને ભેટી અમૃતરસમાં નહાયા જેવો આનંદ પામ્યો—૧૧૫

બ્હેનોને દાસીઓ આપી, કાસકો (?) આપ્યા, દ્રવ્ય આપ્યું, ને જલમર્યાદા( ૧ ) પર્યંત તેમને વળાવા ગયો—૧૧૬

દુર્લભરાજે રસ્તો કાપવા માંડયો, અને નાગરાજ પણ તેની સાથે ચાલ્યો, ને ઔત્સુક્યથી તેઓ વાટિકામાં કે જલસ્થાન ઉપર કહીં પણ થોભ્યા નહિ—૧૧૭

જે એ કન્યાને વરવા આવ્યા હતા અને અતિ પ્રકાશમાન થઇ રહ્યા હતા તે ક્રોધયુક્ત થઇ આગળ ઉભા હતા; તેમને જોઇને દુર્લભરાજ અતિ વિકાસ પામ્યો—૧૧૮

તે રાજાઓ ગર્વથી વિકાસવા લાગ્યા અને યુધ્ધની ઇચ્છા કરવા લાગ્યા, અને તેમણે (ત્વરામાં) અમાત્યોની પણ અપેક્ષા ન કરી કે સહાયની પણ આશા ન રાખી—૧૧૯

એમના તુમુલે આકાશને છાઇ નાખ્યું, દિશાઓને ભરી દીધી, અને એટલો શોર કર્યો કે એમને ગ્રસવા માટે યમ પણ જાગી ઉઠયો—૧૨૦

એને જીતવા માટે તેમણે અતિ તેજસ્વીપણું દાખવી ઉદ્યોગ કર્યો તેમાં તો માત્ર એમની અલક્ષ્મીજ જાગ્રત્ થઇ, એમની બુધ્ધિ નહિ—૨૧

જેમ અગ્નિ પ્રજ્વલેછે, અથવા જેમ વડવાગ્નિ સળગ્યો હતો, તેમ તેમનું તેજ આખા વિશ્વને પ્રજ્વાલનારૂં હોય તેમ, પ્રજ્વલી ઉઠયું—૧૨૨

દિશાઓ જાણે અગ્નિથી બળતી હોય તેવી જણાવા લાગી,

---

(૧) એવો શાસ્ત્રસંપ્રદાય છે કે જ્યાં જલ હોય ત્યાં શુધી વળાવા જવું.

પૃથ્વી ભયથી કાંપતી હોય તેવી જણાઇ, તોપણ એ રાજાઓને કાંઇ ભીતિ લાગી નહિ—૧૨૩

જે ઈંદ્રથી પણ બીહીતો નથી તે શું એમનાથી બીહીવાનો હતો, પણ ચુલુક્યરાજા એમની સાથે યુધ્ધ કરતાં શરમાવા લાગ્યો —૧૨૪

શરમાતાં છતાં પણ તેણે પિનાક હાથ ધર્યું, અને એમ ત્રિપુરદાહ કરનાર શંકરની લીલાનું અનુકરણ કરતો તે જણાયો—૧૨૫

ત્યાં કેટલાકે અગ્નિમાં સમિધ્‌ની પેઠે યુધ્ધમાં બાણ હોમ્યાં, કેટલાકે પોતાનો આત્મા હોમ્યો, પણ એના બલની સીમા કોઇથી સમજાઇ નહિ—૧૨૬

ઉડતી રજને લીધે રાજાઓ પોતાનાં તથા પારકાંને ન ઓળખવા લાગ્યા, સૂર્યને પણ ન દેખવા લાગ્યા, ત્યાં બીજું તે એ લોક શું જાણી શકે ?—૧૨૭

આ લોક મારી શક્તિ જાણે એમ વિચારી દુર્લભરાજ તૈયાર થયો, અને પૂર્વે હાથથી દાઢીને મર્દન કરી ( મૂછે તા દઇ ) પછી ભાથા ઉપર એણે હાથ નાખ્યો —૧૨૮

ભાથામાંથી એણે શર ખેંચ્યા, ને ધનુષ્‌ને પણ તાણ્યું, અને એમ અર્જુને જે લીલા કરેલી તેજ એણે પ્રત્યક્ષ કરવા માંડી—૧૨૯

જે પોતાના બાહુબલનું અભિમાન ધરતા હતા, અને મંત્રાસ્ત્રનો ગર્વ રાખતા હતા, તેમનાથી એણે યમરાજને સંતોષ્યા, છતાં યશથી પોતે તૃપ્ત થયો નહિ—૧૩૦

ગર્વથી કરીને જે તેના આગળ આવ્યા, જેણે તેનો દ્વેષ કર્યો, કે જે તેના સામું જોઇ રહ્યા, તે સર્વને તેણે બાણપ્રહારથી મથી નાખ્યા ને તેમના પ્રાણ હર્યા—૧૩૧

જેમ ઘોડા ઘોડાની ઉપર પડે, ને રથ રથને અથડાય, તથા કોઇ પણ પોતાનાં અસ્ત્રનું માન રાખે નહિ, એ રીતે એણે વીર્ય વાપર્યું—૧૩૨

ભયથી મૂત્ર કરતા હાથીનો સમૂહ તેના આગળથી નાઠો, ઉભા રહેવાની ઇચ્છા કરી શક્યો નહિ, કે જલ પીવા પણ ટકી શક્યો નહિ–૧૩૩

પીડાથી કરીને અંગદેશાધિપ ધૈર્ય ધારી શક્યો નહિ, ને દિશા તરફ નાઠો, એટલુંજ નહિ પણ નાસવાની સલાહ આપનારને પણ સાધુવાદ આપવા લાગ્યો—૧૩૪

માલેન્દ્રે પણ અસ્ત્ર નાખી દઇ નાસવાની વાત કરવા માંડી, અને શાસન કરતાથી અભિમુખ ન જતાં પલાયન કરવા લાગ્યો–૧૩૫

ત્રાસ પામેલા પુત્રોની પણ વાટ ન જોતાં, કે કલત્રની પણ પ્રીતિ ન રાખતાં, હૂણદેશેશ નાસતાની પુઠે નાઠો, અને નાસતાને બોલાવવા લાગ્યો—૧૩૬

જેણે તુરુષ્કોને ને પર્વતેશને યુદ્ધમાં રમાડેલા તેવા મથુરેશનાં ગાત્ર સ્વેદથી લીપાઇ ગયાં, ને તે સ્વેદથી પૃથ્વી પણ ભીજાવા લાગી–૧૩૭

અંધ્ર દેશાધિપતિએ રુધિરથી પૃથ્વીને લીપી તથા સિંચી અને એમ પોતે મૂર્છા પામી ગયો, અને એને બંદિજનોએ ચંદનથી સિંચન અને લેપન કરવા માંડ્યું—૧૩૮

ચેદીરાજ સર્વ શક્તિહીન થઇ ગયો અને નિસ્તેજ થઇ ગયો; કુરુરાજ તેજહીન થઇ દુબળો થઇ ગયો અને કાશીરાજ સૂકાઇ ગયો, અને તેનાં શ્વાસ તથા વાણી બંધ થઇ ગયાં—૧૩૯

પ્રિયા ક્યાં ગઇ, પુત્ર ક્યાં ગયો, મંત્રી ક્યાં ગયો, સખા ક્યાં છે, એ ચિંતા કરવા કોઇ પણ રાજા ઉભો રહ્યો નહિ, કે પોતાના રથને પણ કોઇએ ઉભો રાખ્યો નહિ—૧૪૦

જે ભયભીત થઇ નાઠું તે જીવ્યું કેમકે તેનું જીવિત ચૌલુક્યે હર્યું નહિ; માત્ર તેનું તેજ તેનો યશ ને તેનું નામ તેણે હર્યાં-૧૪૧

આ પ્રમાણે આવાં પરાક્રમથી શત્રુઓને પ્રજાળી, તેમના હર્ષને પણ ભસ્મ કરી, એ પોતાની નગરીમાં, સસંભ્રમ વધૂજનનાં લોચનનો પાત્ર થતો, આવી પહોચ્યો—૧૪૨

---

## સર્ગ ૮.

અદ્ભૂત શ્રીવાળો, બાલક છતાં પણ અગ્નિ જેવો અતિશય દીપતો, ને સૂર્ય જેવો તેજસ્વી, એવો ભીમ નામે પુત્ર, જાણે આદ્ય ભીમજ હોય તેવો કે વિષ્ણુ હોય તેવો, નાગરાજને થયો—૧

નાગરાજે તેમ રાજાએ પણ એના જન્મથી પોતાનું પિતૃઋણ મુક્ત થયું માન્યું; લોકથી મહેલનાં દ્વાર ભરાઇ ગયાં, મધ્ય ભાગ ભરાઇ ગયો, ને સવએ હર્ષ વિસ્તારવા માંડ્યો ને ગાન કરવા માંડ્યું—૨

એનાથી લક્ષ્મી, ધર્મ, અને વંશ, ત્રણેની વૃદ્ધિ થશે તથા કીર્તિ પણ વૃદ્ધિ પામશે એમ જોઇ પૃથ્વીમાત્ર ખુશી થઇ, રાજા પણ હર્ષ પામ્યો ને સમુદ્રપર્યંત મંગલ થઇ રહ્યું—૩

આપણા આશિર્વચનથી, ને આપણા પુણ્યના પ્રતાપથી, એની વૃધ્ધિ થાઓ એવાં મુનિવચનોથી તથા ગંભીર મંત્રોચ્ચારથી પૃથ્વી અને આકાશ ભરાઇ ગયાં-૪

જે એને ભક્તિથી નહિ ભજે, અથવા જે બાહુબલના ગર્વથી એની સાથે યુદ્ધ માંડશે, તેમને એ સમૂલ કચરી નાખશે કે મારી નાખ-

શે, અથવા એની સાથે જે વિગ્રહ કરશે તેમને એ પકડશે; એ પૃથ્વી અને સમુદ્રનો અધિપતિ થશે, તત્ત્વને જાણશે, ન્યાયમાર્ગ પ્રવર્તાવશે, અને જે પૂર્વે કોઇથી ન થયેલું તેવું કરી ગર્વને નમાવશે ને પાપપ્રચારને નિર્મૂલ કરશે; જે દૈત્યોથી હસ્તગત કરાયલાં, સ્વર્ગ અને પૃથ્વી કારાગૃહ તુલ્ય થઇ પુણ્યના અત્યંત અસ્તને લીધે પોતાનાં કે પારકાંને પણ કેવલ અંધકારમાં ઓળખી શકતાં નથી, તેમને પણ એ મારશે; એમ એને લક્ષ્મી પ્રસન્ન રહેશે, અને પ્રસિદ્ધ બ્રહ્મકન્યા (સરસ્વતી) પણ તુષ્ટ રહેશે, ધર્મનો એના ઉપર અનુગ્રહ રહેશે, ને ઇંદ્રની એને મૈત્રી થશે; આવી એના જન્મ સમયે આકાશવાણી થઇ–૫—૬—૭—૮

એ રાજાના ખોળામાં રમતો રમતો ત્યાંજ ઉંઘી જાયછે, સાથે રમનારાંને અર્ધ આપીને પોતે ખાયછે, અને અતિ કાન્તિમાન્ એ, આગળ દોડતા ને પકડવા પ્રાસાદનાં મેડા મધાળામાં દોડતો ફરેછે—૯

આમતેમ રમતા અને કાન્તિથી શોભતા એવા, એના કંઠમાં એક નિષ્કાભરણ, કદિ પણ જેની પ્રભા ક્ષીણ થતી નથી, એવું જે શોભી રહ્યુંછે, તે જાણે ઇંદ્રે એની મૈત્રીની ઇચ્છાથી પોતાના કદી પણ ક્ષીણ ન થાય તેવી કાન્તિવાળા ધનુષ્‌ને નાનું સરખું બનાવી દઇને આપ્યુંછે—૧૦

વાજિશાલામાંનો વાંદરો (૧) ઝટ છૂટીને નાસતાં બીજાં બાલકો બીહીનાં, ક્લેશ પામ્યાં, નાસવા લાગ્યાં, પણ એ ભય પણ ન પામ્યો, ત્રાસ પણ ન પામ્યો, નાઠો પણ નહિ, ને ઉલટો રમત-

---

(૧) ટીકાકાર એમ લખેછે કે અશ્વને અક્ષિરોગ ન થાય માટે અશ્વશાલામાં વાંદરાને રાખવો.

માં તેને જોવા માટે તેના તરફ જવા લાગ્યો, ને તેને ઇચ્છવા લાગ્યો—૧૧

દાઢી અને મુકુટના ગુચ્છને ખેંચતા એનાથી રાજા અને અમાત્યવર્ગ અતિ આનંદ પામેછે; અથવા એના ખોળામાં બેસવાથી કોને હર્ષ નથી થતો કે કોનામાં અનુરાગ નથી વ્યાપતો ?—૧૨

એનું શરીર પ્રૌઢ થવા માંડતાં એણે ક્રીડામૃગોનાં શીંગડાંને નખ કાપવા માંડ્યાં ( ૨ ), ધનુષ્યને હાથમાં ઠરાવવા માંડ્યું, તથા દૃષ્ટિ નીશાન ઉપર સ્થિર કરવા માંડી, ને એમ ગુરુપ્રતિ અતિ વિનીત ભાવ દાખવવા માંડ્યો—૧૩

એ બાણથી કરીને લક્ષ્યને ભૂમિ સાથે જડી દેછે, પાશ બંધાદિથી ખેલતા મલ્લને પણ મલ્લયુદ્ધમાં બાંધેછે, ને એમ કરતાં તેને કોઇ બાંધી શકતું નથી, અને મહાભાર ઉઠાવતા એની સામે કોઇ થઇ શકતું નથી —૧૪

પછી, શુભ આજ્ઞા કરતાં એને રાજાએ કહ્યું કે પૃથ્વીને તારા ગુણથી વશ કરીને પ્રસન્ન કરતો, શત્રુને તેજથી શેકી નાખી પરાજય પમાડતો, તું પૃથ્વીને ગ્રહણ કર, હું હવે તીર્થમાં જઇ કર્મપાશને કાપીશ—૧૫

આંખમાંથી આંસુ પાડતો, ને આ વાત ન સ્વીકારતો, ભક્તિથી નમ્ર, રાજપુત્ર બોલ્યો, આ આપનો દાસ હે તાત ! બીજી અનેક સેવા કરી ચૂક્યોછે, કરશે, કરેછે, પણ આ વાત તો નહિ કરી શકે—૧૬

---

( ૨ ) શીંગડાં કાપવાથી તેને મૃગી જાણીને બીજાં મૃગ તેની પાસે આવે એટલે તેમનો શિકાર થાય અને નખ કાપવાથી તે ત્વરાથી દોડી શકે આ રીતેજ શિકાર કરવાની સ્થિતિ છે એમ ટીકાકાર.

જે તપ ( તપસ્વીઓ ) કરેછે કે જે જે તપ થયુંછે, તે સર્વના રક્ષણથી આપે તીવ્રતપ કર્યું છે; ને એથીજ સિધ્ધિમાત્ર આપને પ્રાપ્ત થશે, ને શ્રેય પણ આપનું પાકી ચૂકયુંછે, પાકેછે, પાકશે—૧૭

હે સ્વામી ! જેમ વેનરાજાના પુત્ર પૃથુને પૃથ્વીએ સર્વ રત્ન દીધાં હતાં તેમ આપને પણ પૃથ્વીરૂપી ધેનુ સર્વ વસુ દે છે; આપની ક્ષત્રવૃત્તિથી શત્રુલોક હૃદયે તપેછે, શું એટલાથીજ આપનો પરલોક સિધ્ધ નથી ! કે આવું ઇચ્છોછો ? —૧૮

પોતાનો ભાઇ સમર્થ છતાં, ( તેના ) પુત્રને રાજ્ય આપવું એવું કોણે, હે તાત ! કરેલું, કે એવી સ્મૃતિ કોણે પ્રવર્ત્તાવેલી ! એમ ન કરશો, ( કેમકે ) દૂધ ન પીશકે તેવું વાછડું હોય ત્યારે ગાય પોતાની મેળેજ દૂધ ઝરાવી દે તેથી તે કાંઇ દહોવાઇ કહેવાય નહિ—૧૯

પછી, રાજાના કહેવાથી નાગરાજ પણ તપીને બોલ્યો કે જ્યારે શ્રીયુધિષ્ઠિર તપ કરવા ગયા ત્યારે તેમની પછીના કોઇએ શું રાજ્યની ઇચ્છા કરી છે ? કે હું રાજ્યભારનો તાપ વહોરૂં ! –૨૦

એણે એ પ્રમાણે કર્યું નહિ, તેમ કાંઇ વિકાર પણ દાખવ્યો નહિ, તેમ કાંઇ ઔધ્ધત્ય પણ કર્યું નહિ, પણ એમણે બેએ થઇને સમજાવીને પુત્રને અભિષેક કર્યો, ને તેની સાથેજ આકાશથી પુષ્પવૃષ્ટિ પણ થઇ—૨૧

એ નવા રાજાએ એવી શોભા વિસ્તારી કે જેવી એના પછી કોઇ કરી શકનાર નથી; અને દુર્લભરાજ સ્વર્ગપુરને શોભાવવા લાગ્યો, અને તેનો નાનો ભાઇ પણ સ્વર્ગનો અલંકાર થયો—૨૨

બલિરાજા ઇંદ્ર થશે ત્યારે જેવું સ્વર્ગ શોભશે તેવી આ રાજાથી પૃથ્વી શોભી રહી; એની કીર્ત્તિ વિપુલ થવા લાગી, અને એની સમૃદ્ધિ સમુદ્રપર્યંત પોતાની મેળેજ વિસ્તરવા લાગી–૨૩

એનો યશ પોતાની મેળેજ ચોતરફ વ્યાપ્યોછે, એ સ્વતઃજ આદિ પુરુષોનાં( ૧ ) ચરિતનું અનુકરણ કરેછે, ને એના શત્રુઓ પણ એકદમ પોતેજ વિખેરાઇ ગયાછે, એમ એના સંબંધે લોકોની વાણી પ્રવર્તે છે—૨૪

એક બીજાને ગળે, બીજું ત્રીજાને ગળે એવી જે નીતિ તે એણે માત્ર સમુદ્રમાંજ ઉતારી દીધી, પ્રજામાં એનો લેશપણ રહેવા દીધો નહિ, એમ એને કલિ પણ વિકાર કરી શક્યો નહિ—૨૫

પૃથ્વી, એને સ્વયમેવ સર્વપ્રકારે પ્રસવ કરી આપેછે, ને એની સેના એને ચોતરફ વીંટાઇ રહેછે, એની તરવાર યુદ્ધમાં બહુ સારી રીતે છેદછે, ને અરિરુધિરથી યમને પૂજેછે—૨૬

કોઇએ આ રાજાના વખતમાં પરસ્ત્રીની ઇચ્છા ન કરી, કોઇ પરસ્ત્રીને લઇ ના ગયું, કે કોઇ તેના વિષે અપશબ્દ પણ કહી ના શક્યું, કેમકે એ નિરંતર નીતિમાર્ગમાં જાગતો રહેતો ને કોઇના પણ પાપને ક્ષમા આપતો નહિ—૨૭

અપંથે જનારને એ નિર્મૂલ કરી નાખેછે, એટલે ચોરલોક રખડતા નથી તેમ રખડવાની ઇચ્છા પણ કરતા નથી; કોઇ પણ પાપેચ્છામાં પ્રવર્તવા ઇચ્છતું નથી, પણ સર્વે યથાર્થ રીતે સીધે સીધાં ચાલેછે—૨૮

ઐશ્વર્ય પામવાની ઇચ્છાથી એની પૂજા કરવા માટે અશેષ નૃપમંડલી એને સ્વામી ગણી એની પાસે આવતી હવી; વરૂ પણ એના રાજ્યમાં બકરીની ઇચ્છા કરતાં નથી, તો બીજાં કીયાં બુભુક્ષુ તેવી ઇચ્છા કરે ?—૨૯

---

( ૧ ) રામાદિ જે પૂર્વકાલના મહાત્માઓ થઇ ગયા તે.

સ્વર વિનાના જે નામ–ધાતુ તેમના એકાચ અવયવ જેમ યથે-ષ્ટદ્વિત્વ પામી શકેછે તેમ એ રાજા સતે સર્વની લક્ષ્મી યથેષ્ટ થવાથી કોઇ એક બકરી સરખીની પણ ઇચ્છા કરતું નથી–૩૦

એના રાજ્યમાં કોઇ કોઇના ધનની ઇર્ષ્યા કરવા ઇચ્છતું નથી કે તેથી પણ બળવાની ઇચ્છા કરતું નથી, કેમકે એ દિવસે કે રાતે સુવાની ઇચ્છા કરતો નથી—૩૧

શ્રી એનામાં સરસ્વતીની ઇર્ષ્યા કરતી નથી, ને સરસ્વતી શ્રીની ઇર્ષ્યા કરતી નથી, ને એ વિદ્વાનોને લક્ષ્મી આવેછે ( તેથી ) સચરા-ચર થયેલી કીર્તિવાળો ( તે સાંભળતાં ) શરમાયછે—૩૨

ક્રીડામાત્ર માટે પણ રાજરીતિથી આ રાજાના ચાલવાથી ઘોડાની ખરીઓના પ્રહારે જે ધૂલ ઉડેછે તેને ચલવિચલ થતા મેઘનો સમૂહ જાણીને સ્કંદનો મયૂર ટૂહૂકાર ગજવી મૂકેછે—૩૩

પર્વતને પણ વિદારી નાખે એવા કર્કશ દંતવાળો, અને મેઘને ( પ્રતિહસ્તી જાણી ) સહન ન કરનારો, તથા મદથી નવાઇ ગયેલી સુંઢોવડે આંગણાને પલાળતો એના હાથીઓનો સમૂહ કોને આ જગત્માં વિસ્મય કરતો નથી ?—૩૪

સત્યપુરુષોને સારૂ કરવાની ઇચ્છાવાળો એ, તેમનો પ્રસંગ કરવા ઇચ્છેછે ને તેમને સંતોષવા ઇચ્છે છે, દંભ કરવાની ઇચ્છાવાળા શત્રુઓને નમાવી દેવા ઇચ્છે છે, શસ્ત્ર નાખવા ઇચ્છતા ઉપર તે ના-ખવાની ઇચ્છા કરતો નથી—૩૫

એ, શસ્ત્રવિનાના ને હણવા ઇચ્છા કરતો નથી, સૈન્યથી પૃથ્વીના તથા સમુદ્રને પણ પામવા ઇચ્છે છે, દાન કરવાની ઇચ્છાથી લક્ષ્મીની ઇચ્છા કરે છે, ને અર્થીની આશાનો ભંગ કરવા ઇચ્છતો નથી—૩૬

આપ્યા વિનાનું જલપણ લેવાની જે ઇચ્છા કરતો નથી તે દ્ર-વ્યની તો ઇચ્છાજ કેમ કરે ? કોઇ પણ એના સમયમાં ક્રોધની ઇચ્છા

પણ કરતું નથી, કેમકે અવિનય કરતા યમને પણ શિક્ષા કરે તેવો એ છે—૩૭

જે શરણ માટે કે પોતાનો ક્ષય ન થાય એવી ઇચ્છાથી કે માત્ર સેવા કરવાની ઇચ્છાથી એને શરણ ઇચ્છે છે તેને કોઇ હણવા ઇચ્છતું નથી, કોઇ હણી શકતું નથી, કે કોઇએ હણ્યું નથી—૩૮

તમે અપરાધ કર્યો છે આણે નહિ; તમે વિરુધ્ધ બોલ્યાછો બીજું કોઇ નહિ; તમે બોલ્યા ત્યારે કોઇ બોલ્યા, એમ સમજાવીને, એ, વિવાદ કરતાને શાસન આપેછે—૩૯

એક દિવસ તેની પાસે બે ચરો એકાંતમાં આવી ઉભા રહ્યા, ને એમ બોલ્યા કે જે નિમિત્તે આપ ફૂલોછો અને જે નિમિત્તે અમને આજ્ઞા કરોછે તે નિમિત્ત સંબંધી વાર્તા અમારી સાંભળો—૪૦

આપે અમને જે અર્પ્યું હતું તેથી અમે આખી પૃથ્વી ઉપર ફરી આવ્યા છીએ, જે યોગ્ય વચન કે આજ્ઞા કે જે કાંઇ આપે કહ્યું હતું તેથી પૌંડ્ર દેશનો રાજા શરમાયો નથી—૪૧

( ૧ ) જ્યાં કેશીને મસળી નાખ્યો, જ્યાં કંસને કચરી નાખ્યો, જ્યાં બલિ પાસે યાચવા માટે ભમ્યા, વેદનું વમન( ૨ )કર્યું, અને તૈ-તિરીને શાખા વમન (૩) કરાવી, જ્યાં બાલકો સાથે ક્રીડા કરવા ગયા આવ્યા, ત્રાસ પામ્યાને પમાડ્યો, જ્યાં ગાયો ચારી તથા ગોપ સાથે વિહાર કર્યો, જ્યાં અમુક પ્રકારની શબ્દસંજ્ઞાઓ કરી ન કરી, તે બધા દેશોમાં આપની આજ્ઞા ને કોઇ ખાઇ જતું નથી તેમ ભય

---

( ૧ ) રાજા વિષ્ણુનું જ રૂપ છે માટે કૃષ્ણરૂપી વિષ્ણુ સાથે રાજાનો અભેદ ગણી વર્ણન કર્યુ છે એમ ટીકાકાર.

( ૨ ) એ મત્સ્યાવતારની વાત છે. ( ૩ ) એ યાજ્ઞવલ્કય પાસેથી યજુર્વેદ મંત્રો પાછા માગી વમન કરાવેલું તે સંબંધી વાત છે.

नथी पामता तेम नथी, पण वने वन रखडे छे, पर्वतोमां भमे छे, पाणीने रुधिर ओकरे छे—४२—४३—४४

आपना सुभटो ए देशोमां गया छे, अने निर्भयपणे त्यां रह्या छे, ने आपने प्रशंसे छे, आपना गुण कथे छे, एटलुंज नहि पण आपना चार पण जेवा अहीं डर्या विना फरे छे तेम त्यां पण फरे छे—४५

जे भ्रमर अने हंसोना मधुरनाद कुरुदेशमां थइ रहेता ते त्यां शोभ्या नहि, पण हे नाथ ! आपनी कीर्तिनां गान के अर्जुननां वर्णनमात्रज त्यां शोभ्यां—४६

आते पुरुरवा दीपी रह्यो छे, के रामचंद्र शोभी रह्यो छे, के कोइ शिवनो गण छे, के कर्ण प्रकाशी रह्यो छे, के अज भूपति भासी रह्यो छे, एम दिशाए दिशाए आपना विषे लोकोमां वार्ता प्रवर्ते छे—४७

अरे ! आ हार आवो ढीलो केम गुंथ्यो, अथवा तुंज नहि पण बीजाए एवोज गुंथेछे, एम वधूने भर्त्सना करी पोते हाथेज अंध्रराजा आपने माटे हार गुंथे छे—४८

मगधराजना लोक अति उत्तम ( आपनो ) इतिहास गुंथेछे, ने आपनां चरितनो आश्रय लई अद्भुत कथा गोठवे छे, ने एम करवामां जरापण दंभ करता नथी, एम आपे कोने आपणा गुणथी ( १ ) नथी बांध्युं ?—४९

गोप वेष धारी अच्युतनी पेठे अमाराप्रति दंभ करतो नथी, के ( दुष्टोप्रति ) आर्जव करतो नथी, तुं पोते ते ( अच्युत )ज छे,

---

( १ ) अत्रगुण शब्द द्विअर्थी छे, गुण दोरडुं, अने गुण सद्वृत्ति.

તો શામાટે દંભ કરી છૂપો રહેછે, એમ તમને યમુનાતટના આહીરોએ સંદેશો કહાવ્યો છે—૫૦

આપે પુષ્પ ભેગાં કર્યાં નથી કે ગુંથ્યાં નથી, તથાપિ આપની કીર્ત્તિથી આપે દિશાઓમાં સત્વર હાર ગુંથી દીધા છે, અંધકારને દૂર કર્યો છે, ને દૂર પડેલાને પણ પાસેજ હોય એમ બોલતા કર્યા છે—૫૧

ભૂમિ ઉપર અતિ ફૂલાઇ ગયેલા સિંધુપતિ અને ચેદિરાજ ઇર્ષ્યાથી આપના યશને ક્ષીણ કરેછે, અપયશ આપેછે, આપના ગુણોનો અપકર્ષ કરે છે, ને આપને દોષ આરોપે છે—૫૨

સંપૂર્ણ વિશ્વાસ કરી, લક્ષપૂર્વક સાંભળો, સિંધુપતિએ આપને હણવાની ઇચ્છાવાળા સુભટો પોષ્યા છે, ને મરુચંડીશાદિની સાથે દિવ્યજલપાન( ૧ )પૂર્વક પ્રતિજ્ઞા કરી, ને તેમને ( આપના તરફ ) મોકલ્યા છે—૫૩

પોતાના દૂતોથી પ્રસિદ્ધ શિવશાણપતિને હરાવી તેને પોતાના કટકમાં રાખ્યો, એવા એને, અશ્વ સહિત ચઢતાને કોઇએ જીતવાની ઇચ્છા કરી નથી, કોઈ હઠાવી શકયું નથી–૫૪

એના બલનો કોઇ પાર પામ્યું નથી, ને કોઇ એનો આશય જાણી શકતું નથી, ને એ દુર્મતિએ આપના વિષે જે ઇચ્છા કરી તેણે અમને પ્રજાળી નાખ્યા, ને તે અમને અગ્નિરૂપ થઇ પડ્યું છે—૫૫

જે આપનો શત્રુ હોય તેને એ મળેછે, તથા જે આપનો ઉદય

( ૧ ) એવો સંપ્રદાય ટીકાકાર બતાવે છે કે પ્રતિજ્ઞા લેવામાં કોઇ દિવ્ય મૂર્તિને નવરાવી તેનું જલ પ્રતિજ્ઞાપૂર્વક બન્ને જણ પીએ, એટલે બંધાય.

નથી ઇચ્છતા તેની પાસે જાયછે, તેમ જેણે અત્ર આપના ગુણ ગાઇ તેમને પ્રાકાશ્યા તેમને એણે માર્યા, વિખેરી નાખ્યા, નિર્મૂલ કર્યા —૫૬

એ સામપ્રયોગ ઉપર જરાપણ રુચિ કરતો નથી, ઉલટો અવજ્ઞા કરેછે, ને દંડમાત્રનેજ ઇચ્છેછે ( એટલા માટે ) જ્યારે પણ એ છટ્ કરેછે અથવા અવજ્ઞા કરેછે ત્યારે આખી નૃપમંડલી એને ખમા ખમા કરીને એને હાથ જોડેછે—૫૭

રે ! ચીનપતિ શું ચેંચેં કરેછે, રે ! બર્બરરાજ ! શો કલબલાટ છે, ને એ તેજરાજ ! શો લવારો છે, એમ એ પોતાની સ્તુતિ કરતા રાજાઓ સાથે વદેછે—૫૮

ભેદનીતિથી સાધવા યોગ્યને તેમ સાધેછે, તજી દેવા જેવા નિર્માલ્યને તજેછે, સમર્થને કોઇ પણ પ્રકારે ભૂલાવામાં પાડેછે, એમ અનાકુલ મતિવાળો, એ, મનોરથરૂપી ઉચ્ચ શૈલથી જરાએ હઠતો નથી—૫૯

એની સેના વાંકાચુંકા રસ્તા લેતી આમતેમ ભમવા લાગેછે કે દ્વીપાદિ દુર્ગમાં રહેલા રાજાઓ પણ ઉંચા નીચા થવા માંડેછે, દિશાઓમાં આડા અવળા ફરતા રહેછે, ને એમ મહા વિટંબના વેઠેછે—૬૦

એ જ્યારે સૈન્યસહિત કૂચ કરેછે ત્યારે ગિરિનાં ઉચ્ચ શિખરો ગબડી પડેછે, ને શેષ નાગ ફફડી ઉઠવાથી પુરાણ કૂર્મ પણ પોતાની પીઠ મરડેછે—૬૧

જે જલદી અત્યંત દાહ કરી શકે, દંશ કરી શકે, કે એવીજ બાધા કરી શકે, તેવા મંત્રોને એ અતિશય જપેછે, ને એ, અનયવૃત્તિપૂર્ણને, કૃત્યનું ફલ પણ મળેછે—૬૨

જે ભુજના દર્પથી તનમન નાચી રહ્યોછે, ને જેની સેના નાચતી કૂદતી કોઇથી પણ વરાયા વિના દિશાઓમાં વ્યાપેછે, એવા ચેદિરાજ વિષે પણ વાણી વિસ્તરી શકતી નથી ને બુદ્ધિ કહ્યું કરી શકતી નથી —૬૩

જેણે પૃથ્વીને નહવરાવી નાખીછે, ને ચોતરફ વ્યાપી રહ્યોછે, તથા જે ચંદ્રરૂપ છે, એવા હે ઇશ ! અત્ર આપના યશને તે સહન કરતો નથી, શરણ થતો નથી, અહો ! મર્યાદામાત્ર તજી બેઠો છે —૬૪

એના અશ્વરથ ને હાથીને ગણવા ઇચ્છે છે તે સમુદ્રને ખોબલે ઉલેચવા ઇચ્છે છે, જીવને સાચવવા ઇચ્છતો કાલ પોતે પણ એના સામો ન જાય તો બીજો કોણ જઈશકે ?—૬૫

પૃથ્વીને પણ ચીસ પડાવતા કટકથી એ શત્રુને સહજમાં સંહારે છે; એવાની કોણ મૈત્રી ન ઇચ્છે ? કે કોણ ભક્તિ ન કરે ! —૬૬

કોઇથી પણ એને બીજા ભૂપનું નામ સંભળાવી શકાતું નથી, પણ સર્વે એને એટલું સંભળાવે છે કે આપ એકલાજ આ પૃથ્વી ઉપર ભૂપતિ છો—૬૭

જે કુબેર પાસેથી પણ ધન કઢાવે એવા ઉદ્ભટ ભુજવાળા નૃપતિવર્ગથી, એ દંડદ્વારા દ્રવ્ય પડાવેછે—૬૮

ક્રોધથી કઠિન થયેલા એના હૃદયને પલાળવાની ઇચ્છાવાળા એના શત્રુ એની પ્રણિપત કરેછે, પણ એણે ભક્તિપૂર્ણ વાણીથી કોઇને પણ કદાપિ વિનવ્યું નથી—૬૯

એનું ઉદ્ભટ અશ્વબલ, પોતાના ઉપર બેઠેલાને અતિ વેગે કરીને

ઉંચે લઇ જવા ઇચ્છેછે, એમ જોઇને રવિ પોતે પણ પોતાના સાત ઘોડાને ઉંચે લઇ જવા ઇચ્છતો નથી—૭૦

પૃથ્વીને મદપૂરથી પલાળી નાખવા ઇચ્છતો, પર્વત જેવા હાથીનો એનો સમૂહ જોઇ ઈંદ્ર પણ પોતાના હાથીને જોઇ જરા પણ હર્ષ પામવા ઇચ્છતો નથી—૭૧

જે અતિ દર્પવાળાએ ત્રિદશાધિપતિને ભ્રષ્ટ કરવાની પણ ઇચ્છા કરાયછે, તેને ઘણા છતાં પણ કીયા રાજાઓથી ભ્રષ્ટ કરવા ઇચ્છી શકાય ! —૭૨

આટલું સાંભળીને, શત્રુગણને દીર્ઘ નિદ્રામાં સુવાડવાની ઇચ્છા-વાળી તરવાર હાથમાં લઇ એણે બધી વાર્તા મંત્રીઓને નિવેદન કરી, તથા કેતુથકી ગગનને છાઇ દેતું સૈન્ય આગળ કર્યું-૭૩

જે અપાર જલથી પૃથ્વીને છાઇ નાખેછે, પર્વતોને વિદારેછે, એવા પ્રસિદ્ધ પંચનંદ આગળ આવી પહોચ્યો, અને સમુદ્રને સંભા-રવા લાગ્યો, તથા પાર જવાની ઇચ્છાવાળાને, તેમ કરવાની ત્વરા ન કરાવવા લાગ્યો—૭૪

જે તરંગોથી આકાશને અડતો હતો, જલ વિસ્તારતો હતો, ને તટતરુને પાડતો હતો, તથા જેના તટ ઉપર મગર પડેલા હતા, તેણે કોને ભય ન પમાડયો !—૭૫

એ સમુદ્રની પેઠે વાદળાંને પ્રવર્તાવતો હતો, ને દેવાંગનાઓને સ્વર્ગંગાની પેઠે વિનોદાર્થે તેડતો હતો; એને જન હલકો ગણતા ન હતા, ને એ પૃથ્વીના કંઠનું ભૂષણ ગણાતો હતો—૭૬

જેનું જલ ચોતરફ વૃદ્ધિ પામીને, વ્યાપીગયું, પથરાઇગયું, ને બધું ગળીગયું, તેથી તેના વિષે, શું આ હિમાલય પોતેજ જલ છલથી વિસ્તર્યો છે, એમ લોક વિતર્ક કરેછે—૭૭

શું અહીં યાંથીજ લક્ષ્મી પેદા થઇ, અહીંથીજ ચંદ્રમા જન્મ્યો, આમાંજ હરિ સૂતા, આનેજ પરશુરામે તીર માર્યો હતો (૧), એમ એના વિષે જનો વદેછે—૭૮

રે! તેં તો રસ્તોમાત્ર રોક્યો છે, સીમામાત્ર લોપી છે, તું શા માટે ઢોંગ કરે છે, તું તો ખરેખર સમુદ્રજ છે, એમ ભ્રમથી કોણ નથી બોલ્યું ? કે કોણે એને તરવાની ઇચ્છા કરતાં હૃદયમાં ભીતિ ધારી નથી—૭૯

શું એ તરંગથી આકાશને પૂજેછે, અથવા કટાક્ષ કરેછે, કે પોતાની અગાધતા કહે છે ? એના ઉપર જલકણો અભ્રસમૂહ રચેછે, જેને પવન ચોતરફથી ભેગાં કરે છે—૮૦

જેને કોઇએ વણ્યું નથી એવું એ વસ્ત્ર વિધાતાએ અતિ કષ્ટે વણીને પૃથ્વીને આપ્યું છે—૮૧

જે સર્વે સરોવર ભેગાં થયાથી, કે સર્વે નદ ભેગા થવાથી, કે સર્વે નદીઓ ભેગી મળવાથી, જાણે થયો હોય એવો પ્રતિભાસેછે—૮૨

અગસ્ત્ય ઋષિ સમુદ્રને પી ગયા એવી જે સ્તુતિ ચાલેછે તે મિથ્યાજ છે કેમકે એમણે આને તો પીધો નથી એમ જણાયછે, એવું જેના વિષે લોક બોલેછે—૮૩

એને તટે તટે સર્પસમૂહ સૂતેલા છે, ને મગરોનાં ટોળાં પણ

---

(૧) પૃથ્વીમાત્રનું બ્રાહ્મણને દાન કર્યા પછી પોતાને વસવા માટે સમુદ્ર પાસે પૃથ્વી માગવા તેને પરશુરામે બાણ માર્યું હતું એવી કથા ટીકાકાર લખેછે.

આળોટે છે, એટલે કે ત્યાં યમ પોતેજ પડેલો છે, બાકી બીજો કોઇ તો સૂવે નહિ કે કોઇને સૂવાડે પણ નહિ—૮૪

એને ન તજતો એવો સિંધુરાટ્ ભયરહિત થઇ, તથા સર્વદા શત્રુથી અપરાસ્ત હોઇ, નીરાંતે ઉંઘેછે; ને ઉગ્ર વૃશ્ચિકની પેઠે એકાએક શત્રુને દંશ દેછે; એમ એ શત્રુને પરાજય પમાડે છે ને પમાડશે—૮૫

જેના જલનો અંત નથી ને જે સાગરની શોભા પામવા ઇચ્છે છે એવા એને કદાપિ પવનો ઉલ્લંઘવા ઇચ્છે કે ગુરુડ પોતે ઇચ્છે, બાકી મનુષ્ય તો તેમ કરી શકે એવું નથી—૮૬

જેનું જગતમાત્રમાં વિખ્યાત થયેલું ગૌરવ વારંવાર વર્ણવતો મનુષ્ય, કાપેલાને કાપેછે, શેકેલાને શેકેછે, ને પૂછેલું પૂછેછે—૮૭

જેણે ઉર્મિરૂપી ઉંચા કરેલા કરવાળાએ, તટભૂમિને પાડી નાખી, વેવિક્તિનો નાશ જેથી થયેલો એવાં વૃક્ષને ઘસડી નાખ્યાં, ચોતરફ પાણી ઉછાળી, આકાશને પણ છાઇ નાખ્યું, ને દિશાઓને ઢાંકી દીધી—૮૮

જલમદથી જેમ મેઘગર્જના કરેછે તેમ હે વહ! ચારે તરફથી શાનો ગર્જના કરી રહ્યો છે એમ કોપાકુલદષ્ટિથી બોલતો નૃપ એને નિયમન કરવા મવર્યો—૮૯

પૃથ્વીમાત્રે પૂજેલો એ સેનાપતિઓને બોલાવવાની ઇચ્છા કરેછે તેવામાં ચતુર પ્રતીહારે, બોલાવવા ઇચ્છેલા તેમને બોલાવી આણ્યા, બોલાવરાવ્યા-૯૦

એણે તેમને સેતુસંબંધી રાજાજ્ઞા સંભળાવી, તથા તેમને તે તરફ બરદાવ્યા, અને જયની વૃદ્ધિ કરવાની ઉત્કંઠાવાળા અનુચરસમેત એ પણ તત્કાલ ઉદ્યમે લાગ્યા—૯૧

તેમાંના કેટલાક શિલા તરફ દોડ્યા, કેટલાક વૃક્ષો ભણી વળ્યા; અને હનુમાન્ ગયા હતા તેમ તમે કેમ જતા નથી એમ પરસ્પર વાતો કરતા ચાલ્યા—૯૨

સ્થૂલ પરશુ પકડેલા હાથથી કપાતાં સ્થૂલ વૃક્ષોના પડવાથી ઉઠેલા, પર્વતની ગુફાઓમાં વિપુલ થયેલા, એવા પ્રતિ શબ્દો આકાશમાં વૃદ્ધિ પામવા લાગ્યા—૯૩

અતિતુમુલધ્વનિ કરે તેમ દોડતો અક્ષતસેના સમૂહ જોઇને અત્યંત ભય પામેલી, ચરતી, અરણ્યવાસી, પીન થાનવાળી, ચમરીઓનો ગણ એકાએક ત્રાસ પામી નાઠો—૯૪

અતિ બલિષ્ઠ ભુજવાળાને હાથે વપરાયલાં જબરાં ટાંકણાંરૂપી વજ્રથી પર્વતોને બાઝી ગયેલા કાદવના રોડાની પેઠે તે છેદવા લાગ્યા, તેમ અતિ કઠિન અને ભારે શિલાઓને ઉપડવા લાગ્યા —૯૫

શીતે કરીને જેનામાં મકરંદના કણ ઠરી ગયાછે એવો, ઉડતા જલકણનો સમૂહ જેમાં જડ રીતે ઠરી ગયોછે એવો, તથા માણસોને શ્યાનતા આપનારો, પવન ઘાડ જમી ગયેલા પરિસ્વેદને મટાડેછે—૯૬

સેતુબંધન કરવાના તાત્પર્યથી આમ તેમ ફરવાવાળાઓમાંથી રોગ લેશમાત્ર ઉડી ગયો, તેમ જાડચ પણ ખસી ગયું, તેમ તેમનો ઉત્સાહ સંપૂર્ણ વધતો ચાલ્યો—૯૭

એ વહુની વચમાં તરુસમૂહ પડ્યો, તેમ પથ્થરોના ઢગલા પણ પડ્યા, ને તેથી એનું અન્ય માર્ગે જતું જલ, જેમ અર્ધા વલોવાયલા દહીમાંથી દૂધને ઘી જૂદાં થાયછે તેમ ઉભયરાઇ જવા લાગ્યું —૯૮

યજ્ઞ કરનારા જેમ દૂધ અને ઘી બધું પાકું કાચું ભેગું કરીને અગ્નિમાં હોમેછે તેમ શત્રુને બાણથી ખાઇ જવા ઇચ્છતા તેમણે એ વહમાં સૂકુને ભીનું સર્વ નાખ્યું—૯૯

ઉત્તમ બાહુથી રમણીય દીસતા કેટલાકે, સેતુબંધનું કામ પૂર્ણ થવા વાટ જોતી સેનાને મૂકીને, જાંબુવાન્‌ની ફાલ કરતાં પણ અધિક ફાલ ભરવાની ઇચ્છાથી, જલની પાર જવાની ઇચ્છા કરી —૧૦૦

શું તમે થાકી ગયાછો ? કે તમારા હાથ અટકયાછે; એમ પૃથ્વીંદ્ર પોતે પૂછેછે ત્યાં, એવાં સામવચનથી સેતુ પાછળ ચાલતું લોકોનું કષ્ટ પણ શમી ગયું—૧૦૧

સેતુ બાંધનારાઓએ કરેલા બંધના નિમિત્તથી એ વહ, પોતા ઉપર બાંધનારાંએ સેતુ નાખવાથી ઉત્પથે જતાં જલવડે, જાણે તેને બાંધ્યો માટે વેર વાળવા સારૂ પર્વતોને નવરાવી નાખેછે —૧૦૨

હે પૃથ્વીના રક્ષણ કરનાર ! આપના સેતુ બાંધવાની ત્વરા કરતા, તથા નીરોગી, એવા રક્ષક સુભટો એનું રક્ષણ ન કરતાં બાંધવાનેજ પ્રવર્તેછે, તથા ચો તરફથી થોડા જલવાળો અને પીડાવાળો કરેછે, એમ મગરનો સમૂહ બૂમો પાડેછે—૧૦૩

પૂર્વે આવી પીડા ન પામેલો, આ વહ, જરાપણ ન અટકતા, તથા પીડા કરતા, સેનાપતિઓથી પીડાયલો, તથા જલશોષણ અને ત્વરાથી પીડા પામેલો, મૂર્છા પામી ગયો હોય એમ, ઉગ્ર વિધિને યોગે કરીને, ફીણ ઉછાળેછે—૧૦૪

ન્યંકુમૃગની પેઠે સૈન્યની દોડાદોડમાં, સીધા અને વાંકા

ઉડતે, તથા દીર્ઘ શબ્દ કરતે, તથા પાંખો ફફડાવીને, મર્ગુ ( ૧ ) પક્ષીનો સમૂહ જેમ કારીરી દ્દષ્ટિમાંથી અટવ્યનુયાજ (?) નાસેછે તેમ ઉડી નાઠો--૧૦૫

અવશ્યે રચવા યોગ્ય, તથા અવશ્યે ભાગવા યોગ્ય, એવહ, તેના કર્મમાં લાગેલા, સ્વીકારવા યોગ્ય અને સુવિનીત સુભટોને, સર્વના ઉપરિ એવા રાજાએ સારાં અને નવાં ભોજનથી તૃપ્ત કર્યા-૧૦૬

વડ અને લતાઓમાં વસેલી તથા સેતુકાર્યમાં પ્રવર્તેલી સેનાવાળો પોતાના ભુજબલથી, એ વહને નિયમન કરી, ઉજ્જ રોગને જીતનારો એ, લેશ પણ લોકાપવાદને, ( ૨ ), જેમ દુષ્ટ ગ્રંથમાંનું વાક્ય પાત્રથાય છે, તેમ ન થયો—૧૦૭

ભાઈ જરા પણ ક્ષીણ વદન કરીશ નહિ, એ વહને નથી તેં બાંધ્યો કે નથી મેં બાંધ્યો, એમાં તો માત્ર અતિ પ્રતાપવાળું, આપણા નૃપતિનું તેજજ વિજયી છે એમ એ સેતુ બાંધનારામાં વાર્તા ચાલેછે—૧૦૮

બંધાવાની ઇચ્છાવાળો ન છતાં પણ જેને તે ઇચ્છાવાળો કર્યો એવા એ વહને, પર્વતોને પણ માટીના ઢેપાની પેઠે ઉંચકી ઉંચકીને, એની સેનાએ, જરા પણ થાક પામ્યા વિના, અતિ દીન જેનાં મત્સ્ય થઇ ગયાંછે તથા જેનું જલ ઓછું થઇ ગયુંછે એવાને, બાંધ્યો—૧૦૯

વૃક્ષોને કાપી કાપીને માંહ નાખવાથી બંધાયલો એ વહ, ક્ષીણ થવા લાગ્યો, ને ચુલુક્ય પણ શત્રુને સંહારવા તથા દિશાઓમાં કીર્તિ વિસ્તારવા ચાલ્યો—૧૧૦

---

( ૧ ) મર્ગુ એટલે જલવાયસ એમ ટીકાકાર

( ૨ ) એણે આદરેલો સેતુ પૂર્ણ ન કર્યો એવા એમ ટીકાકાર.

દુઃખે કરીને નિરાસ કરી શકાય કે મારી શકાય એવા સિંધુરાજનો આજ નિરાસ કે ક્ષય થાઓ એમ, પરાજય કરવાની ઇચ્છાવાળાને હણવાની ઇચ્છાવાળા સતા અનામય સેનાપતિઓ બોલ્યા—૧૧૧

આ અતિ સરલ સેતુ વર્તમાનમાં કે કોઇ યુગમાં પણ વિલોપ થનારો નથી એમ બધા વિચારે છે, કેમકે એની આખી સેના એના ઉપરથી ગઇ તોપણ એનો એક પણ સાંધો હાલ્યો નહિ—૧૧૨

શત્રુના પ્રાણને બાણથી કાપતું, શત્રુસ્ત્રીઓને રોવરાવતું, પોતાનાંને હર્ષ કરતું, અર્થ સાધતું, ને સિંધુરાજને પોતાની ખબર કરતું, સૈન્ય ચારે દિશાએ વ્યાપ્યું–૧૧૩

જે ઋતુ ગાય અને બલાકાને ગર્ભ ધરાવેછે તેની પેઠે એ સૈન્યે ધનુષ્ તાણીને ખેંચ્યું અને ગર્જના કરી—૧૧૪

રે! ધનુષ્ તૈયાર કરો, બાણ ચઢાવો, હવણાં ઘીને ઓગાળવાનું રહેવાદો, તેમ માખણને પણ તાવવું દૂર કરો, એમ સિંધુદેશના લોકો કોલાહલ ચલાવવા લાગ્યા—૧૧૫

અહો! સુખે ઘી ઓગાળો, હું એક આખા સિંધુદેશનો પાલનાર આ રહ્યો, એમ બોલી જનોને પ્રસન્ન કરતો ધનુષ્ ચઢાવતો હમ્મુક રણભૂમિ ઉપર આવ્યો—૧૧૬

શત્રુને પોતાનું પરાક્રમ દાખવતું, પૃથ્વીને ધમધમાવતું, પર્વતને હલાવતું, મારો એમ બૂમ પાડતું, ને પોતાનાં ને પ્રસન્ન કરતું, એનું સૈન્ય ચાલ્યુ—૧૧૭

લેશપણ ભય પામ્યા વિનાનાં ઉભય સૈન્ય અન્યોન્યને સ્પર્ધાપૂર્વક બોલાવતાં, અસ્ત્રથી છાઈ નાખતાં, અસ્ત્રથી મારતાં, તથા સંહારતાં, સામસામે અથડાયાં—૧૧૮

શામાટે સેનાનો ક્ષય કરવો એમ કહેવરાવતો, નિષ્કલંક વંશ વાળો ભીમ, યુદ્ધમાં આવ્યો, તથા પોતાનાંને ખુશીકરતો ને શર ફેંકતો સિંધુરાજ પણ આવ્યો—૧૧૯

એમનાં ધનુષ્માંથી થયેલો, પૃથ્વી અને આકાશને ચીરી નાખતો, ભેદી નાખતો, વ્યથા કરતો, ધ્વનિ સર્વને ચીરી નાખેછે, તથા ધનુષ્થી ફેંકાયલાં બાણનો સમૂહ પરસ્પરમાં અથડાઇ અથડાઇને અનેક વિઘટ્ટના આકાશમાં મચવે છે—૧૨૦

એમનાં બાણોથી, પ્રતીપ હણનારો બહુ બહુ વ્યથાપૂર્વક વ્યથાયો, અતિશય કષ્ટ પામ્યો, પ્રતીપ પીડા કરનારો અનેક અનેક વંચનાથી પીડાયો—૧૨૧

રે ! વારંવાર દુર્વાક્ય રૂપ અપરાધ કરી કરીને ( વ્યાધની પેઠે ) ( મૃગ જેવા ) આ સુભટો સાથે શું વારંવાર રમેછે ? એમ કહી, અતિ પરાક્રમથી પોતાના ( શત્રુના ) માણની વારંવાર યાચના કરતા ભીમના હૃદયને બહુબહુ સહન કરતા શત્રુએ વ્યથા કરી—૧૨૨

અહો ! મેંતો હરાણીઆંજ રમાડ્યાં, ને તેંજ રાજભાવ દાખવ્યો ! એમ તૂક ચઢાવી એણે એવું બલ વાપર્યું ને એવું તેજ પ્રકટી મેલ્યું કે જેના વડે નાખેલાં બાણથી એ ( સિંધુરાજ ) બલહીન થઇ ગયો ને એની પાસેથી પોતાનાં યશ અને પ્રાણ માગતો, બાણ ફેંકતો સતો પણ, બેડીમાં પડી વાંકો થઇ ગયો—૧૨૩

જેને દેવ કે દાનવે આગળ દમ્યો ન હોતો, તેને યુધ્ધમાં પોતાના વીર્યથી અતિદમન કરીને, ચુલુકકુલના કુમારે, જેને કોઇએ પણ બાંધેલો નહિ એવાને, ઘણી ઘણી રીતે ઇષ્ટ તથા યોગ્ય બંધનમાં નાખી બેડી પહેરાવી—૧૨૪

જેને કોઇએ ચાખી ન હતી કે જેની કોઇએ ઇચ્છા પણ કરી નહતી, તે શેલડી અને યવવાળી ભૂમિને ચૌલુક્યકુલાવતંસે, હાથી ઘોડાના સૈન્ય પાસે ચવરાવી ચવરાવીને, સંપૂર્ણ રીતે ચાખી—૧૨૫

## સર્ગ ૯

પછી ભીમ, સૈન્યને ધીરજ આપતો તથા સૈન્ય પાસે સંહાર કરાવતો, તથા ગર્વિષ્ઠનો નાશ કરાવતો, ચેદિરાજ તરફ ચાલ્યો—૧

જેણે ધાડ પાડી પાડીને લૂટો કરેલી તેમણે પણ એની જતી સેનાને કાંઇ કરાયું નહિ—૨

તેણે પણ કાંઇ હાણ કરી નહિ, ને ન્યાયથી વર્તી રસ્તે કશું નુકસાન કર્યું નહિ; એમ અતિ તેજવાળો એ સર્વને પ્રવાદન કરતો ચાલ્યો—૩

ભીલ લોકને સારી રીતે શમાવતો ભીમ આવે છે એમ ચેદિરાજે સાંભળ્યું, ને પોતાના બાહુ તરફ જોયું, પણ શાન્તિ (?) કરી નહિ—૪

મારા શત્રુઓને સારી રીતે વશ કરનારો છે તેથી એની મૈત્રી કરૂં એવા આશયથી, કે વિગ્રહ કરવાના આશયથી એ આવે છે ? જો કે વિધિયોગ કે સૂર્યની વિકૃતિરૂપી આજ કાંઇ નથી, તોપણ શત્રુને સંહારતો સંહારતો ભીમ આવે છે એ મને રૂચતું નથી. જેના પૂર્વજો એ શસ્ત્ર સમારી શત્રુ સંહાર્યા છે, પણ છલથી કદાપિ તેમ કર્યું નથી, તે શું આજ છલ કરીને તૂટી પડશે ? તેમ એને મેં કોઇ રીતે કોપથી પ્રજ્વલિત કર્યો નથી, ને એ કદાપિ કોપથી પ્રજ્વલતો નથી, મેં કાંઇ કર્યું હોય તો તે મારી જાણ બહાર હોય નહિ. ન્યાયપૂર્વક વર્તનારો તથા શત્રુને પ્રજ્વલિત કરનાર તથા પ્રતાપથી પાલનારો, જો સંધિ કે વિગ્રહની ઇચ્છા કરતો હોય તો પણ દૂત મોકલ્યા વિના રહે નહિ. આ પ્રમાણે, નીચા નમાવેલા ક્ષીણ મુખથી ચેદિરાજ ચિંતા કરેછે, એવામાં એણે દિશાઓને ગળી જતો ને નવરાવી નાખતો રજઃ સમૂહ દીઠો—૫-૬-૭-૮-૯-૧૦

સોનેરી કિરણોથી આકાશને છાઇ નાખતા, તથા દિશાઓને લીપી લેતા, કૂર્મને ફીણ પડાવતા, શેષને વિષ ઓકરાવતા પૃથ્વીને કંપાવતા; તાપ હરનારી, મોરનાં ઉત્તમ પીછાંની છતરીઓથી ઘર જેવી નીલ શીતલતા સારી રીતે પામતા, તથા દિવ્ય પોશાખથી શોભતા સવારો સમેત; અશ્વનો સમૂહ ચેદિરાજે જોયો; તેજ સમયે પ્રતીહારોના મુખ્ય પાસે એણે જે યોગ્ય હતું તે કહેવરાવ્યું તથા કરાવ્યું—૧૧—૧૨—૧૩

પછી દ્વારપાલે આજ્ઞા માથે ચઢાવી સભાને કહેવા માંડ્યું, અને પોતાના અધિકારને અધિક દીપાવતાં આ પ્રમાણે વાણી ઉચ્ચારી —૧૪

આકાશને છત્રોથી કરીને શોભાવતો, ભાલાની કાંતિથી દીપાવતો, કિરીટનાં કિરણથી તેજવાળું કરતો, અશ્વના હણહણાટથી ગજાવતો; તેમ ખરીના ઘાથી પૃથ્વીને ગજાવતો, દીપાવતો, પીડતો, ને ભારથી વરાહની દાઢને પણ પીડા કરતો, ને દીપાવતો; જે રજ ઉડીને ભેગી થવા લાગીછે તેનાથી અંધકારને વધારતો; ને ભેગાં થયેલાં અસ્ત્રોથી પ્રકાશની વૃદ્ધિ કરતો; ગડગડતાં દુંદુભિથી નિકુંજોને ગજાવતો; ને ડમકતાં ડાખલાંથી આકાશને ગડગડાવતો; ગાજતી નોબતોથી પોતાનો જાણે ઉત્કર્ષ જાહેર કરતો; ઉચ્ચ રીતે થતા શંખનાદથી જાણે મંગલધ્વનિ કરતો; કહીં ક્ષોભ પેદા કરતો; કહીં વિસ્મય વિસ્તારતો; ને ઘોડાના ખોંખારાથી સૂર્યના તેમ ઇંદ્રના અશ્વને નોતરતો; વૃક્ષસમૂહને પાડી તેને ચીરી કટકા કરી નંખાવતો; જેને કોઇએ અટકાવ્યો, હરાવ્યો કે લોપ્યો નથી એવો; પરસ્પરમાં બીજી વાત ન કરતો, તથા અન્ય સાથે ન બોલતો, પણ પોતાના સ્વામીની શક્તિનું વર્ણન કરી પોતાની ભક્તિ દર્શાવતો; ને કાંઇ પણ ઉપદ્રવ ન કરતો; એવો આખી સેનાનો એક લેશભાગ, દશહજાર

ઘોડાવાળો; ભીમના દૂત સાથે આ આવ્યોછે—૧૫—૧૬—૧૭—૧૮—૧૯—૨૦—૨૧—૨૨—૨૩

રત્નાંશુથી લીલા ઘાસવાળું હોય તેવું જણાતું જે દ્વાર, ત્યાં દૂત આવી પહોચ્યો છે,ને મેં તેને ત્યાં ઉભો રખાવરાવ્યો છે, કેમકે મેં મહારાજની આજ્ઞાનો ગંધ ફેલાવ્યોછે—૨૪

બુધ્ધિને જરાપણ દોષ ન લગાડનારા, અને જાતે અત્યંત અ-દૂષિત, તથા બુદ્ધિથી વિવેકે રાખેલા આચારવાળા, પુરુષો સહિત એ પોતે પણ અતિ દોષરહિત, આ સ્થાને આવવા ઇચ્છે છે—૨૫

જે આ દામોદરને જોવા ગયા તે જનોએ, એને, યુધિષ્ઠિરનો દૂત ( દામોદર=શ્રીકૃષ્ણ ) પૂર્વે ( કૌરવ સભામાં ) ગયો હતો તેવો દીઠો, ને તેમનો સંશય ટળ્યો નહિ ( ૧ )—૨૬

એ કશું ખોદી નાખતા નથી, કશું ખાઇ જતા નથી, કશાને મારતા નથી, તેથી ખરેખર એ લોક શત્રુ થતા નથી, એમ મારી બુદ્ધિ કહેછે—૨૭

અનિંદિત અને અધ્વસ્ત બલવાળો કલચુરિપતિ ( ૨ ) આનંદ પામ્યો, અને ઉંચી કરેલી ભમરવાળા નેત્ર સહિત, સર્વનૃપતિપૂજિત એણે, એને અંદર લાવવા આજ્ઞા કરી—૨૮

---

( ૧ ) કે આતે વિષ્ણુ છે કે દામોદર છે.

( ૨ ) કલચુરિ એવો દેશ, જે ચેદિ દેશનું બીજું નામ હશે (?)

અવિકંપિત આકૃતિથી પોતાના અનામય સુભટોસહિત ત્યાં બેસતાં એણે યશ વિસ્તારતાં વિનય ન લોપ્યો તેમ સ્વગૌરવ ન તજ્યું-૨૯

સોપારી અને કર્પૂર ચાવતો એ વિલાસી, બધી સભાને આનંદ કરતો, ધોબીએ ધોયલાં વસ્ત્ર જેવા શ્વેત દંતાંશુવાળો બોલ્યો—૩૦

નવા ઉદકમાં પકવેલા માંસનો જેને પરમ પ્યાર એવા શિકારનો ધંધો કરવાવાળા વ્યાધ પણ આપની આજ્ઞાથી ત્વરાવાળા મૃગોને માત્ર રમાડેજ છે—૩૧

અતિ વિસ્તાર પામેલા તમારા યશથી દગ્ધદાષ્ઠવત્ થયેલો વિંધ્યાદ્રિ જાગતી બુદ્ધિવાળાને પણ હિમાલય જેવો જણાયછે—૩૨

અક્ષત પરાક્રમથી કાશિરાજને અવમાનના કરી દીને દશાર્ણાધિપતિને સારીરીતે અવિરત સેવામાં આપે યોજ્યોછે--૩૩

પોતાના હાથીને ચોતરફથી ભેગા કરી દૂરથી આપને શરણે આવી ભદ્રભટ ભૂપતિ સુખી થયો-૩૪

હાથી અને ઘોડાને શાલામાં પૂરી તેમને નમસ્કાર કરી શસ્ત્ર મૂકીદઇ, તમારા પ્રતાપથી રણમાંથી નાઠો-૩૫

હે રંતિદેવ જેવી કીર્ત્તિવાળા! કલિંગરાજ તથા તંતિક સહિત તંતિ, ગંતિ, હંતિ, વંતિ, મંતિ, એ સર્વ રાજાઓ તમારી કીર્તિ કથેછે ને વિસ્તારેછે—૩૬

કોઇને પણ પૂર્વે કર આપેલો નહિ એવો તમે ઉન્મૂલન કરેલો અયોધ્યેશ તમને કર આપવા ઇચ્છેછે, ને અતિશય ભાવવાળી ભક્તિ કરનારામાં મુખ્ય થઇ અતિ ભાવથી ભક્તિ કરેછે—૩૭

કોઇને ન આપવાનો એવો કોશ ખોદી કાઢીને ગ્રહણ કરતા તમને, ગૌડે, મારી સ્થિતિ અને મારા પ્રાણ તેનું આપ રક્ષણ કરો એમ કહેતાં, તે આપ્યોછે—૩૮

સતિ સંતિ અને સાતિ આદિ નૃપોના અગ્રેસર તથા શત્રુના હણનાર આપથી કાર્તવીર્યાર્જુનના વંશનો યશ વિસ્તરેછે, ને યશ સમુદ્રને મગીનાખે તેવો વિસ્તરેછે—૩૯

તેથી નૃપોની પૂજાથી પ્રસન્ન થયેલા આપને પ્રસન્ન થઇ ભીમરાજા પૂછેછે કે આપ અમારા મિત્ર છો કે શત્રુ છો ? કેમકે ઉભય રીતે પણ આનંદકર્તાજ છો—૪૦

પછી બીજા કર્ણાવતાર જેવા, અને યશથી નવાયલા કર્ણે, ન્યાયયુક્ત, સંશયરહિત, આવું ઉત્તર કહ્યું—૪૧

કદાપિ પણ નિર્મૂલ ન થયેલો, શ્રીનિવાસ, એવો સોમવંશ (૧) વિજયી છે; રક્ષણ કરવાથી પવિત્ર થયેલો તેના આશ્રયે આવનારનો તાપ હણનારો છે—૪૨

સર્વનું રક્ષણ કરવાને સંપૂર્ણ એવા સૈન્ય સહિત પુરૂરવાયે એજ વંશમાં થઇ પૃથ્વીને પાળી છે, ને ઇંદુ જેવા નિર્મલ યશથી દિશાઓને ભરી દીધીછે—૪૩

તેજના મૂર્તિમાન્ રાશિ જેવો, અને મૂર્તિમાન્ ક્ષત્રિયધર્મ જેવો ઇંદ્રના અભાવે ભયમાં પડેલા સ્વર્ગનું રક્ષણ કરનાર, નહુષ (૨) પણ એજ વંશમાં થયો છે—૪૪

---

(૧) વંશ શબ્દ દ્વયર્થ છે; વાંસ તથા કુલ.

(૨) નહુષની એ કથા આગળ ગઇ છે.

નિરંતર સંગ્રામ કરતા દુષ્ટ મદવાળા, અનીતિવાળા, એવા દૈત્યો-ને જરા પણ કષ્ટ પામ્યા વિના એજ વંશના ભરતે હણી અતુલ યશ પ્રસવ્યો છે--૪૫

એજ વંશમાં, નિરંતર જાગ્રત્, પાપ માત્રથી રહિત. તથા ધર્મ-મય, એવા યુધિષ્ઠિરે સદા ઉદ્ધત એવા શત્રુનો સંહાર કર્યો છે—૪૬

જેના સળગાવેલા યજ્ઞાગ્નિમાં આહૂતિ માટે પાત્રે ચઢાવેલા ને ત્યાંથી ઉતારેલા ઇંદ્ર અને તક્ષક અતિ ભય પામતા સતા જીવલઇ નાઠા તે જનમેજય પણ એજ વંશમાં થયો છે (૧)—૪૭

દ્યૂતાદિવ્યસનરહિત, કોઇથી પણ ઝાંખા ન થયેલા તેજવાળા, અદ્યાપિ પણ જીવતાજ હોય તેવા, અક્ષય યશવાળા, અન્ય નૃપતિઓ પણ એ વંશમાં થયા છે—૪૮

એ સર્વ પૂર્વ-નૃપોથી જરા પણ ન્યૂન નહિ એવો હાલ ભીમદેવ વિજયી વર્તે છે, જેના રાજ્યમાં માત્ર કલિ વિના કોઇ પણ કશો ક્ષય કરી શકતું નથી—૪૯

સત્પુરુષોની મૈત્રી તો સહજ સ્વાભાવિકજ છે, એટલે અમારી મૈત્રીને, કોણ ક્ષીણઆયુષ્યવાળો ને ક્ષીણસંતતિવાળો, અન્યથા કહે છે ?—૫૦

---

(૧) પરીક્ષિતને તક્ષકે ડસ્યો તે પછી તેના પુત્ર જનમેજયે સર્પ-માત્રને હોમવાનો યજ્ઞ આરંભ્યો. એમાં એવો નિયમ છે કે જે યાચક આવી જે માગે તે તેને આપ્યાવિના આહૂતિ આપી શકાતી નથી. તક્ષકનો હોમ-વાનો વખત આવતાં તે ઇંદ્રને શરણ ગયો, ત્યારે જનમેજયે ઇંદ્ર સહિત તક્ષકને હોમવા માટે તેડ્યો, ને સરવામાં મૂકયો. પણ તેજ વખત કોઇ ઋષિએ યાચના કરી તો તે આપવા રાજા થોભ્યો, પણ તેણે તો એ ઇંદ્ર ને તક્ષકને યાચ્યા. એમ તે છૂટી ગયા. આ કથા ટીકાકાર આપે છે

અથવા તેણે પોતાની મેળેજ પોતાનો ક્ષય સાધ્યો છે, તેનો ક્ષય કરવાથી આપણને શો લાભ છે? પ્રશંસા કરવાથી લજ્જા પામતા, તથા સત્યમાર્ગે સ્વામીના યથાર્થ અનૃણ થયેલા એવા તમે અમારાં પુણ્યથીજ અત્ર આવ્યા છો—૫૧

આવો પ્રશ્ન કરવાથી, હે સન્માર્ગે વર્તનારા ! ભીમ પોતે લજ્જા પામ્યો નહિ, અથવા તમે લજ્જા પામ્યા નહિ ? હું પ્રીતિથી સંપૂર્ણ રીતે બંધાયલો તો લજવાઉં છું—૫૨

અતૃપ્ત એવું મારૂં મન પણ, ભીમ આજ અહીં આવેછે, એ જાણી અત્યંત ઉત્કંઠાથી પ્રેરાયલું અને અતિશય આનંદથી ઉલ્લસેલું, પરમ તૃપ્તિ પામેછે—૫૩

જેનાં ગંડસ્થલ અને સૂંઢ મદથી ભીનાં છે એવા હાથી લઇને અસંશય મારે સામા જવું જોઇએ; પણ તેમાં રાજાએ રેવા ન ઓલંઘવી એટલો લોકાચારમાત્રજ બાધ કરેછે—૫૪

તેથી સર્વ સંશય તજી, અશુષ્ક અને પક્વ સોપારી જેવા તથા જાગતા અતુલ તેજવાળા, અને પરહસ્તીની લાદ સરખીથી પણ કોપ કરનારા, એવા હસ્તી ( ભેટરૂપે ) લો—૫૫

પવન જેવા ગમન કરનારા, ને પવનની ગતિને પણ જીતે તેવા વેગવાળા, નિરોગી, પીન, મત્ત, ને ફુલ્લપદ્મ જેવા, અશ્વને પણ લઇ જાઓ—૫૬

સંફુલ્લકીર્તિવાળા શ્રીભોજરાજાની આ સુવર્ણમંડપિકા, જે લક્ષ્મીના સ્થાન રૂપ હોઇ ફુલ્લપદ્મ જેવી શોભેછે તથા જેની શોભા જરા પણ ક્ષીણ નથી થઇ એવી છે, તેને લેઇ જાઓ—૫૭

નિરોગી, ને તોફાન વિનાનાં, ઉંટોથી મેરુના એક કટકા રૂપે પ્રસિધ્ધ એવું સુવર્ણવિત્તરૂપી ઉપાયન લઇ જાઓ—૫૮

ભીમને આટલું આપજો, મને મિત્ર જાણજો, યથાયોગ્ય આજ્ઞા કરજો; શંકામાત્ર તજી, તૈયાર થઇ, જવાનો નિશ્ચય કરો, ને મારા તરફથી ભીમને પ્રણિપત કરજો—૫૯

જેમ અમારી પ્રીતિ વધે, દ્રવ્યની અધિક વૃદ્ધિ થાય, ને તેથી જેમ વધારે પૃથ્વી જીતાય, લક્ષ્મી વધે, ને સુખ ઉપજે, એવો આર્જવ કરી તમે યથાર્થ કરજો—૬૦

સર્વે ભેટ લઇને, હું એમ કરીશ એવું કહેતો દામોદર, ઉત્તમ તુરંગમોથી પૃથ્વીને છાઇ નાખતો, જવા નીસર્યો—૬૧

ભીમની પાસે ગયો ત્યાં એના, મંત્રીઓએ કે કોઇએ, દ્વેષ કર્યો નહિ, પણ સામા આવ્યા, હર્ષ પામ્યા, ને સ્તુતિ કરવા લાગ્યા —૬૨

કૃતાર્થ થઇ પાછા આવેલા ભીમને પુરજનોએ સાક્ષાત્ ભીમ જાણ્યો, અથવા ઇંદ્ર સમાન ગણ્યો, ને મંગલ કરવા લાગ્યા—૬૩

નૃપના આગમનના ઉત્સવમાં દાનાદિ કર્યું તેનાથી કોઇ દરિદ્રી રહ્યું નહિ. સર્વે યથારુચિ ભોજન કરતાં થયાં, આનંદ પામવા લાગ્યાં ને ઉદ્યમે લાગ્યાં—૬૪

પૃથ્વીનું પાલન અને શાસન કરતા ભીમે પુરમાં પેસતાં, દૃષ્ટિ ફેંકતાં, હસતાં, વાણી વદતાં, ને આનંદતાં, સ્ત્રીઓનાં ટોળાં દીઠાં —૬૫

સર્વને આનંદ કરતાં નગરમાં પ્રવેશ કરતા એનું અતિ વિપુલ લાવણ્ય પુરલોક પણ માપી શક્યા નહિ તો બીજાની શીગતિ? ૬૬

એણે લક્ષ્મીને આનંદ પમાડ્યો, તેનું દાન કર્યું, તે એવી રીતે કે

જેથી પૃથ્વી અને સ્વર્ગ, કોઇ પણ ઠામે કોઇ દરિદ્રી કે ભયભીત રહ્યું નહિ—૬૭

એ પૃથ્વીનું શાસન કરેછે તેવામાં ભયભીત થયાં હોય એમ જલ અગ્નિ કશો ઉપદ્રવ કરતાં નથી, ને પોતાની શાન્તિને તજતાં નથી—૬૮

કૃપા કદાપિ તજશો નહિ, યુદ્ધ કરશો નહિ, ક્રોધ ચઢાવશો નહિ, આપની સેવા અમે કદાપિ તજવાના નથી, એમ કોયો નૃપ એને કહેતો નથી—૬૯

કલામાત્ર જાણનારો તથા તેને નિરંતર સંભારનારો એવો એને ક્ષેમરાજ એ નામે પુત્ર થયો; શું આ સાક્ષાત્ ધર્મજ અવતર્યોછે એમ લોકે અતિપ્રેમપૂર્વક એને જાણ્યો—૭૦

દક્ષનો અવતાર હોય એવો, સર્વને પવિત્ર કરનાર અને પ્રસન્ન કરનાર એને બીજો પુત્ર, લક્ષ્મીને પરણીને પાલનારો, તથા કીર્ત્તિને વરનાર, કર્ણ એ નામે થયો—૭૧

જે માગે તેને તે આપતો ને એમ અદ્ભુત કીર્ત્તિ વધારતો એવો ક્ષેમરાજને એક પુત્ર દેવપ્રસાદ એ નામે થયો—૭૨

પૂર્વના નૃપો જે માર્ગે સ્વર્ગે ગયા તે માર્ગનો આશ્રય કરતા ભીમે ક્ષેમરાજને રાજ્ય લેવા આજ્ઞા કરી પણ તેથી તેને પ્રસન્નતા થઇ નહિ—૭૩

ન્યાયમાર્ગે વર્તનારો ને નિરંતર આજ્ઞાને પાલનારો તથા કલાને મનન કરનારો એવો કર્ણ, તેને, મસ્તકે ચુંબન કરતા એ બે જણે રાજ્ય ઉપર અભિષેક કર્યો—૭૪

તત્ત્વવિચારમાં મન પરોવી, વિપુલ અજ્ઞાનપાપનો નાશ ક-

રતો, બ્રહ્મને અનુભવતો, અમૃતનું પાન કરતો, ભીમદેવ( ૧ ) પણ સ્વર્ગે ગયો—૭૫

શોકાગ્નિને ઉદ્દીપાવતો, અશ્રુ પાડતો, ક્ષેમરાજ, સરસ્વતીના તટઉપર, તપ કરતા લોકના યશને પામતો, જરાપણ ગ્લાનિ પામ્યા વિના( ૨ ) તીર્થમાં વસ્યો—૭૬

તપથી જરાપણ ક્લેષ ન પામતા એવા એની સેવામાં અત્યંત તત્પર અને શમદમાદિયુક્ત એવા દેવપ્રસાદને કર્ણે દધિસ્થલી આપ્યું—૭૭

નિરંતર ભમતું અને શ્રમ કરતું છે સૈન્ય જેનું એવા કર્ણે, ફીણ પડાવતાં અને લોહી ઓકરાવતાં, શત્રુનું નામ પણ સહન કર્યું નહિ; નિરંતર એકાકાર એવા આપની કીર્તિના પટને દિશામાત્રમાં પ્રસરાવીએ, એમ એને કીયા ભૂપે નથી કહ્યું ?—૭૮

જે પૃથ્વી ઉપર પંડિતાઇથી વિખ્યાત છે, અથવા સ્વર્ગમાં છે, તે પણ એના આગળ કાંઇ નિશ્ચય કરી શકતા નથી ને બેશી રહેછે—૮૦

હું જાણતો નથી, અમે બે જાણતા નથી, અમે જાણતા નથી, તમે જાણતા નથી, તમે બે જાણતા નથી, તમે બધા જાણતા નથી, તે જાણતા નથી, તે બે જાણતા નથી, તેઓ જાણતા નથી, એમ એના આગળ કોણ નથી કહેતું ?—૮૧

---

( ૧ ) એનાં એજ વિશેષણ દેવને પણ લાગુપડેછે, એમ ભીમદેવને દેવની ઉપમા શ્લેષથીઘટેછે.

( ૨ ) તીર્થ તે મંડૂકેશ્વર જે દધિસ્થલી આગળ છે એમ ટીકાકાર.

ચંદ્ર, અશ્વિનીકુમાર, ને અગ્નિ, એને હું જાણુંછું, અમે બે જાણીએછીએ, અમે સર્વે જાણીએ છીએ, એમ અનુક્રમે કહેતા, એને સારી રીતે જાણે છે—૮૨

આગળ કોઇએ એવું બોલ્યું નથી, હાલ કોઇ બોલતું નથી, કે કોઇ કહેતું નથી, કે જેવું સત્ય એ બોલે છે કહે છે—૮૩

હે શિવપાર્વતિ ! હે શચીન્દ્ર ! હે કૃષ્ણ ! હે બ્રહ્મા ! તમે જેવું કહોછો તેવોજ ખરેખર એ છે એમ એના વિષે સ્વર્ગમાં નારદ વાત કરે છે—૮૪

એને માટે ઋષિગણ એમ આશિષ્ દેછે કે જ્યાંસુધી ચંદ્ર સૂર્ય તપે છે ત્યાં સુધી તારો જય થાઓ, નિરંતર વિજય થાઓ, ને તારા ભુજ વિજયી નીવડો—૮૫

જે ધનુષ્ને તમે પૂર્વે સેવતા હતા તેને હવે સેવશો નહિ, પણ કર્ણના પાદ સેવો, એવું એના શત્રુઓ પોતાના હાથને કહેછે—૮૬

પૃથ્વીને વરેલા તને, લક્ષ્મી વરે, પણ હું કેમ વરૂં, એમ ક્રોધથી-જ જાણે તેની કીર્તિ દિશાએ દિશાએ નાસતી ફરે છે—૮૭

જરાપણ મેદદોષ વિનાના, મલ્લોને યુદ્ધમાં હઠાવનારા, અને નિરંતર શ્રમમાં જાગ્રત્, એવા એણે, જે યુધ્ધમાં ભયભીત થાય તેના ઉપર ખડ્ગ ઉગામ્યું કે ફેંક્યું નથી—૮૮

ધર્મ અને અર્થ વિષયે નિરંતર જાગતા એને વેત્રીએ વિજ્ઞાપના કરી કે બારણે કોઇ ચિત્રકાર આવ્યો છે—૮૯

એ બહુ બહુ દેશમાં ફર્યો છે, ને એણે લોકોને બહુ બહુ વિસ્મય પમાડ્યા છે, તથા બહુ પૃથ્વી દીઠી છે, ( ને તેથી ) અદ્ભુત દર્શાવે તેવો છે—૯૦

પછી, નૃપાજ્ઞાથી પ્રવેશ કરી એણે નમસ્કાર કરી હાથ જોડી કહ્યું કે આપને કોણ સંભારતું નથી, કે આપનો આશ્રય લેતું નથી, એમ જાણીનેજ હું પણ આપનું સ્મરણ કરી આપની સમીપ આવ્યો છું—૯૧

હે કીર્તિમંદિર! પૂરે ચઢેલી ને ઘુઘવતી નદીને તરી, શ્રમમાત્ર વિસારે પાડી તથા સુખ પામવાની આશાએ, આવ્યો છું—૯૨

આપની વાણી દધિરૂપ ધારણ કરે છે, ને અર્થીમતિ દધિરૂપ થાય છે, તો તે ઓજ:પૂર્ણ અને કાંતિપૂર્ણ, મારા પ્રતિ પણ સદ્ભાગ્યે દધિરૂપ થાઓ—૯૩

લક્ષ્મી જેમ આપને પરાક્રમ અને કાન્તિથી રમમાણ થઈ છે, તેમ આ પણ થાય તો બહુ ઉચિત, એમ અભિલાષાપૂર્વક તેણે ચિત્ર-પટ નિવેદન કર્યું—૯૪

એમાં આ લેખેલી કન્યાને જોઇ રાજા ઉત્કંઠિત થઇ ગયો અને બોલ્યો, આ રત્ન ક્યાંથી ઉપજ્યું? રત્નગર્ભા પણ એવા રત્નનું ચિંતન ન કરી શકે (?)—૯૫

કીયો વંશ આનાથી મોદે છે? કોને આનાથી શોભા પ્રાપ્ત થઇ છે! એનાં બંધુ કોણ છે? તેમણે એનું નામ શું પાડ્યું છે?—૯૬

આના વિષે સર્વ વાત અભ્યસતો તું જે જાણતો હોય તે સઘળું કહી દે, કે હું તૃપ્ત થઇ તને દ્રવ્ય આપું—૯૭

ચિત્રકારોમાં શ્રેષ્ઠ અને કન્યાનું વર્ણન કરનાર એ, રાજાની આ-જ્ઞા થતાં, કૌટિલ્ય તજી, અકુટિલ ચિત્ત રાખી, અકુટિલ વાણીથી બોલ્યો—૯૮

દક્ષિણ દિશાએ, વિપુલ સમૃદ્ધિવાળુ, મ્હાલતાં સ્ત્રીજને સેવેલું,

ધર્મથી કરીને પ્રજામાત્રને પીડા વિનાનું, ચંદ્રપુર એવે નામે પુર છે—૯૯

કીર્તિથી દિશાઓને છાઇ નાખતો, પરાક્રમથી શત્રુનો પરાજયકર્તા, પૃથ્વી અને સ્વર્ગમાં સ્તુતિ પામતો, તથા પ્રસિધ્ધ, એવો જયકેશી નામનો ત્યાં રાજા છે—૧૦૦

આ તેની કન્યા મયણલ્લા નામની છે; એની કાંતિ જરાપણ ક્ષીણ થયા વિના વૃધ્ધિ પામતી ચાલી, જેનાથી જગત્માત્ર આનંદ પામ્યું—૧૦૧

એ યૌવનાવસ્થાને પામી, પણ કશા વિકારને પામી નહિ; ને એ સ્મરવાર્તા સાંભળતી નથી, તથા સખીની નર્મોક્તિથી પરી રહે છે—૧૦૨

અપાંગ મરોડી, ભ્રૂભંગ સમેત, એ કોઇ પુરુષને જોતી નથી, ને યૌવને પહોચ્યા છતાં કુમારિકા જેવીજ આકૃતિ વાળી દીસે છે—૧૦૩

અતિ પ્રબલ થઇ ને કોપ કરી મન્મથ બાણ મૂકે છે તો પણ એની તૃષાવાળા કોણ, માત્ર કૃષ થઇ સહન કરીનેજ બેશી રહેતા નથી?—૧૦૪

આવાં ઉત્તમ જન્મ અને વય વણસાડીને શું હું અતિ તૃષાથી અનનુરૂપ કોઇને પરણું એમ એ પોતાની સખીઓને કહે છે—૧૦૫

રત્નથી ગુંથી, કમલથી શણગારી, પોયણાંથી વણી, તથા બીજાં પુષ્પથી રચી ને માલાથી એ ઉમાની પૂજા સારો વર પામવા માટે, કરે છે—૧૦૬

જે દાઢી રાખી ને માથું ડુંપી નાખીને તપ આચરે છે, તેમણે ગણના કરીને એને અતિ ઉત્તમ પતિ મળશે એમ કહ્યું છે—૧૦૭

આપના રૂપથી પ્રસન્ન થઇ, આપની આકૃતિ આલેખી એક વાર કોઇ ચિત્રકાર આવ્યો, તે તેની સખીએ હર્ષ પામી એને બતાવ્યો—૧૦૮

ચિત્રકારોએ પણ સ્તુતિ કરાયલા એવા, એ ચિત્રપટ, ઉપર તમને જોતી અને તમારી સાથે રમવા ઇચ્છતી એને, કામે અનેક રમત રમાડી બાણથી વિંધવા માંડી—૧૦૯

એના ચિત્તમાં તમે અને કામ પ્રકાસવા લાગ્યા; અને સખીઓએ સવિલાસ જોવાયલા ભાવ પણ એનામાં ઉદય પામતા ચાલ્યા–૧૧૦

જે બાલપણમાં કદાપિ રહેલી નહિ, તથા રમતમાં પણ રડેલી નહિ, તે સ્મરથી પીડા પામી, સખીઓને રડાવતી, રડવા લાગી —૧૧૧

પવિત્ર પલંગ ઉપર, સ્મરબાણે વિંધાયલી, સૂતેલી એ, ઉત્તરથી આવતાં પક્ષીને તમારૂં વૃત્તાન્ત પૂછેછે—૧૧૨

કૃશ થઇ ગયેલી, ને સાત્વિક ભાવથી સ્વેદ ઝરતી, એ, કમલસમૂહમાં રહ્યા છતાં પણ સ્મરતાપને સહન કરી શકી નહિ—૧૧૩

અતિ સ્વેદ ઝરીને સૂકાઇ જઇને, આ જતી ન રહે, એમ ઇચ્છીને એનાં સખીજનોએ પ્રીતિભાવ ધારણ કરી, એની પાસે રહી, જલ છાંટીને એના જીવ રહે તેમ કરવા માંડ્યું—૧૧૪

રે સખીઓ! જલ છાંટવાથી શો લાભ છે? ભીની ચાદરો ઓરાઢવાથી શો લાભ છે? તમે શીદ ભૂખ વેઠોછો? શા માટે દુઃખી થાઓછો? એમ કહીને મૂર્છા પામી જાયછે—૧૧૫

એના હૃદયમાં વસી, મારેલા અસ્ત્રને પાછું ખેંચી, એને પીડા-કરી, દુઃખી કરી, રડાવીને ક્યાં જાયછે, એમ એની સખીઓએ સ્મરને નિંદાપૂર્વક કહ્યું—૧૧૬

ચોરી કરવા ઇચ્છનાર ચોરીને, પૂછવા ઇચ્છનાર પૂછીને, જાણવા ઇચ્છનાર જાણીને, લેવા ઇચ્છનાર લઇને, સૂવા ઇચ્છનાર સૂઇને, જેમ તૃપ્ત થાય તેમ હું, વારંવાર રડું રડું કરતો, એને આ પટ ઉપર ચિતરી, અત્ર લાવી, ને કૃતાર્થ થયોછું—૧૧૭—૧૧૮

એ, અસંશય આપનેજ પતિ માનેછે ને પતિ કરી ચૂકી છે; માટે એને આપ સ્વીકારો અને જેમ નલે દમયંતીપ્રતિ કર્યું હતું તેમ કરો —૧૧૯

જેમ ઉમા શિવને પરણ્યાં, ને લક્ષ્મી કૃષ્ણને પરણ્યાં, તેમ એ આપને પરણો અને સર્વ શુભ તમને આવી મળો—૧૨૦

એમાં આપને કાંઇ વિઘ્ન નડશે નહિ, એમ કહીને ચિત્રકાર અટક્યો, ત્યારે રાજાનો અંતર્ગતરાગ રોમોદ્ગમથી પ્રકટ થયો—૧૨૧

રાજાએ રત્ન અને કાંચનની ભેટો સ્વીકારી, ને ચિત્રકારને પણ કાંઇ આપ્યું, જે લઇને તે, સંતુષ્ટ થતો, ગયો—૧૨૨

પછી કુસુમચાપે બાણને સંભાળવા માંડયાં, તેમનાં પુંખ ખંખેરવા માંડયાં, ધનુષ્યને ચોખું કરવા માંડ્યું, ને પણછ ચઢાવી, તાણ્યું પણ—૧૨૩

રાજાને કશું ગમવા ન માંડ્યું, કહીં પણ એ રમવા ન લાગ્યો, અનુભાવાદિ સંતાડવા ન લાગ્યો, આકૃતિ છૂપાવી ન શક્યો, માત્ર એને ઉદ્દેશીને લવ્યાંજ ગયો—૧૨૪

જેવામાં એની ઉત્કંઠાથી. એ લવતો હતો, બળતો હતો, તેવામાં જયકેશી તરફનો કોઇ માણસ આવ્યો ને આ પ્રમાણે બોલ્યો —૧૨૫

કોઇ એનો નાશ ન કરે, કોઇ એને ભેટરૂપે ન પામે, એમ

આજ્ઞા કરતા જયકેશીએ સાક્ષાત્ લક્ષ્મીરૂપ એકરત્ન આપને ભેટ મોકલ્યુંછે—૧૨૬

આપ સર્વદા જાગ્રત રહોછો, ને શત્રુને સંહારોછો, ને સામનોજ આશ્રય કરોછો, તેમ વિપત્તિમાં વિષાદ કે સંપત્તિમાં હર્ષ પામતા નથી, તેથી પ્રસન્ન થઇ અમારા સ્વામીએ આપને કેટલાક હાથી પણ મોકલ્યાછે—૧૨૭

એ થાકેલા હાથીઓને મારા માણસોએ વૃક્ષની છાયામાં બાંધ્યાછે, ને હું આપને નમસ્કાર કરવા આવ્યોછું, ને એમ મેં મારો આત્મા પવિત્ર કર્યોછે—૧૨૮

રાજાએ એનો અતિ આર્જવ કર્યો ને એને સંતોષ્યો, ને કહ્યું કે એ હાથીઓ તોફાન ન કરે કે કોઇને ન પીડે માટે ત્યાં જાઓ—૧૨૯

જેમ માર્ગમાં જાગતો હતો તેમજ એ પુરુષ, સોના દેવાવાળો આપતા સુધી જાગે તેમ, ઉપાયન અપાયું ન હતું ત્યાં સુધી જાગતો હતો—૧૩૦

એ હાથી કેવી જાતવાળા છે, કેવા છે, તથા રાજાઓને રાખવા યોગ્ય છે કે નહિ, તે જોવાસારૂ રાજા પ્રતીહાર સહિત છાનેમાને ગયો—૧૩૧

ઉપદ્રવ કરનારને શમાવનારો એ જ્યાં એમનો આવાસ હતો, તથા જ્યાં હાથી બાંધ્યા હતા, તે આરામમાં પેઠો—૧૩૨

જે કદાપિ પણ વિરામતા ન હતા, ને જે રણરૂપી ક્રીડાની ઇચ્છા કરી તે ક્રીડા સારી રીતે કરતા હતા, એવા ગજોને તપાસીને એણે જોયા—૧૩૩

શ્રમ મટાડવા માટે એ લતાગૃહમાં ગયો, ત્યાં વિસ્તાર પામતાં નયનથી એણે, આવીને બેઠેલી લક્ષ્મી જેવી કોઇકને દીઠી—૧૩૪

ઉંચાં કરેલાં ભમરવાળાની એની અનિમિષ થઇ ગયેલી આંખ નમી નહિ, ને એ જાણે હર્ષજલ ક્ષરવા લાગ્યો તથા અમૃત આસ્વાદવા લાગ્યો—૧૩૫

એના લાવણ્ય ને પીતા તથા પુલક સહિત એવી પોતાની દૃષ્ટિથી થતા એ સ્ત્રીના દર્શનને દેવતા લોક જે અમૃત પીએ છે તે રૂપ પોતે માન્યું—૧૩૬

જેનામાં ચક્ષુ વિશ્રામ પામેછે, ને મારૂં મનપણ વિરમે છે, એવી વિશ્રામભૂમિ અને કામવિશ્રામમંદિર આ કોણ છે? જે ચિત્રપટ ઉપર ઠરી હતી, ને મારા હૃદયમાં ઠરી છે, તેનેજ શું સ્મર આજ મારી દૃષ્ટિ આગળ લાવ્યો ? આ સંશય ટાળવા માટે લાવ બોલું, અથવા એજ બોલે, કે એની સખીઓ બોલે ને મારો સંશય ટાળે. એમ વિતર્ક કરતો જેમ ચંદ્રપ્રભા શાંતિ કરેછે, જેમ ચંદન શીતલતા કરેછે, જેમ મધુ મિષ્ટતા વિસ્તારે છે, ને અમૃત આનંદ કરેછે, તેમ એ રાજા બોલ્યો—૧૩૭—૧૩૮—૧૩૯—૧૪૦

હે સુભ્રુ ! તને કશો ભય લાગવાનું કારણ નથી, કે તારે મારાથી ગુપ્ત થઇ જવાનું કારણ નથી, તારી મૂર્તિજ સર્વ સંશય કાપી નાખેછે, ને તારા કુલનો પ્રકાશ કરેછે—૧૪૧

શું તું કોઇ અપ્સરા છે ? કે આ ઉદ્યાનની દેવતા છે? જે તારૂં અતુલ લાવણ્ય ઝગઝગી રહ્યું છે તેજ તારૂં દીવ્યપણું પ્રકટેછે—૧૪૨

કીયા વંશમાં તું શોભે છે, કોને માતા એમ કહે છે, કોને પિતા કહી બોલાવે છે, આ સ્થાને ક્યાંથી આવી છે, કોને તું શોધે છે, બોલતી શા માટે નથી ?—૧૪૩

શા માટે તું વ્યથા પામતી હોય એમ અશ્રુ ઢાળે છે ! શું તારા હૃદયમાં વસેલો એવો કોઇ તને દુર્લભ થઈ પડ્યો છે ?—૧૪૪

તું આખી ચોળી પહેરે છે; તે ઉપરથી ધારૂં છું કે તું હજુ કુ॰

ન્યાજ છે; ને પીડિત જેવી આ સ્થાને બેઠી છે તેથી એમ ધારૂં છું કે સ્મર તને તેનાં બાણથી પીડે છે—૧૪૫

કીયા ભાગ્યશાલીને તેં તારા નયનથી પીધો છે ? કે જેથી તારી આવી અવસ્થા થઇ છે; ને અનંગના તાપે અશ્રુ સૂકાઇ ગયાં છે, તથા શ્વાસના તાપથી હોઠ ફીકા પડી ગયા છે—૧૪૬

અથવા, હે સુભ્રુ ! આ સ્થલમાંના કોઇ દારુણ ફૂલને સુંદર જાણી સુંઘ્યું છે ? કે સપ્તચ્છદનું પુષ્પ રમણીય જાણી સુંઘ્યું છે ? શાથી તું દુમાય છે ?—૧૪૭

તારો વલ્લભ તને મા પીડો, સ્મર તને મા નડો, વ્યાધિ તને મા રૂંડો, કોઇ ગૂઢ આધિ તને મા ફોલી ખાઓ, માટે તું તારી પીડા કહે ને એમ દુઃખનો ભાર વહેંચીને ઓછો કર—૧૪૮

જેના ઉપર તેં રતિ બાંધેલી તેણે શું તીર્થમાં સર્વસ્વનું દાનકરી દીધું ? કે તપશ્ચર્યા ગ્રહણ કરી ? મારી ઉત્કંઠા બહુ વધતી ચાલે છે —૧૪૯

જેને ઉમાયે વર આપ્યો છે, હરે આપ્યો છે, સ્મરે આપ્યોછે, એવા કોને તેં દૃષ્ટિ અર્પી છે, મન સોંપ્યું છે, ને યશ સ્વાધીન કર્યો છે ? —૧૫૦

મારા ઉપર અપ્રસાદ કરશો મા, કે મારા વિષે કાંઈ વિરુદ્ધ ભાવમા જાણશો, એમ રાજાએ કહ્યું એટલે શરમાઇ જઇને એણે પોતાની સખીને બોલવાનો ઇસારો ભમરથી કર્યો—૧૫૧

સખીએ કહ્યું કે જેમ કોઇ મિત્ર બોલે તેમ તમે બોલેલા છો; આને તમે જે પૂછ્યું તે એના ઉપર અનુગ્રહ કર્યો છે, ને એમ તમે સજ્જનમાં શોભો છો—૧૫૨

સાંભળવાની ઇચ્છા હોય તો અવહિત થાઓ, આ મારી સખી ઉજ્જવલ કદંબકુલને દીપાવે છે—૧૫૩

જેનાથી દક્ષિણ દિશા પ્રકાશમાન છે, ને જેણે સમુદ્રને મથી નાખ્યો છે, ને જેણે પૃથ્વીરૂપી ધેનુનું વસુરૂપી પય દોહ્યું છે, તે જયકેશીની આ પુત્રી છે—૧૫૪

પોતાના ઇષ્ટવરને ન જોયાથી આ અન્ન લેતી ન હતી, મહા કષ્ટે પોતાના વિકાર ઢાંકતી હતી, ને પોતાના ચિત્તને પણ એવું બલે બલે ઠેકાણે રાખતી હતી, કે એને જોઇને સર્વે બળતાં હતાં—૧૫૫

એ અન્ન ખાતી ન હતી માટે એનાં માબાપ પણ ખાતાં ન હતાં, ને સ્વજન તથા સખીજન સર્વેને સુખનું દારિદ્ય આવ્યું હતું—૧૫૬

દરિદ્રોમાં અતિ દરિદ્ર એવા કોઇકે દારિદ્ય ફેડવાની વાંછાથી એક દિવસ એને કર્ણનું રૂપ ચિત્રીને આપ્યું—૧૫૭

એણે પણ અતિહર્ષ પામી, અતિ ઉદારતાથી, દારિદ્ય ફેડવાની ઇચ્છાવાળા એને એવું આપ્યું કે જેથી એના મનમાં લેશ પણ દરિદ્રતા રહી નહિ—૧૫૮

એ, કાંતિથી સંપૂર્ણ રીતે ભરેલા રૂપને, પોતાની પાસે રાખતી, શોભાથી જરા પણ ઉણી પડી નહિ, પણ ઉલટી અધિકતર શોભવા લાગી—૧૫૯

પીડા ન કર, પ્રહાર ન કર, ભેદી ન નાખ, ચીરી ન નાખ, હું તારે શરણ પડેલી છું, એમ એ સ્મરને વારંવાર કહેતી હવી—૧૬૦

જો કર્ણ સાથે હું સેજમાં નહિ પોઢી શકું તો અતિ પ્રજ્જ્વલિત થયેલા પાવકમાં સમિધ્ રૂપ થઇને પડીશ એમ એ હઠ કરી બેઠી—૧૬૧

અતિપ્રજ્વલિત કામાગ્નિમાં આ કન્યા સત્વર સમિધ્‌ની પેઠે સળગી જશે, તે પ્રસંગમાં કર્ણ વિના બીજો કોઇ એનો ઉપચાર કરી શકનાર નથી—૧૬૨

એટલા માટે કર્ણને વરવાની ઇચ્છાવાળી એને એના પિતાએ એ રાજાના દેશમાં મોકલી દીધીછે, ને સાથે પેરામણી રૂપે અગણિત ગજ પણ મોકલ્યાછે—૧૬૩

અમારી સખી સ્પૃહયાલુ થઇ જે સ્પૃહણીયને વરી છે, તેજ, મેઘ જેવા સ્વરથી પૃથ્વીને શોભાવતા, તમે પોતેજ નથી શું ? —૧૬૪

બીજા નૃપોની અવગણના કરી, તેમને ખેદ પમાડી, જે કર્ણને પામવાના મનવાળી અમારી સખી અહીં આવી તેજ અપ્રમિત વાણીવાળા આપ નથી ? —૧૬૫

કર્ણ જો એનો કર ગ્રહણ નહિ કરે ને સ્મરથી અવિજિત રહેશે તો, એ જાતે ક્ષીણ થઇ જઇ એને માથે કદાપિ ન મટાડી શકાય એવો સહજ અપયશ ચોટાડશે—૧૬૬

જેની કૃતિ ક્ષીણ નથી થઇ એવી આણે મારે લીધે બહુ કષ્ટ વેઠ્યું, એવી ચિંતા, આ સાંભળતા રાજાના મનમાં પેઠી, ને બોલ્યો કે અરે રે ! તેં અતિ કષ્ટ વેઠ્યું, તેમાં તારી સખીઓએ તો તારૂં રક્ષણ ન કર્યું પણ તે રક્ષણ કરનાર કર્ણ આ રહ્યો—૧૬૭

હે સુભ્રુ ! તારાં ગુરુજને તું મને અપાયલીછે એટલે તારા પાણિનું હું ગ્રહણ કરૂં છું; હવે તને ઇચ્છતા ભૂપતિને દેવતા સર્વે ગ્લાનિ પામો; તું પટ્ટરાણીના પદને પામ, મને રતિ આપ, ત્રપા મૂકીદે, ને આ મધુપર્ક ખા, એમ કહેતાં રાજા એને પરણ્યો—૧૬૮

કુંકુમથી રંગેલી પાનીઓવાળો, ઉભયપક્ષનાં બંધુરૂપ, સ્ત્રી-સમૂહ, પછી ત્યાં, તમારાં ગીત ગાઇએ, તમને શુદ્ધ સૂત્રથી પાંકીએ, તમારા આગળ લૂણ ઉતારવા સારૂ ઉભાં રહીએ, તમારાં ઓવારણાં લઇએ, એમ ગાતો અને લીલાથી ચાલતો, આવ્યો—૧૬૯

અન્યોન્યને દૃષ્ટિથી પીતાં, ધામને દીપાવતાં, અર્થીને દાન આપતાં, ને આચાર યથાર્થ કરતાં, એ વધૂવર શોભી રહ્યાંછે—૧૭૦

જેને મદ કદાપિ બંધ પડતો નથી, જે પોતાનાં પરિપૂર્ણ અંગોથી પર્વતને પણ ચીરી નાખેછે, એવા પોતાનાં સંબંધીઓએ આપેલા ઉત્તમ ગજોને લઇને, ચૌલુક્ય ચાલ્યો—૧૭૧

અમિત તથા વાતાદિથી વિખેરાઇ ન જતા, એવા પૌરજનોએ વધાવેલા અક્ષતથી નહવાઇ જતો એ નદી વહૂને સાથે લઇને પોતાના ઉચ્ચ પ્રાસાદમાં ગયો–૧૭૨

—— ——

## સર્ગ ૧૦.

અતિ વિપુલ યશઃસુગંધ વિસ્તારતો એ નૃપ, અને સર્વત્ર સંકીર્તિત એવી નિર્મલ પાતિવ્રત્યવાળી એ, તે ઉભય, શિવપાર્વતીની કે વિષ્ણુ લક્ષ્મીની શોભાને સારી રીતે પામતાં હવાં—૧

જે મારી પ્રજાને કોઇએ રંજાડી નથી કે રંજાડી શકતું નથી, તેને કોઇપણ દમશે, એમ પુત્ર વિનાના એ રાજાને, ધૈર્યને હણતો, ચિંતારૂપી વજ્રઘાત, થયો—૨

જે નાસી જાય તેને મેં રણમાં હણ્યા નથી, કે મારી જાતે રણમાંથી પાછી પાની કરી નથી; પરસ્ત્રી સાથે હું બોલ્યો નથી, કે તેની પાસે ગયો નથી; છતાં મારે પુત્ર નથી એ શું ? તારે પુત્ર થશે, તેના સ્પર્શનું સુખ તું અનુભવશે, પ્રમોદ પામશે, એમ જે, અત્યંત ધ્યાનરૂપી શય્યામાંજ નિમગ્ન એવા મુનિઓએ વિચારીને મને કહ્યુંછે તે પણ કેમ સુઇ રહ્યુંછે ? માટે સંતતિને ઇચ્છતો તથા તે માટે ઉત્કંઠિત થયેલો હું શુદ્ધ થઇ, શુધ્ધ સત્વ થકી, નિરંતર સમાધિને અભ્યાસતો અને દૃઢાવતો શ્રી લક્ષ્મીનું સ્તવન અને ધ્યાન આદરૂં. જે આ જગત્માં આપત્તિમાં માતા ઇચ્છિનારની, પાલન પોષણાદિથી માતા જેવી થાયછે, કે માતાજ થઇ રહેછે, તે મારા જેવા દૃઢભક્તની ભક્તિથી પ્રસન્ન થઇ મારા ઉપર આજ દયા કરશેજ. સુતની ઇચ્છા કરતો એ

રાજા આ પ્રમાણે વિચાર કરીને, રાત્રીએ પણ દિપાવલિથી દિવસ જેવા થઇ રહેલા, ધ્વજા અને માલાથી શોભાવેલા એવા શ્રીલક્ષ્મી-ના મંદિરમાં, અન્ન પાણીની આખડી લઇ, ધન્નની પણ આશા ન કરી, પહોચ્યો.—૩—૪—૫—૬—૭.

મૈથુનેચ્છા ન કરતા, અને ગુરુ સાથે પણ સંગ ન કરતા, અ-ને નિરંતર લક્ષ્મીમંત્ર જપતા, એ રાજાએ જલ ન પીને, તપકરનારને પણ, જલ ન પીવા સુધીના તપથી વિસ્મય પમાડચો—૮

જિતેંદ્રિય એવા એણે કોઇની પણ પરિભાવના કરી નહિ, કોઇ સાથે વાત પણ કરી નહિ, કેવલ જપાક્ષરનેજ એકાંતમાં જપ્યાં કર્યો, ને સ્ત્રીઓના સમૂહ ઉપર પણ, બકરીના સમૂહ ઉપર જેમ ન નાખે, તેમ જરાએ દૃષ્ટિ નાખી નહિ—૯

શરીરમાં રહેલા ષડ્રિપુને હણી, પાપમાત્ર ધોઇ નાખી, અતિ તીક્ષ્ણ તપ સહિત, એ, વિઘ્નવિઘાત માટે, વિઘ્નહરને સંતોષવાને સમર્થ એવાં કમલોથી લક્ષ્મીની પૂજા કરવા લાગ્યો—૧૦

અનિષ્ટ કરનારને પણ એ કાંઇ કહેતો નહિ, કેવલ ઓંકાર રૂપ બ્રહ્મનો એવો જપ કરતો કે જેવો બ્રહ્મા મુરરિપુ કે ઇંદુમૌલિએ પણ નહિ કર્યો હોય—૧૧

બલિ તૈયાર કરવા ને ઘી રાખવાને આજ્ઞા આપતો, તથા પીઠ ઉપર દેવીનું સ્થાપન કરી અને ગુરુએ આપેલા મંત્રોથી પુષ્પ ચઢાવતો, તથા આહૂતિ આપતો, એ રાજા બહુ દીપી ઉઠયો —૧૨

નાસાગ્રે સ્થિર કરેલી દૃષ્ટિવાળા, અક્ષમાલાને હાથમાં લીધેલા, તથા આકાશમાં ચિત્ત પરોવેલા, ને વિદ્વાન્ ગુરુએ આપેલા મં-ત્રોથી પુષ્પ અને આહૂતિ ચઢાવતા, એણે નિરંતર જપ કર્યો—૧૩

તૈયાર કરીને આણેલા બલિ આપતો, સમાહિત, સુધારસ

સ્વાદતો હોય એમ પાપ માત્રથી વિમુક્ત, અમિતતપઃપ્રભાવ ક્ષીણ થયા વિના, તપથી અંગને કૃશ કરતો, આ પ્રમાણે અનેક દિવસ બેઠો—૧૪

અસિધારા જેવું વ્રત પાલતો એ અતિ તીક્ષ્ણ બુદ્ધિવાળો એક દિવસ બીજાં તમામ કાર્ય તજી બેઠો હતો ત્યાં, પોતાનો સમય ન છતાં પણ પોતાની સર્વ સામગ્રી સહિત વર્ષાઋતુ ઉદય થઇ-૧૫

પ્રકાશને ખાઇ જઇ અંધકાર વિસ્તારનાર, આકાશમાં વ્યાપી જઇ પૃથ્વીને પણ ગળી જવા ઇચ્છતા, મેઘે, પ્રવાસીના માર્ગ કાપી નાખતા એવા, તૃણ સહિત જલૌઘથી, દિશાઓ ભરી દીધી—૧૬

જેમ કાન ફુટી જાય તેમ મેઘનાદ થવા લાગ્યા, ને આંખ્યો ઝંખાઇ જાય તેમ વીજળી ચમકવા લાગી; નદીએ પૂર ચઢ્યાં, સરોવર ઉભરાઇ ગયાં, વનસ્થલો ઘસડાઇ ગયાં, પર્વતો ચીરાઇ ગયા—૧૭

જેણે પર્વતોને ચીરી નાખ્યાછે, ને જેણે બલાસુરને માર્યો છે, એવાને તું હે સ્મર! હણ, ને વિયોગીને પણ તું મરુત્‌થી (?) હણ, તને કોઇ હણનાર નથી, એમ જાણે ગર્જનાથી મેઘ કહેછે —૧૮

પુષ્પનાં શરથી સ્મરે પ્રહાર કર્યો, શસ્ત્ર તો લીધાં નહિ, કે મંત્રાયુધનો પણ આશ્રય કર્યો નહિ, તોપણ પોતાની શક્તિ જણાવતો, અને ત્રણે લોકને વશ કરતો, અતુલ જયપામ્યો—૧૯

જે કેકારવથી તંત્રીનું સ્મરણ કરાવેછે એવા મયૂરોએ ષડ્જનો અભ્યાસ કરવા માટે રાગોટવા માંડ્યું, તેનીજ સાથે હંસોએ પણ ગાવાની ઇચ્છા કરી અને તે માનસરોવર તરફ ગયા—૨૦

ગર્જનાકરી ઘને ભણાવવા માંડેલો મયૂર સારું નૃત્ય કરવા લાગ્યો

ને તેણે ( મેઘે ) શીખવવા માંડેલી પોતાની પ્રિયાને પણ પ્રસન્ન થઇ શીખવવા લાગ્યો—૨૧

જે રાસ સ્ત્રીઓ શીખેલી તે ફરી ગાવા લાગી, ને સ્ત્રીઓને ગવરાવવા લાગી; ને તમે હોય શીખ્યાં હો તો લાવો હું શીખું એમ પરસ્પર બોલવા લાગી—૨૨

જ્યારે આકાશમાં મેઘ છવાયા, ને તેની પાસે બગલીઓનાં ટોળાં ભમવા લાગ્યાં, ત્યારે પ્રિયા મૂર્છા મા પામો એમ ચિરકાલ ધ્યાન કરી, જ્યાં હતા ત્યાંથી પથિકો નીકળ્યા, ને માર્ગમાં કષ્ટ પામ્યા —૨૩

હે મેઘ જો તું અહીં ન હોત તો તૃષાની પરમ પીડાથી પીડાતા મારૂં શું થાત ? માટે ચિરકાલ રહે, એમ, પત્રથી ટપકતાં બિંદુની પણ ઇચ્છા કરતો ચાતક વદતો બેઠો છે—૨૪

શમમાત્રને મથનાર, શરથી જગત્‌ને છાઇ નાખનાર, પ્રીતિનો પતિ, ને રતિનો વરેલો પ્રિય, એવા કામદેવે જય પામવા માટે ધનુષ્‌ને કંપાવવા માંડ્યું.—૨૫

હે નાથ ! તટને વિદારતી ને વૃક્ષોને પાડતી નદી આપ સુખે તર્યા; આપને હવે રતિસુખ વરો, અને વિસ્તરો, એમ પથિકને પ્રિયા કહેવા લાગી—૨૬

ભમરો બધે પથરાયા ને કદંબનાં પુષ્પને છાઇ નાખ્યાં, ઇન્દ્રધનુષ્ ખેંચાયું ને આકાશ તેથી છવાયું, તથા પૃથ્વી વિસ્તાર પામતી લીલોતરીએ છવાઇ—૨૭

પૂર્વે ચિરકાલ તજવાથી વિસ્મરાયલી કેકાને, નૃત્યલીલા, જો, હે કાંત ? તમને સાંભરતી હોય તો કેકા વિસ્તારો, ને નૃત્યકરો, એમ જાણે મયૂરીઓ પોતાના પ્રિયને કહેછે—૨૮

હે પાંથ ! તરુખંડને કંપાવતા ને તને ધ્રૂજાવતા આ ઝંઆવાતને જો, અને તારૂં રક્ષણ કરનારી તારી ઇષ્ટ દેવીને કે તારા રક્ષણ કર્તા ઇષ્ટદેવને સંભાર, એમ જાણે મેઘ કહે છે—૨૯

જે વૃદ્ધિ પામવાની ઇચ્છા ન કરી મદનની પૂજા નથી કરતું તેને અમે નથી નડયાં એમ નથી પણ નડયાં છીએ, તેથી જેને વૃધ્ધિ પામવાની ઇચ્છા હોય તેવાં એની પૂજા કરો એમ કેતકીયો જાણે અલિનાદથી પોકારે છે—૩૦

જેનાથી કામ અતિ વૃધ્ધિ પામી ફૂલ્યો છે એવો અતિ પ્રવૃધ્ધ ઘન, જનોનાં મનને કામવ્યથાથી પીડવા સમર્થ થયો, પણ ધ્યાનથી કરીને દૃઢ કરેલું એવું એ રાજાનું મન તેને જરા પણ હલાવવા સમર્થ થઇ શકયો નહિ—૩૧

એટલામાં, જેણે અતિ વ્યાપેલા અંધકારનો ધ્વંસ કરેલો, ને ક્ષય કરેલો, તથા નક્ષત્રમાર્ગમાં ( આકાશમાં ) રમણ કરેલું, ને મનોહર રીતે તપેલો, એવો, હવે અસ્તાચલે રહેલો, સૂર્ય, ક્ષુધાર્ત્ત હોય તેમ, દિગંતરે ગયો.—૩૨

જે ગુહામાં ભરાઇ રહેલું, કે ગાઢ વનોમાં સંતાયલું, તે તિમિર આંખોને ઢાંકી નાખતું, ને અલકને ફૂંકારતું, ભૂખ્યા રાક્ષસની પેઠે, ઇંદ્રાધિષ્ઠિત દિશાને ગળી ગયું—૩૩

પછી, અતિ પવિત્ર, અને શરીરે ચંદનાદિથી પવિત્ર થયેલો, તથા નૃત્યાદિ કલાને પાવન કરનારો, એવો અપ્સરાનો સમૂહ; દિશાઓને ધ્વજાથી શણગારતા, સર્વેને પાવન કરતા, અને પૃથ્વીને પવિત્ર કરતા, લક્ષ્મીસ્થાનને પૂજી, અને ત્યાં આવ્યો—૩૪

કદી કલેશ ન પામેલા એવા કરને તંત્રી વગાડવાનો કલેષ પમાડી તથા અકિલષ્ટ એવા ખભાને તંત્રી ભારથી કલેષ આપી, વિલોભન

કરનારી, કોઇ જરાપણ લુબ્ધ નહિ એવા નૃપ ઉપર દૃષ્ટિ બાંધી, શરીરને ભાવાદિથી ક્લેષ પમાડવા લાગી—૩૫

બીજી, ભયમાત્રને નગણકારનારી, આ અતિ સંયત છતાં પણ આપણા જેવી સાભિલાષિણીને નહિ સહન કરે એમ નથી પણ સહન કરશેજ, કેમકે એને કશો કોપ ચઢતો નથી, ને કદાપિ ચઢશે તોપણ ક્રૂર થઇ આપણને એ મારનારો નથી એમ કહેતી, નાચવા લાગી—૩૬

કોઇ અપરિચિત અપ્સરા. તમે શચિના ભર્તાછો, નક્ષત્રનાથ છો, તેજથી કરીને આકાશ તથા આઠે દિશાને છાઇ નાખનારા છો, એમ એની સ્તુતિ કરતી, તથા કાંચળી અને ચરણીયાને ફરી પહેરતી, ગાવા લાગી—૩૭

શોક કરતી અને તમને જરાપણ પીડા ન કરતી એવી મને શા-માટે પીડા કરો છો, ને મારી દયા લાવી, કેમ બોલતા નથી, એમ વા-ણીના ગાનથી રોઇને એની સ્તુતિ કરતી કોઇએ, શ્રીની સ્તુતિમાં લાગી રહેલા એને ઠપકો દીધો—૩૮

આ કોપ કરશે! કે ક્ષમા કરશે? કે રમવાની ઇચ્છાવાળો હોઇ આપણાથી રમશે? એમ સ્મરથી શોકાતી બીજી અનેક વિતર્ક કરતી, આગળ શીખેલું એવું ગીત પણ સંભારી શકી નહિ—૩૯

અરે ! ઓ ઢોંગી ! ભોળા દીલવાળી, તને સેવવાની ઇચ્છાવાળી, તારી સાથે સંગમેચ્છાવાળી, એવી મને તું શામાટે સેવતો નથી, ને સંગમ કરવા ઇચ્છતા અનંગના તાપથી બળતીને શા માટે બાળે છે? એમ ધૃષ્ટતા ગ્રહણ કરવા ઇચ્છતી, લાજ મૂકી દેવા ઇચ્છતી, પોતાના ચાળાને સંતાડવા ન ઇચ્છતી, તથા ભાવથી બેજ બેજ ઉઘાડી પડી જતી ને તાલી મારતી, કોઇ એને આ પ્રમાણે સહસાજ કહી બેઠી—૪૦-૪૧

તું અતિ માન ધરીને સંતોષવા ઇચ્છતો નથી, વરવા ઇચ્છતો નથી, તેમ પાસે આવવા પણ ઇચ્છતો નથી, અને પેલીની પાસે જવા

તથા તેને વરવા ઇચ્છતો તથા સંતોષવા ઇચ્છતો, તેનું ચિત્તમાં ધ્યાન-ધરે છે, એમ તેને સેવવાની ઇચ્છામાં તું નિર્લજ્જ થયો છું, તો ભલે; વધતા આનંદવાળી, તથા સેવવાની ઇચ્છાવાળી, એવી મેં, પાણી વિનાની નદીને તરવાની ઇચ્છાવાળાં, છતાં પાર જવાને અસમર્થ એવાં લોચન તારામાં વ્યર્થજ પરોવ્યાં ! એમ કોઇએ એને કહ્યું—૪૨ ૪૩—

શરીરને અતિ કૃશ કરી નાખતાં તપશ્ચર્યાદિથી, દરિદ્ર મટી સમૃદ્ધ થવાની ઇચ્છાવાળો પુરુષ લક્ષ્મીને ભજે, તો આશ્ચર્યકારક રીતે લક્ષ્મીથી પવિત્ર થયેલો એવો તું અંગને આ રીતે સેવામાં નિયોજે છે ! તમોમાત્રને ગળી જતું ને ખાઇ જતું તારૂં તેજ તને અધીશ રૂપે પ્રસિધ્ધ કરેછે, તો ભિક્ષુકે આદરવા યોગ્ય એવું આ તપ તું શા માટે લઇ બેઠોછે ? આવો પ્રશ્ન કરતી મને જો તું મારવા આવશે કે કોપ કરીને ઉત્તર નહિ આપે, ને એમ ઢોંગ કરીને બેસશે તો આ કમલની પેઠે હું તને મસળી નાખીશ; એમ પીડા કરનારને પણ કાંઇ ન કરનાર, અને રમવાની ઇચ્છાકરનાર સાથે પણ ન રમનાર, એવા એને કહી, નાચવાની ઇચ્છાવાળી, અને ભમરને નચાવવા ઇચ્છતી, કોઇએ કમલદલને ટુંપી નાખ્યાં—૪૪—૪૫—૪૬–૪૭

તારૂં નામ જપતી આ સ્ત્રીઓની અવજ્ઞા કરી આવો તું શું સ્વર્ગે જવાની ઇચ્છા કરેછે, કે કાંઇ ઇચ્છતા અંતઃકરણથી કશી ગુપ્ત ઇચ્છા પૂર્ણ થયેલી માગેછે, કે મોક્ષ ઇચ્છે છે ? પણ આમ તો તેમાંનું કાંઇ થવાનું નથી; અથવા, જ્યારે બળદને દૂધ નીકળશે, પર્વતો ઉથલી પડશે, સમુદ્રમાંથી વડવાગ્નિ નીકળી જશે, પૃથ્વી ચલશે, ત્યારેજ તું મને અડી શકશે, કે તારી રતિ સંબંધીની ઇચ્છા પૂરી કરી શકીશ, એમ તારો નિશ્ચય હોય; અને તું સમર્થ અને અદીન-છતે પણ મારા જેવી અસમર્થ અને અતિ ખિન્નની પણ રક્ષા ન કરે, તો હું મરી જઇશ, ત્યારે મને તું ક્યાં પામીશ, એટલું એ તું સર્વ વાતનો જાણ છતાં જાણી શકતોનથી ? છતાં મારા પ્રતિ ભાષણ ન કરતો અને મારો અંગીકાર ન કરતો પણ, તુંજ મારેતો લાજ તજીને

પતિ રૂપે વરાયલો ને સ્વીકારાયછે; એમ કહીને ભય માત્ર કોરે મૂકેલો એવી કોઇએ, એને બાથમાં લેવાની ઇચ્છા કરતીએ, એને પોતાના અંગથી ઢાંકી દીધો—૪૮—૪૯—૫૦ ૫૧

બ્રહ્મને વિષે નિશ્ચલ સમાધિમાં સ્થિર થયેલા, અને વિઘ્નમાત્રના ભયથી અત્યંત મુક્ત એવા, કોપને દબાવવાની ઇચ્છાવાળા, આત્માને વશ રાખવા ઇચ્છતા, રાજાએ તે વાત સહન કરી—૫૨

પછી દિવ્યાંગનાઓ, કામના શરપાતથી પીડિત, લાજ પામતી, સ્પષ્ટરીતે ભગ્નમનોરથ થયેલી, ક્ષીણ કાંતિવાળી, ને ક્ષીણ બુધ્ધિવાળી, થઇ આકાશથી આવેલાં વિમાનમાં બેશીને ગઇ —૫૩

અતિ પરાક્રમવાળા એવા નૃપે મંત્ર પૂર્ણ કર્યો તેવામાં, કોઇ અતિ ધૃષ્ટ, કષ્ટકારી, તથા જાડા દોરડાથી કષ્ઠે બાંધેલા કેશવાળો, અતિ ઘોર શબ્દ કરતો, પુરુષ એની સમીપ આવ્યો—૫૪

અંધકાર જેવી આકૃતિવળો, અતિ કઠિન એવા મંદરાચલથી વલોવાયલા સમુદ્રના જલના ઘોષ જેવા કંઠવાળો, ને દુષ્ટ હૃદય વાળો, સમાધિસ્થ રાજાને, તેનો સ્વામી હોય એમ, આમ કહેવા લાગ્યો—૫૫

ફાંટ જેવો તું અતિ સ્નિગ્ધ મારી દષ્ટિએ પડ્યો છે ને મારા ક્રોધનો વિષય થયેલો, ને મને ઇર્ષ્યા ઉપજાવનારો, તું કપટાચારિન્ ! છે; તારૂં સ્નિગ્ધ શરીર શું મારાથી નહિ ખાઇ શકાય ?—૫૬

શ્રીમંદિર અશાન્ત દાન્તથી સેવી શકાતું નથી, તેમ સ્પષ્ટરીતે મારી પૂજા ન કરનારથી પણ સેવી શકાતું નથી, એમ સ્પષ્ટરીતે જેણે મને બલિદાન આપ્યું નથી એવો તું મારો ભક્ષ થયોછે એમ હું માનું છું—૫૭

વિશ્વમાત્રનું ભક્ષણકરનારા ને અમરોને દમનારા, રાક્ષસોથી

આ સ્થાન પૂર્વે છવાઇ ગયેલું ને ભરાઇ ગયેલું હતું; તેથી તેનું રક્ષણ કરવા માટે બીજાના સામર્થ્યને શમાવનાર એવા મને રમાએ નિયોજ્યોછે—૫૮

સામા આવેલા રાક્ષસોએ ઓકરી કાઢેલા રુધિરને દેખી કોપાયમાન થયેલી, ને તેથી કોપજલ રૂપી અશ્રુ પાડતી લક્ષ્મીદેવીએ તેમની સન્મુખ જઇ ઉચ્ચ શબ્દથી પ્રતિજ્ઞા જણાવતા મને એવી વૃત્તિ નક્કી કરી આપીછેકે જે ઉતાવળો થઇ તને પૂર્વે બલિ ન આપે.તે મંત્ર-પુષ્પાદિથી પૂજે તો પણ તેને હું તુરત પ્રસન્ન થવાની નહિ, ને તે, ક્રોધ પામેલો એવોતું તેનો બલિ થાય—૫૯—૬૦

તેથી શ્રીએ આ પ્રમાણે નિયમેલા એવા તને, હે ધૃષ્ટતાથી જેનાં કેશ અને રોમપુલકિત થયાંછે એવા ! હું દાંત અને દાઢને હરખાવતો, અને કેશરોમાં ચિત અનુભવતો, તને ખાવા તૈયાર થયોછું—૬૧

મને તો શું પણ કોઇને પણ વિસ્મય થ.યકે તેં જેની આદ્યે પૂજા કરવી જોઇએ તેની કરી નહિ. ને પ્રથમથીજ દેવીની પૂજા કરવા પ્રવર્ત્યો, ને મને તો તેં દીઠો પણ નહિ, તો હવે શું જોઇ રહ્યો-છે?—૬૨

તું મંત્રથી સંસ્કાર પામેલો હોય, ઉત્તમ નેત્રોથી સંસ્કૃત હોય, અસ્રોથી સમૃધ્ધ હોય તારા બહુ બલથીજ સાર્થ હોય, તોયેપણ તું અહીંઆં સપટાયોછે તે હવે ક્ષય પામ્યા વિના બચાનો નથી — ૬૩

તેં આ જન્મમાં જે ન લેવાનું લીધું હોય, ન કરવાનું કર્યું હોય, અગમ્ય પ્રતિ ગમન કર્યું હોય, ન પીડવા યોગ્ય ને પીડયાં હોય, કર ન લેવા યોગ્યના પણ લીધા હોય, અભક્ષ્ય ભક્ષણ કયુ હોય, ગુપ્તપાપ કયું હોય, કે વિરુદ્ધ વચન કહ્યું હોય, તે સર્વનો હવે પશ્ચાત્તાપ કરીલે કેમકે હું તારૂં મૃત્યુ છું--૬૪

શત્રુનાં અસ્થિરૂપી સરેણ ઉપર તેં પૂર્વે જે આયુધોને તેજિત કર્યાં હશે ને તેથી જે કીર્તિ મેળવી હશે તથા લોકનાં વખાણ સાંભળ્યાં હશે તે સર્વે યુક્ત એવા તને આજ અમે મારવા માટે પકડી બેઠા છીએ--૬૫

ભય પામીને તને પાણી છૂટયાં નથી, તું નાઠો નથી, ક્ષીણ થયો નથી, કે દીન વચન બોલ્યો નથી, એટલે તને ખાવાની ઇચ્છાવાળા મેં જે આ તને મારવા અસ્ત્ર ઉંચું કર્યુંછે તેને હર્ષ પામી જો —૬૬

આમ બોલતાં ને પગવડે પૃથ્વીને આઘાત કરતાં એ કોણ જાણે કયાંએ પેશી ગયો, ને નિશ્ચલ સમાધિમાં ઠરેલા ચુલુકયને ઇષ્ટલાભ પ્રતિ વ્યર્થ ન જાય તેવા દર્શનની પ્રતીતિ થઇ--૬૭

લક્ષ્મીએ આશ્ચર્યથી માથું ઘૂણાવ્યું, રાજાની સ્તુતિ કરી પોતે આનંદાશ્રુથી નહવાઇ ગઇ, ને વિઘ્નકર્મથી દૂર થઇ, દુરિતને દબાવી બેસી, આનંદ આપવા ઉન્મુખથઇ, ને એની પાસે ગઇ —૬૮

હે માતાઓ ! જો તમે એનું રક્ષણ કરતાં હો તો એનું રક્ષણ કરો, જો તમે એના ધૈર્ય દિનાં વખાણ કરતાં હો તોતે કરો, ને હે ચંડિ ! તું એની રક્ષા કરનારી હોય તો તે કર્યાં જા, એની સ્તુતિ કરતી હોય તો તે કર; શા માટે તમે વાર કરોછો ? ને હે પૃથ્વી ! શા માટે રડે છે ધીરી થા, હસવા લાગ; હે ધર્મ! તું હીમત રાખ ને હવે રો નહિ; અર્થ ! રો નહિ પણ હસ; હે સરસ્વતિ ! તું પૂર્વે મિથ્યા રોઇ, હવે જરા રોઇશ નહિ; ને હે વિઘ્નવિનાયક ! એના ઉપર વિઘ્ન નાખી હવે તમારો યશ મા ઓછો કરો; તેમ બીજા કોઇ પણ હવે તેમ ન કરો; કેમકે સુસંસ્કારવાળા એને આજ લક્ષ્મી વરથી પરિસંસ્કૃત કરે છે એવું, એ પછી, વેત્રવતી બોલી—૬૯—૭૦--૭૧.

સ્મિતજયોતિના સમૂહથી આકાશને અલંકારતી દેવી પ્રસન્ન થ-

ઇ, એકદમ, રાગદ્વેષવિમુક્ત એવા એને ઉપસ્કાર કરતી, આ અસંદિગ્ધ વચન બોલી—૭૨

હું તુષ્ટ થઇછું, તારાં પાપમાત્ર વિખેરી નાખી નિર્મૂલ કરૂંછું, હવે તને કદાપિ વિઘ્ન નડનાર નથી; જે જે વિઘ્નથી તને હરકતો થઇ તેથી તેથી ઉલટું તારૂં તપ અધિક અધિક દીપ્યું—૭૩

જ્યાં ક્ષેત્રપાલ, વિષ્ણુ, અને શંકરનાં, શ્વાન ગરુડ અને વૃષભ પરસ્પર સાથે તોફાન કરેછે, ને જ્યાં કામધેનુને વાછડું દૂધ પીવા માટે માથાં મારેછે એવા સ્વર્ગમાં પણ તારી આજ્ઞા અપ્રતિહત પ્રવર્તો—૭૪

તારી ગાય સરખીને પણ પીડા થશો નહિ, ને હે વત્સ ! તારો દેશ નિરુપદ્રવ રહેજો, ને આનંદ પામજો, હવે સમાધિમુદ્રા ચઢાવીશ નહિ, ઉત્થાન પામ, તારૂં એથી પણ જે કાંઇ અભીપ્સિત હોય તે પૂરવા હું તૈયારછું–૭૫

બ્રહ્મચારી, કાર્યસિદ્ધિથી હર્ષ પામેલો, શોભાયમાન, તપથી કલેષ પામેલો, ને સુધાથી જાણે તૃપ્ત થયો હોય તેવો, ને વાણીરૂપી હારને જાણે ગુંથતો, એ રાજા, પછી, પ્રસાદોન્મુખ લક્ષ્મીદેવીને આ પ્રમાણે સ્તવવા લાગ્યો—૭૬

હે સર્વવ્યાપિનિ ! પશ્વાદિની હિંસા કર્યા વિનાજ જે કરુણામય એવાં તમારી પૂજા કરવાનો આરંભ કરેછે તે અત્યંત યશ પામી, કાર્ય સિધ્ધિ પામેછે—૭૭

અતિ નિર્મલ મતિ રાખીને જેમણે તમારા ચરણનું પૂજન પ્રાપ્ત કર્યુંછે, તેમણે આત્મસ્થ થઇ કલિની વંચના કરી, પોતાના અર્થની સિદ્ધિ કરીછે—૭૮

જે ભક્તિપ્રવણ નથી તેમને તો તું દુર્લભમાં પણ દુર્લભ છે,

પણ ભક્તિ કરનારને તો સુલભમાં સુલભ હોઇ, ઋદ્ધિનું નિદાન છે, એમ હું સત્ય કહું છું—૭૯

નાશી જઇને ( ૧ ) સમુદ્રમાં મજ્જન કરનારી તને બ્રહ્મા પણ દેખી ન શક્યા, ને તે વખતે જગત્માત્ર અતિ દુર્ગતિને પામી ગયું, એવો જે તારો પ્રભાવ તેની કલામાત્રને પણ કોઇ કલી શકે એમ છે ! —૮૦

ભલે અસ્ત્ર ગ્રહણ કરો, સત્યશાસ્ત્રાદિ અવગાહો, પવત કે સમુદ્રને ઓલંઘો, કે યજમાન અગ્નિહોત્ર ગ્રહણકરો,એ બધામાં જો તારૂં ઔદાસીન્ય હોય તો બધુંએ વ્યર્થ છે—૮૧

હે કમલવાસિનિ ! તમારૂં સુશ્લિષ્ટ વચન જાણે અમૃતનેજ વરસાવેછે, ને તમારૂં મુખ પરિપૂર્ણ ચંદ્રતુલ્ય છે, નખની કાંતિ કૌસ્તુભની શોભાને ધારણ કરેછે, ને બે હાથ કલ્પદ્રુમના પલ્લવ જેવા છે; તમે આર્યને આશિર્વાદ દેતાં એ, પ્રત્યક્ષ કામધેનુની પેઠે, કાંઇપણ શબ્દ કર્યા વિના, મારા ઉપર આશિર્વાદ રૂપી મહા ઉપકાર કર્યોછે, ને તમે જે, પૃથ્વી ઉપર કાંઇ પણ શબ્દ કર્યા વિના મારી પાસે આવ્યાંછો, તે તમારૂં ગમન ઐરાવતના ગમનથી પણ અતિ ઉત્તમ છે; અથવા એમાં શું કહેવાનુંછે ? કેમકે એ બધાં એ તમારાં સહોદર છે, ને સેવા કરવામાં અતિ નિપુણ એ સર્વ તમારા ચરણની સેવા કરેછે; ને જેનાં વિઘ્નમાત્ર ઘાણે કરીને ચૂર્ણ કરી નાખ્યાંછે, એવો દાનાર્હ મારા જેવો પણ તે ચરણને નિતાંત સેવેછે—૮૨—૮૩—૮૪

પૂર્વે પણ, હે માતા ! હે પાપનાશિનિ ! તારા પુત્રને કાંઇ ન્યૂન ન હતું, કેમકે પૃથ્વી કૃષ્ટપચ્યાન્નમયી હતી અને શત્રુસમૂહનું ધૈર્ય અત્યંત વિશીર્ણ હતું—૮૫

---

( ૧ ) સમુદ્રમથન પૂર્વે દુર્વાસા ઋષિના શાપથી લક્ષ્મી સમુદ્રમાં સંતાઇ હતી એવી પુરાણકથા ટીકાકાર આપેછે.

હે મુનિવરોમાં પ્રધાન ! જો આપ મારી રુચિ પૂર્ણ કરવા અને મને અજય્ય કરવા ઇચ્છતાં હો, તથા મારા ચિત્તમાં વાસ કરતાં હો, તો મારે પુત્ર થવો જોઇએ, તેણે રમવું જોઇએ, ને દિનપ્રતિદિન ચાલતી જતી રમ્ય વૃદ્ધિ સહિત, તેણે ઉત્સંગમાં પડવું જોઇએ—૮૬

આપેલાં વરદાનોથી પૂજવા યોગ્ય, અને જગત્‌માં જેના વિખ્યાત ગુણ છે એવી લક્ષ્મી, હે વત્સ ! તારો પુત્ર, ગાંધારસ્વર ગાનાર જનોથી ( ૧ ) ગવાયલા યશ વડે દિંગતને ભરી નાખનારો થશે, એમ કહેતી અંતર્ધાન થઇ ગઇ—૮૭

પોતાની પ્રિયાને આશ્લેષ દેતા, આકાશમાં ઉભેલા, વિમાનમાં બેઠેલા, નિરંતર લક્ષ્મીની સેવા કરનારા, મોદ પામેલા, ને ત્વરાવાળા થયેલા, એવા દેવતાઓએ તે પ્રસંગે અતિ હર્ષે ચઢેલા રાજાને પુષ્પ વરસાવવાને મિષે, શું આલિંગન દીધું, શું ઉપાસ્યો, શું મૈત્રી જણાવી કે શું ભૂષણથી શોભાવ્યો ?—૮૮

જરાપણ ગર્વ ન કરતા, તપથી કરીને જાણે જીર્ણ થયેલા, ઉન્નતિ પામેલા, પાપમલથી અત્યંત મુક્ત, અને પૃથ્વીમાં સર્વથી શ્રેષ્ઠ થયેલા, એવા એ રાજા પાસે અવિભક્ત ચિત્તવાળાને એકજ માના જણ્યા ભાઇ હોય એવા, પુરના સારા લોક હરખ કરવા આવ્યા—૮૯

આનંદ પામીને ઉત્સવ કરવા મંડેલા એવા લોકો સહિત, અમૃત પીતાં હોય એમ લોકનાં નેત્રથી પાન કરાતો, ઉત્તમાસનવડે હાથી ઉપર બેઠેલો, ઇંદ્રની શોભા પામતો, એ રાજા પોતાના મેહેલમાં ગયો—૯૦

---

## સર્ગ ૧૧.

ઋતુસ્નાત એવી દેવીનો રાજાએ પછી ઉપભોગ કર્યો, અને તેણે, ઉદ્યાનને વિષે, સાથેજ, પાત્રમાંથી, તે સમયે, ખાધું—૧

---

( ૧ ) ગંધર્વોથી.

પ્રીતિના યોગથી, એક પીએ તે બીજું પીએ, એક ખાય તે બીજું ખાય, એક બેસે ત્યાં બીજુ બેસે, એક ખસે ત્યાં બીજુ ખસે, એવું તેમને થયું—૨

રૂપાના વાસણ જેવા ઉજ્જવલ મુખવાળી દેવીએ પછી ગર્ભ ધારણ કર્યો; તે જાણીને વિચાર કરી કરી કર્ણે તેનું રક્ષણ કરવાના પ્રયત્નો કર્યા—૩

આશાતંતુની વૃદ્ધિ કરનારી દેવીને, ભીષ્મ અને વાયુના જેવા બલવાળા, અને સર્વને આનંદ આપતા, એ રાજાએ, પુત્રની ઉત્કંઠાથી દાહૃદકાર્ય વારે વારે પૂછ્યું—૪

વાવેલી વસ્તુઓથી, વીણી લવાય તેવી વસ્તુઓથી, આણાવેલી વસ્તુઓથી, જલથી સાધ્ય થાય તેવી વસ્તુઓથી (૨), માધુર્યાદિ વસ્તુઓથી ગુણયુક્ત અને વખાણવા યોગ્ય એવા રસથી પૂર્ણ એવાં બીજાં ખાવાનાં પદાર્થોથી, એનું વચન થતાંજ સહજમાં મેળવી આણેલાં, ને જાણે સ્વર્ગમાંથીજ હાથે ખેંચેલા દોરડાથી તાણી આણ્યાં હોય તેવાં એ સર્વથી, યુદ્ધમાં કોઇથી પણ ન નમે એવા એણે દોહદ સંપૂર્ણ કર્યાં—૫—૬

તારે જરાપણ લજવાવું નહિ કે આત્માની ઇચ્છા જરાપણ દાબીનાખવી નહિ એમ એને કહેતાં, અમાવાસ્યાના સૂર્યનીપેઠે રાજાએ અમાવાસ્યાના ચંદ્રને પરિપૂર્ણ પૂર્યો—૭

હે દેવિ! ધાય્ય મંત્રોથી ને હવિર્વિશેષથી પુનીત એવા ચૈત્યાગ્નિ સહિત પરિચાય્ય, અપચાય્ય, આનાય્ય, સમૂહ્ય, આદિ અગ્નિનાં દર્શનની તું ઇચ્છા કરેછે તેથી તને, કુંડપાય્ય, સંચાય્ય, રાજસૂય

---

(૨) તીર્થાદિથી.

આદિ યજ્ઞ કરનારો, તથા અનંત પુણ્યનું સ્થાન, અને આખા વિશ્વનો વિજય કરનારો, એવો પુત્ર થશે એમ રાજાએ રાણીને કહ્યું—૮—૯

ગર્ભવિઘ્નના વિચ્છેદને માટે નિત્ય ભૂમિ ઉપર ગાયને દોહોવાનું ઋષિઓ લઈ બેઠા (૧) ને સંવાહ્યાગ્નિમાં યાજ્યાઓથી કરીને આપવા યોગ્ય આહૂતિઓ આપવા લાગ્યા—૧૦

અહેય એવાં કર્તવ્યમાં નિરંતર જાગતા, ને જેમનાથી ઇષ્ટિસિદ્ધિ સંભવે એવા, તથા પૂજ્ય, ભજવા યોગ્ય, એવા પુરોહિતોથી અતિ ઉત્તમ, વિઘ્નવિઘાતક કર્મ, આરંભાવ્યું—૧૧

શત્રુથી સહન ન થાય એવો, કોઇથી ઉપહાસ ન થાય એવો, કોઇથી તપાવાય નહિ એવો, સર્વથી પૂજ્ય, એવો એ ગર્ભ, ક્ષેમ કુશલ, અમારાં ભાગ્યે જન્મો એમ તે સમયે એના આચાર્યો ધ્યાન કરવા લાગ્યા—૧૨

સ્પષ્ટ રીતે ભારેવાયાં થયેલાં તમારે હે દેવિ ! હવે બહુ ધીમેથી બોલવું, નીવી નરમ બાંધવી, તથા દારુ આદિ કેફ કરવી નહિ, તથા ઉપસર્યની પાસે પણ જવું કે બોલવું નહિ, એમ એને આચાર્યની ઉત્તમ સ્ત્રીઓ શીખામણ દેવા લાગી—૧૩-૧૪

એમ એ અતિ વિશુદ્ધ રાણીએ, નવમાસ પછી, પુણ્યમાત્રના વિક્રેતા અને બ્રાહ્મણક્ષત્રિયવૈશ્યશૂદ્રાદિને પૂજ્ય, એવા પુત્રને પ્રસવ આપ્યો—૧૫

પછી વાહને ચઢીને નૃપાજ્ઞાથી આવેલા, જ્ઞાનને વિષે પરસ્પર વાદ વિવાદથી નિશ્ચય કરતા, ને નિરંતર સત્ય બોલતા, એવા ઘણાક સુજ્ઞ દૈવજ્ઞોએ આ પ્રમાણે કહ્યું—૧૬

---

(૧) ભોય ઉપર ગાય દોહોવાથી વિઘ્નની શાન્તિ થાયછે એમ ટીકાકાર.

એ અરિકીર્તિને હણનારો, તથા પોતાના પ્રતાપાગ્નિના ચયન-થી દ્વીપ ભૂપાલોને પણ ઉખાડનાર, ને નિરંતર સત્ય બોલનારો થશે—૧૭

સર્વાર્થસાધનમાં પુષ્ય નક્ષત્ર જેવો કલ્યાણકારી, કે તેથી પણ અધિક સિદ્ધિવાળો, એ અતિ પ્રકાશી રહેશે; ને ભિદ્યોચ્છય ( ૧ ) માં પોતાના અશ્વોને નવરાવી દિશામાત્રથી સુવર્ણરથાદિ ખેંચી લાવશે—૧૮

રાક્ષસરૂપી ધૃતને સૂર્ય જેવો, ને પ્રજાને તિષ્ય જેવો પ્રિય, એ રાજાઓની સ્તુતિનો વિષય, તેમની સેવાનો પાત્ર, ને તેમના આ-દરને ભોગવનારો, થશે—૧૯

વિપત્તિના કાલમાં દેવતા અને નાગલોકથી શરમાઇ અને શરણ લેવાયલો એવો જે વિશ્વામિત્રનો શિષ્ય ( શ્રીરામ ) હતો તેજ દેવ અત્ર અવતર્યોછે—૨૦

પૂજ્ય, તથા જેના ચારિત્રની કલ્પના ન થઈ શકે એવો, ને ચા-રે ઉત્તમ કાર્યનો જાણનાર, દાનથી કરીને જગતને આનંદનાર, દે-વતાનાં કાર્ય કરશે—૨૧

એ પૃથ્વીરૂપી ગાયને નીતિથી નવરાવશે, નિષ્પાપવતી કરશે, ને એનું દૂધ દોહોશે, તેમ બ્રહ્મધ્યાનમાં લીન થયેલાના ધ્યાન મા-ર્ગમાંનાં વિઘ્નને હરશે—૨૨

આ પ્રમાણે ભવિષ્ય રહસ્ય કહી રહ્યા ત્યારે તેમને, અતિ પ્રકટ આનંદવાળા રાજાએ, દૂઝાણી ગાયો અને સો મહોટાં હળથી ખેડી શકાય તેટલી જમીન આપી—૨૩

---

( ૧ ) એ નામનો -હદ વિશેષ છે એમ ટીકાકાર.

ગામનાં પરાંમાં રહેનાર લોકે, મદમત્ત થઇ, ભાગું તૂટ્યુ બોલતાં, કાર્તિકેય જેવા એના જન્મથી કુંકુમ ઘોળીને ઉત્સવ કર્યો—૨૪

પૃથ્વીના પાલનાર અને સ્વર્ગના રક્ષણ કરનાર એવા કર્ણપુત્રના ગુણના પક્ષપાતવાળા, પોતાની પ્રિયાઓ સહિત, દેવતાઓ સ્વર્ગમાં ગાવા લાગ્યા—૨૫

કર્ણપુત્રનો જન્મ થયાથી શિવ વિષ્ણુ બ્રહ્મા અને બીજા અમૃત પીનારા સર્વેએ દૈત્યોને તુચ્છ જેવા યોદ્ધા ગણ્યા--૨૬

પુણ્ય વાળા સોમવંશમાં થયેલો, વિપક્ષોનો વિક્ષેપ કરી સંહાર કરનાર અને વિદ્વજ્જનોનો પ્રિય એ, બીજા શરીરને ધરી આવેલા કામ જેવો દેખાયો--૨૭

રાજવ્યાઘ્રને ઘેર, અતિ વિનીત, સ્પષ્ટ કંઠવાળા, ને ફુલાવેલાં નાક સહિત, સૂત માતૃકાનો પાઠ કરતા, વિદ્યાર્થિઓ આવ્યા—૨૮

પુષ્પમાલાથી શોભતા, અને અમૃત પીનાર દેવતા જેવા, શંખ ફુંકનારા, ઉચું જોઇ ( ગાતાં ) આકાશ નેજ પાન કરી જતા, એવા જાણનારાઓએ ગાન કર્યું—૨૯

આનંદ પમતા, અને જન્મની વધામણી ખાનારને ઇનામ આપતા, તથા વિલંબ ન સહન કરતા, અને અન્યકાર્યમાં જીવ ન પરોવી શકતા, મિત્રજનો આવ્યા—૩૦

પાલવ હલાવતી, પ્રોત્સાહન કરતી, ને કાંતિથી આકશને લીપી નાખતી, સ્ત્રીઓનો સમૂહ અવ્યો–૩૧

ઉજ્જવલ ભૂષણ વાળાં, આનંદ પમેલાં મુખારવિંદવાળાં, ફરતાં, બેઠેલાં, એવાં બંધુજનથી એ મંદિર શોભી રહ્યું—૩૨

રાજાઓનો નાયક, અને ગ્રહનાથ ( સૂર્ય ) ના જેવી કાંતિવાળો,

શત્રુરૂપી વનનો દાવાનલ, પુણ્યભાવવાળો, અને શંકર જેવો, એ રાજા તેણે સર્વને યથોચિત કર્યું—૩૩

હર્ષથી સ્રવતાં લોચનવાળા અને ધર્મધુરંધર કર્ણે, ધાન્ય અને દ્રવ્યનાં દાન આપીને, જલચરોને પણ અભય સુખ અપાવ્યું —૩૪

દોષ કરનારને દંડનાર, સમુદ્ર જેવા ગંભીર, એણે, હર્ષાશ્રુ નીકળવાથી ઉંચાં કરેલાં નયનવાળા, કારાગારમાં પડેલાને પણ છોડયા —૩૫

જીવિત પામેલી ને તેથી હર્ષ પમોદતી હરિણીઓએ સાંભળેલું, તથા કોઇથી પણ ઉલ્લંઘન ન થઇ શકે તેવું, અભય એણે વ્યાધભૂમિઓમાં પણ સારી રીતે જાહેર કરાવ્યું—૩૬

પોતાની કાન્તિથી આકાશને સ્વચ્છ કરનારી એવી નર્તકી અને ગાયિકાને, ગાયકો સહિત, નિષ્પુત્રતા રૂપ કલંક છેદનારી શ્રીલક્ષ્મીના ઉત્સવ માટે આજ્ઞા કરી-૩૭

સંવત્સર જેમ, ચો તરફ ફરતા અને લોકોની ગરજ પૂરી પાડતા રાજાને પ્રિય એવા યવાદિ ધાન્યથી શોભે છે, તેમ પુત્રનામકરણ માટે બેઠેલો રાજા, હર્ષ પામતા, સવિલાસ ફરતા, અને સર્વદા સહાય થતા એવા રાજપુરુષોથી શોભતો હવો—૩૮

રંતિદેવની પેઠે, આ આનંદકારી પુત્ર, વીરોમાં શ્રેષ્ઠ થાઓ એમ ગાતી વૃદ્ધ સ્ત્રીઓએ કુમારનું નામ જયસિંહ એવું પાડ્યું —૩૯

માથું કાપનારના જેવો કંપ કરનારૂં એનું નામ સાંભળતાંજ ભયથી નાઠેલા શત્રુરાજાઓ કિલ્લાઓ રચવા મંડી પડયા—૪૦

બાલકનું શેષ ખાનારા, ધર્મશીલ, યશની કામનાવાળા, શુભા-

ચારવાળા, અને બહુ સમર્થ, એવા પુરુષોથી પુત્રની રક્ષા માટે રાજા-એ યોજના કરી—૪૧

સુરા ન પીનારી, અને સુરાપાન કરનારથી દૂર રહેનારી, કુમારને સુખ થાય તેમ કરનારી, ચક્રનામનું ગીત વિશેષ ગાઇ સાન્ત્વના કરનારી, એવી ધાવે કુમારને રમાડયો—૪૨

માંડમાંડના યુદ્ધમાં રાજાના પુત્રોને સ્પર્ધાપૂર્વક બોલાવતો, અને તેમને વાણિયા માળવી આદિનાં બાલકની પેઠે હરાવતો, એ રાજાનો બાલક વૃદ્ધિ પામતો ચાલ્યો—૪૩

ગાયો ચારનારા જેના પિતરાઇ છે એવો, અને ગોપ એવી સંજ્ઞાવાળો, હરિ જેમ ( યમુનાના તટો ઉપર એકલો રમ્યો ) તેમ એ ( સરસ્વતીના ) તટોની બાહ્યભૂમિમાં એકલો રમ્યો—૪૪

એક ગાઉ ચાલી નાખતો, તથા શત્રુને મારી નાખતો, ગાંધારી-ના કુમારનો મારનાર ( ભીમ ), ( કુરુક્ષેત્રમાંની સરસ્વતિના તટ ઉપર રમ્યો ) તેની પેઠે, સરસ્વતિના, કલેશ અને તમોગુણને હણનારા, તટ ઉપર એ રમેછે—૪૫

પતિને જ પામે એવી કન્યાની પેઠે શત્રુમાં ફેંકવાનાં શતઘ્ની આદિ અસ્ત્રોને, પોતાના બરોબરીઆ સાથે, માંડમાંડ રમતમાં, તેમને માથે ને પગે ફેંકી, શત્રુ ઉપર ફેંકવાનો એ અભ્યાસ કરેછે—૪૬

આકૃતિએ, શુભલક્ષણવાળા, હોઇ સ્ત્રીને ન મારતા, અપ્રલબ્ધ, એવા નરો સાથે ( કુસ્તિ કરી ), બાહુ, અને ઉરઃ કપાટને ઘા કરતો, ને હાથીને પણ મારતો એ મલ્લ થયો—૪૭

રાજ અને નગરોની ઉથલપાથલ કરાવનારા એવા, મારામારી કરનાર આદિના વેરા બદલીને ફરતા, શત્રુના ચારોએ, ભયભીત થઇ

જોવાયલા, એણે નગરને ત્રાસ આપનારા દુષ્ટ હાથીઓને પણ દમ્યા—૪૮

કર્ણનંદને, પૃથ્વી અને આકાશની કુખોને ભરી નાખતા યશથી ને દીનનાં ઉદરને ભરી નાખતાં દાનથી સર્વથી પૂજ્ય એવી પરોપકારિતા પ્રાપ્ત કરી—૪૯

હલાયુધ જેવો એ જ્યારે પૂર્ણ આકર્ષથી ઘટગ્રહ કરે છે ( ૧ ) ત્યારે ધનુષ્ પકડવામાં કે ખડ્ગ વાપરવામાં કોણ એની બરાબરી કરી શકે?—૫૦

યષ્ટિ, શક્તિ, અસિ, વજ્ર, તોમર આદિ શસ્ત્રને એ ઝાલતો; અથવા બધાં છત્રીશે ( ૨ ) આયુધ ઝાલવે કુશલ હતો—૫૧

હસ્તિશાસ્ત્રનાં સૂત્રોને યથાર્થ જાણનારો એ, એવી રીતે દુષ્ટગજોને અંકુશથી કબજે કરેછે, કે જેથી પાણીનાં બેહેડાં લઇ જતી ચંદ્રમુખીઓ નિર્ભય થઇ જાયછે—૫૨

---

( ૧ ) ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવાવાળા બે છેડે અને વચમાં કાંણાવાળુ ચતુર્ભુજાખ્ય ધનુષ્ જેવું ઉંટના બરડા જેવું વાંકું લાકડું લેઇને તેને દોરડું બાંધી તે દોરડાનો બીજો છેડો રેતીથી ભરેલા ઘડાને બાંધેછે. પછી પેલા લાકડાને ખેંચીને જમણા કાન આગળ લઇ જવું તે એટલે સુધી કે પેલો ઘડો ડાબા હાથ આગળ આવે. આવા લાકડાનું નામ આકર્ષ કહેછે. ને જે પેલો ઘડો આવે તેને ઘટગ્રહ કહેછે. બરાબર ખેંચેલો આકર્ષને પૂર્ણ આકર્ષ કહેછે. એમ ટીકાકાર.

( ૨ ) ચક્ર, ધનુ, વજ્ર, ખડ્ગ, ક્ષુરિકા, તોમર, કુંત, ત્રિશૂલ, શક્તિ, પરશુ, મક્ષિકા, ભલ્લિ, ભિંદિપાલ, મુષ્ટિ, લુંઠિ, શંકુ, પાશ, પટ્ટિશ, યષ્ટિ, કણય, કંપન, હલ, મુશલ, ગુલિકા, કર્તરી, કરપત્ર, તરવારિ, કુદ્દાલ, કુરકોટ, કોફણિ, ડાહ, ડથ્થુસ, મુદ્ગર, ગદા, ઘન, કરવાલિકા, એમ ટીકાકાર.

ધનુ ધરનારો, ને દંડધરનાર, તથા કવચધર, અતિ મનોહર, એ, સુકાની જેમ નાવને, તેમ દુષ્ટ અશ્વોને બહાર ફેરવેછે--૫૩

પુષ્પોપચય કરતા વિદ્યાધરની વિદ્યાનો એકાંશ શીખેલા એણે અસ્ત્રવિદ્યાના પરાક્રમથી ગર્વે ચઢેલા શત્રુઓ આગળ, સર્પનું વિષ ઉતારનારી શક્તિ જેવી, શક્તિ દર્શાવી—૫૪

મહોટા મનના એણે, અપરાધી છતાં પણ નિઃસાર હોય તેના ઉપર સમારંભ કર્યો નહિ; મહોટા હાથીને હણનારો સિંહ ધતિહર (?) શ્વાન ઉપર કૂદકો મારતો નથી—૫૫

લેશ પણ મલ જેના ચિત્તને લાગ્યો નથી એવો, અને ગુરુના પાદની રજને ગ્રહણ કરનારો, એ, ફૂલવાલા વૃક્ષની પેઠે, સત્પુરુષોને સેવવા યોગ્ય થયો—૫૬

શરત્સમયમાં જેમ વાતાપિ ને ઇલ્વાપિને ભક્ષ કરનાર મુનિ ( અગસ્ત્ય ) ઉદય પામેછે, કે તે ઋતુમાં જેમ ડાંગરનો વિપુલ પાક ઉગેછે, તેમ એ પણ ઉદય પામ્યો—૫૭

સ્વચ્છંદાચારી, મરજી પ્રમાણે વર્તતા, ને લીલા કરતા, વત્સની પાછળ જેમ બાલકો રખડેછે, તેમ એની પાછળ કિંકરો ફરેછે--૫૮

કીર્ત્તિને વધારનારો, અર્થીને દ્રવ્ય આપનારો, ને તેમ છતાં કેટલું આપ્યું તેનો હિસાબ ન ગણનારો, ને તેજથી કરીને દિવાકરને પણ કોરે મૂકનારો, એ પુરુષાર્થોમાંથી ત્રણનો ભોગવનાર થયો--૫૯

સોમવંશનો મુકુટ, ને સૂર્યપુત્ર ( કર્ણ અથવા મનુ )નાથી પણ અધિક, સર્વદા પ્રભાકરના ઉદય સમયે, એ સૂર્યને તેમ પિતાને નમે છે—૬૦

આશ્ચર્યકારી ગુણશ્રીથી, એકભક્તિપરાયણ એવા એણે, પોતાના વંશના આદિરૂપ સૂર્ય અને ચંદ્રને પ્રસન્ન કર્યા—૬૧

જગતૂનો સંહારકર્ત્તા, જગતૂની ઉત્પત્તિ કર્તા, એવા ચંદ્ર-મૌલિ શ્રીશંકરને એ બલિદાન આપતો, નાંદી કરતો, ને નમસ્કારાદિ કરતો—૬૨

જેના પ્રતિ એ હાથ ઉપાડે, ને ધનુષ્ ગ્રહણ કરે, તેનું પાનું, યમરાજનો ચિત્રગુપ્ત, તેનો સમય ન થયો હોય તોપણ, ખોળેજ—૬૩

એ, રણમાં રચના કરીને ઉભેલાને જંઘાનો આશ્રય કરવાવાળા કરેછે, ને એમ દિનકર જેવો, પોતાનું નામ ચંદ્રમાં પણ ટાંકીદેછે—૬૪

અનંતભક્તિગુણવાળા એવા, અને પોતાનાં નયનના ચંદ્રરૂપ સુતને, પૃથ્વીના સૂર્ય એવા કર્ણે એક દિવસ બોલાવ્યો—૬૫

આજ્ઞાકારી, હર્ષ કરનારો, ને સેવાકર, એવો કુમાર પણ, તે ઉપરથી પિતાના પાદને ( ૧ ), સમસ્યાશ્લોકકારની પેઠે, ભજવા લાગ્યો—૬૬

નીતિસૂત્રના યથાર્થ જ્ઞાનવાળા એવા મંત્રીઓ સાથે સલાહ કરતો, શુદ્ધ વાણીવાળો રાજા, જરાપણ કલહ જેને પ્રિય નથી એવા એને આ પ્રમાણે કહેવા લાગ્યો—૬૭

ગાથા કરનારાઓથી, વૈયાકરણોથી, ખુશામદ ન કરનારા એવા તથ્ય વાદીઓથી, મુનિઓથી, સર્વદા ક્ષેમ અને પ્રિય કરવામાંજ મચેલા એવાથી, સર્વથી, જેમને શત્રુઓ હતા એવા (?) મારા પૂર્વજોની, પોતાના કર્તવ્ય રૂપ વૃત્તિ, ક્ષેમકરી, ભદ્રકરી, પ્રિયકરી કહેવાઇ છે, તે ભદ્રકર-

---

( ૧ )પાદ શબ્દ દ્વ્યર્થ છે:પાદ એટલે પગ ( રાજા પક્ષે ); ને પાદ એટલે શ્લોકનું એક ચરણ ( શ્લોક કાર પક્ષે ).

નારાનાં પગલાં એ ચાલીને હું, જેમ પૂર્વ તીર્થંકરને માર્ગે ચાલી તે પછીનો તીર્થંકર થાય, તેમ ભદ્રકર્તા થઇ શક્યો છું-૬૮-૬૯-૭૦

હે પ્રિયવંદ ! તું પરંતપ છે, ને મારૂં માને તો શત્રુને તાપ કરનારૂં એવું આ રાજ્ય ગ્રહણ કર, કે જેમ ભયંકર મેઘકાલમાં તીર્થંકરના વ્રતવાળો કોઇ કરેછે, તેમ હું, મુક્તાહાર વિહાર થઇ, સત્યમાર્ગનો અંગિકાર કરી, સર્વને અભય આપી, મુક્તિ માટે પ્રયત્ન કરૂં-૭૧—૭૨

શાંતિના વિષયમાં, અલ્પ અન્ન રાંધનારાને મિતાહાર કરનારા ઋષિઓને પણ પરાજય પમાડનારો કુમાર, નખ શેકાઇ જાય એવી યવાગૂ જેવું રોગને ટાળનારૂં વચન બોલ્યો—૭૩

હે મહા સમુદ્ર જેવા ગંભીર ! આપના આગળ બોલવાનું મારૂં ગજું નથી; છાણાંને ઉરાડનારો મહાવાત આકાશને અડકેલાં શિખરવાળા પર્વતને શું કરી શકે ?—૭૪

પરમભક્ત એવો હું આવો ખલ છું એમ, હે વિશ્વંભરાપતે ! આપને કોણે કહ્યું ? કે હે પૃથ્વીના વિષ્ણુ જેવા ! સર્વ વાત સહન કરતા છતા પણ આપે આવી આજ્ઞા કરી ?—૭૫

શત્રુને તપનાર, તથા શત્રુના સહેનાર, ધનંજય જેવા, અને અર્થીઓને જેમણે લક્ષ્મી આપેલી છે એવા, મારા તાત, પોતેજ રાજ્ય કરો—૭૬

રથંતર સામ ગાનાર જેવા મધુર ધ્વનિવાળા ! હે અવનિપુરંદર જે મારો દોષ આપને ભગંદરની પેઠે પીડા કરતો હોય તે કહેવાની કૃપા કરો—૭૭

અયોગ્ય ગણવા યોગ્ય એવા મને કદાપિ સ્નેહાધિક્યથી આપ યોગ્ય માનતા હો, તોપણ હે મિતભાષણ કરતા મહારાજ ! આ આજ્ઞા તો મારા શરીરને કંપાવે છે—૭૮

જે ભમર જેવા ચપલ સ્વભાવનો હોઇ, તટને તોડી પાડતા પ્રવાહની પેઠે, મર્યાદામાત્રનું ઉલ્લંઘન કરે, એવા બાલકનું મુખ જોઇ જોઇ માતા મિથ્યાજ ઓવારણાં લે--૭૯

કૂતરાં, તેમ ઘાસ ખાનારાં હરણાં, તેપણ મારાથી ઉત્તમ છે; કેમકે હું આવી તાપ કરનારી, નાડીઓને ઉકાળનારી, ને નાડીઓને ચીરી નાખનારી, વાણી સાંભળું છું--૮૦

ઘડી બજાવનારા, કે તાળોટા પાડનારા, કે નાક બોલાવનારા, કે નિર્લજ્જ; કે મૃગાદિથી, કે ગર્દભથી પણ અધમ, એવા લોક પિતૃરાજ્યની ઇચ્છા કરે છે--૮૧

નાસિકા અને મુષ્ટિને ચુંબન લેતી માતાનાં સ્તન રૂપી ઘટને પીનારો હું, અદ્યાપિ તો તમારો શિષ્ય છું; આ જે હું કહું છું તે નકામો ઉપર ઉપરનો સપાટો નથી--૮૨

હે સૌમ્ય ! જો આપનું મુખ હું ન જોઇ શકું તો, હાથ ફેરવી વશ કરનારા મહાવતોનું, નદીતટને ઉત્પાટન કરનારા હાથીઓનું, ખુંધને ચાટતા તથા તટને તોડી નાખીને દોડતી નદીના ઉર્મિ જેવા વેગવાળા વૃષભોનું, આકાશને અડકતા, અને જોડેલાં જનાવરને જરાપણ પીડે નહિ, એવી હલકી ને સુંવાળી સુવર્ણમય ઝુંસરીવાળા રથોનું, તિલને કચરનારા જેમ તિલને કચરે છે તેમ શત્રુનાં મર્મને ભેદનારા ભૃત્યોનું, શત્રુનાં લલાટને તપાવનારા, શત્રુયશશ્ચંદ્રના રાહુ જેવા, મઠ આદિ અન્નથી પુષ્ટ થયેલા, વેગમાં પવન તથા હરણ જેવા, અશ્વોનું, સૂર્યને કદાપિ ન દેખે તેમ મલાજે રહેનારી, વિદ્યુત્ જેવાં દ્યુતિમાન્ ભૂષણવાળી, દારાઓનું, સર્વનું, મારે શું પ્રયોજન છે ?—૮૩-૮૪-૮૫-૮૬-૮૭

જે બીજો કોઇ, પ્રિય થવાની ઇચ્છાથી, કે આઢ્ય થવાની ઇચ્છાથી, આવું વદે, તો તે અવશ્ય મારા મનથી અપ્રિય થાય, ને અનાઢ્ય થાય—૮૮

વળી ગયેલા માથાવાળો, સ્થૂલ થઇ ગયેલો, ને આંધળી થતી બુધ્ધિવાળો, નાગાં ફરતાં બાલકોથી પણ નિંદાયલો, એવો કોણ આ કર્મની આપને અનુમતિ આપી ગયોછે ?—૮૯

આંધળો થવાની ને પળી જવાની તૈયારી ઉપર હોય એવો છતાં પ્રૌઢ સુતને પણ લુગડાં પહેરતાં ન આવડતાં હોય એવા બાલક જેવો (ગણી) કોણ એકલો મૂકે ?—૯૦

સુભગ થવાની ઇચ્છાવાળો છતાં, સર્વથા સૌભગયુક્ત એવી, અને સુભગ કરવા વાળી, તથા વૈપુલ્ય અર્પવા વાળી, પણ રાજ્ય સંપદ્‌ની હું ઇચ્છા કરતો નથી—૯૧

પ્રિયકર વાણી વાળો રાજા, હાસ્યથી કરીને અકાશને પ્રકાશિત કરતો, અતિ મનોહર રીતે, વિશાલ બુધ્ધિવાળા એના પ્રતિ બોલ્યો—૯૨

પળીયાં લાવનારી, નગ્ન થઇ જવાય તેમ ભાન વિનાના કરનારી, અંધાપો આપનારી, ને બુધ્ધિનો વૈભવ હરનારી, જરા અંગને ગળેછે—૯૩

ત્યારે એવી બેભાન કરી દેનારીથી કીયો પંડિત પોતાને બેભાન થઇ જવાદે ? ભાવમાત્રની ઋદ્ધિ જ્યાં નકામી થઇ છે ( ? ) ત્યાં ભોગવાયલા ભોગની તો કોણ ઇચ્છા કરે ?—૯૪

આત્મા રૂપી પક્ષીને જ્યાં સુધી જરારૂપી સાપેણ ડસી નથી ત્યાં સુધી, શેષનાગ જેવા દીર્ઘ બાહુ વાળા, શેષશાયી, ગરુડવાહન, અને ગરુડ જેવા સુવર્ણ રંગનાં વસ્ત્ર ધરતા, તથા સ્વર્ગના દુર્ગમમાર્ગને પણ સુગમ કરતા, દેવનું ધ્યાન કરવાનો, મારો અવસર છે—૯૫ —૯૬

જ્યારે પીડાથી પાસાભેર પડેલો, કે ઉત્તાનશાયી, હોય, ત્યારે પુરુષ શંબર ( ૧ ) શું સ્વર્ગસાધન કરી શકવાનો હતો ?—૯૭

રાગાદિથી મુકત થઇ, અપરિગ્રહ કરનારા, ને યોગારૂઢ થઈ ઉર્ધ્વશાયી, ભિક્ષા કરનારા ને વનવાસમાં રહેનારા, જે આત્મસાધન કરેછે તેમને ધન્યછે-૯૮

સેનાના મુખીઓના પણ અગ્રેસરોથી પરિવૃત, અને રાજ્ય-ધુરા ધરવામાં પુરઃસર, એવો તું, એટલા માટે ભૂભારને ધારણ કર, કે હું વિવેકીઓમાં અગ્રેસર થવા પામું—૯૯

હાથી ઉપર બેઠેલો, ને છત્ર ધરાતે સતે રાજાઓને મોખરે ચાલતો, તને જોઇ, હું યોગસ્થ થઇ, નદી તરવામાં કુશલ જેમ નદીને તરેછે, તેમ ભવને તરી જાઉં—૧૦૦

હાથી જેવા બળવાળો, અતિ ઉદ્યોગપરાયણ, ચાડિયા વગેરે દુષ્ટની સોબતથી દૂર, એવો, અને નિરંતર પાદસેવી છતાં પણ, ભ્રમરનું મૂલમાત્ર હલાવીને કરેલો ગુરુના નેત્રકમલનો ઇશારો જોતાંજ જેની ભક્તિ કામદુર્ગા જેવી જણાતી નથી તેવો, પુત્ર શોકનો ટાળનાર કેમ થઇ શકે ?—૧૦૧—૧૦૨

શુભકાર્ય કરનારમાં મુખ્ય, પૃથ્વીને યથાર્થ પોષણ કરનાર, ને શ્રેયાર્થે નિરંતર જાગતા, એવા એણે પછી અશ્વત્થામા જેવા પુત્રને બાથમાં લઇને સુવર્ણમય રાજ્યાસને બેસાડયો—૧૦૩

પુત્રના અભિષેકની ઇચ્છાવાળો, ને પુણ્ય જેમાંથી સ્ત્રવેછે એવા કુંભને હાથમાં લઇ જલનો અભિષેક કરતો, ને દેવતા જેવો દીસતો, એ ગોપવેશધારી વિષ્ણુને અભિષેક કરતા ઇંદ્ર જેવો દીપ્યો —૧૦૪

---

( ૧ ) મૃગ વિશેષ એમ ટીકાકાર; એટલે તેના જેવો દીન પુરુષ.

પાપનો નાશકર્તા, કૃત્ય જાણતા, શત્રુને જીતતા, વિઘ્નનો વિઘાત કરતા, ને અતિ ઉચ્ચાભિલાષી, એવા એ ચક્રવર્તીએ સેનાના નાયકો, અશ્વચમૂના નાયકો, ઇત્યાદિને, પુત્રને પગે લગાડ્યા —૧૦૫

ઋત્વિજોમાં મુખ્ય, ને ઉષ્ણિક્‌મંત્ર બોલતા પુરોહિતે, શંખોદકનો સ્પર્શ કરી, મંત્રોચ્ચારસહિત, યથાવિધિ, મંગલકાર્ય કર્યું —૧૦૬

આવો આ ( નવો રાજા ) કાચું પાકું માંસ ખાનારા એવા ( મહારાક્ષસો જેવા ) શત્રુસમૂહને પણ અન્ન ખાનાર ( માણસો ) ની પેઠે સહજમાં જીતશે એવી આકાશવાણી થઈ—૧૦૭

પછી એવા મંગલકાર્યથી ને એવી દૈવવાણીથી હર્ષ પામેલો કર્ણ, કોઇ અન્ય જેના જેવા નથી એવાએ પ્રસિધ્ધ પુત્રને આવી વાણીથી કહેવા લાગ્યો—૧૦૮

બીજા કોઇના જેવી નહિ, પણ આપણા પૂર્વજોનાજ જેવી સ્થિતિએ વર્તતા તું, મિત્રભાવ રાખી, સ્નેહભાવે રહી, વિપ્રાદિનો રક્ષણકર્તા થજે—૧૦૯

ને મારા ભાઇના દીકરા, તને સર્વદા અનુવર્તતા દેવપ્રસાદ સાથે સાધુવૃત્તિ રાખજે, ચારુ ઉદાર બુધ્ધિ રાખજે, ને નિરંતર પ્રસાદવાનૂ થજે—૧૧૦

બ્રહ્મનું ચિંતવન કરતો, હરિનું સ્મરણ કરતો, અને સ્થંડિલ ભૂમિમાં રહેનારો, એમ નિયમવાનૂ થઇને, એ, અગ્નિષ્ઠોમ કરનારની પેઠે, જંભાસુરના શત્રુ ( ઇંદ્ર ) ના પુરમાં ગયો—૧૧૧

સોમવિક્રય કરનારા, ભ્રૂણહત્યા કરનારા, બ્રહ્મહત્યા કરનારા, ને આત્મઘાતી, એવાને તજી ઉત્તમ દ્વિજોને પિતૃકાર્યમાં એ સંતોષતો હવો—૧૧૨

સુકૃત કરેલાં એવા એ ભૂભૃત્પદ્મની પુણ્યકર્તાને ઉચિત એવી ગતિ સાંભળીને, સ્વર્ગપદ જવા તત્પર એવો દેવપ્રસાદ, પોતાના પુત્રને એના ( જયસિંહના ) આગળ ધરતો, બોલ્યો—૧૧૩

જરા પણ પાપ ન સમજતો, મુનિઓથી ને કાર્યભારીઓથી સ્તુત્ય, તીર્થંકર અને સોમપીનારા જેને પ્રિય છે એવો, આ ત્રિભુવનપાલ તારે તારા પુત્રને ઠામે ગણવો—૧૧૪

એમ કહીને, બ્રહ્મપુત્રી ( સરસ્વતી ) ઉપર આવીને, અગ્નિથી સળગાવેલી, કંક પક્ષી જેવા આકારવાળી, ચિતામાં પ્રવેશ કરી, કર્ણની સાથેજ જતો હોય તેમ, કર્ણની અત્યંત ભક્તિવાળો, એ સ્વર્ગે ગયો—૧૧૫

પદ્મ જેવા નયનવાળા એણે ( જયસિંહે ) પોતાના પિતરાઇના દીકરાને પોતાના સગા નાનાભાઇ જેવોજ ગણી, રાજાઓ સાથે થવાના યુધ્ધમાં પણ સહાયરૂપે સાથે રહે એમ કરી, રાજા બનાવ્યો—૧૧૬

બ્રાહ્મણ, ક્ષત્રિય, તેમ બીજા સર્વ, એમને, પોતાના ભાઇ જેવા ગણી, બ્રહ્મધ્યાનથી ક્ષીણ ન થતો, ને કીર્તિપટહના ધ્વનિથી મિત્રોને આમંત્રણ કરનાર, એ રાજા થયો—૧૧૭

ધરણીને ધારણ કરનાર આદિવરાહ જેવો, પોતાના જેવાજ પોતાના ભાઇ વાળો, રાજાઓમાં હંસ જેવો, ઇંદ્રિયનિગ્રહથી કરીને વૃદ્ધોથી પણ અધિક, ઋત્વિજો સહિત યજ્ઞ કરનારો, તથા અરિમાત્રને પરાજય પમાડનારો, એ ઉન્નત બાહુથી, સમુદ્રરૂપી ખાઇથી વીંટાયલી પૃથ્વીને ધારણ કરતો હવો—૧૧૮

## સર્ગ ૧૨.

અક્ષીણ છે ત્રણે શક્તિ જેની એવો, એ આચાર્યની સમીપે વસ્યો, ને સ્મૃતિ શીખ્યો, નીતિએ ચઢ્યો, જરા પણ નિકૃષ્ટ રસ્તે ગયો નહિ, શમનિષ્ઠ થયો, કુમાર્ગને તોડનાર થયો, ને એમ પોતાનો યશ સાંભળવા લાગ્યો—૧

પોતાની પાસે યાચવા આવતા, અન્નાર્થી, એવા વેદાધ્યન કરતા વિદ્યાર્થીના સમૂહને, માગતા પહેલાંજ, એ વીર એવી રીતે દ્રવ્ય આપે છે કે તેમને બીજે ઠેકાણે યાચવા, આપો એમ કહેવા, કે ખાવા, જવું પડતું નથી—૨

એક દિવસ તેની પાસે આવીને ઋષિઓ બોલ્યા કે જ્યાં અમે ગયા હતા, જ્યાં અમે પય પીધું હતું, ને જ્યાં કાલ આજ એમ ખાધું હતું, તે તમારી સત્ર શાલાને રાક્ષસોએ વાળુસાડી નાખીછે—૩

ભય પામીને અમે અહીં સૂતા હતા, હું અહીં હતો, એમ નિશાવસાને પરસ્પરને પ્રશ્ન કરતાં, સૂતેલા તેમ નહિ સૂતેલા બટુઓ ઉત્તર આપેછે, કેમકે એમનો પ્રચાર ક્ષપાટાધિપતિએ રુંધી નાખ્યો હતો—૪

હે ઇશ ! તમને સ્મરણ હશે કે ત્યાં તમે રમેલા, તમને સ્મરણ હશે કે ત્યાં પાસેજ તમે હરણો સાથે ખેલેલા, તમને સ્મરણ હશે કે ત્યાં તમે બ્રાહ્મણોની પૂજા કરેલી, ને ત્યાં આપે દાન કરેલાં, એ તીર્થનો ( ૧ ) ભંગ કર્યો—૫

મેં જે સ્વપ્નમાં લવારો કર્યો તે ખોટો છે, હું કદાપિ કલિંગમાં

---

( ૧ ) શ્રીસ્થલ, સિધ્ધપુર, એમ ટીકાકાર.

ગયો નથી, એમ કહેતો બ્રાહ્મણ જ્યાં આપથી પરીક્ષાયો હતો તે આયતન ( ૨ ) રાક્ષસોએ વંખેરી નાખ્યું છે—૬

નિરંતર બ્રાહ્મણોને પરાભવ પમાડી હણીને લવણ જેમ ખાઇ જતો, કે નિરંતર હણીને ખર જેમ ખાતો, તેમ કરતા એને શું તમે જાણતા નથી ?—૭

હે ઇશ ! જ્યાં આપણે ગુરુ સમીપે વસતા, ત્રણ વેદ ભણતા, ને જ્યાં રહેતા, તે આપને યાદ હશે, એજ સરસ્વતી રજનીચરોથી વ્યાપી ગઇછે, એ શું તમારા જાણવામાં છે ?—૮

જ્યાં દુર્વાસા ઋષિ રહેતા હતા, જ્યાં પૂર્વે મંડપુત્ર રહેતા હતા ને જ્યાં પૂર્વે બીજા પણ ઋષિઓ રહેતા હતા, તે વનને દળી નાખ્યું છે, ને કોઇએ તેનું રક્ષણ કર્યું નથી—૯

જ્યારે તે સમયે અમારૂં કોઇએ રક્ષણ કર્યું નહિ, ત્યારે નિશાચરોએ અમને બહુ પીડા કરી, ને તે ઉપરથી અમને જેણે એમ પૂછ્યું કે તમે ઇશને સંભળાવ્યું નથી ? તેમને સંભળાવીએ છીએ એમ કહેતા, તેમને લઇ તમારી પાસે આવ્યા છીએ.—૧૦

કાંઇ સમિધ્ છેદ્યાં ? નાના નથી છેદ્યાં; દાભ કાપ્યા ? જરાએ નથી કાપ્યા; શું તમે રાક્ષસોને દીઠા છે ? હા દીઠા છે; એવી પર્ણકુટીઓમાં ચાલતી અમારી વાણી કોને દુઃખ નથી આપી ચૂકી ? —૧૧

ઉંચે અરુણ જણાય છે ! અહો અતિ વિરાજમાન એવો એ,

---

( ૨ ) રુદ્રમહાકાલનું સ્થાન જે ટુંકામાં રુદ્રમહાલય, રુદ્રમાલ, એ નામથી ઓળખાય છે તે, એમ ટીકાકાર.

ઉદય પામતા સૂર્યની આગળ ઉદય પામતો જણાય; આમ નિશાચરોથી પીડાઇને બોલતા અમે રાતો કાઢીએ છીએ—૧૨

અમને રજનીચરો ખાઇ જશે ત્યારે અમે અહીંનો આશ્રય કર્યો કે અહીં જે સ્તુતિ કરી તે બધું વ્યર્થજ ! માટે જોતું નીતિ સમજતો હોય, કે સંપ્રદાય જાણતો હોય, તો, હે હનૂમાનના જેવા બલવાળા યજમાન ! ( એમને ) હણ—૧૩

હસ્તીના સમૂહને દળનારો, છતાં આત્મસ્તુતિ ન કરનારો, ને અત્ર પૃથ્વીને ધારણ કરનારો, ચૈલુક્યવંશમાં માથે ચોટલી ફૂટેલો (બાલક પણ) એવો કોણ છે કે જેણે સિદ્ધાન્તનો અભ્યાસ કરતા જે અમે તેમનું રક્ષણ ન કર્યું હોય !—૧૪

હે યજ્ઞ કરનારમાં શ્રેષ્ઠ નૃપ ! અરેરે બહુ કષ્ટે કરીને ભણાય છે, ને જીવપણ ધારણ કરી શકાયછે; તો હે નયજ્ઞ ! અનયચારી, અને મનુષ્યોને પણ ખાઇ જનારા એમને તું હણ—૧૫

જરા લાજ પામતો, આ વાત સહન ન કરી શકતો, ચઢવાની ઇચ્છાવાળો, રાક્ષસોને હણવા ઉત્સુક, ને અતિ શોભાયમાન, આ રાજા, રુદ્ર અને વિષ્ણુ જેવી દંતપ્રભાથી આકાશને શોભાવતો, બોલ્યો—૧૬

જગત્‌ને ઉત્પાત કરનાર, સર્વનો પ્રભુ થઇ પડનાર, વૃદ્ધિ પામતો, બલથી ઉન્મત્ત થયેલો, જગત્‌ને રાંધી નાખનાર, આકાશ સુધી કૂદનાર, એવા એનો, ઈંદ્રપુત્ર અર્જુન જેવો હું બેઠે સતે, શાંતમાં વર્તતા એવા સર્વેએ કેમ ઉપેક્ષા કરી !—૧૭

સ્નાનથી પરિશુદ્ધ થયેલા, જાતેજ રાંધીને જમવાનું કષ્ટ વેઠતા, એવા સ્થિરચિત્તવાળા, આપ સર્વને મ્લાન મુખવાળા થઇ જઇ

વિપત્તિમાં આવી પડવું પડ્યું, તો અમચંડ અને ક્ષય થતા પરાક્રમવાળા મને ધિક્કાર છે—૧૮

જો તમે મને એનો ક્ષય કરવાનું સત્વર કહ્યું નહિ તે એમ ધારીને હશે કે હું ભીરુ અને લોભી હોઇશ; પણ યશની પરિપૂર્ણ ઇચ્છાવાળો હું, ધર્મ કથતા, અહિંસાધર્મવાળા, ને ભિક્ષોપજીવી, એવા તમને વિજ્ઞાપના કરૂં છું કે હું ખેદ પામું તેવો કે નાસી જાઉં તેવો નથી—૧૯

માણસોને ભક્ષણ કરતો ને હણતો એ પોતાની મેળેજ ક્ષય પામશે, પડશે, કે અનન્ત નિદ્રામાં ઢળશે, એમ જાણી, ધર્મપૂર્ણશ્રધ્ધાલુ, દયાલુ, એવાં ચિત્તવાળા આપે એની ઉપેક્ષા કરી—૨૦

મૃગયાલુના જેવા (અ) નિદ્રાલુ (?) અને નિતાંત જાગ્રત્ ને ફરતા એવા મારા ચારોએ પણ આ વાત જાણી નહિ! અથવા હે મુનિઓ! શ્રીની સ્પૃહાવાળા ભુજને ધારણ કરતા મનેજ ધિક્કાર છે, કે તમને પીડા કરવા ફરતા અને પાપ કરતા એને મેં સહન કર્યો!—૨૧

મારા પ્રતિ વિનય કરતા, મને નમતા, મારૂં કાર્ય કરતા, ને મારી સેવા કરતા, એવા અનેક રાજાના ગણ સામે જેની પણછ કદાપિ ચઢાવવી પડી નથી, તે મારૂં ધનુષ્, સર્પના અભિભવ કરનારા. અને રોગાદિથી સ્થિર થઇ ગયેલાંને પણ હણનારા, એના પ્રતિ શર વર્ષાવનારૂં થાઓ—૨૨

મારી રિપુને હણનારો, જયલક્ષ્મીરૂપી સ્ત્રીની અભિલાષા કરનારો, શ્રેષ્ઠ, એવો મારા ભુજના ભૂષણ રૂપ ખડ્ગ,બલાવલેપથી સામે આવતા રાક્ષસોને ખાઇ જઇ તેમના રુધિરથી ભૂમિને શોભાવતો થાઓ—૨૩

તેમના પ્રતિ કોપ નહિ ધરનારો નહિપણ અતિ કોપ ધરનારો ને જયની લાલચ ન રાખનારો નહિ પણ સારી પેઠે રાખનારો, હું

અતિ વેગવાળા અશ્વો સહિત તેના તરફ ચઢું છું, એમ કહી, એ અતિ પ્રતાપવાળો, ઉઠયો—૨૪

લીલાનું સ્થાન, જરાપણ ભય ન પામતો, અશ્વાસન આપેલા અને (તેથી) રાક્ષસોને બતાવવા આવતા (મુનિઓ) સમેત, અને શબ્દ કરતા હાથીના અને હણહણાટ કરતા અશ્વના સૈન્યને તૈયાર કર્યું છે જેણે એવા સેનાપતિઓને બોલાવતો, એ ચઢયો—૨૫

રણમાંથી કદી પાછા ન હઠે તેવા, સ્પર્ધ્ધા કરવા વાળા, સુજ્ઞ, રણની દીક્ષા લીધેલા, યુધ્ધમાં અતિ સ્પૃહણીયકીર્તિવાળા થનારા, શત્રુને મારી નાખનારા, સિંહનાદ કરનારા, દીપી રહેલા, એવા એના સેનાપતિઓ શોભીરહ્યા—૨૬

હે ભયથી કરીને સેનાની પૂઠે વાંકા ચુંકા ચાલનારા! તમારા આશ્રમોને દુષ્ટ રીતે બગાડનાર એ હવે કયાં છે? કે કયાં છે એ યજ્ઞ કરતાઓનો સર્પ? કે મહા કષ્ટે જપ કરતાનો દુષ્ટ દાહ કરનાર? એમ, બોલ્યાચાલ્યા વિના ચાલતા તાપસોના વૃંદને પૂછતા, રણથી ન નાશી જનારા, શત્રુને સારીરીતે મારનારા, ને તેમને પી જનારા એવા જય માટે નિરંતર જાગતા, સુભટો હર્ષથી નાચવા લાગ્યા—૨૭-૨૮

ક્ષમાવાન્, ઉદાર અને પ્રીતિ રાખતો, રાજા, એ શત્રુને હણવા યત્ન કરે છે એમ જાણી શમદમાદિસંપન્ન, અનુન્માદી, એવા યોગીઓમાં કોઇપણ તાપ પામતું, કલેષ પામતું, શ્રમ કે ભ્રમ પામતું, રહ્યું નહિ—૨૯

ચોતરફ ફરતા અને અભિમુખ સંહરતા નિશાચરો જ્યાં છે એવી, પ્રસિદ્ધ નદી (સરસ્વી) એ. દુષ્ટને દંડ દેનાર, એ અવનિપતિ, ગોપવેશધારી હરી જેમ યમુનાએ પહોચ્યા હતા, તેમ પહોચ્યો, ને બગાડી નાખેલા તીર્થ આગળ આવ્યો—૩૦

દીર્ઘ બાહુવાળો, શમવાળાઓમાં પણ શમવાળો, જેના સૈન્યને જરા પણ આયાસ પડતો નથી એવો, નીરાંતે રહેલો, શત્રુને મથનારો, એવોએ, જ્યાં, આનંદ કરીને લવતાં અને નિર્ભય થયેલાં બાલકો રમેછે એવા, તટ ઉપર, પડ્યો—૩૧

મુનિગણ સાથે આવેલું એ વિશાલ સૈન્ય, વિપુલ હસ્તીસમૂહ અને વિસ્તાર પામી રહેલી અશ્વપંક્તિ, એ બધું જોઇને, તેજ ક્ષણે ક્રોધથી સળગી જઇ, ત્વરા કરતા, નિશાચરોએ દોડવા માંડ્યું—૩૨

( મારવાના ) વિચાર કરતું, ( કોપથી ) બળતું, ત્યાગીઓ સહ-વર્તમાન, પરસ્પર ( આપણને હણવાના ) અનુવાદ સંવાદ વિવાદ કરતું, ને બહુ અભિમાનવાળું, એવું સૈન્ય ( આવ્યુંછે એવી ખબર ) નિશાચરોએ પોતાના નાયક બર્બરકને કહી—૩૩

અવિવેકીમાં મુખ્ય, બડાઇ કરનારા, પ્રકાશમાન વિશ્વાસુને વિ-લાસવાળી એવી સ્ત્રીઓ સહવર્તમાન, પ્રકાશમાન દાઢવાળા, ઘાત કરનારા, યુદ્ધની અભિલાષાવાળા, ને મનુષ્યમાંસની ઇચ્છાવાળા, એણે પછી તેમને આજ્ઞા કરી—૩૪

સમરની ઈચ્છાવાળો, નદીને તટે પડેલો, આ રાજા મૃત્યુનો માર્ગ લે એમ કરવું, એમ બોલતાં, હિંસા કરનારા સ્વામીની ભક્તિ-વાળા, સાથેજ ચાલનારા, ને દુષ્ટ કર્મ કરનારા, એવા એમણે શસ્ત્ર ધારણ કર્યાં—૩૫

સર્વ શત્રુનો સંરોધ કરનારનો પણ અવરોધ કરવાવાળા, સ્વા-મીની આજ્ઞા પાળનારા, ચારે તરફ સળગાવતા મુખાગ્નિથી સર્વને બાળતા, મોહ પમાડે તેવી સુંદર ઋષિપત્નીઓના રડાવનારા, તુર-તજ રણભૂમિ ઉપર આવી ઉભા રહેતાં શોભવા લાગ્યા—૩૬

રજને ઉરાડતો, શબ્દ કરતાં વૃક્ષનાં પાંદડાંથી શબ્દ કરતો,

આકાશને ગજાવતો, પક્ષીઓને ફેંકી દેતો, હણતો, કલેશ કરતો, ખાઇ જતો, પવન પછી વાવા લાગ્યો-૩૭

ઉચ્છેદ કરનારા, અસૂયા નિંદા ને વિરુદ્ધ ભાષણ કરનારા, તીર્થનો વિનાશ કરનારા, વિલાપ કરતાંને પણ વિલાપ કરાવનારા, યુધ્ધ માટે ખજવાઇ રહેલા, એવા નિશાચરોએ ચાલવા માંડ્યું ત્યાં પૃથ્વી કંપી—૩૮

લવારો કરતા, હીસાબ વિનાના, ભીખ માગતાનો સખા એ ચોર હવે ક્યાં ગયો એમ બોલતા, અને શિલાને ઉપાડીને વેગે ફેંકનારના કરતાં પણ અધિક એવા, સંહાર કરતા ભુજવાળા, એ રાક્ષસોએ શિલાઓનો વરસાદ વરસાવવા માંડ્યો—૩૯

શત્રુનો અનાદર કરતા, અતુલ બલવાળા, જ્વાલા ઝરતા મુખવાળા, જયાર્થે સન્મુખ આવનારને ખાઇ જનારા, વ્યથા ન પામતા, માંસ ખાનારા, ચોતરફ પ્રસરી રહેલા, એવા રાક્ષસોએ નદી ઉપર ઉગેલાં વૃક્ષો એના ઉપર નાખ્યાં—૪૦

પ્રકાશમાન અને પુષ્ટ અંગવાળા, છલ જાણનારા, પરસ્પર સહાય થનારા, નિર્ભય, એવા નિશાચરોએ, ભાગી ન જાય એવા હીમ્મતવાળા, અને અભીરુ એવા પરાક્રમી સુભટોને પણ ભયભીત કરી દીધા—૪૧

અભિસરણ કરી જય પામતા ને દીપતા એવા રાક્ષસોથી અતિ લાજ આવે એમ કંપસહિત નાસતા, લજ્જાથી નીચું ઘાલતા, પરાક્રમી સુભટોએ, ઉજ્જવલ અને નિરંતર પોષેલો એવો પોતાનો યશ જતો રહેતો હતો તેની પણ દરકાર ન કરી—૪૨

પ્રાણની તૃષ્ણાવાળા, પોતાના સ્વામીની સ્થિર અને પ્રકાશમતી કીર્તિ સાચવવામાં અનિપુણ અને ઉંઘતા, મ્લાન મુખવાળા, અતિ

પ્રમાદી થઇ જવાથી, પડીજતાં પણ ન જાણેલા એવા અધોવસ્ત્રને, ત્રપવીરો, પહેરી શકયા નહિ—૪૩

ત્રણે જગત્‌નો પરાજય કરી પ્રકાશતા રાક્ષસોથી નાસતું સૈન્ય જોઇને લાંબી સ્તુતિઓ કરતા મુનિઓનો સમૂહ હુંહૂને ભૂલી ગયેલો, વાણી બંધ થઇ જવાથી અણસારાથી પૂછતો અંગ ભાગે તેમ પડતાં નાસતો, ને બુદ્ધિહીન, થઇ ગયો—૪૪

જે પ્રવાહે કરીને વહેતો હતો એવો પણ નાસતા હાથીઓનો મદ ઝરતો નથી, ને ભયથી બલ હીનને નિસ્તેજ થઇ ગયેલું એવું તેમનું પૂર્વનું ગર્જિત હાલ વ્યાપી રહેતું નથી, ભગવાન્ અર્હન્ વિષ્ણુ, શિવ, બ્રહ્મા, શિવપાર્વતી, એવા દેવને સંભારતા યોદ્ધા પણ ભૂમિ ઉપર પડેછે—૪૫

સર્વ સહન કરવા રૂપ શુદ્ધ ચારિત્રથી પવિત્ર એવા કેટલાક ઋષિઓ દર્ભમાં સંતાયા, ને કેટલાક સારી રીતે લેઇ જાય તેવા બરછી જેવા દંડ હાથમાં લઇને પાણી કાપતાં કોટિયાંમાં પાણીમાં પેઠા—૪૬

નિશાચરોનાં માથું ફાડી નાખતાં, શરીર ખોદી નાખતાં, ભય પમાડતાં, અસ્ત્રો આગળ, લગામ તેમ પરોણાને ન ગણકારતા, ને છૂટી પડેલી રાશોને તાણતા, ને મૂતરી જતા, રથ અને ઘોડા, નાઠા—૪૭

દાત્ર કરતાં પણ મહોટા દાંતવાળા, હલના મુખ કરતાં પહોળાં મુખવાળા, પોતાના બલની સ્તુતિ કરતા, માંસ ખાનારા, રાક્ષસોથી આંબળીના વૃક્ષ આગળ નાશી ગયેલા પોતાના સૈન્ય ઉપર, વિજય-નાજ એકપાત્ર, ને બાણ વરસાવતા ધનુષ્‌વાળા, રાજાએ અતિ કોપ કર્યો—૪૮

દેવતાથી પણ જાણીતા અને માન્ય તથા અર્ચિત, કીર્તિની તૃષ્ણા વાળા, અને ચિરકાલથી પરિચિત એવા પણ પોતાના સૈન્ય ઉપર

કોપ કરતા, રાજાએ, પ્રસિદ્ધ ઇષ્ટને પૂજિત એવું પોતાનું અસ્ત્ર હાથમાં લીધું—૪૯

યુદ્ધે ચઢી આપ શત્રુને રોધ કરશો, અને બાણ વરસાવશો તો વિજય થયો જાણજો, ને કીર્તિ મળી જાણજો, એમ કષ્ટ વેઠતા મુનીઓએ કહેવાયલો રાજા રથમાં બેઠો—૫૦

પછી શત્રુને સંહારનાર એવા નૃપોનો વેત્રી સુભટોને આ પ્રમાણે કહેવા લાગ્યો, હે સુભટો ! તમે ક્યાં જઈ જઇને જશો? કાલ સવારે યમ તમને ખાશે; શું કાલે કે આજ તમે મરવાના નથી ? તો રણની પાર ક્યારે જશો ? કે પાછાં પગલાં મૂકોછો—૫૧

તમે નાસશો ત્યાં સુધી તમને અપયશ સન્મુખ મળવાનો છે; ભુંડો ! આવો સમય ક્યારે આવશે ? તમારા આત્માનું કૃતાર્થપણું ક્યારે થશે? કે તમારા કુલને યોગ્ય પણ ક્યારે કરાશે?—૫૨

ક્યારે યુદ્ધે જઇએ, ક્યારે શત્રુનો પરાજય કરી શોભીએ, ક્યારે સ્વામીને સંતોષીએ, સંગ્રામમાં કોણ આનંદ આપશે, કોણ સ્વર્ગે પહોચાડશે, કોણ સુયશ આપશે, એમ તમે જે બોલેલા તેને પણ ધિક્કાર છે—૫૩

અભય આપેછે, શરણ આપેછે, ભયભીતને પ્રાણ દાનરૂપી ભિક્ષા આપેછે, લક્ષ્મી પામેછે, સ્વર્ગ પામશે, ને એ અમૃતને પણ પામશે, તમે હવે શું કહોછો?—૫૪

કદી મૃત્યુજ આવીને ખાઇ જશે કે હણશે, માટે નાસો નહિ, એક મુહૂર્તમાંજ આપણા સ્વામી શત્રુ પ્રતિ ચઢશે, તેમના ઉપર પ્રહાર કરશે, ને તેમને હણી જય પ્રાપ્ત કરશે, માટે દૃઢ થઇ ઉભા રહો—૫૫

શત્રુને હણનાર, અને જય પામનાર, તથા શત્રુને શાંત કરનાર

આ તમારા સ્વામી યુદ્ધ માટે જાયછે; ને કલ્યાણ પામવાની, ધર્મને ધારણ કરવાની, ને કીર્તિ પામવાની, ઇચ્છાથી બાહુયુગલને નિહાળે છે—૫૬

આ પ્રમાણે સારરૂપે કાર્યનો પિંડિતાર્થ પ્રતીહારે જણાવ્યો એ. ટલે, યુદ્ધ માટે, ભૂમિએ પગ પણ ન અડકે એમ, વેશ્યા નિવાસ તરફ જતા હોય તેવી રીતે, તથા અતિસારવાળો અને સ્પર્શ રોગ-વાળો જેમ પોતાને નિંદે, તેમ પોતાની જાતને નિંદતા સર્વે પાછા વળ્યા—૫૭

વૈરીને રાંધી નાખતા પ્રતાપવાળી,, સમુદ્રને જેમ નદી મળેછે, તેમ, શત્રુને ભીતિ પમાડનારી, ભાલા ધારણ કરેલી, જેમણે પાઠ તજ્યા છે એવા તપસ્વી અને ઉપાધ્યાયે અભિનંદન કરાયલી, સેના આવી મળી—૫૮

પવનના જેવા ઉગ્ર નિશાચર રૂપી વલ્લપત્રને કાપવા માટે ઉદ્યત નૃપ પાછળ, યુદ્ધના ઉપાધ્યાય રૂપ, ને આકાશ ને અસ્રોની પ્રભાથી ચિત્ર વિચિત્ર રંગના વસ્ત્રથી છાયું હોય તેવું કરી દેનારી, સેના ચાલી—૫૯

હાથી અને ઉંટની ચીસોથી જાણે શત્રુને ખાઈ જવા તત્પર થયેલી સેના, નરેન્દ્રના પ્રભાવનો આશ્રય કરવાથી, માંસ રુધિરાદિ ભક્ષણ કરનારા નિશાચરોના સામી થઇ—૬૦

કીર્તિ રૂપી વધૂ તેમ જયશ્રીના પાણિગ્રહણ માટે ઉદ્યત, યમ પાળતામાં ઉત્તમ યમવાળો, ને નિયમ પાળતામાં ઉત્તમ નિયમવાળો, તથા તેવોજ સંયમીમાં સંયમી, નૃપ અતિ શોભવા લાગ્યો—૬૧

ધનુષ્યના શબ્દોથી, રિપુના હોકારાથી, માણસોના કલબલાટથી રાક્ષસોની બૂમોથી, રથના ચીત્કારથી, ને એ સર્વના પ્રતિધ્વનિથી, તે સમયે, આખું જગત્ એકનાદમય થઇ રહ્યું—૬૨

વાગતી વીણાવાળા, વીણાના નાદને તરીને આગળ પડતા પાઠ ઉચ્ચારતા ( ૧ ), ચારણો, અને પોતાની મધુર વાણીયુક્ત રચનાઓ ભણતા સૂત, એ સર્વ, આદરથી, સુભટોની સ્તુતિ કરેછે—૬૩

નિષ્કંપ ધનુષ્ ધારણ કરતા, શર વરસાવતા, એવા એ નૃવરોથી વિવશ તથા ભયપીડિત રાક્ષસસમૂહ, રણમાં, વરૂએ ઘેરાયલા પશુ ( બકરાંના )સમૂહની પેઠે, ગતિહીન થઇ ગયો—૬૪

દ્યૂતકાર જેમ પાસાને તેમ અસ્ત્રને ઉગામતો, ને રહેલા છે ગર્ભ જેમાં એવાં ઉદરને ગળાવતો, અને પોતાના લોકોને અભિમાન કરવાના કારણ રૂપ, બર્બર, અતિમત્ત એવા એ નરવરોને શાકના ઢગલાની પેઠે યુદ્ધમાં ખાઇ જવા માટે આવ્યો—૬૫

યમના ભયાનક ગૃહના આંગણા જેવા મુખમાં, અંતર્ધાણુરાજ, ને તેના નાનાભાઇ, ઉભયને મૂકી દેતો, એ નરભક્ષણ કરનાર, અતિ ઉત્તમ, અને ઘણ તથા એરણ જેવા સ્કંધ વાળા યોધ્ધા સહિત, રણાંગણમાં ઘૂમ્યો—૬૬

રૌદ્ર દંષ્ટ્રાવાળો, ઘણ જેવા સ્કંધવાળો, નાનાં પક્ષીને મારનારાં ( ગરધલ આદિ ) પક્ષીથી જેને અપશકુન સૂચવાયલા છે એવો, તથા વાયુએ ઉન્નત કરેલા ઘન જેવાં ધાડ અંગવાળો, એ ઘન જેવી ગર્જના કરતો, રાજાની સમીપ આવ્યો—૬૭

સ્તંભને ભાગી નાખે એવી મૂઠવાળા એણે, સ્તંભના ચૂરા કરે તેવી તરવારથી, રથના ઘોડાને હણ્યા, ને રથમાંથી ઉતરતા રાજાએ ( જયસિંહે ) પણ સ્તંભને તોડી નાખે તેવી મૂઠીથી સ્તંભને ચૂર્ણ કરે તેવી તરવાર પકડી—૬૮

---

( ૧ )ટીકાકાર આથી ઉલટો અર્થ કરેછે પણ તે ઠીક બેસતો નથી.

જેના ભુજ ભોગળની ગરજ સારે તેવા છે એવો, સ્પર્દ્ધામાં તત્પર, સિંહનાદ કરતો, એ રાજા, સ્પર્દ્ધા કરતા, ને સિંહનાદ કરતા એ ( શત્રુ )ના સહિત, કુક્કુટયુદ્ધ જેવા આ યુદ્ધને મોખરે, યુદ્ધે ખેલવા લાગ્યો—૬૯

જપ કરતા ( મુનિઓ )નો વધ કરનાર, જલને બાંધી રાખવા કરેલી પથ્થરની પાળ જેવી દંતપંક્તિવાળા, સ્પર્દ્ધાપૂર્વક બોલાવતા, ને ઉન્મત્ત, એવા એના માથા ઉપર, સ્પર્દ્ધાથી બોલાવતા, અને વયના ચતુર્થ ભાગમાં આવેલા ( વૃદ્ધ ), ને હણવા ઇચ્છતા યમ જેવી ઇચ્છાવાળા, નૃપતિએ તરવારથી ઘા કર્યો—૭૦

પોતાની દ્યુતિથી પ્રકાશમાન કરતી, અને શબ્દ કરતા એના માથા ઉપર પડતાં શબ્દ કરતી, તરવારના બે કટકા થઇ ગયા, ને તેથી હાસ પામેલો એ ( જયસિંહ ), સિંહ જેવી દીર્ઘ ગર્જના કરતા એની સાથે, સડાસડ શબ્દ થાય તેમ હાથની ઝપાઝપી ઉપર આવી ગયો—૭૧

જેની વૃષ્ટિ બંધાઇ ગઇછે એવા મેઘમાંથી જેમ તે પ્રતિબંધને તોડનાર કોઇ ગ્રહ વૃષ્ટિ પડાવેછે તેમ, ખરા પૌરુષવાળા, શબ્દ કરી પડેલા, હાથથી, હાથ રૂપી દોરથી બંધાઇ મૂઢ થઇ ગયેલા એનામાંથી, નૃપતિએ રુધિરનો વર્ષાદ વરસાવ્યો—૭૨

અતિ ઉન્નત, અને વસ્ત્રની પેઠે છાઇ નાખતા તેજઃ પુંજવાળા, તથા ( એને બાંધવા માટે ) હાથમાં દોર સહિત, ઉંચા કરેલા હાથ વાળા, રાજાએ, રુચિર રૂપી વસ્ત્રથી અત્યંત ઢંકાયલા, એના હાથ, તુરતજ સજ્જડ બાંધી, અને જાણે સીવી નાખ્યા હોય તેમ કરી દીધા—૭૩

હે અપવિત્રભુક્ (?)! દક્ષિણાર્થે યજ્ઞમાં વરાયલા બ્રાહ્મણોનો, તારો પરાજય થઇ તને બંધન પણ મળજો, એવો જે શાપ તે અ-

ત્યારે તારા વિષે સત્ય થયો, એમ કહેતા નૃપે મુઠીની પેઠે એને બાંધ્યો—૭૪

હાથ બંધાવાથી પરસેવે નહવાઇ ગયેલોને પીડામાં ગ્રસ્ત એવો એ થઇ જતાં; માંસભક્ષી (રાક્ષસો) ક્લેશ પામી નાસવાને તત્પર થઇ નાઠા; ને એ સર્વને પૂજ્ય એવા રાજાને શુભ યશ મળ્યો તેથી, ક્લેશ અને ભય સહિત બ્રાહ્મણો હર્ષ પામ્યા—૭૫

ભય પામેલી પિંગલિકા નામની એની પત્ની, સ્ત્રીને યોગ્ય નીતિપૂર્વક મોં આગળ અંચલનો છેડો રાખીને, બોલી, તમારા ભુજના બલે કરેલા બંધનથી તમે એને, જેમ દ્યૂતકાર પાસા નાખનારને જીતતાં સર્વ જીતેછે તેમ જીત્યોછે—૭૬

યજ્ઞદેશનો સ્વીકાર કરતા ઋષિઓનો, કોઇથી ન પરાજય પામેલા એવા એણે, પરાભવ કર્યો, તે ક્ષમા કરીને, મારા પતિને આપ છોડો; ને હવેથી એ તમારો ચાકર થઇને રહેશે (૧)—૭૭

પ્રસ્તાર (૨) રચતા એવા ઋત્વિજો ઘૃત ઝરતા (સરવા)થી, ને દર્ભના પથારાથી તથા ઋગ્મંત્રોના વિસ્તારથી, હવે, કોઇપણ ઉપદ્રવ વિના શોભિતા વિસ્તાર વાળા, અને શુભલતા આદિથી દીપી રહેલા આ સરસ્વતીતીર ઉપર યજ્ઞ કરો—૭૮

વિષ્ટાર અને લાંબે ગવાય તેવા પંક્તિ છંદ જેમાં છે એવી ગીતિઓના ઉંચા રાગો, રાક્ષોથી ભક્ષાવાના ભયથી રહિત બ્રહ્મણો આ-

---

(૧) ને હવેથી ઇત્યાદિ જે અર્થ આપ્યો છે તે આશરેથી પાઠ કલ્પીને આપવો પડ્યો છે, કેમકે મૂલમાં પાઠ ત્રૂટક છે, ને ટીકા પણ એ સ્થલ ઉપર છે નહિ.

(૨) સામ વેદની રીતિ પ્રમાણે ઉમરડાનાં લાકડાં અને કુશની કોઇ યજ્ઞોપયોગી રચનાવિશેષ, એમ ટીકાકાર.

લાપો; ને નમાર તથા સામાના સમૂહને, ઉદાત્ત સ્વરથી ભણતા, એ સુખે કાપો—૭૯

અન્યાયનો આશ્રય ન કરતાં એ હવે ન્યાયમાર્ગનોજ આશ્રય કરશે, એનો ( આપને તેમ મુનિઓને ) નમવાનો સમય છે, ને એ રાજાનીજ પાસે રહેતો હોય તેમ અત્ર રક્ષણ કરવાનો ને આશ્રમોને સાચવવાનો પણ એનો અવસર છે, એમ કહેતી પિંગલિકાનું સાંભળી, રાક્ષસોના પતિને જયસિંહદેવે છોડી મૂકયો—૮૦

જ્યાંથી ચોરલોક હવે પુષ્પ ચોરી જતા નથી એવા ઉપવનમાં રહી, પુષ્પફલપલ્લવાદિની વૃદ્ધિથી સમૃદ્ધ થયેલા અને આકાય નામના યજ્ઞને કરનારા ઋષિઓનું આતિથેય પામી, સુંદર કાયાવાળો રાજા પોતાને સ્થાને ગયો—૮૧

---

## સર્ગ ૧૩.

રાક્ષસોના સાથના સ્વામીએ, માણિક્યના સમૂહ અને લક્ષ્મીના ઢગલા, પથ્થરના એક નિશ્વાય ( ૧ ) ની લીલાથી ભેટ આપ્યા—૧

અન્નની મુષ્ટિ પણ ન ઇચ્છતા, એણે, કાંઇ પણ વિઘ્ન વિના, નિરંતર, પદાતિની વ્યવસ્થાથી, રાજાની પ્રીતિને અર્થે, શુદ્ધ મનથી સેવા કરી—૨

સ્વપ્નામાં પણ શંકા ન કરવી પડે એવી રીતે યજ્ઞરક્ષાના કામમાં યત્નવાન્ થયો; તેથી રાજાએ રાક્ષસને માગ્યા વિનાજ પ્રસાદ કર્યો—૩

અંતઃકરણથી આજ્ઞાને બેવડી ( માની ) એણે, સમુદ્રાદિમાં

(૧) માનવિશેષ એમ ટીકાકાર.

પણ પ્રવેશ કરવાની રીતિથી, અકુટિલ એવા નૃપને અકુટિલ હૃદયથી રંજન કર્યો—૪

નીતિશાસ્ત્રમાં સાંભળ્યા પ્રમાણે લોકવાયકા સાંભળવા, તથા પીડાવાળાંની પીડા હરવા, એકવાર, રાજા એકલોજ રાત્રીએ ફરવા ગયો—૫

હેતિ અને સાનિવાળા( ૨ ), તથા કીર્તિની ઇચ્છાવાળા, રાજાએ, કહીંક, મદ્યપીઓની પરસ્પર વાદવિવાદ કરતી મંડલી, તેમના શા ભાવ છે તે જાણવા, જોઇ—૬

સાથે પીધાથી મત્ત-થયેલાંનાં સાથે ગવાતાં ગીતમાં ત્યાં પોતાના ગુણનું કીર્તન સાંભળતાંજ અનાસ્થા ધારણ કરી, રસોઇ પાકે એટલી વાર પણ ટક્યો નહિ—૭

એ ફરતાં ફરતાં, દીક્ષિત એવા યજ્ઞવિદ્યોપજીવી મહાત્માઓને જોઇ, આ પ્રમાણે પોતાનું ચર્યા જોવા ફરવું કૃતાર્થ થયું એમ માનવા લાગ્યો—૮

ઉંચેથી પડી જવાય એવાં હાટ ઉપર શય્યામાં પડેલા, સોમપાત્ર વેચવાનો ઢોંગ કરતા, પણ સ્થિર સ્કંધવાળી ગતિવાળા, એવા શત્રુના ચરોને, એણે કોઇ સ્થલે, ઓળખ્યા—૯

લોકોનાં ઇચ્છા અને કૃતિની જિજ્ઞાસાવાળા, એણે કોઇ સ્થલે, પોતાની આકૃતિ અને ક્રિયા ગૂઢ રાખી, તૃષ્ણા, યાચ્ઞા, કૃપા, તથા યથાર્થ પોતાના સ્વરૂપનું સંગોપન પણ, કર્યું—૧૦

મૃગયામાં ફરનાર જેમ કરેછે તેમ કહીંક પગલાં પણ ન સંભ-

---

( ૨ ) શસ્ત્ર વિશેષ.

બાય તેમ ફરતા એણે પોતાના ભક્તોની તેમ શત્રુના ભકતોની ગતિ સહજમાં પરખી લીધી—૧૧

અર્ધી રાત્રી સુધી જાગી, જાગતા લોકની રીતિકૃતિ જાણી, કોઇની સ્તુતિ ને કોઇનો તિરસ્કાર કરતો, એ પુર બહાર નીકળી ગયો—૧૨

પૂર્વે થઇ ગયેલા મહાત્માઓની અદ્ભુત કથાનું ચિંતન ચર્ચા તથા અર્ચન કરતો, તરવારરૂપી ભૂષણવાળો, એ, કંપતા છેદતા એવા ( કસાઇ વગેરે ) લોકોના સ્થાનને ઓલંઘી ગયો—૧૩

હીંદોળા જેવું જેનું ચિત્ત નથી એવો, અને જરાપણ વેદના ન પામતો, એ અસંખ્ય કુંવ ( કુંડ ? ) ઓળંઘી, ચિત્રવિચિત્ર વાર્તા જાણવાની ઇચ્છાથી, સરસ્વતીએ પહોચ્યો—૧૪

પાદના અભિઘાતથી જેનાં ઉર્મિની પરંપરા ઉછળેછે એવી એ નદીમાં, અંજલિઅર્પણ આદિ સ્નાનવંદનોપાસનપૂર્વક સમાપ્ત કરીને, એ, પાર ગયો—૧૫

આશ્ચર્ય જોવાની ઇચ્છાથી, આર્તની શોધમાં, સત્પુરુષોની સેવામાટે, કેવલ નિર્લોભી એવો એ તીર ઉપર ભમવા લાગ્યો—૧૬

કાગડાને ઘૂક ( ? ) નું જ્યાં ક્રોધથી યુદ્ધ ચાલેછે એવા એક ભયંકર કુંજમાં, સંપત્તિને વિપત્તિ ઉભયમાં સમાન ભાવે રહેનારા, અને અત્યંત નિર્ભય, એવા રાજાએ આ પ્રમાણે વાણી સાંભળી—૧૭

મેં કરેલાં પ્રેમાલાપ, સ્મરચેષ્ટા, કટાક્ષાદિ, લગારે લગાર ભૂલી ગયા હો એમ, હે નાથ ! છેક લાજ તજીને, હે નિર્લજ્જ ! મને શા માટે તજી જાઓછો ?—૧૮

જ્યાં સુધી હું મુવેલી તમારા શોક, કે અંગહાનિ, કે કુલ-

ધ્વંસ, દેખતી નથી ત્યાં સુધીમાંજ મારૂં આજને આજ મરણ થાઓ—૧૯

હે કાંત ! કર્પૂરનું શું શુ કરવું છે ! કસ્તૂરી, ચંદન, અગુરુ, પુષ્પસ્રજ, સર્વને કયાં કયાં કેવી કેવી રીતે લગાડવાં છે ? ઇત્યાદિ મારાથી પૂછાતાંજ તમે 'સર્વ કર' એમ જે પ્રેમથી કહેલું તે સંભારતાં મારે આજ વન્હિપ્રવેશ કરવોજ ઉચિત છે, મારે શા આધારે રહેવું જોઇએ ?—૨૦-૨૧

તમારી આપત્તિ રૂપી વિશૂચિકા (૧) મારા મરણરૂપ થઇ છે, ને તેથી મારે હવે કાષ્ઠભક્ષણ કરવું પ્રાપ્ત થયું છે, તે સમયે તમારૂં મારે જે ઇક્ષુભક્ષિકારૂપી દેવું છે તેમાંથી મુક્ત કરો ( કે હું સુખે મરૂં )—૨૨

કામકાજ, જીવિત, ભાષણ, સર્વની અરુચિ થઈ છે, તમારી સાથે, મુવા પછીથી સુખે પથ્યપાન કરીશ—૨૩

તમારા પ્રસાદથી, રાજાને યોગ્ય વસ્ત્રાચ્છાદનાદિવાળી હું, સર્વ ભાર્યામાં મુખ્ય હતી, તે શું તમારી સાથેજ દુઃખની ભાગીઆણ ન થાઉં ?—૨૪

તમે કૂપમાં પડવા આવ્યા છતાં, ભોજનાચ્છાદનના લોભવાળી થઇ, શું હું નીરાંતે ગાય દહોવાનું ને લાકડાં લાવવાનું કરવા રહીશ ?—૨૫

ઉષની ખાણ, તરવાને અશકય, સંચાર વિનાના, જેમાં નજર પણ ન પહોચવાથી દોર વગેરે મૂકી ન શકાય તેવા, બળદના જેવા સ્કંધવાળી અને વજ્ર જેવાં મુખવાળી મક્ષિકાથી પ્રપૂર્ણ, દુષ્ટ મૃત્યુના માર્ગરૂપ, વિપત્તિના દ્વારરૂપ, એવા આ કૂપમાં તમે પડશોને હું જોઇ

---

( ૧ ) એક પ્રકારનો મહા ઉદર રોગ એમ ટીકાકાર.

રહીશ, તો તો બગલા જેવી વૃત્તિવાળી સ્ત્રીઓને ખરેખર ધિક્કાર છે —૨૬—૨૭

ભઠ્ઠીમાં મૂકેલા કાચા વાસણ જેવી તમારી દારુણ વિપત્તિ, હે સુભગ ! મારા સત્ત્વની કસોટી છે, મારી બુદ્ધિની કસોટી છે, ને મારા કુલની કસોટી છે—૨૮

દશાવતારવાળા ઉદ્યાનમાંથી, નદી ઉતરીને, કોઇ, બલવાન્ અને વસ્ત્રસહિત, આપણને વિઘ્ન થવામાં આવી ચઢો, ને એટલામાં તમે ચાલો—૨૯

લતાના આધારરૂપ એ કુંજમાંથી આવતી આવી વાણી, શોકનો સંહારનાર, કૃપાનો આધાર, ને ગુણનો વણનારા, રાજા સાંભળીને, તુરત પાસે આવ્યો—૩૦

સમુદ્ર જેવા ગંભીર પોતાની દારાથી સંતુષ્ટ, ન્યાયધામ, એવા-એણે, ત્યાં, જેમની જારચેષ્ટા નથી એવું દંદ દીઠું—૩૧

શુષ્કાખરાન્યાય (?) માં પડેલા મીજ જેવા આતુર નરને એણે, જેમાંથી અમૃતનો રસ ઝરેછે એવા સ્મિતથી સ્થલ માત્ર ભરીદેતાં, કહ્યું —૩૨

વિનયયુક્ત અને દેહકાંતિથી ખાન કવક (?) તથા વ્યોમને પૂરતો, આ વિષમ કૂપના તટ ઉપર તું કોણ છે?—૩૩

અનેક ખાડાથી દુર્ગમ, અને જ્યાં આપત્તિ સુલભ છે એવા, શોક ગ્લાનિ ખેદ આદિ પૂર્વક ઉચ્ચારનો વિષય એવા, આ સ્થાનમાં તારી સાથે આ બિચારી કોણ છે?—૩૪

જે સુગમ ન હોય એવું પણ કાર્ય તે સુખે કહે, કેમકે સજ્જનો એ સજ્જનો સાથે દુઃખે કહેવાય તેવું પણ સહજમાં કહેવું ઘટેછે —૩૫

શામાટે તું સહજજ મ્લાનિ પામેછે, શી પીડાથી એમ પીડાયછે, કે શી દુઃસ્થિતિથી દુઃખી છે, તારી પીડાથી મારૂં ચિત્ત પણ સહજજ આર્દ્ર થઇ જાયછે, ( માટે બોલ )—૩૬

શું દુષ્ટ રીતે પીડા કરનાર, દમવાને અશકય, અને મહા કષ્ટે જેની સાથે યુદ્ધ થાય એવા, શત્રુઓથી તું અત્યંત ક્લેશ પામેલો છે ?—૩૭

શાસન ન થઇ શકે તેવા, દુર્ધર્ષ, અતિ કોપવાળા, એવા પણ તારા શત્રુને હું સહજમાં શાસન આપીશ, એટલે તું દુરવસ્થિતિ ન ભોગવ—૩૮

ન આપી શકાય એવી વસ્તુ પણ હે સખા ! હું સુખે તારે માટે આપીશ, ને જ્યાં જવું અશકય હોય ત્યાં પણ સુખે જઇશ, માટે જાણી નથી શકાતું એવું જે તારૂં ઇષ્ટ હોય તે બોલ—૩૯

તેજથી કરીને દુર્ધર્ષ અને દુર્દર્શ એવા ભૂપતિને, એ પણ કહેવા લાગ્યો કે અમારૂં, શમાવાને કઠિન, યુદ્ધથી હઠાવાને કઠિન, ને સહન ન થાય તેવું, અશેષ વૃત્તાંત સાંભળો—૪૦

મર્ત્યલોકથી કયારે આવ્યા ? આ ચાલ્યોજ આવુંછું; કયારે જાઓછો ? આ જાઉં છું; આ હું આવ્યો; આ જાઉં છું, જો, એમ અન્યોન્ય પ્રશ્નોત્તર કરતા નાગલોકથી રમ્ય, એવી ભોગવતી નામની પુરી પાતાલમાં છે—૪૧-૪૨

કયારે આવ્યા ? હવાણાંજ આવ્યો; કયારે આવશો ? હે સ્વામી હવણાં આવુંછું; એમ સ્વામી સાથે વાતચિત કરનારો, ત્યાં રત્નચૂડ નામે નાગરાજ છે—૪૩

હે શંખપાલકુલ મુકુટ ! જો તમે રણમાં આવો તો હું દૈત્યોને પણ જીતું એમ જેને વાસુકીએ પોતે પણ કહ્યું છે—૪૪

*         *         *         *         ૪૫

જો કાલે ગુરુ ત્વરાથી આવશે તો હું છંદઃ શાસ્ત્ર ભણીશ, ને તેજ નહિ પણ તર્ક પણ ભણીશ, એમ કહીને તાતને સંતોષ્યા—૪૬

હે ગુરુ ! આપ આપો તો હું લઇશ, ને નિખિલ આગમનું અધ્યયન કરીશ, જો આપ પ્રસન્ન હો તો મારી સર્વ વિદ્યા સિદ્ધ છે, એમ મેં ગુરુની સ્તુતિ કરી—૪૭

આજ સુધી તેં જેવો સંતોષ આપ્યોછે તેવોજ જીવિત પર્યંત આપીશ એમ મારા ઉપર પ્રસન્ન થઇ ગુરુએ મને ભણાવ્યો—૪૮

હે તાત ! જે આઠમ ગઇ તે દિવસે જે અનધ્યાય હતો, ને જે આવેછે તે દિવસે અનધ્યાય થશે, તેથી મારે ઘર સુધી જવાના માર્ગના અર્ધ સુધીમાંજ સંહિતાનો પાઠ કરી જઇશ, એમ ગુરુને કહી મેં તેમને રંજન કર્યા—૪૯—૫૦

જે હેમંત આવેછે તેમાં આગ્રહાયણી પછી મારા બાગમાં સર્વત્ર લવલી ફાલશે; ને જે પોષ માસ આવેછે ને તેમાંની જે પાછળની દશ રાત્રી છે તેમાં હે યોગ્ય પુરુષો ! હું ઉદ્યાન મહોત્સવ મિત્રો સાથે કરવાનો છું; ને પછીની ત્રીશ રાત્રી આવશે તેના અર્ધ ભાગમાં ગુરુ પાસે બેવાર વ્યાખ્યાન લઇશ, ને એમ મારો જૂદોજ પાઠ ચલાવીશ; ને પછી જે ત્રીશ રાત્રી તેના અર્ધમાં તો હું સૂવાનો પણ નથી, એમ મારા સહાધ્યાયીએ મને કહ્યું—૫૧—૫૨—૫૩—૫૪

અહો ! આ, આવતા માસના પર્વદિવસ પછી પાઠ લઇને સિદ્ધ થઇ લવલીદર્શન કરાવશે ! હે લક્ષકકુલાગ્ર ! જો તું લવલી દર્શાવી

---

* ૪૫ મો શ્લોક મૂલમાં ત્રૂટક છે પણ એ શ્લોકમાં રત્નચૂડનો પોતે પુત્ર હોય એમ અર્થ હોવાનો સંભવ લાગેછે.

શકે તો કીયા અક્કલવાળાને આશ્ચર્ય ન પેદા કરે? તું તો ઈંદ્ર–જાલની ઇચ્છા કરતો જણાય છે, પણ તે આપનાર ભિક્ષુક બીજોજ છે; જો તે તને મળે તો તે જરૂર આપે, પણ તે મળ્યો જણાતો નથી; ત્યારે આવું મિથ્યા શું સ્થાપન કરેછે? એ વાત ખોટી છે, હું એનો અનાદર કરૂં છું કેમકે કોઇ બીજો પણ એ વાત કેમ માને, કે એવી શ્રધ્ધા કેમ કરે, ( ૧ ) આમ મેં એને કહ્યું—૫૫—૫૬—૫૭—૫૮

એણે પણ મને કહ્યું કે તું આમ મારા પક્ષનું ઉચ્છેદન કરવા બોલેછે, ને એમ દુર્જનતા ગ્રહણ કરેછે, તો તેનો હું પણ અનાદર કરૂં છું—૫૯

તું શા માટે મારો ઉપહાસ કરેછે, શા માટે મારો પરાજય કરેછે, મર્મભેદી વચન વદેછે, પીડા કરછે, સાધુત્વ તજી દુર્જનત્વ ધારેછે, તને ધિક્કાર છે—૬૦

એવો એ કોણ ભુજંગમ છે કે જે અમારો દ્વેષ કરે, અમારો ઉપહાસ કરે, અમારી વાતની અશ્રધ્ધા કરે, અમારી સાથે વિરોધ કરે, કે અમારી સ્પર્ધ્ધા કરે ?—૬૧

હું શ્રદ્ધા કરતો નથી એમ અમારી આગળ હે દુર્મતિ ! તું શાનો બોલેછે, ને ચેષ્ટા કરેછે?—૬૨

હું શ્રદ્ધા કરતો નથી, કે હેમંતમાં લવલી દર્શાવી શકાય, એમ જે તેં કહ્યું તેજ તારી દુર્જનતા બતાવે છે—૬૩

લોકમાં મને વિવાદથી પરાજય કરે એવો કોઇ હોય એમ હું પણ સહન કરી શકતો નથી, કે શ્રધ્ધા કરી શકતો નથી; (જો પુષ્પિતલવલી હેમંતમાં ન બતાવું તો ) મારી ભાર્યાની હોડ હું હારૂં—૬૪

---

( ૧ ) હેમંતમાં લવલી થતી નથી ને પેલાએ થવાની કહી તે ઉપર આ બધો ઉપહાસ છે.

પછી મેં પણ કહ્યું કે કોઇ ગર્વી થઇને મારી સાથે સ્પર્દ્ધા કરે વા વિવાદે ચઢે એ હું પણ શ્રદ્ધા કરતો નથી, કે સહન કરતો નથી, એટલે જો તું વિવાદ કરે ને તેમાં હું હારૂં તો ભલે તેં જે હોડ કરીછે તેવીજ હું પણ કરૂં છું—૬૫—૬૬

તેં જે આ નિમિત્તે મારો આક્ષેપ કર્યો, કે મારી તર્જના કરી, તેને ધિક્કાર છે, ને એવી વાતની હઠ કરી તેમાં વિજય પામવાની પ્રગલ્ભતા તેં જે કરી તે તો હું સહન પણ કરતો નથી કે માનતો પણ નથી–૬૭

અરે! આવું બોલો છે એ આશ્ચર્ય છે! તમે આવો ક્રોધ કરો છો તે ઠીક નથી, એમ કહેતા અમારા સ્વજનોએ વરાયલા અમે, હોડ બકીને, વાક્કલહથી વિરમ્યા—૬૮

જો એ મને જીતે તો તો બહુ આશ્ચર્યની વાત થાય કે આંધળો પણ પર્વત મસ્તકે ચઢ્યો ગણાય. એમ લવ કરતા અમે પોત પોતાને ઘેર ગયા–૬૯

એ હારશે કે હું હારીશ એમ વિચારતો હું, એક વાર હેમંતમાં તેના બોલાવ્યાથી ઉદ્યાનમાં લવલી જોવા ગયો—૭૦

લવલીને ફૂલ આવેલાં જોઇને મેં વિચાર કર્યો કે અહો! આ તો ખરો માયાવી છે, તે ફૂલ પણ બતાવશે, ને કલ્પવૃક્ષને પણ વખતે લાવશે, ને એવો સમર્થ એ દમનક ગમે તેવો બીજો પણ છલ કરી શકશે, ને હું ધારૂંછું કે હવે એ મેં કબૂલેલી હોડ માગશે, ને મને આંખો પાડી દેશે—૭૧—૭૨

પછી દમને કહ્યું કે તું લવલી પુષ્પ દેખેછે, એટલે હવે હોડ પ્રમાણે આપવા ઇચ્છતો હોઇશજ, અને મારી નિંદા કદાપિ નહિ કરે, એમ હું ધારૂંછું—૭૩

એટલામાં કોઇએ આવીને કહ્યું કે હુલ્લડના મતિ યાત્રાએ જવાનો સમય થયોછે, માટે તમારામાંથી જેનો વારો હોય તે જાઓ, એટલા માટે સ્વામી તમને તેડેછે—૭૪

નાગોએ દમનને બોલાવીને કહ્યું કે તારો વારો છે, માટે જો તું જાય તો આખું નાગકુલ જીવતું રહે—૭૫

એણે મને કહ્યું કે જો તું જાય તો હું તારી પાસેથી જીતેલી હોડ મૂકી દઉં, ને તેમ કરતાં જો હિમઘ્ન ઉષ આણી આપે તોપાણ મૂકી દઉં—૭૬

જો તેં મારો પરાજય ના કર્યો હોત તો તું મને આજ્ઞા ન કરત, તેથી મને એમજ અભિલાષ થયો છે કે ઉષ લાવી આપું, ને તું હોડ મૂકી દજે, એમ કહીને હું અત્ર આવ્યો—૭૭

તેથી મારી એવી ઇચ્છા છે કે તું મને રજા આપ, ને પ્રાર્થના કરૂં છું કે હવે અહીંથી જા, હું ઉષાર્થે વજ્રના જેવાં મોઢાંવાળી મક્ષિકાથી ભરેલા આ કૂપમાં પેશીશ—૭૮

કૃપા કરીને મને સાથેજ લઇ જાઓ એમ કહેતી આ મારી પ્રિયા સુલોચના કૂપપ્રવેશમાં વિઘ્નરૂપ છે—૭૯

રાત્રીના અંતે સંધ્યાવંદન કરો, રવિને પૂજો, અત્ર બેસો, કે જાઓ, મરવાને તૈયાર થયેલા એવા મારી ચિંતાથી આપને શો લાભ છે?—૮૦

પછી તેને રાજાએ કહ્યું કે તું તારી જાતનું રક્ષણ કર, તારી પ્રિયાનું રક્ષણ કર, હું હુલ્લડમતિ યાત્રા કરી, ને તને સંતોષ પમાડીશ, પછી શું?—૮૧

હુલ્લડ કોણ છે તે કહે, ને તેની કથા બોલ, ધીરજ રાખ, ભય રાખીશ નહિ, મારી અનુમતિ લઇ મરજી મુજબ કરજે—૮૨

એક મુહૂર્તમાંજ, મેં આણી આપેલું એવું તારૂં ઇપ્સિત તું પામીશ, પછી તું તારે ઘેર જા, તારા લોકને મળ, ને તેમને હર્ષ પમાડ —૮૩

નાગે પછી કહ્યું કે સાંભળો, જેવી રીતે હુલ્લડપ્રતિ જવાનો નાગલોકને ઠરાવ કરવો પડયો તે તમને કહેવાનો હવે સમય છે—૮૪

હુલ્લડ નામનો ફણી, વરુણના વરથી અભિમાન ધરી નાગમાત્રને ડૂબાવવાનો, તેમ પરાજય પમાડવાનો, હવે સમય છે એમ ધારી,ને પાતાલમાં આવ્યો—૮૫

તેને નાગોએ જઇને કહ્યું કે આ વખત તમે અમને જીતશો, તેથી એવી આપણે સંધિ કરીએ કે જેથી તમારે અમને ડૂબાવવા નહિ —૮૬

તમેજ યોગ્ય છો, તમેજ સમર્થ છો, તમારે અમારો ભાર રાખવાનો છે, તમે અમને આજ્ઞા કરોને ક્રોધ મૂકીદો—૮૭

હુલ્લડે કહ્યું, હું કાશ્મીરમાં રહું છું ત્યાં પ્રતિવર્ષ ઉત્તરાયન મહોત્સવમાં, ગાથાને અવશ્ય ગાનારો, તથા ગીતાદિ આલાપનારો, મારી પૂજા કરનારો, ભક્તિમાન્ તમારામાંનો એક એક વારાફરતી અવશ્ય આવ્યાં જવો જોઇએ, નહિ તો રસાતલને ડૂબાવી દઇશ—૮૮

જીવતા રહો મહારાજ! તમે અમારા તરફથી એ પ્રમાણે પૂજા પામશો, એમ તેમણે કહ્યું એટલે તેમને મૂકીને હિમને લીધે અતિ દુર્ગમ એવા કાશ્મીરમાં હુલ્લડ પાછો ગયો—૯૦

જે નાગલોક પૂર્વે પૃથ્વીને પણ ચીરી નાખે તેવા હતા તે આમ બોલીને હુલ્લડને કોપ ન થાય એમ ભય ધારી, વારા ફરતી જવા લાગ્યા —૯૧

હિમથી દાહ જેવી પીડા થાય નહિ તે માટે હિમઘ્ન ઉષ લેવા માટે મને દમને કહ્યું ને હું પણ એ મારી સ્ત્રીને લે નહિ એમ ધારી, અત્ર આવ્યો—૯૨

તેટલા માટે આ કૂપમાં પડી, મને ઉષ નહિ મળે તો પાણુ વજ્ર-મુખવાળી માખીઓથી પીસાઇ જઇ, ક્ષણમાત્રમાંજ હમેશને માટે સુખી થઇશ—૯૩

તને હું જરૂર ઉષ આપીશ એમ વારંવાર કહી રાજાએ તેને પોતાના હાથથી હાથમાં લીધો—૯૪

ઉડ, ઉડ, એવા હોકારાથી માખો ઉડીજશે એમ ધારી રાજાએ તીરે ઉગેલા બરૂના પ્રહાર કર્યા—૯૫

નાસો, નાસો, એમ એ ધ્વનિથી કહેવાતાં, ઉડો ઉડો એમ કહે-વાતાં, માખો ઉડી ગઇ—૯૬

તમે ઉભા રહો, ધીરા થાઓ, એમ નાગને કહેતાં, તુરતજ રાજાએ કૂવામાં ફૂદકો માર્યો—૯૭

ભરો ભરો એમ ભંભંભં શબ્દ કરતા ઘડાને ઉષથી ભરીને રાજા ઝટ લઇને ઉપર આવ્યો—૯૮

નાગને આ લો આ લો, એમ કહી ઉષઘટી આપીને પોતે પો-તાને રસ્તે ચાલવા લાગ્યો—૯૯

આકાશમાં ભમવા લાગી, કૂપને ઢાંકીદેવા લાગી, એમ ઉષને રક્ષણ કરનારી મક્ષિકાઓ ભમવા લાગી, ને ઉપર તળે ઉડવા લાગી —૧૦૦ (૧)

---

(૧) નાગ એટલે કનકચૂડ એમ ટીકાકારે લખ્યુંછે તે ઉપરથી આગળ જે ૪૫ મો શ્લોક પડેલોછે તેમાં રત્નચૂડના છોકરાનું નામ કનકચૂડહશે એમ નક્કી થાયછે.

પછી નાગે રાજાને કહ્યું, તમે જગત્‌ની રક્ષા કરો છો, જગત્‌નું શાસન કરોછો, ને એમ સર્વના અધીશ્વર છો, માટે કૃપા કરી રસાતલમાં ચાલો—૧૦૧

સર્વ નાગલોક, તેમનાં નયનના ઇંદુરૂપ આપ પધારશો, ત્યાં, મળો, આનંદ પામો, સ્તુતિ કરો, એમ અતિ હર્ષ પામશે—૧૦૨

કોઇ ઉપાર્થે રસ્તામાં મારે, ભેદ, છેદ, બાધ કરે, એપણ એક હાનિનો પ્રસંગ છે—૧૦૩

પછી રાજાએ કહ્યું તમે પાતાલમાં જાઓ, સિદ્ધિ પામો, આનંદકરો, તે માટે ત્યાંસુધી રક્ષાર્થ રક્ષકો મોકલુંછું—૧૦૪

તમે શા માટે મને આગ્રહ કરોછો, મારી પ્રણિપત કરો છો, એમ કહેતાં એણે રાક્ષસોને આ પ્રમાણે કહીને આજ્ઞા કરી—૧૦૫

જેમ મારી સાથે જાઓછો, મારી સેવા કરોછો, મારી આગળ રસ્તે ચાલોછો, તેમ હે બર્બરકાદિ ! તમે મારા પ્રાણવલ્લભ મિત્રની સાથે જાઓ, સેવા કરો, આગળ ચાલો,—૧૦૬—૧૦૭

ક્ષોભ પામવાની ને ભય પામવાની કાંઇ જરૂર નથી એમ બોલતા રાક્ષસોએ ભાર્યા સહિત એવા એને આગળ પાછળ વીંટાઇ વળીને, પાતાળમાં પહોચાડી દીધો—૧૦૮

ચંદ્ર ગગન ઓળંગીને અસ્તાચલથી સમીપ જઇ પહોચ્યોછે, ને હું હજી નદીથી પાર છું, માટે આ સ્થાને વિહરવાનું કે રહેવાનું હવે ઠીક નથી, એમ વિચારીને રાજા ત્વરાથી પુર ભણી ચાલ્યો—૧૦૯

આંખો મીચીને હસતા તથા દાંત દેખાય તેમ વાતો કરતા, અને મૂલ્નું બહાનું રાખેલું તે પ્રમાણે ભરીને આપવા જતાં,

તટવાસી જવાન બાલકોનાં મૌગ્ધ્ય અને ઉદ્વેગ જોતો, કોઇથી પણ ન જણાયલો એવો, પોતાના હર્મ્યમાં પેઠો—૧૧૦

---

## સર્ગ ૧૪.

આ પ્રમાણે રાત્રીચર્યારૂપી અદ્ભુત કાર્ય કરી, ને સર્વના ( ઉઠ-તા ) પહેલાં મહેલમાં આવી, સર્વથી પહેલે ઉઠી, ગુરુ અને દેવાની આગળ બેસી એણે તેમની પૂજા કરી—૧

પ્રભાતે સહુથી પહેલાં હાથી ઉપર બેશી, ને કદાચિત્ હય ઉપર ચઢી, કે આગળ હાથણી ઉપર બેશી, ફરતા એને, રાત્રીએ ચર્ચા જોવા ફરેલો એમ કોઇ જાણી શક્યું નહિ—૨

જો એમ ન હોય તો આ પ્રમાણે આપણી નિઃશેષ રહસ્ય ક્યાં-થી જાણે, માટે એ કોઇક વિદ્યાધર છે એમ રાત્રીવિહારીને લોકોએ કલ્પ્યો—૩

છલ કરવાવાળાં શાકિન્યાદિને, આ પ્રમાણે, મંત્ર જાણતા રાજા-એ દંડ દીધો, કેમકે નહિ તો સરલ સ્વભાવવાળી પ્રજા ખરે ખર શી-રીતે સુખી થાય?—૪

એક વખત અવંતિથી આવેલી એક યોનિની યોગિનીઓમાં શંકા વિના ફરનાર એને, આ પ્રમાણે કહેવા લાગી; અમે અમારી મરજીમાં આવે તેમ ફરીએ છીએ તેમાં તારૂં શું જાયછે ?—૫

અરે શા માટે અમને શાકિની કહી નિંદછે? સ્વાદિષ્ટ ભોજન શા માટે ખાતો નથી કે રુચિકર ભોગ ભોગવતો નથી, અમારી ચર્ચા કરવાથી શો લાભ થનાર છે ?—૬

રે! ફુટેલા કર્મના! શા માટે વિલાસીનીઓનાં રુચિકર ગીતામૃત

પીતો નથી ? ને હે અતિ મૂઢ જ્યાં જ્યાં યોગિનીને દેખેછે ત્યાં ત્યાં શત્રુને દેખતો હોય એમ વિરોધ શાને કરેછે?—૭

જોતું તારૂં સુખ ઇચ્છતો હોય, ચિરકાલ પર્યંત સત્વર ઉદરપૂરણિકા ઇચ્છતો હોય, તો અમારે ખાવા માટે જે તને જાણવામાં હોય તે બલિ, એક ચર્મપૂર, પહોચાડતો રહે,—૮

અમે રુઠી શું ત્યાં, નદી ભરાય તેટલો, ગાયની ખરી ભરાય તેટલો, કે કામળી ભીંજે તેટલો, કે લૂગડુ ભીનું થાય એટલો પણ, વર્ષાદ તારા દેશમાં, હે નૃપાધમ! આવશે નહિ—૯

ગાત્ર પલળે કે પુરુષ પલળે એટલો પણ મેઘ નહિ પડે ત્યારે સકું, લૂખુ, ખાંડેલું એવું દળતા કીયા લોક પીડા નહિ પામે?—૧૦

જે તું અમને નિર્મૂલ કરવા પર્યંત દમેછે તે અનેક પ્રકારે ન કરવાનું તું કરેછે, તેથી તને જીવતોજ પકડી ન જાય તે માટે યોગિનીને સંતોષ—૧૧

શત્રુઓ મૂલ સહિત ઉખેડી નાખવાને, કે સમૂળ હાણવાને, કે તરવારથી નિકંદન કરવાને સમર્થ, અને પોતાના જ જેવા પ્રભાવવાળા કરેલા, એમ યોગિનીઓએ અપાયલી શક્તિવાળા, યશોવર્મ નૃપની મૈત્રી કરી, ઉજ્જયિનીમાં આવી, જો તારે તારી પોતાની, તારા કોશની તારી સેનાની, તારાં બંધુની, સર્વની પુષ્ટિની ઇચ્છા હોય તો, ભક્તિ પરાયણ થઇ, કાલકાદિની પૂજા કર—૧૨—૧૩

યશોવર્મને તેની કાલીસહિત હાથે પકડી બાંધી લાવવાની ઇચ્છાવાળો રાજા, એ યોગિનીને જાણે, ઘીને કે ઉદકને પીષી નાખતો હોય તેમ, ગૂઢાર્થવાળી મૃદુવાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યો—૧૪

અહો જે પોતાને હાથે તમારી પૂજા કરેછે, ને હાથથી ગંધાઢ્ય ચર્ચા કરેછે, ને જે નિરંતર તમારા હાથમાં છે, તે અવન્તિનાથનીજ રક્ષા કરો એટલે બહુ થયું—૧૫

જીવતો છતોજ જો એ નહિ નાશી છૂટે તો ક્રૌંચબંધથી કે ગુપ્તિબંધથી હું એને બાંધીશ, ને જો તમે એને નહિ સાચવો, તો કોઇ પુરુષે ઉઠાવવી જોઇએ તેમ તમારી આજ્ઞાએ ઉઠાવેછે, તે પણ વ્યર્થજા--૧૬

જ્યારે એ રણમાં મારા સામો આવીને ઉભો રહેશે, કે ઉભો ને ઉભોજ શોષાઇ નહિ જાય, ત્યારે તમારો મહિમા અતિ મહાન્ છે એમ હું માનીશ, ને તમને પણ માતાની પેઠે પૂજ્ય ગણીશ—૧૭

માટે જા, હું આ તારી પાછળ આવુંછું, ને જો તમે કાગડાની પેઠે નહિ નાશી જાઓ, તો આ મારૂં ખડ્ગ ઉછળીને, તમારાં નાક, તમારા કાનના અથાણા સાથે, ખાવા માટે કાપી લેશે—૧૮

તારૂં ખડ્ગ આ મારાં કાન નાક કાપી નહિ શકે, ને આ મારા ઉપર ખડ્ગ ઉપાડતો તું વિજયી નહિ થાય, એમ હાસપૂર્વક બોલી દાંતને પીડા થાય ત્યાં સુધી હોઠ કરડતી એ આકાશમાં ઉડી ગઈ—૧૯

કર્તવ્યને ચિત્તમાંજ ચોટાડી રાખી વિચાર કરતો, ને પોતાને હાથે તાણીને તરવાર પકડતો, ગામને રુંધી પુરને રુંધી, સીમને રુંધી સત્વર સેના ભેગી કરીને ચાલ્યો—૨૦

પર્વતોને મસ્તકે બલથી પીડા કરતો, રાજાઓને શાસન આપી આગળ કરતો, એ અમિત શક્તિવાળો, પ્રતિ દિવસ આઠ આઠ કોશ ખેંચતો, માર્ગ કાપવા લાગ્યો—૨૧

સ્કંધ ઉપર થઇને કે કેશ ઝાલીને ઉપર ચઢી જતા સુભટોએ, અશ્વોને એવી ત્વરા કરવી, કે એક કોશ કે બેકોશ સુધી આકાશમાં એ વેગને લીધે ઉડેલો રજ છવાયો—૨૨

શય્યામાંથી ઉઠી, જે હાથ આવ્યું તે ઉપર બેશી, ને કિરાતલોક, નૃપને ઉપાસવા આવ્યા; ને રાજાએ પણ પ્રસન્ન થઇ, માથું ઉંચું કરી, ભ્રૂવિક્ષેપપૂર્વક, તેમની સાથે રસ્તામાં વાત કરી—૨૩

હર્ષથી હૃદય ચંપાતાં સાથે ચાલતાં, પર્વતોમાં વારંવાર પેશી પેશી, પેશી ન શકાય એવાં વનોમાં પેશી પેશી, અરણ્યોમાં વિચરી વિચરી, તથા નદીને સરોવર આગળ પાણી પીવા વારંવાર જઇજઈ, વિશ્રામ માટે તટો ઉપર બેશી બેશી, ઝાડો તળે બેશી બેશી, ઉરસ્તે જઇ જઇ, ન ચાલી શકતાં ને વટાવી જઇજઇ, ફૂલાદિ લેઇલેઇ, ક્ષણ કે મુહૂર્ત બેશી વળી કૂદતા, ને ઘડીએ ઘડીએ તરસ્યા થઇ મસકમાંનું પાણી પીતા, એવા એ લોકોથી, રામ જેમ વાનરોથી, તેમ રાજા ખુશી થયો—૨૪—૨૫—૨૬

બે પહોર જેટલા દિવસ સુધી તરસ્યા રહીને, આગળ ગયેલા સૈન્યના લોકોએ, પરસ્પરનાં નામ લઇ બોલાવતાં, સિપ્રાનું જલ પીધું; ને નામ નિર્દેશપૂર્વક આવાસભૂમિ નિશ્ચિત કરી—૨૭

આગળ વધેલા બધા ઉજ્જયિની પહોચ્યા એ વાત ધીમેથી ને હળવેથી શામાટે કહેછે, એમ કહેવાતાં, એમણે એને ઘેરો પણ ઘાલ્યો એવું, મહોટેથી, કોઇએ રાજાના આગળ કહ્યું—૨૮

જલને પીઠે રાખી, તીર્યગાકારે આવાસ રચ્યા છે, પાર્શ્વે હસ્તીને રાખ્યા છે, ને બાજુ ઉપર અશ્વશાલા છે, એમ નૃપને નોકરોએ કહ્યું—૨૯

બાજુએ રહીને, નાનાપ્રકારના ભાવ કરીને, મધ્યે આવીને, આવાસમાં પ્રવેશ કરતો એની ઉપાસના કરતો વારવધૂસમૂહ, નાના રૂપ ધરતી લક્ષ્મી જેવો શોભ્યો—૩૦

સૈન્યને ભેગું કરી, ભીરુને બાજુએ કરી, બીજું કામ વેગળું

કરી, ક્રોધ ચઢાવી, રાજાએ વિવિધ પ્રકારે અવંતિપુરીનો કોટ તોડવાની આજ્ઞા કરી—૩૧

સૈન્યને તજી બે ભાગમાં વહેંચાઇ, કોટ તોડવાનાં યંત્રોને વહેંચી લઈ, પથ્થરને દ્વિધા ભાગવા, સ્વામીની ભક્તિપરત્વે એકત્ર એવા સુભટો પ્રયત્ન કરવા લાગ્યા—૩૨

રાજાની આજ્ઞા થતાંજ, કેટલાક મુગે મોઢે, હાથમાં કોશ લઇ તુરતજ કિલ્લાને ખોદવા મંડ્યા, તે એવી રીતે કે તેમનું સાહસ જોઇને શત્રુસમૂહ પણ ક્ષણભર મુંગે મોઢે આશ્ચર્યથી જોઇ રહ્યો —૩૩

અમે એકલા પણ પ્રભુની સેવા કરવામાં તત્પર હોઇ પ્રભુકાર્ય કરીએ, એમ કહી કેટલાક ગયા, ને પ્રભુકાર્યમાં તત્પર એવા બીજા મૂગે મોઢે, એમનું અમે રક્ષણ કરીએ એવી ઇચ્છા દર્શાવતા તેમની પૂઠે ગયા-૩૪

સુભટોનો સમૂહ કોટને તોડવાનું સમજી શક્યો તે પાડવા સમર્થ થયો, તૈયાર થયો, પાડવાને યોગ્ય થયો, પાડવામાટે જુદા જુદા ભાગ વહેંચી રહ્યો, પાડવાનો પ્રારંભ કરતો હવો, તેમાં મંડ્યો, છેવટે વિજયી થયો, ને જરા પણ ગ્લાનિ પામ્યો નહિ-૩૫

રાજા પણ તેમની સાથે વાત કરવાનું સમજતો, વાત કરવા લાગ્યો, તેમને પ્રોત્સાહન કરવા માટે વાત કરવાની અભિલાષા કરવા લાગ્યો, ને એમ પ્રોત્સાહત કરતાં જરા પણ ખેદ ન પામ્યો—૩૬

પોતાના સ્વામીનું હિત કરવાવાળા, દુઃસ્થિતિમાં પડેલા, રણતૂર્યના નાદથી ભય ન પામેલા, એવા અવંતિના સુભટો, વૃદ્ધ તેમ જુવાન સર્વે ભેગા થઇ, એ કોટ ઉપર ચડ્યા—૩૭

ઉપગવ એ નામના ભટવિશેષ સહિત, એગણે, રાજાની પુરીને

કુબેરની અલકાવતીની પેઠે રક્ષવા, પિંગલ અને કાણ્વના, ચપલ જીભવાળાના અને કાતના, હારિતકાતના, શિષ્યો એવા ( મંત્રીઓ ) એ પ્રેરાયલા હોઇ, પ્રહાર કરવા માંડયા—૩૮

એટલામાં દૈત્યનો હણનાર આદિત્ય અસ્ત પામ્યો, ને આદિત્ય જેવા રાજાએ, આદિત્ય સંબંધી ( સંધ્યાદિ ) કર્મ, હિંસામાત્રનું નિવારણ કરી, બૃહસ્પતિના પુત્રો જેવા ઋત્વિજ સહિત કરવા માટે આરંભ્યું-૩૯

આદિત્ય અસ્ત પામ્યો એટલે વનોમાં ભરાઇ રહેલું ત્યાંથીજ જાણે કૂદીને તમ, બાહ્યને અબાહ્ય એવા સર્વ પદાર્થોને, જાણે, યમકે કલિનોજ સાક્ષાત્ પુત્ર હોય, તેમ ગળી ગયું-૪૦

કાર્તિકેય જેવો પ્રભાવાળો રાજા, પછી, મૃત્યુલોકની છતાં પણ જાણે સ્વર્ગ જેવી હોય તેવી ઉજ્જયિનીના બાહ્યપ્રદેશોની શોભા જોવા માટે, પોતાના અંગરક્ષક ઉત્સ અને ઉદપાનના જે સુભટ તેમને પણ સાથે ન રાખી એકલોજ ચાલ્યો-૪૧

સુવષ્કય, વષ્કય, અશ્વત્થામા, ઉડુલોમા, આદિ ઋષિના પુત્રોથી સેવાયલાં તીર્થવાળી, દિવ્યસિપ્રાએ, દિવ્યઅસિ અને દિવ્ય શોભા તથા શક્તિને ધારણ કરતો એ, પહોચ્યો—૪૨

કાર્તિકેય જેવો, બે રથ વહેનાર વૃષભના જેવા સ્કંધવાળો, વેદત્રય જાણતા મુનિઓથી કરીને વંદ્ય એવી નદીના તટે ફરતો, એ, પાંચકપાલ બલિ જમતો, અને પુરુષરહિત, સ્ત્રીસમૂહ, પાસેજ જોતો હવો—૪૩

સ્ત્રી છતાં પણ, પુરુષ અને સ્ત્રીઓને પણ ઉગ્રતાને લીધે અતિક્રમણ કરતો, એ સમૂહ બોલતો સાંભળી, અતિ ભવ્ય પૌરુષવાળો રાજા, એને યોગિનિવૃંદ જાણી આ પ્રમાણે તેમનું બોલવું સાંભળતો હવો—૪૪

હે ગવ્યે ! અગ્રે દર્ભમય ચુલુકયને બનાવી એવીરીતે લોઢાના ખીલાથી જડી નાખ, કે ગાર્ગ્યાપણ, દાક્ષિ, બાહવ્ય, ઉદંચિ, આદિ ઋષિઓ જેમાં મંત્રી છે એવા એનો, રક્ષા થઇ શકે નહિ—૪૫

બ્રાહ્મણધેનવને ગળીજનારી ! ઇંદ્રવર્મ પુત્ર સહિત ઉજ્જયનીપતિને, ચક્રવર્મપુત્ર અમે આજધનવિ તથા વાષ્કધેનવિ સહિત, રક્ષવા ઇચ્છતી હોય, તો આ કર્ણપુત્રને નિસ્તેજ કર—૪૬

બ્રાહ્મણધેનવ, આંભી, સાંભૂયિ, ઔદ્દિ, અમિતૌજિ, શાલઙ્કિ, પાડિ, વૈવાસકિ, વાડુલિ, વૈવસ્વકિ, વરુટકિ, સૌધાતકિ, નૈષાદકિ, ઇત્યાદિ નૃપ અને ઋષિઓમાંનો એ નથી, એતો પ્રતાપી જયસિંહ છે, માટે એને ઉત્તમ મંત્રોથી હણવા યત્ન કરો—૪૭—૪૮

મહામાંત્રિક ચાંડાલાપત્યને, વ્યાઘ્રના અપત્યને, કર્મકાર મહામાંત્રિક ( લોહકારાપત્ય )ને, વિધવાપુત્રને, આગ્નિશર્મકિને, કે માંત્રબલવાળા નણંદના બાલને, જેમ યોગિનીઓ સાથે વહેંચીને ખાઇ ગઇ છે, તેમ ભીમના પૌત્ર અને જયકેશીના દૌહિત્રને, પવનના જારકર્મથી થયેલા બાલ ( હનુમાન્ )નાં મંત્રોના પ્રભાવથી જેમ તારૂં સામર્થ્ય કુંઠિત થયું હોય તેમ, શા માટે ખાતી નથી ?—૪૯—૫૦

પારશવવિદગાર્ગ્યવાત્સાદિ જે છલાયાછે તેમને તારે સ્મરણમાં રાખવાના છે ( ? ), કેમકે ઔર્વાગ્નિ જેવા પ્રભાતવાળો આ રાજા, તેને અડકતાં પણ અમે બળીએ છીએ—૫૧

માધવ્ય, કાપ્ય ઔક્ય, બાભ્રવ્ય, વાતંડ્ય, વતંડિ, એમનાં નિરર્થક એવાં અપત્યો સહિત, એ, સવારેજ યશોવર્મને, જો તું એ આપણા ક્રોધના વિષયને નહિ છેદિનાખે, તો ખાશે—૫૨

કૌંજાયનિ, ગાણાયનિ, આદિ ઋષિઓ આ તટે આમને લીધે અતિ કષ્ટે વસેછે એમ વિચારતા રાજાએ પ્રત્યક્ષ દેખા દઇ એમને સસ્પર્દ્ધ આકારણા કરી—૫૩

માયાથી કરીને તમે, કૌંજાયન, કે ગાણાયન, શાંખ્યાયન, આશ્વાયન, એવા ગમે તે ઋષિનો વેષ ધારણ કરો તો પણ હું તમને પકડ્યા વિના રહેવાનો નથી—૫૪

શાપાયનબંધુ ભારદ્વાજાયનાદિ ઋષિના આશ્રમો ત્રાસ પામી ગયા એમ ચીસો પાડતી, અને ભાર્ગાયણાદિ ભયપામી ગયા તેમ કૂદતી, યોગિનીઓ હાથમાં શસ્ત્ર લઇને, આવી—૫૫

નાડાયનોથી પણ અવિવર્જિત, તેમ આત્રેયાયણોથી પણ તપઃપ્રભાવે અહત, વારાયણોએ પણ અપિસૃષ્ટ,ને ગાર્ગ્યાયણોએ પણ ન અટકાવેલી એવી, તથા બીજા દાક્ષાયણ હારિતાયનાદિ એ પણ નપીડેલી એવી, અમને તું શું પીડા કરનાર છે એમ બોલતી ક્રોષ્ટાયનોથી પૂજાયલી, કૈદાસાયનોથી સ્તુતિ કરાયલી, એ અતિ વેગથી નૃપ ઉપર પ્રહાર કરવા લાગી—૫૬—૫૭

અપરાધવાળી સ્ત્રીને દંડ દેવામાં કાંઇ બાધ નથી એવું દાર્ભાયણિએ પણ કહ્યુંછે, ને શાલંકાયને પણ સ્મર્યુંછે, એ સંભારતો, સતો પણ રાજા એના ઉપર ખાલી ઘા કરેછે—૫૮

કાર્ષ્ણાયની, કે બીહીનેલી અગ્નિ શર્માયણી, કે નઠારી રાણાયની, એના જેવીઓ તમે કેમ થઇ ગઇઓછો, એમ નાશી જતી (યોગિનીઓને) કહેતી, કોપ કરીને, ત્યાં કાલી ઉભી થઇ–૫૯

શૌનકાયની, શારદ્વતાયની, પાર્વતિપત્ની, પાર્વતાયની, જૈવંતાયની, એમાંની હું કોઇછું કે શું ? એમ બોલતી એ ખડખડાટ હસી —૬૦

જૈવંતિ કે દ્રૌણિની પેઠે નાસેછે શામાટે ? ઉભોરહે, એમ કહેતી અનેક રૂપ ધરતી, કાર્તિકેય અને અશ્વત્થામાને પણ અતિક્રમણ કરતા એવા એને, વેગે કરીને અસ્ત્રના વર્ષાદથી છાઇ નાખવા લાગી —૬૧

લક્ષ્મણ જેમ ઇંદ્રજિતથી, વશિષ્ઠ જેમ વિશ્વામિત્રથી, કર્ણ જેમ ભીમપુત્રથી, તેમ એક ક્ષણ ભર, કાલીનાં અસ્ત્રોથી શાફલ્ક અને વિષ્ણુ જેવો જયસિંહ ક્ષોભ પામ્યો—૬૨

ત્રૈવાણ છાગલ શોંગલ એકકર્ણ આદિ ઋષિઓને, તેમ કુબેરને પોતાને પણ, અત્યંત દુર્લભ એવુ માયાને હણનારૂં જે અસ્ત્ર તેને ઇંદ્રજિતને હણનારના જેવા બલવાળો રાજા પછી સંભેળતો હવો—૬૩

કોપે કરીને જરાસંધના શત્રુ ( કૃષ્ણ=વિષ્ણુ ) જેવો છતાં, પણ ઉત્તમ માતાનો પુત્ર હોવાથી દયા ધરતો, પેલા અસ્ત્રથી વિવિધ રૂપ ધરવાનું ઉરાડી દઇ એકલીજ કરીનાખેલી એવી કાલી ને હસતે મુખે આ પ્રમાણે કહેવા લાગ્યો—૬૪

હે ભદ્રમાતુરિ ! તું સ્ત્રી છે એટલે લજ્જારૂપી નીલ ( ૧ ) -હૃદમાં હું નિમગ્ન છું, ને ભરત તથા ભીષ્માદિ પૂર્વજોને સંભારી સ્ત્રીવધ કરતાં લજવાઉં છું—૬૫

હે જાંબવતીના પુત્રના પિતા ( વિષ્ણુ )ના અંશ ? પૈલેય, પૈલિયતિ, સાલ્વમિત્ર, સાલ્વેય, માંડૂક, આદિએ જેવો તું ગવાયો છે, તેવોજ તું ખરેખર છે, એમ હસતે વદને, પછી કાલી બોલી—૬૬

માંડૂકિ આદિ, માંડૂકેયોપમ, તેમ બીજા મુનિઓ, જેનું ધ્યાન કરેછે, તે ગરુડવાહન અને દૈત્યના સંહારનાર ( શ્રીવિષ્ણુ )ના દૈત્યોને સંહારવા થયેલો, તું અવતાર છે—૬૭

તારાં ધૈર્ય અને સત્વથી હું તુષ્ટ છું, કોઇ સ્ત્રીનો જાયો તારા

---

( ૧ ) નર્મદાનો એક -હૃદ છે એમ ટીકાકાર.

જેવો નથી, તું દત્તાના પુત્ર અને સિપ્રાના પુત્ર એવા નૃપોને, ગરુડ જેમ સર્પને, તેમ પરાજય પમાડ (૨)—૬૮

આત્રેય, દાક્ષાયણ, શાકલેય, શૈભ્રેય, આદિએ સ્તવાયલી તારી કીર્તિને, હરસિદ્ધ આદિ સર્વ ગાશે એમ કહીને, કાલિકા યોગિનીઓ સહિત અંતર્ધાન થઇ ગઇ—૬૯

કૌષીતકેય, લાક્ષણેય, શામેય, આદિથી રાત્રીએજ એ વૃત્તાંત સાંભળી, યશોવર્મા વૈકર્ણેય સહવર્તમાન, દુર્ગથી સુરક્ષિત એવી ધારામાં, તેજ વખત, જઇ ભરાયો—૭૦

ભ્રૈવેય જેમાં મુખ્ય એવા સર્વ ઋષિઓએ જેની કીર્તિ ગવાઇ રહીછે એવો કલ્યાણી મયણલ્લાનો પુત્ર, તેણે પોતાના શિબિરમાં આવી સુભગા જેમની માતા છે એવા, તથા ખરા માબાપના પૂત એવા સુભટોથી સવારે ઉજ્જયિની તોડી—૭૧

કુલટાના પુત્ર જેવી બુદ્ધિથી ધારામાં જઇ ભરાયલા માલવપતિને, જેમ ચટકાના પરિવારને સીચાણો પકડે તેમ, યુદ્ધમાં નાચતી તરવારરૂપી નટી સમેત, તથા સપુલક શરીરવાળા, ચુલુકવીરે પકડ્યો—૭૨

કાણીમાતાના પુત્રની પેઠે ક્રૌર્ય રાખતા યશોવર્મભૂપતિને ચુલુકચે બંદીખાને નાખ્યો, ને કાણી જેની માતા છે એવી અથવા કાણી થયેલી, ધારાની પણ, જેની કીર્તિ ચો તરફ નાચી રહીછે એવા અણે આશ્વાસના કરી—૭૩

ગોધાર જેવી દૃઢ મુષ્ટિથી કાર્મુક ઝાલનારા દુષ્ટ જનાવર ગૌધેર

---

( ૨ ) ઉત્તરાર્ધનું એવું પાઠાન્તર પણ છે કે " તેથી ગરુડ જેવો તું સિપ્રાના, મંડલના, અને દત્તાના નૃપોને હણ ".

(૧) જેવા દુષ્ટ આશયવાળા, પક્ષવાળા, તથા રેવતિક અને અશ્વપાલ જેમના સહાય છે એવા, સીમાડાના નૃપોને, ગોષ્ઠેય અને હાષ્ઠેયના જેવી શુધ્ધ બુધ્ધિવાળા એણે, જાંટાર અને પાંટાર પક્ષીની પેઠે, કે બળદની પેઠે, કે વાલી ઘોડાની પેઠે, બાંધ્યા—૭૪

---

## સર્ગ ૧૫.

પછી નિંદ્યગર્ગાપત્યથી પણ ચઢે તેવા, અને નિંદ્ય એવા ગર્ગો જેના મંત્રી છે તેવા, મહાશત્રુને તેનાં ભાઇનાં ને બહેનનાં બાલકો સહિત, સર્વ બંધુસહિત, કેદ કરીને એ ચાલ્યો—૧

માશી અને ફોઇનાં સર્વે સહિત, એવા એમનાથી, એ, માશીના દીકારાથી (૨) ચઢીયાતા થયેલા હરિની ફોઇના દીકારા જેવો (૩) માર્ગમાં શોભાવા લાગ્યો—૨

ક્ષત્રિયોના અગ્રણી એવા એના સાળા થઇ થઇને પણ મનુના મૂર્ખ અપત્ય કરતાં સારા એવા કીયા રાજપુત્રોએ, મનુષ્યોમાં દેવ-રૂપ એની, સેવા કરી નથી ?—૩

નીચા કુલના, કે કુલવિનાના, એવા હાથીને તજી, ઉત્તમ કુલવાળા એવા હાથીઓને, રાજાઓ એ ભેટ આણેલા તેમાંથી, એણે લીધા—૪

એણે ગ્રહણ કરેલા અતિ કુલીન હાથીઓ આગળ પ્રસિદ્ધ એવો ઇંદ્રનો ઐરાવણ પણ શકે નીચ કુલનો કે કુલહીન હોય તેવો જણાયો—૫

---

( ૧ ) સર્પે ગોધામાંથી પેદા કરેલું જનાવર એમ ટીકાકાર.

( ૨ ) શીશુપાલ. ( ૩ ) ભીમ.

ઇંદ્રરૂપ એને આવતો જોઇ, ગામડાના, નીચા કુલના બાલકોએ દુષ્ટ કુલના બાલકોએ, દુષ્ટથી પણ અધિક ન્યૂન એવા કુલવાળાએ સર્વેએ આત્મા કૃતાર્થ કર્યો—૬

પછી, મહાકુલોત્પન્ન, અને મહાકુલોત્પન્નોથી પરિવૃત, એ, મહાકુલીન સ્ત્રીઓથી કૃતાર્થ થતો પોતાની પુરીમાં પેઠો—૭

ભીમના પુત્રના કાકા (યુધિષ્ઠિર)ની પેઠે, કે ભીમના પુત્રના પિતા (ભીમ)ની પેઠે, એણે હૃદિક તથા સામ્રાજના પરિવારને શાસન દીધું-૮

વૃત્રના શત્રુ (ઇંદ્ર) જેવા એને, લક્ષ્મણના પુત્રના જેટલા બલવાળા કીયા ભૂપોએ, લક્ષ્મણના પુત્રના કાકા (રામ)ને જેમ નલ અને નીલે ભજ્યા, તેમ ભજ્યો નથી!—૯

સૌયામાયનિ, ફ્રાંટા હૃતાયની, મૈમતાયનિ, તથા ફ્રાંટાહૃત્ અને મૈમતેય કરતાં બીજા પણ જે હોય, તે સર્વે એને પ્રસન્ન કરતા હવા—૧૦

ભાગવિત્તાયન, શાકશાલેયિ, તાર્ણબિંદવિ, આકશાપેયિક સહિત તાર્ણબિંદવિક, અને વાર્ષ્યાયણિ યામુંદાયનીય સહિત ભાગવિત્તિક, યામુંદાયનિક સહિત સૌયામાયનિક, સૌયામાયનિ, યામુંદાયનિ, વાર્ષ્યાયણીયક, પરસ્પર આશ્રય કરી રહેલા વાર્ષ્યાયણિક અને સૌયામાયનીય તથા તૈકાયનીય જેમાં મુખ્ય છે તે, એવા અનેક કુનૃપતિઓને શાસન આપી એ મહા બાહુએ કેદારદેવનો માર્ગ સુસ્થ કર્યો—૧૧—૧૨—૧૩—૧૪

કૈતવાયનિ, તૈકાયનિ, આદિને યોગ્ય એવા સિદ્ધપુરમાં, પછી પ્રાચી એવી સરસ્વતીના તીર ઉપર રુદ્રમહાલય એણે કરાવ્યું—૧૫

દાગવ્યાયનિ, કૌશલ્યાયનિ આદિને અધિકારી ઠરાવી, ત્યાંજ એણે અંત્ય અર્હત્ (મહાવીર)નું ચૈત્ય પણ કરાવ્યું—૧૬

વાર્ષ્યાયણિ, કાર્માયણિ, કાત્રાયણિ, આદિને પણ સંબોધી, એણે શ્રાવક સંઘની પણ ભક્તિપૂર્વક અર્હણા કરાવી—૧૭

પાંચાલાયનિ( ૧ ) એથી પરિવૃત એવો એ પાંચાલીપતિ ( યુધિષ્ઠિર )ની પેઠે પગે ચાલીને, દાક્ષીપુત્રોએ મંગલ કરાયલો, સોમનાથની યાત્રાએ ચાલ્યો—૧૮

લાંકિ, ગાર્ગીપુત્રકાયણી જેમાં મુખ્ય છે એવા ગાર્ગના આશ્રમોના અંતરને કાપતા જતા રાજાની પાછળ ગયા હતા તેમ ગાર્ગીપુત્ર, વાર્મિણ પાછળ ચાર્મિકાયણિ તેમ વાર્મિકાયણિ, ગારેટિનીપાછળ કાર્કટચાયનની પેઠે ગારેટકાયનિ, કાર્કટચની પાછળ કાર્કટચાયનિની પેઠે કાર્કટચાયનિ, લાંકેયની પાછળ કાકિની પેઠે ઉત્સુક લાંકકાયનિ, વાકિનિની પાછળ લાંકકાયનીની પેઠે વાકિનકાયનિ, પોતપોતાનાંની પણ વાટ ન જોતાં, અને અતિ આદર કરતાં, ગયાં —૧૯—૨૦ —૨૧—૨૨

ગ્લુચુકાયનિ આગળ ચાલતો હતો, ને ગ્લોચુકિનો નાનો ભાઇ પણ આગળ ચાલતો હતો, વૈદેહ સહિત રામદત્તાયનિ હાથનો ટેકો આપતો હતો—૨૩

ગાંધાર, સાલ્વેય, વાંગ, પૌરવ, માગધ, સૌરમસ, કાલિંગ એ બધા એની દક્ષિણે પગે ચાલતા હતા—૨૪

ઔદંબરિ, કાલકૂટિ, પ્રાતિગ્રથિ સહિત આશ્મકિ, નૈષધ્ય, આંબષ્ટ્ય, કૌરવ્ય, અવંત્ય, એ વામ પાસ ચાલતા હતા–૨૫

કૌશલ્ય, આજાટ્ય, પાંડ્ય સહિત યવન, અને શાક, એ સર્વે કુંતી

---

( ૧ ) પાંચાલના રાજાના પુત્ર, અને યુધિષ્ઠિર પક્ષે ધૃષ્ટદ્યુમ્ન.

અવંતી અને કુરૂ એ નામની રાણીઓના પતિ એવા એની પૂઠે પગે ચાલતા હતા—૨૬

કૌરવ્યાયણી, શૂરાસેની, આસુરી સહિત મદ્રી, માગધી, ઔશીનરી, ભાર્ગી, એ રાણીઓ એની પાછળ ચાલી—૨૭

પંચાલ, પાંચાલી, લોહધ્વજ, લોહધ્વજા, યસ્કાલહ્યા વિદાગર્ગ, સર્વ તેની આગળ ચર્ચરી ગાતાં હવાં—૨૮

શ્યાપર્ણ ઋષિના શિષ્યો સહિત ગોપમન પુત્રો અગસ્ત્ય શિષ્યો સહિત અગસ્ત્ય પુત્રો, ને કુંડિનો, એ સર્વ, યુધિષ્ઠિરની તીર્થયાત્રાની કથા કહેવા લાગ્યા—૨૯

વસિષ્ઠો, ગૌતમો, કુત્સો, ભૃગુઓ, અંગિરસો, ને અત્રિઓ, સર્વે તીર્થમાહાત્મ્ય વર્ણવતા હોઇ રાજાને અતિ પૂજ્ય થયા—૩૦

યુધિષ્ઠિરો, ક્ષીરકલંભો, ભાગવિત્તિ, આર્જુનિ, આદિ સર્વે, ભક્તિથી, આગળના રસ્તામાંના કાંટા વગેરે સાફ કરેછે–૩૧

ઉપક સહિત લમકો, લામકાયન સહિત ઔપકાયનો, તિકકિતવ સહિત રાસકો, તથા ઉબ્જક કુભો, એ સર્વેએ આચ્યું (?)—૩૨

વૃક લોહધ્વજ કુંડી વૃશ વંગ અંગ સુહ્મગ સર્વે રાજાની ક્લેશરહિત ગતિ જોઇને વિસ્મય પામતા હવા—૩૩

આ તે સોમેશ્વર પોતેજ સન્મુખ આવેછે, કે શીઘ્ર ચાલતો રાજા જાણીને આવેછે, એમ અંગ વંગ અને દાક્ષિ આદિનો પરસ્પરમાં વાદ થવા લાગ્યો—૩૪

ગર્ગકુલ પાસેથી વૈદકુલને જાણીને, અને વિદકુલથી ગાર્ગ્ય કુલ જાણીને વિવેકી રાજા જતાં જતાં તેમને દાન આપતો ચાલ્યો—૩૫

ભૃગુ અને અંગીરસના, તેમ ગર્ગ અને ભાર્ગવના, અતિ હર્ષ

પામી, તેમ ફ્રાંટાહૃતિના પુત્રો સહિત ગાર્ગીયો, સર્વે સત્વર આવ્યા —૩૬

ગાર્ગ્યાયણના સંબંધીઓએ, હોત્રના પુત્રોએ, ને હોત્રાયણિથી પણ ચઢિયાતા એવા કેટલાક, એમ શિષ્યોએ જ્યાં વેદ ધ્વનિ મચાવી છે એવા દેવપત્તનમાં ભૂપતિ આવ્યો—૩૭

ઉદુંબરનો પુત્ર (૧) જે પુરનો અધ્યક્ષ હતો તે, પોતાના ભાઇ સહિત, તેમ, પોતાના પુત્ર સહિત તિકઋષિનો પુત્ર, એ સર્વે રાજાને સામા આવ્યા—૩૮

આર્યોમાં મુખ્ય ( ૨ ), અને ઉત્સુક એવો વસિષ્ઠપુત્ર, પોતાના પરિવાર સહિત અનિરુદ્ધ વિનાના પ્રદ્યુમ્ન જેવા ( ૩ ) એને, આમંત્રણ કરવા આવ્યો—૩૯

પુત્રસહિત પૈલ, પુત્રસહિત ત્વરાયુક્ત શાલંકિ, પુત્ર સહિત પાન્નાગારિ, એમણે રાજાને પૂજાય સામગ્રી આપી—૪૦

તૌલ્વલિ, તૈલ્વલિ, ને તેમના પુત્રો, એવા મહન્તોને આગળ કરી એ સોમનાથના મંદિરમાં પેઠો—૪૧

પરવાળાંથી કસુંબા જેવી. પદ્મરાગથી લાક્ષારસ જેવી, વજ્રમણિથી ગોરોચન જેવી, મરકત મણિના સમૂહથી કાદવ જેવી, મહાનીલમણિથી કૃષ્ણનીલ કાદવ જેવી, ને સર્વથી મિશ્ર થઇ સર્વમય હોય તેવી, પ્રભાવડે નવીન નવીન ચંદ્રોદયના વિસ્તારથી નહવરાવી શિવની પૂજા રાજાએ કરી—૪૨—૪૩

---

૧ મંડ એ નામનો એમ ટીકાકાર. ૨ તેનું નામ તે સ્થલમાં આર્ય એવું હતું એમ ટીકાકાર. ૩ અર્થાત્ રાજાને પુત્ર ન હતો એમ ટીકાકાર.

શબલરંગનાં કસુંબો પાયલાં, નીલ, અનીલ, તેમ બીજાં, એવાં વસ્ત્રોથી, તથા કર્પૂરાગુરુ ધૂપથી, એણે તેની પૂજા કરી—૪૪

આ વર્ષ પણ પૌષ છે, નિશા પૌષી છે, ને આજનો દિવસ પણ પુષ્ય છે, (૧) એમ બોલતા, સોમનાથના બ્રાહ્મણોને સત્કારપૂર્વક વિસર્જન કરી, રાજા, એકાંતમાં સમાધિમાં બેઠો—૪૫

વિશાખા અને અનુરાધા સહિતચંદ્ર કરીને યુક્ત એવી નિશાનું, ધ્યાનમાં ઠરાવેલી દૃષ્ટિવાળા મુખેન્દુથી, કાંઇક જપતા ચૌલુક્યે, અનુકરણ કર્યું—૪૬

કંઠપ્રભારૂપી નવીન મેઘથી શ્રાવણી પૂર્ણિમાનું દર્શન કરાવતા, તથા પ્રભામય અંગથી આશ્વિન પૂર્ણિમાનું દર્શન કરાવતા, શંકર સાક્ષાત્ પ્રકટ થયા—૪૭

ક્ષૌદ્રક માલવી સેનાને જીતનાર ! આ સ્થિતિથી કરીને, ભિક્ષામાત્રથી ઉપજીવન ચલાવનાર, સ્ત્રીની ઇચ્છા ન કરતા, એવા તાપસોને પણ તું પરાજય કરે છે—૪૮

વાત્સક, રૈક્ષક, આજક, ઐારભ્રક, ઐાષ્ટ્રક, ઇત્યાદિથી આશ્રિત, તેમ ગાર્ગિકોને ચઢી ગયેલા એવા માનુષિક વૃદ્ધસમૂહથી સેવાયલો, ભક્તોથી, રાજપુત્રોથી; રાજાઓથી, સર્વથી કરી રાજાથી પણ અધિક, તું, પૃથ્વીની રક્ષાર્થે, સ્વર્ણસિદ્ધિ પામી સિદ્ધરાજ એ નામે થા—૪૯—૫૦

ભક્તિરૂપી જલથી ભરવા યોગ્ય ક્યારા જેવા, ગુણના ક્ષેત્ર, તથા

---

૪ ગુરુના ઉદયસહિત પુષ્ય નક્ષત્રયુક્ત વર્ષ, તેમ પુષ્ય સહિત ચંદ્ર યુક્ત રાત્રી, તેમ પુષ્ય નક્ષત્રવાળો દિવસ, એ સર્વે શુભ છે; માટે જેવામાં આ સ્થલે રાજાએ યાત્રા કરી તે વર્ષ ને તે દિવસ રાત્રી સર્વે શુભ છે; એવો અર્થ સમજવો, એમ ટીકાકાર,

પાપરૂપી કવચધરને મસળી નાખનાર હાથીના સમૂહરૂપ, એવા એમને એ રાજાએ કહ્યું—૫૧

બાલકો જેમ માલપુડાના સમૂહથી, ગાય વિનાના જેમ ગાયોના સમૂહથી, કે બ્રાહ્મણ જેમ શ્રાધ્ધભોજનથી, એમ આપના પ્રસાદથી હું હૃષ્ટ થયો છું—૫૨

ઉત્તમ બ્રાહ્મણોથી માંડીને તે અધમ ગણિકાગણપર્યંત સુસ્થ કરેલી આ ભૂમિનો ભાર જેના ઉપર મૂકીને હું આત્મસાધન કરી શકું તેવો સુત આપો—૫૩

હાથથી એના મસ્તકના વાળને પંપાળતા શંકરે કહ્યું કે પૃથ્વીના ભારને માથા ઉપરના વાળના ભારની પેઠે ઉતારવાની ઇચ્છાથી તું આવ્યો જણાય છે—૫૪

તારા ભાઇના દીકરા ત્રિભુવનપાલનો પુત્ર, જે ધૂર્ ધારણ કરવા સમર્થ છે, તે કુમારપાલ અશ્વસહિત, તારી પાછળ ભૂમિનો ભાર ઉપાડશે—૫૫

આમ કહીને શંભુ અંતર્ધાન થઇ ગયા, ને પછી જેવો રાજા અશ્વોએ ચઢી જાય છે તેવામાં એક પાસેથી, પ્રતીહારે પ્રવેશ કરાવાયલો એવો અને નમસ્કાર કરતો વિભીષણ આવ્યો—૫૬

તે બોલ્યો કે હે, અહીનપૃષ્ઠય એ નામના યજ્ઞ વિશેષમાં હજારો ગાયોના દાનથી કઠગોત્રને પ્રસન્ન કરનાર ! શત્રુરૂપી તરના મહાવાત રૂપ ! મને તમારા પૂર્વ જન્મનો તમારો દાસ જાણો—૫૭

સુવર્ણમય પાશથી ઝળકી રહેલા, અને અનેક બળદ સહિત, એવા રથોને તજીને માત્ર પગે ચાલીને અત્ર જતા આપને સાંભળી, હું રથ વિનાજ વાયુવેગે આવ્યો છું—૫૮

તે માટે હે વિભુ ! દંડધારી પુરુષો સહિત જે હું તેને સેનાગ્રે

રક્ષણ કરવાની, જેમ અનેક મ્હોટાં ખળાંનો માલીક દાણા ભરેલાં ઘણાં ખળાંને સાચવવા શ્વાનના સમૂહને રાખે છે તેમ, આજ્ઞા આપો—૫૯

એમ કહેતા એની સાથે, ગ્રામના લોકને, જનસમૂહને, સર્વને વાત્સલ્યથી પોતાના બંધુસમૂહ જેવાં ગણી જોતો ઉજ્જયંત જવા નીકળ્યો—૬૦

પુરુષોનું હિત કરનાર એ, સાહાય્યકારી જનોના હસ્તીસમૂહ યુક્ત, બીજે દિવસે દિવ્યરૈવતકે પહોચ્યો—૬૧

પોતાનાં માણસોને પુરુષોની હિંસા આદિ કરવાથી વારી અને રાજાનો ભાવ જાણતો વિભીષણ, આગળ આવી, આ રીતે બોલ્યો—૬૨

આ પર્વત પાષાણ છતાં પણ વંદ્ય છે, કેમકે બકરાંના માંસથી જેમ કંટાળો પામે તેમ વિવાહથી કંટાળો પામેલા નેમિનાથ અહીંયાં તપ તપ્યા છે—૬૩

આ ગિરિની રજ પણ, કરીર અને ચિત્રકનાં મૂલ અથવા રાખ જેમ બાજેલું લોહી વેરી નાખે છે, તેમ જનોના પાપપુંજને વિખેરી નાખવા સમર્થ છે—૬૪

તાડનું બનાવેલું ધનુષ્ ખેંચતા વ્યાધલોકના પણ, આ તીર્થના તેજથી, હિંસા કરવાના વિચારો, લાખ કે કલાઇની માફક ગળી જાયછે—૬૫

શમિના કાષ્ઠમાંથી બીજા દ્રવ્યવડે ઘસતાં જેમ અગ્નિ પેદા થાય છે, તેમ આનાથી, ઉંટના દૂધ ઉપર જીવનારની પણ બુદ્ધિ ઉત્તેજિત થાય—૬૬

ધોયેલું વસ્ત્ર પહેરીને, તથા ધોયેલું વસ્ત્ર પહેરેલા વિભીષણથી

હાથ ઝલાએલો, એ, કાંબળા ઓઢતા ( સૌરાષ્ટ્રના લોકો ) એ બતાવેલે રસ્તે, અદ્રિ ઉપર પહોચ્યો—૬૭

કામળા અને હરણનાં ચામડાં ઓઢનારા એવા રસ્તા બતાવનાર, જેમણે પરશુઆદિ અસ્ત્રને બારણે મૂક્યાં છે, તેમને રેશમી વસ્ત્રો આપીને રાજા ચૈત્યમાં પેઠો—૬૮

બહુ પહોળી એવી કાંસાની ઝાંઝ કેટલાક વગાડતા હવા, ને સુવર્ણ નિષ્કોથી ઘડેલા કાહલ કેટલાક ફુંકવા લાગ્યા—૬૯

સોસો કે બસે બસેના એવા, સોનાના કે રૂપાના, અને સુવર્ણમય પદ્મની અર્ચા જેમાંછે એવા, પૂર્ણકુંભ કેટલાકે તૈયાર કર્યા—૭૦

તાડના ધનુષ્યને તજીને, ધોયેલાં સુતરેલ વસ્ત્ર પહેરેલા કેટલાકે, સુવર્ણ ભરેલા વસ્ત્ર ઉપર, મુકુટનું બલિદાન માંડ્યું—૭૧

કેટલાકે, શરમય, દર્ભમય, તૃણમય, કે કૂદી ( ૧ )મય, એવી ઝુંપડીઓ રચીને, શ્વેત વસ્ત્ર ધારણ કરેલા આચાર્યોને બોલાવ્યા—૭૨

વલ્વંજમય અને સોમમય એવા ગંધાગારમાંથી, મૃત્તિકાનાં પાત્રોમાં કેટલાકે ચંદનાદિક આણ્યાં—૭૩

પછી, રાજાએ, તન્મય થઇને, ચાષના જેવી કે ચાષના સમૂહથી પણ અધિક એવી પ્રભા ધારણ કરતાં રત્નોથી દીપતા કુંભો ઉઘાડ્યા—૭૪

પછી, જ્યાં કુંકુંમનો કાદવ થયેલોછે એવા ચૈત્યના ગર્ભાગારમાં પેશી ઇંદ્ર જેવા અને ભવ્ય પુરુષોથી, એણે જિનને નહવરાવ્યા—૭૫

તિલના ચૂર્ણ જેવા સ્નિગ્ધ વર્ણવાળા નેમિનાથ, યવના લોટ

---

૧ એક પ્રકારનું ઘાસ થાયછે એમ ટીકાકાર.

જેવા કુંભોથી, ચક્રવાકસમૂહયુક્ત યમુનાપ્રવાહ જેવા દીપતા હવા —૭૬

પિષ્ઠમય, યાવક જેવા ગૌર અને તેલ વિનાના, ગંધદ્રવ્યથી યુક્ત, એવા હૈયંગવીન જેવા સૂક્ષ્મ પિષ્ઠથી શ્રીનેમિનાથને એણે ચોળ્યા—૭૭

વિવિધ પ્રકારનાં જલથી સ્નાન કરાવી, રાજાએ, એની, સ્વાતિમાં પાકેલાં મોતીવાળા અને બીજા હારોથી, તથા મુસ્તાના જેવી સુગંધ વાળાં મલ્લિકા આદિ પુષ્પોથી, પૂજા કરી—૭૮

શિરીષપુષ્પ, વરુણપુષ્પ, અને વાળાથી, રાજાએ, શિરીષ અને વિરણ જેવા સુરભિ પોતાના શ્વાસ તેને પણ રુંધીને, પૂજા કરી—૭૯

પછી એણે આ પ્રમાણે સ્વામીની સ્તુતિ કરી કે જે તમને મૂકીને મોક્ષ ઇચ્છેછે, તે બોરડીને તજીને એરંડાના મૂલથી ધનુષ્ કરવા મથે છે—૮૦

હે જંબૂશ્યામ! હસ્તામલકવત્ જગત્માત્રને જોનાર એવા તમને જે નિંદે તેવા પીપર વડ જાંબુ આદિનાં ફલથી જીવનારાંના પણ વ્રતને ધિઃક્કાર છે—૮૧

હે જગદેકદયાનિધે! તમારા જે ભક્ત છે તે, તદ્ધિતની પેઠે ફરી ફરી અગવિકાર પામીને, ભવસાગરમાં જંતુ થતા નથી—૮૨

તમારા ઉપરથી ઉઠાવીને જે મૂર્ખ બીજે ઠેકાણે પોતાનું ચિત્ત લગાડે છે, તે, કાષ્ઠપાત્રમાંથી કાઢીને કપિત્થરસને છાણાંની રાખોડીમાં રેડે છે—૮૩

પીતરાઇ, મોસાળીયાં, વૃદ્ધો, માતામહ, પિતામહ, સર્વે બંધનનાંજ હેતુ છે, તમેજ એક મોક્ષનું કારણ છો—૮૪

બકરીના દૂધને તજીને, હે દેવ ! તમારાં દર્શનને આવેલા આ- હીરો, બકરીનું દૂધ તેમને પ્રિય છતાં પણ, તેને સંભારતા નથી —૮૫

જે તમારી ભક્તિ કરે તેની આજ્ઞા શિબિના રાજ્યમાં, અંગવંગ આદિ રાજ્યોમાં, કે તેની પાર, પહોંચે—૮૬

હે ઇશ ! દેવયાતવક તથા વાસાતક એ રાજ્યોમાં, કે તેમની પણ પાર, તમારૂં શાસન વિજયી વર્તે છે—૮૭

નેમિની આ પ્રમાણે સ્તુતિ કરી, વિભીષણને રજા આપી, તાર્ક્ષ્યાયણ અને ઇષુકારિ એ રાજ્યના રાજાઓ તથા બીજા રાજાઓ સાથે, એ હેઠે ઉતરવા લાગ્યો—૮૮

ભૌરિકિ રાજ્ય અને ભૌલિકિરાજ્ય, તથા શિવિનું ને વિદિશાનું રાજ્ય, તેના ધર્મજ્ઞરાજાઓ સાથે વાતો કરતો શત્રુંજય ગયો—૮૯

ઔદુંબર, કૌશાંબી, કુમતી, મધુમતી, આદિ નૃપોસહિત, વિસ- વત્‌ના નાથને હાથે ટેકો દઇ, એ ગિરિ ઉપર પહોચ્યો—૯૦

સહસ્રાર્જુનથી પણ અધિક એવા એણે, નડકુમુદવેતસ આદિથી ભરાયલા અને લીલા પર્વતશિખર ઉપર શ્રીઋષભદેવનું ચૈત્ય દીઠું —૯૧

શૈરીષ ગામ અને શિખાવલ પુરના રાજાને બારણે પોરા ઉપર મૂકી, રત્નાંશુથી નડતૃણે છા઼ઇ દીધી હોય એવી કરી દીધેલી ભૂમિ જેની થઇ છે, એવા એ ચૈત્યમાં રાજા પેઠે,—૯૨

શાર્કરદેશથી આવેલા, અને રત્નોથી કરીને સાકરે પાથેલા હોય એવા આંગણામાં રહેલા, શર્કરાદેશના રાજાએ શિરીષક રાજાને હાથે, પછી પુષ્પ પહોચાડ્યાં—૯૩

પુષ્પાદિભેટ, શર્કરા દેશના રાજાની પેઠે, આપીને, શર્કરા જેવા પથ્થરોથી કે સારા પથ્થરોથી બનેલી પર્વતગુફાઓમાં બીજા રાજાઓ પણ બેઠા--૯૪

ફલકિ પ્રેક્ષાગ્ર, એ દેશના, તેમ તૃણમા નડસા કાશિલા એ પુરના, રાજાઓ સહિત, જિનેંદ્રની પૂજા કરીને ચૌલુક્ય પર્વતથી ઉતર્યો—૯૫

વાસિલા અરીહણક ખાંડવક ઇત્યાદિથી પર્વત આગળ આવેલા મંત્રાશિર્વાદ બોલતા બ્રાહ્મણોની, એણે, સુવર્ણ દક્ષિણાથી અર્ચના કરી—૯૬

મુનિએ ચિંતવેલું જીતનારા એણે, શોભાયમાન માર્ગવાળું, અને સાંકાશ્ય તથા સૌતંગમિના પુરના જેવું, સિંહપુર ( ૧ ) એ નામનું બ્રાહ્મણોને રહેવાનું સ્થાન સ્થાપ્યું—૯૭

વલ્ય, ચુલ્ય, અન્હ, સાખેય, સાખિદત્તેય, તેમના જેવી સંપત્તિવાળાં, અને લોમ તથા પાંથાયનના જેવાં, ગ્રામ એણે એ પુરની સ્થિતિ માટે આપ્યાં—૯૮

પાક્ષાયણ દેશના, તથા વાસિષ્ઠાયનિ, કાણ્ડાયનિ, આદિ દ્વિજોના આશિર્વાદ પામી, એ, સંકરીય અને ઉત્કરીય જેવી કાન્તિવાળા સિંહપુરમાંથી નીકળ્યો—૯૯

નડકીય, પ્લક્ષકીય, કાર્શાસ્વીય, ઇત્યાદિ પુરોના ઇશ્વરો સહિત, એ, અરિષ્ટ પુરીના જેવી સંપત્તિવાળી પોતાની પુરીમાં પેઠો—૧૦૦

ઙશ્યક, અશ્મક, વારાહક, પાલાશક, કુમુદિક, ઇક્કટિક (૨), આશ્વત્થિક, કૌમુદિકય, કે બીજા ગમે તે દેશથી આવીને જેણે એની યાચના

---

( ૧ ) શીહોર. ( ૨ ) વૃક્ષ વિશેષ એમ ટીકાકાર.

કરી તેમને, આષાઢ માસની પેઠે વર્ષતા નૃપે અદરિદ્ર કરી નાખ્યા—
૧૦૧—૧૦૨

ચૈત્રી, કાર્તિકી કે આસોની પૂર્ણિમાની પેઠે જગત્‌ને પ્રસન્ન કરતાં એની કીર્તિ માગસર મહિનાની રાતની પેઠે વધતી ચાલી.
—૧૦૩

જ્ઞાનપરપુષ્ટોને ચૈત્ર જેવો, ને બંદિજનરૂપી મયૂરનો શ્રાવણ, દાનોત્થ કીર્તિથી કાર્તિકના ચંદ્ર જેવો, દાન જલથી શ્રાવણરૂપ થયેલા હાથથી શોભવા લાગ્યો—૧૦૪

આખા જગત્‌નાં દારિદ્રરૂપી પત્રને ખરાવી નાખનાર ફાગણ જેવો એ, ફાગણ માસ ગયા પછી ઇંદ્રદેવતાને ને પૈંગાક્ષીપુત્ર દેવતાને આપેલા હોમથી, યજ્ઞ કરતો હવો—૧૦૫

તાર્ણ્વિંદ, શુક્ર, શતરુદ્રો, શતરુદ્રથી પણ અધિક એવા અપાંનપાત્ એ દેવતાને અર્પેલા હોમથી રાજાએ યજન કર્યું—૧૦૬

એ તાપસોમાં, બ્રાહ્મણોએ અપાંનપાત્ તથા ઇંદ્રનાં સૂક્ત બોલી, અપાંનપાત્ અને ઇંદ્રને સારી રીતે બલિદાન આપ્યું—૧૦૭

અપાંનપાત્, મહેંદ્ર, બ્રહ્મા, સોમ, ઇત્યાદિ સંબંધી કર્મામાં, બ્રાહ્મણોને જે સંશય પડે તે એ મહાબુદ્ધિમાન્ પોતે જાતેજ ટાળી આપતો—૧૦૮

એ દ્યાવાપૃથિવ્ય હોય, કે અગ્નિષોમીય હોય, તેમ દ્યાવા પૃથિવી તથા અગ્નિ સોમ એ દેવતાનાં કર્મમાં નિરંતર ઉદ્યત રહેવા લાગ્યો—૧૦૯

પોતે શુનાશીર્ય હોય તેમ શુનાશીર્ય સૂક્તો, તેમ પોતે વાસ્તોષ્પત્ય હોય તેમ વાસ્તોષ્પતિનાં સૂક્તો, એ ઉચ્ચારતો—૧૧૦

ગૃહમેધીયની પેઠે ગૃહમેધ્ય કર્મો, અને મરુત્વતીયની પેઠે મરુત્વાનનાં કર્મો, એ હર્ષથી કરેછે—૧૧૧

વાયુ, ઋતુ, પિતૃ, ઉષા, પ્રોષ્ઠપદા, મહારાજ, આદિ દેવતાના મંત્રોથી, બ્રાહ્મણોએ યજ્ઞાન્તે અવભૃથ સ્નાન કરાવ્યું—૧૧૨

સૂક્ત, પંક્તિ, અને પ્રગાથ, આદિ મંત્રો પઢતા બ્રાહ્મણોને, પ્રાવૃષેણ્ય મેઘ જેવા જલયુક્ત હાથથી, એણે ત્યાં દક્ષિણા આપી—૧૧૩

મૈથિલીના કારણથી થયેલું યુદ્ધ પાર પાડીને જેમ રાઘવે યજ્ઞ કર્યો હતો, તેમ એણે વ્યતીપાતરહિત શુભ તિથિએ મહાસરોવર(૧)-નું ખાત મુહૂર્ત કર્યું—૧૧૪

પાપરૂપી કાકસમૂહને બાજરૂપ એવા, એના તટ ઉપર, રાજાએ, તિલપાન જેમાં થાયછે એવી ક્રિયાઓ સેવનારા ( બ્રાહ્મણો ) માટે સત્રશાલા કરાવી--૧૧૫

વેદીઆ, શકુન જોનારા, જોશીઓ, સર્વે ખાવાની ઇચ્છા રાખતા, ને એકજ સાથે ત્યાં ધસનારા, તે પરસ્પરના પગની અથડા અથડીમાં, પગેપગ કચરાય એમ રમવાની રમતને સંભારેછે—૧૧૬

શકુન, મુહૂર્ત, અને ન્યાય, ને યથાર્થ જાણનાર એણે સરોવરના તટ ઉપર શિવનાં એકસોને આઠ મંદિર રચાવ્યાં—૧૧૭

પુરાણ, નિરુક્ત, વ્યાકરણ, માતૃકલ્પ, આદિ શાસ્ત્રને જાણનાર એણે ત્યાં દેવીનાં પણ એકસોને આઠ મંદિર રચાવ્યાં—૧૧૮

અગ્નિષ્ઠોમ કરનારા, યવક્રય કરનારા, વાસવદત્તાદિનિપુણ,

---

૧ સહસ્રલિંગ.

એવા બ્રાહ્મણો જ્યાં વ્યાખ્યાન ચલાવી રહ્યાછે એવી દશાવતારી ( દશાવતારની પ્રતિમા સહિત મંદિર ) એણે કરાવી—૧૧૯

વૃત્તિ તથા સૂત્રને જાણનારા, કલ્પસૂત્ર જાણનારા, આગમ જાણનારા, સંસર્ગવિદ્યા (?) જાણનારા. ત્રિવિદ્યા જાણનારા, ષડંગ જાણનારા, એવા પંડિતો, અને ક્ષત્રવિદ્યા જાણનારા, ધર્મવિદ્, તથા નાસ્તિકવિદ્યાવાળાને નિર્મૂલ ઠરાવનારા, યાજ્ઞિક, ઐતિથક ( ઐતિથક ? ) ઇત્યાદિને સંતોષવા ત્યાં રાજાએ મઠ બંધાવ્યા—૧૨૦ —૧૨૧

બ્રાહ્મણ જેવાજ ગ્રંથવિશેષમાં નિપુણ, શતપથ બ્રાહ્મણ જાણનારા સહિત, ષષ્ઠિપથાધ્યાય જાણનારા, ને ઉત્તરપદપૂર્વપદના વિવેકપૂર્વક લક્ષણાદિ નિપુણ, એવા બ્રાહ્મણોએ જ્યાં અધ્યયનની ધૂમ ચલાવીછે એવાં, દેવઘર, પોતાના મહાન કીર્તિસ્તંભ જેવાં, એણે, શત્રુભૂમિરૂપીવાક્યમાં, પદિકની પેઠે પદ ( ૧ ) ધારી, કરાવ્યાં —૧૨૨

દેદીપ્યમાન કાંતિવાળા વૈયાકરણો સહિત, તથા સામ જાણનારા સહિત, એવા બ્રહ્મચારીમુખ્યોથી, એનો દીકરો કુમારપાલ તારા પછી, પૃથ્વીને પાલશે, એમજે શંભુએ કહેલું તેને સંભારી રાજાએ આત્મકલ્યાણ માટે યત્ન કરવા માંડયો.—૧૨૩

ઉપનિષદ્ અને શિક્ષા જાણનારા, મીમાંસાનિપુણ, પદક્રમાદિ પારંગત, એવા બ્રાહ્મણોને શોક પેદા કરતો, રાજા, થોડે દિવસે, ઈંદ્રના પુરમાં પરમ પુરુષોનું સ્મરણ કરતો ગયો—૧૨૪

---

૧ પદિક એટલે વ્યાકરણ જાણનાર તે. જેમ કોઈ વાક્યમાંથી પદ એટલે શબ્દ રૂપને પકડે તેમ એણે શત્રુની ભૂમિમાં પદ એટલે પગ દરાવ્યો ને પછી ત્યાં પણ દેવ ઘર કર્યાં.

## સર્ગ ૧૬.

વિનયાદિવૃત્તિનિપુણ, સર્વ તંત્રના જાણ, ગૌતમશાસ્ત્ર જાણનારા, કઠોક્ત જાણનારા, તાંડય બ્રાહ્મણ જાણતા, એમણે આવીને અભિષેક કરેલા કુમારપાલે પિતામહના( ૧ ) રાજ્યને શોભાવ્યું—૧

પોત પોતાનાં સ્થાનેથી, વસ્ત્રે ઢાંકેલા રથોમાં બેશીને સત્વર આવેલા, ક્રૌંચ, ઉપગવ, બક, વામદેવ, શુક, આદિ ઋષિઓએ રચેલું ઉચ્ચારતા, બ્રાહ્મણોએ એને મંગલોપચાર કર્યો—૨

જેમ શુક્રનીતિ ભણેલો શુક્ર હોય, કે શતભિષગ્માં જન્મેલો અતિરૌદ્ર હોય, તેમ એ નીતિમાર્ગમાં અતિ પ્રગલ્ભ થયો, ને દુર્ધર્ષતાદિ ગુણોથી કરીને શતભિષગ્માં જન્મેલાથી પણ અધિક થયો—૩

લોક પાસેથી સર્વદા ન્યાયપૂર્વક કર લઇનેજ સંતોષ પામી એ કદાપિ કોઇ પણ પ્રકારની અનીતિથી વિત્ત ઇચ્છતો નથી; સ્થંડિલ આગળ પડી રહેનારો અને થાળીમાં રાંધેલું કે શેકેલું એવું અન્નમાત્ર ખાનારો, કદીપણ ચૂલા ઉપર શેકેલા માંસની ઇચ્છા કરે ?—૪

અતિ ઉત્તમ નીતિવાળા એવા એના ચિત્તમાં કોઇ અસાધુ સાધુ થઇ વસ્યો નથી, રાસનવિદ્ ( ? ) પણ જલભાવ કે દારુભાવને જલ ન હોય તો ક્યાંથી ભજે ? નદીઓના સમૂહના પૂર જેટલા બલવાળા, અને પોતાના આત્માને સંયમથી ચલાવનારા, એને માહેયરાટ્ રાષ્ટ્રિયરાજ જેમાં મુખ્ય છે એવા, સર્વે સેવતા હવા. ઉત્તર દેશના, શિવહાર નદી ઉપરના, તેને તટે વસતા, તેની પારના, એમ સર્વ રાજાઓ સમેત ઐરાવતથી પણ અધિક એવા ( સપાદલક્ષ દિ

---

( ૧ ) ત્રિભુવનપાળનો કાકો હોવાથી સિદ્ધરાજ પિતામહ ગણાય એમ ટીકાકાર.

શાના રાજા ) આન્ને, જયસિંહના મરણ પછી, મદોન્મત્ત થઇ કારણ વિનાજ વિરોધ આરંભ્યો.—૫—૬—૭

દક્ષિણ દિશાએ સમુદ્ર આગળના નૃપો સહિત, પૂર્વે આવેલા અવંતિના રાજા બલ્લાલને, પારા નદી આગળથી, પશ્ચિમ દિશાના રાજા ( કુમારપાલ )ની પાની દબાવવા માટે, નીતિમાં બૃહસ્પતિથી પણ અધિક એવા ઉત્તરાધિપે ( આન્ને ) નિયોજ્યો—૮

ગ્રામ્ય અને ગ્રામ્ય ભાષાથાં નિપુણ અને ધર્મ અર્થ કામ એ ત્રણની પરવા ન કરનારા એવા દૂતોથી, ગ્રામમાં થયેલા કુલીન જેવા એણે, કુંડચા અને કુણ્યાના રાજાઓ સહિત આખું નૃપમંડલ ભેગું કર્યું—૯

મંગલાલંકાર ધારણ કરેલો, દીપી રહેલી કૌક્ષેયક ( ૧ ) ધારણ કરતો, ગર્વથી રાવણને પણ ટપી જતો, એ, આગળ અને પાછળનાં સૈન્યના સેનાપતિ તરીકે બહિ દેશના અને ઉર્દ્દિદેશના રાજાને ઠરાવી, ને નીકળ્યો—૧૦

દ્રાક્ષ જેવાં રક્ત નયનવાળો, પર્દ્દિદેશના રાજા સહિત, એ, પશ્ચિમભૂમિ લેવા ઇચ્છતો, દુષ્ટ અમાત્યવર્ગવાળો, રંક દેશની ગાય ઉપર જેમ, રંક દેશનો આખલો ધસે, તેમ ગર્જના કરતો ધસવા લાગ્યો—૧૧

ક્યાંનો છે ? ત્યાંનો છે? એમ પૂછતાંજ ના હું તો હમેશાં અહીંયાંનોજ છું, એમ કહીને જેણે શત્રુના ચાંડાલો ને છેતરેલા એવો, પ્રકટ થઇ ગયેલો, કોઇ એક ચાર ચુલુકય પાસે આવી પહોચ્યો—૧૨

આ વર્ષે થયેલો છતાં પણ અનેક વર્ષનો હોય એવો તમારો એ

---

( ૧ ) કંકની કૂખમાં ઘાલી તૈયાર કરેલા લોહનો બનાવેલી તરવાર એમ ટીકાકાર.

વેરી, આજ, કાલે ચાલી ચૂકયો છે તે આવતી કાલે તમારા દેશને સીમાડે આવી પહોચશે, એમ એણે નમન કરીને નિવેદન કર્યું—૧૩

કંથા ગામના, કાંથક-હૃદસમીપના, અરણ્ય દેશના, શિવરૂપના, રાજાઓ કાલે તમારાથી ભિન્ન થઇ એને મળ્યા, અને સારા અશ્વ અને સુભટો સહિત ચાહડ જે હસ્તી ઉપર ચઢવાની કળામાં ઈંદ્ર જેવો છે, તે પણ કાલે જવાનો છે—૧૪

પૂર્વમદ્રનો રાજા, અપરેષુકામશમગામનો રાજા, ગોમતીનો રાજા, ગોષ્ટ્યા ને તૈકયાના રાજા, વાહિકરાટ્, રોમકરાટ્, યકૃલ્લોમનો રાજા, પટચ્ચર અને શુરસેનનારાજા, એ સર્વ એને જઇ મળ્યાછે—૧૫

નૈકેતી ગામના રહીશ સહિત શાકલ, કાણ્વ, દ્રાક્ષ, ચૈકીય, કાશીય, ઇત્યાદિ જેમાં મુખ્ય એવા, અને લોકોના જેવી વણિગ્વૃત્તિની ઉપજીવિકાથી આપના પુરમાં વસનારા, ચારોથી, એ આપનો વૃત્તાન્ત જાણી લેછે—૧૬

પેલો ગોનર્દીય ( ૧ ) પણ, પરકીય વૃત્તિ થઇ જઇ એની બુદ્ધિએ ચાલી, હવે આપનો રહ્યો નથી, એટલે તે, આપ જયાં એના (આન્નના) પ્રતિ ચઢશો ત્યાં, ગ્રીષ્મના તાપની પેઠે આપની પાનીને પ્રજાળશે—૧૭

આવા અકાલે એણે વૈર આરંભ્યું તેને પણ સકાલે હોય એવું ગણીને, તત્કાલ થઇ આવેલા ક્રોધને દબાવી, તાત્કાલિક બુદ્ધિથી, રાજાએ આ પ્રમાણે વિચાર કર્યો—૧૮

---

( ૧ ) ગોણદ એનામથી પ્રસિદ્ધ એવું અવંતિ દેશમાંનું ગામ છે તેનો રાજા એમ ટીકાકાર.

એની કાશિકી વૃત્તિ જાણતા છતા પણ તાતને, કાશિકીવૃત્તિ(૧) ની માયા વડે ચૈદિકી ( ૨ ) ભક્તિ દેખાડતા, ને આજ હવે બદલાઇ ગયેલા, એણે, છેતર્યો—૧૯

કારંતપ, ઉશીનર, એ ગામની સ્ત્રીઓ નવી કાંબળીઓ ઓઢે તેમ જેણે સિધ્ધરાજ પાસેથી યાચીને કાંમળો ઓઢેલો, તે કારંતપ ગામની સ્ત્રીઓના દંત જેવી નિર્મલ મારી કીર્તિને પણ, મજ બેઠાં, શું હરવા ઇચ્છશે ? —૨૦

વૃજ, આલ્હુજાલ, મદ્ર, નાપિતવાસ્તુ, એ સર્વના રાજાઓ સહિત એને જો હું ફરીથી, આલ્હુજાલિકની પેઠે ન વશ કરૂં, તો હું એ ( સિધ્ધરાજ )નો બાલક શાનો ? —૨૧

કાકંટક, પાટલીપુત્ર, મલ્લવાસ્ત, એ બધા રાજાઓ સહિત બલ્લાલે શિયાળવાની પેઠે, ઉંઘ પણ તજીને, જે ઉદ્યોગ આરંભ્યો છે તેને પણ પૂરો પડવાને હું સમર્થ છું—૨૨

સાંકાશ્ય, ફાલ્ગુનીવહ, નાંદીપુર, એમના ભૃત્યરાજાઓ સહિત, રાજાએ, બલ્લાલ તરફ, પછી વાતાનુપ્રસ્થના રાજા સહિત દંડપતિ ( ૩ ) ને જવા આજ્ઞા આપી—૨૩

ઐરાવત, અત્રિસાર, દર્વિ, સ્થલ, ધૂમ, ત્રિગર્ત, ગર્ત, આદિના નૃપો સહિત, રાજા પોતે શત્રુ તરફ ચાલ્યો—૨૪

---

( ૧ ) કાશીના લોક બહુ માયા છલ કપટવાળા થાયછે માટે કાશિકી વૃત્તિ તે અંદર કપટ ને ઉપર સફાઈ તેને કહેછે એમ ટીકાકાર.

( ૨ ) ચૈદિકી એટલે ચેદિદેશના લોકનાં ભક્તિ, વિનય, પણ તેવાંજ; એમ ટીકાકાર.

( ૩ ) સેનાપતિ, તે કાક એ નામનો દ્વિજ, તેને, એમ ટીકાકાર.

કુલ ગામના શ્રેષ્ઠ અશ્વારો, હાથમાં ચાબુક લઇને ઘોડાને, જેમ સમુદ્રમાં તરવામાં કુશલ ખારવા સમુદ્રમાંના નાવને હાથમાં હલેસાં લઇ દોડાવેછે, તેમ દોડાવતા, ચૌલુક્યની પાછળ ચાલ્યા—૨૫

શત્રુ પક્ષના કાંડાગન, પિખલ, કચ્છ, ઈંદુવક, એ દેશના, ચારોએ, નગરવાસી જેવા ચતુર છતાં પણ, બુદ્ધિથી અતિશય ચતુર એવા એની માયાના ખેલથી, તે ક્યારે ઉપડયો તે પણ જાણ્યું નહિ—૨૬

ચક્રવર્ત દેશના રાજાએ જેને છત્ર ધર્યું છે એવા એની, અરણ્યના માર્ગમાં, અરણ્યના ન્યાય અને વિહારમાં દક્ષ એવા, તથા મ્હોટા અરણ્યગજ જેવા બલિષ્ઠ, અરણ્યવાસીઓએ, સેવા કરી—૨૭

આરણ્યક જાણનારા, ને પાપ રૂપી અરણ્યનાં કરીષને દાવાગ્નિ જેવા, મુનિઓ એ, અરણ્યનાં છાણાં જેવા શત્રુના અગ્નિરૂપ, એને, અરણ્યના માર્ગમાં જતાં, આશિર્વાદ આપ્યો—૨૮

યુગંધર અને કુરુ દેશની સેનાના મળવાથી, એની પ્રૌઢ સેના, અરણ્યની કોઇ હાથણી નાની નાની અનેક હાથણીઓથી શોભે, તેમ રસ્તામાં શોભી—૨૯

યુગંધરના પદાતિ સહિત, અને કુરુ દેશના અશ્વો સહિત, સાલ્વ દેશના પદાતિ, સાલ્વ દેશમાં ગાયો પાળવામાં અને યવાગૂ રાંધવામાં કુશલ એવા સાલ્વ દેશના મનુષ્યોના પરિવાર સહિત, એને બહુ ખુશી પેદા કરવાવાળા થયા—૩૦

એની આજ્ઞાને તાબે થઇ, કચ્છ વાસીઓ કચ્છના પ્રસિધ્ધ બળદોને ખાંધે તણાતા, અને સિંધુ દેશના વાસીઓ તે દેશના ઉત્તમ ઘોડા ઉપર જતા, પરસ્પરને અથડાતા સતા પણ પરસ્પર ઉપર કોપ કરતા નથી—૩૧

ઇક્ષ્વાકુ, શ્રૃગાલગર્ત, આશ્વત્થિક, કટકર્તક, દાક્ષિ-હ્રદ, દાક્ષિકંથા, આયમુખ, એ સર્વના ( રાજાઓનાં સૈન્યથી ) કુમારપાલનું સૈન્ય વિપુલ થતું ચાલ્યું —૩૨

દાક્ષિ નગરના નૃપોથી, દાક્ષિગ્રામના ભૃત્યોથી, દાક્ષિપલદના યોધ્ધાથી, અને પર્વતવાસને ઉચિત વેષવાળા પર્વત વાસીઓથી, યુક્ત થતો થતો એ રાજા અર્બુદાચલ ( ૧ ) આગળ આવ્યો—૩૩

કૂકણ અને પર્ણદેશના લોક જ્યાં વસે છે એવી પ્રસિદ્ધ અર્બુદ-ભૂમિનો રક્ષણ કરનાર નૃપતિનો પોતાનોજ ભૃત્ય, ને ગહ્દેશના પદાતિ સહવર્તમાન, એવો વિક્રમસિંહ નામે ભૂપતિ બોલ્યો—૩૪

પૃથ્વી મધ્યે રહેનારા, પૃથ્વી મધ્યે જન્મેલા, તથા વેણુ દેશના, એવા મુનિ અને લોકોથી વસેલો, ઉત્તરે આવેલો, આ ગિરિ, આપણા વંશનું ઉત્પત્તિ સ્થાન ( ૨ ), આપની કૃપાથી, મારે તાબે છે—૩૫

આપનો વંશ આદિકુલના જે અમે તેમનું જેમ શરણ છે, તેમ અમારા શરણ રૂપ આ સ્થાનમાં, આપની સંબંધી નહિ એવી પણ કિન્નરીઓ, આપનીજ હોય તેમ, આપનો યશ ગાયાં જાય છે—૩૬

નહિ મારા કે નહિ તમારા એવા, અમારૂં કાંઇ નથી એમ મમત્વરહિત, દ્વીપવાસી મુનિઓએ, મારી યોગ્ય ભક્તિથી પ્રસન્ન

---

( ૧ ) આબુ.

( ૨ ) કામદુધા માટે વિશ્વામિત્રની સાથે વિરોધ થતાં વસિષ્ઠે તેમને શિક્ષા કરવા જે પરમાર ( શત્રુને હણનાર ) કુલનો આદિ પુરૂષ પેદા કર્યો તે આબુ પર્વત ઉપર; એમ ટીકાકાર.

થઇ, મને, આ પર્વત શંકરાર્ધાંગનાનો ભાઇ ( ૧ ) છે એમ કહ્યું છે—૩૭

પુષ્કર દ્વીપમાંના માનુષોત્તર પર્વતને પણ ચઢે તેવા, પૂર્વાર્ધે આવેલા શિખર ઉપર, પૂર્વાર્ધમાં આવેલો પ્રસિદ્ધ વસિષ્ઠાશ્રમ છે; જેની મારા રાજ્યની પૂર્વ અને પશ્ચિમના લોક વંદના કરે છે—૩૮

પર્વતમાત્રને જેણે પોતાની શોભાથી અધમ કરી નાંખ્યા છે એવો, હિમાદ્રિનો આ ઉત્તમ દેશમાં રહેલો પુત્ર, પર અર્ધમાં થયેલાં રત્નોનાં કિરણોથી, જાણે ઉપર અને નીચેનાં વસ્ત્ર પહેરી ઉભો હોય એમ લાગે છે—૩૯

ઉત્તમ તીર્થ હોવાથી પ્રથમ ગણાયલાંમાં પણ પ્રથમ, સમુદ્રની પ્રથમ પત્ની, સરિતામાં આદ્ય, અતિ પુણ્ય, એવી મંદાકિની એના મધ્ય ભાગને પવિત્ર કરે છે—૪૦

મધ્યમ હોય, કે આત્મજ્ઞાન કે પરલોક એ સંબંધી વાતનો કેવલ અજાણ હોય, એવો પણ, આના સમાગમથી, હરકોઇ પામર, અકસ્માત્જ વાર્ષિક વૃષ્ટિ કરનાર ( ઇંદ્ર )ના દેશનો ( દેવ ) થઈ જાય—૪૧

ડાંગરના પાક વખતે આપવાના ઋણને આપીદઈ, નિશાએ કરવાનું અધ્યયન બાજુએ મૂકી, ને બ્રાહ્મણો વર્ષના છેલ્લા ભાગ ( શરદ )ના વર્ષાદથી ધોવાયલા આ અચલ ઉપર, માસિક કે અર્ધ-માસિક, યથાવિધિ, ઇંદ્રમહોત્સવ કર્યા જાયછે—૪૨

અત્ર, જનો નિર્વિઘ્ને શરદમાં કરવાનાં શ્રાદ્ધની ક્રિયા મંદાકિનીમાં કરેછે; કેમકે શરદ ઋતુનો કે તે ઋતુ વિનાના સમયમાં થતો રોગ કે તાપ અહીંનાં વનસ્પતિ અને વૃક્ષોને લીધે જાણાતો નથી—૪૩

---

( ૧ ) અર્થાત્ અર્બુદાચલ હિમાચલનો પુત્ર, એમ ટીકાકાર

પ્રદોષે ચંદ્ર ન ઉગ્યો હોય તોપણ અત્ર, ભૂત અને ભવિષ્ય જાણનારાના અશ્રમોમાં, અંધકારનો નાશ કરનારી એવી, વનૌષધિની રાત્રીએ ખીલેલી પ્રભા પ્રદોષ સમયના દીપનું કામ કરેછે—૪૪

વૃદ્ધોમાં વૃદ્ધ થતા, પહોર જન્મેલાં એવાં બાલકોમાં બાલક થતા, ને પરારના એવા તરુણોમાં તરુણ તથા, એવા સિદ્ધલોક, અત્ર વિચિત્ર રૂપ ધારણ કરી શોભા પામતા, ખેલેછે—૪૫

પરારનાં આમ્ર વૃક્ષો મધ્યે, જૂની કે તેથી જૂની એવી સુરાપી-તા ચારણ લોક, આપના પ્રાચીન વંશજોને, જાણે તે હવણાંનાજ હોય એમ, અત્ર સ્તવેછે—૪૬

પૂર્વાહ્ણ કે અપરાહ્ણનો સૂર્ય વૃક્ષોથી જણાતો નથી, ત્યારે મુનીંદ્રો ઉભય સંધ્યાને માત્ર સ્વરસ્વરૂપ ઉપરથીજ જાણીલેછે—૪૭

ચિરકાલના અચલેશ્વરની પ્રાતઃકાલની પૂજા, પ્રભાતે ભેગાં કરેલાં ખીલેલાં વિવિધ પુષ્પોથી, અત્ર કરાયછે—૪૮

શરીરને સંધ્યોપરાગ જેવું જાણનારા, અને પરમ પદ શોધનારા, જનોનાં તપ, અત્ર, ગ્રીષ્મદિવસ જેવાં દીર્ઘ છતાં પણ પોષ માસમાં કર્યાં હોય તેમ સત્વર સિદ્ધિ આપનારાં થાયછે—૪૯

વાર્ષિક પૂજાના ફલની ઇચ્છાથી, ઋષભદેના વાર્ષિકો(૧) ત્સવના પર્વ ઉપર, હેમંત રાત્રી જેવી ગુરુ ભક્તિવાળા, ને હેમંતના દિવસની પેઠે પાપના ક્ષયવાળા, કોણ અત્ર આવતા નથી ?—૫૦

વર્ષાદના સમયનો હોય, કે હેમંતનો હોય, એવો અત્રે વાતો, અને સિંહના શરીર ઉપરનાં રુંઆંને ઉરાડતો, વાયુ, સિંહચર્મનાં ઓઢણાં ઓઢેલી શબરાંગનાના સમૂહે સેવાયછે—૫૧

---

( ૧ ) ચૈત્ર કૃષ્ણાષ્ટમી તે તેનો જન્મ દિવસ છે એમ ટીકાકાર.

જ્યાં અર્થ અને પુણ્ય ઉભય દુષ્કર કે દુર્લભ નથી એવા આ સ્થાનમાં અશ્વત્થામા, કે એમના સંબંધીઓ વિના બીજા કોઇ ઋષિઓ, કોઇપણ, મથુરામાંના યજ્ઞાદિથી થયેલી દ્રવ્યપ્રાપ્તિ, કે ઉત્સ દેશનાં તીર્થથી પ્રાપ્ત થતું પુણ્ય, કશાને સંભારતા નથી—૫૨

અત્ર પથ્થર શોધનારને, ધૂતકારને, ચિત્રકારને, માર્ગ બતાવનારા કિરાતલોક, નદીમાં તરવા તારવાથી પ્રાપ્તકરેલાને જેમ નદી તરનારા, કે રાજ્યના રક્ષણથી પ્રાપ્ત કરેલાને રાજકીયો વખાણે, તેમ પ્રસિદ્ધ રત્નખાણોને તેમના આગળ વખાણે છે—૫૩

અત્ર સિંધુકા, અપાત્કરિકા, અપકર્યા, સૈંધવી, ઇત્યાદિ દેવીયુક્ત અપ્સરાઓ, સુઘ્ર દેશના મુર્ગુ અથવા દર્ભમાં જેમ વર્ષાકાલની વૃષ્ટિ દીપેછે, તેમ દીપી રહેછે—૫૪

પૂર્વાન્હક અપરાન્હ સાથે, પ્રદોશક અવસ્કરક અને આર્દ્રકસાથે, વત્કુ અમાવાસ્યક, પંપક, અમાવાસ્ય, એમની સાથે સુર અને મૂલક, એમ અત્ર ખેલેછે—૫૫ ( ? )

અત્ર, આષાઢીદેવી આષાઢદેવને ઇચ્છેછે, ફાલ્ગુની આષાઢીય દેવને ઇચ્છેછે, શ્રાવિષ્ઠી અનુરાધાને પામેછે, ને શ્રાવિષ્ઠીય ફાલ્ગુનને પામેછે—૫૬ ( ? )

સ્વાતિ વિશાખા અને હસ્તસહિત પ્રસિદ્ધ પુષ્ય, રૈવત સહિત, તિષ્ય અને પુનર્વસુ, રૌહિણસહિત રેવત અને રોહિણ, ચૈત્રસહિત ચિત્ર, એમ ખચરો અત્ર રમેછે—૫૭

ચિત્રા, રેવતી, રોહિણી, મઘા, એ અશ્વિન, કૃત્તિકા, કાર્તિક, (એમાં જન્મેલા ( ? ) તેમ ગોસ્થાન, ગોશાલક, વત્સશાલ, ખરશાલ, એ રાજાઓ વિજયી થયા—૫૮

પ્રસિદ્ધ વાત્સશાલરાજા, પોતાનાં ભાંડુ સહિત, ગુપ્તરીતે આ

ઉમાસહોદર ઉપર, કલાપક ( ૧ ), અશ્વત્થક કે માસિક ઋણનીપેઠે લક્ષ્મીદેવીને પૂજા સમર્પવા, આવ્યો—૫૯

અખિલ ધાતુની ખાણ એવા આ પર્વતની પાસે રહેનારાંને ગ્રીષ્મદેય, યવને ફુંડાં આવે ત્યારે દેવાનું, ઉમાવ્યાસમાં આપવાનું, આવર્ષ આપવાનું કે આવતે વર્ષ આપવાનું, એવું કોઇ પ્રકારનું ઋણ નથી—૬૦

વર્ષ પછી આપવાનું કે આગ્રહાયણમાં આપવાનું એ( દેવીનું ) ઋણ આપનારા લોક, સાંવત્સરિક ફલ આપનારી લક્ષ્મીદેવીની પાસે આવીને, પર્વદિવસે સાંવત્સરિકનું ઋણ આપી ઉત્સવ કરેછે—૬૧

એ પર્વની પેઠે સાંવત્સરિક ઋણ રૂપે મને ફલ આપનારો, તથા જેણે આગ્રહાયણમાં આપવા ઋણ આપી દીધું છે એવો, શરદ્‌માં પાકેલી શાલિથી ને શરદ્‌માં રોપેલા યવથી, એની પાસે આવેલો દેશ સારો શોભી રહ્યો છે—૬૨

હેમંતને અનુકૂલ વસ્ત્ર પેહેરેલા, અશ્વયુજી પૂર્ણમાસીએ કે વસંતમાં કે બીજે વખતે રોપેલા પાકથી સમૃદ્ધિમાન્ થયેલા, આમ ગામડીઆ, અત્ર તમને, કુંદલતાની પાસેથી જુએ છે—૬૩

ગ્રીષ્મકાલ અને વર્ષાકાલની સસ્યભૂમિનો, નિશાએ પાઠકરતા વિપ્ર અને નિશાએ આરડતાં હરણોનો, જે તફાવત છે તેજ તફાવત આશૈલ અને બીજા શૈલો વચ્ચે, રાષ્ટ્રિદેશના મુખીઓ કહે છે—૬૪

---

( ૧ ) જે કાલમાં મોર, શાલિ, અને શેલડી ઉપર છોગલાં ( કલાપ ) આવે તે કાલે આપવાનું ઋણ, એમજ જ્યારે અશ્વત્થ ફલે તે કાલે આપવાનું ઋણ, માસે આપવાનું ઋણ ઇત્યાદિ.

વિષ્ણુપાદોદકી જેવી પર્વતની મધ્યે આવેલી, જેની મધ્યે અંબુજઅને કૈરવ થયેલાં એવી, આ પ્રત્યક્ષ, વર્ણાસા નામની ( ૧ ) અરજ સ્વલા જેવી સેવ્ય, નદી આવેલી છે—૬૫

એમાંના જલૌઘના તરંગ, વચમાં આવેલા પથ્થરોને અથડાઇ, કવચિત્ વીટીઓ જેવાં થઇ જાયછે, કહીં ટવર્ગીય જેવા થઇ જાયછે, કહીં જિવ્હામૂલીય જેવા થઇ જાયછે—૬૬

ઐરાવત જેવા હાથીવાળી અને ઉચ્ચૈઃશ્રવા જેવા અશ્વવાળી, તમારી સેના, જ્યાં કશો મલ નથી એવા પવિત્ર, અને જ્યાં ઘટ તથા મસકોના શબ્દ થાયછે એવા સુપેય, આ નદીના તટ ઉપર વિશ્રામ કરો—૬૭

આપવતની કૂખમાં ઊગેલાં વૃક્ષો સર્પજેવી લાંબી સુંઢોવાળા હસ્તીને ગળે બાંધેલા દોરને બાંધવાનાં, અને કુંભસ્થલના ઘસવાથી શાખાઓને લાલ જણાવવાવાળાં થાઓ—૬૮

શ્રીલક્ષ્મીના કંઠના હાર! ગાંભીર્યયુક્ત મનવાળા! ચાતુર્માસ્યાદિ કરનારના રક્ષક! ક્ષિતિપોમાં વિષ્ણુરૂપ! દેવજેવા તમારા અત્ર રહેવાથી આ દિવસ ચતુર્માસની પૂર્ણિમાઓના જેવો પર્વ (ઉત્સવ)-નો દિવસ થાઓ—૬૯

આજ રસ્તામાંજ આવેલાં ગિરિ ઉપર મુખ્ય એવાં ઉત્તમ ગૃહોમાં, અંતઃપુરમાં રહોછો તેમ, રહી, તથા અમારા અતિ વિદ્યા-કૂશલ એવા બ્રાહ્મણોનો આશિર્વાદ લઇ, આપ વિજયાર્થે જજો —૭૦

સેના તટ ઉપર પડી, ને આજાનુબાહુરાજા, કર્ણ સુધી લાંબી

---

( ૧ ) બનાસ એમ ટીકાકાર.

તથા અવિકૃત હોવાથી ઋજુ દષ્ટિવાળી એવી આંખોથી, ગામની સમીપની ધાન્યપૂર્ણ ભૂમિને કોઇ રક્ષે, તેમ ચો તરફ રક્ષા કરતો, ત્યાંજ રહ્યો—૭૧

નીવીએ બાંધેલી ઢીલી પુષ્પમાલથી રમવાને ઉત્સુક એવા એના અંતઃપુર લોક ( રાણીઓ ) ને જાણીનેજ જાણે, પર્વતના કર્ણાભૂષણ રૂપ વનસમૂહમાં, તેમને લલાટાભૂષણની પેઠે શોભાવતો, વસંતાદિ ઋતુ સમૂહ પ્રકટ થયો—૭૨

ઋચા ગ્રંથમાં, પાંચ હોતૃગ્રંથમાં, તર્ક, આખ્યાત સંહિતા, આદિ ગ્રંથમાં, તેમ વાજપેય ગ્રંથમાં, મુનિઓને, નવચૂતમત્ત કોકિલ, કુજતો સતો, વિઘ્નરૂપ થયો—૭૩

વસિષ્ઠે કરેલા અધ્યાયમાંની પુરોડાશિકાટીકા તથા કેવલ પુરોડાશ સંબંધી પુરોડાશકાટીકા તે તમે હવણાં વેગળાં બેસો, કેમકે આ તો આત્માયોનિ કામદેવનો સમય મુનિઓમાં પ્રવર્તેછે એમ જાણે વસંત અલિનાદથી કહેછે—૭૪

છંદ, શિક્ષા, ઋગયન, રૈદ્રાશિક (?) કશું પણ ઔત્સના શિષ્યો ગાતા નથી, ને પૈતૃક તથા આચાર્યકથી પણ અભિમુખ થઈ જઇ, બકુલોને જોતા જોતા સ્વચ્છંદે વિહરેછે—૭૫

પિતાની દુકાનના સુવર્ણથી વાણીયા, પૈતક અને હોતૃક મંત્રોથી બ્રાહ્મણ, તેમ પુષ્પોથી અશોક, શોભવા લાગ્યાં, ને તીર્થના વાયુથી, દારૂ પીધેલાની પેઠે, નાચવા લાગ્યાં—૭૬

બ્રાહ્મણને યોગ્ય, વિદઋષિએ કહેલો, એવો સન્માર્ગ તજી અબ્રાહ્મણ માર્ગમાં દોરી જતી માધવી, વિકાસ પામેલાં પુષ્પોથી, હે બ્રાહ્મણો ! હું આવી છું તે સમયે તમારી ક્રિયા ક્યાં ગઇ એમ જાણે હાસી કરે છે—૭૭

પાપીની પેઠે, પાપમયને પણ અપાપમય ફલ જાણનારો અનંગ, જેમ ઐરાવત સ્વર્ગંગાના તટને તોડે છે, તેમ નિઃશંક થઇ, જવાનોનાં હૃદયને ભેદે છે—૭૮

વૈડૂર્યમણિ જેવું લીલું કદલીગૃહ, તેમાંથી આવતો વાયુ, કદલીપુંજ આસન, નદીનું જલ, સૌધ્ર સ્ત્રીના દંત જેવી સ્વચ્છ નવ માલિકા, એ, નિદાઘમાં સેવવા યોગ્ય થયાં—૭૯

અત્ર હલહાકનારા, હલ હાકનારાની સભામાં બેશી સામિધેની ઋક્ જાણતા બ્રાહ્મણોના ચાળાપાડી, મલ્લિકા પુષ્પ સુંઘતા સુંઘતા, કુરુ અને વૃષ્ણિના વિવાહની, તેમ શ્વાન અને વરાહના યુદ્ધની કથાઓ ઝટ પટ કરતા ગપ્પાં મારે છે—૮૦

દેવને અસુરના વૈરની પેઠે નિતાન્ત અપ્રશાન્ત, કે દેવપ્રતિ રાક્ષસ જેવો, અને ( ભ્રૂ ) નાટ્યાદિ ન જાણનારને પણ, હાથમાં પાટલચાપયષ્ટિ લઇ, ( તે ) શીખવતો, આ ઋતુના પ્રાદુર્ભાવ સાથે જ, અનંગ પણ પ્રાદુર્ભાવ પામ્યો—૮૧

દંડ ધારણ કરી રક્ષા કરતા અને શિક્ષા પામવા માટે ત્યાં રહેતા એવા, કણ્વ ઋષિના સંબંધીઓ, છંદોગ, યાજ્ઞિક, બહ્વૃચ, ઐાતિસક, આથર્વણિક, કાઠ, સર્વ ધર્મવચનને દૂર મૂકી, એ ઋતુમાં શિરીષ પુષ્પોથી માલા ગુંથવા લાગ્યા—૮૨

આ કચનમય કેતકવન ફુલ્યું છે તે શું, ચુલુકેશ્વરને, દાક્ષી, રૈવતિક, ગૌરગ્રીવા, કૌપિંજલ, એ આદિ ઋષિઓની ભેટછે (?)—૮૩

વાયુએ કરીને આ ઋતુમાં ચો તરફ ઉડી છવાઇ રહેલા પરાગને લીધે, વિદ, ગર્ગ, દાક્ષિ, હસ્તિપદ, ઇત્યાદિનાં સંઘ તથા ઘોષ તેમાં, તેને તેને વિદ ગાર્ગ દાક્ષિ કે હસ્તિપદ જણાવનારાં જે ચિન્હ, તે જણાતાં નથી—૮૪

શાકલોનાં ચિન્હોથી જેમ શાકલોના સંઘ તથા ઘોષ જણાયછે, કે શાકલ નહિ એવા બીજાના તેમનાં ચિન્હોથી જણાયછે, તેમ, હવે નીપવૃક્ષોથી કરીને આગ્નીધ્રોએ વર્ષાકાલ આવ્યો એમ જાણ્યું —૮૫

પ્રસિધ્ધ કેતક, નવકંદલી, અને પૂર્વનો પવન, એ મનોભવના રથના ડાંડાને ઠામે, રથના ધૂસરાને ઠામે, ને એક બે કે ત્રણ રથી તાણી જાય એવા બળવાન ઘોડાને ઠામે થયાં—૮૬

જેમ અશ્વથી જવાને રસ્તે અશ્વ જોડેલા રથનાં ચક્રથી ઉડેલી ધૂળ શોભેછે, તેમ નવ કેતકમાંથી ઉત્પન્ન થયેલો, અશ્વ સહિત રથને, પલાણને, બેસનારનાં અંગને, સર્વને ઢાંકી દેતો, તથા અભ્રને છાઇ નાખતો, રજ શોભેછે—૮૭

પાણિનીયોક્ત શાસ્ત્ર જાણતા હોય તેવા, કે મોદ, જલ, કઠ, કઠર, તિત્તિરિ, વરતંતુ, એમણે દીઠેલા, વેદ જાણતા હોય, તેમ પ્રસિધ્ધ (ઉદાત્તાદિ) સ્વર મયૂરોએ કર્યા—૮૮

ખંડિક ઉખ, વાજસનેયિ શૌનક, કે છગલિ, એમના ગ્રંથો ભણનારા જેમ મહોટેસ્વરે ભણેછે તેમ સ્વર કરતા પોતાના કંઠને લીધે ચારુ એવા હંસોથી શરદ્ પ્રકાશ યઇ—૮૯

શિલાલિપ્રોક્તનટસૂત્ર, કાશ્યપનું પુરાણ, કૈશિકનું પુરાણ, પરાશર્યપ્રોક્ત ભિક્ષુસૂત્ર, પિંગલોક્તશાસ્ત્ર, એ સર્વને ભણનારની વાણી જેમ અવદાત ( વિશુધ્ધ ) હોયછે, તેવી અવદાત ( શ્વેત ) કુમુદાલિ તુરતજ પ્રકટ થઇ—૯૦

કૃશાશ્વપ્રોક્તનટસૂત્ર ભણતાંમાં જેમ તે, કાપિલેય પ્રોક્તનટસૂત્ર ભણાતામાં તે, કર્મંદપ્રોક્તભિક્ષુસૂત્ર ભણતામાં તે, તેમ શરદૃઋતુમાં અત્ર જાતિકુસુમો શોભવા લાગ્યાં—૯૧

વરરુચિનાં સુંદર વાર્તિકોથી જેમ પાણિનીય શાસ્ત્ર, તેમ અત્ર કમલોથી, માનસસરોવરના જલ જેવું, મધ જેમને પ્રિય છે એવા નરોને ઉત્તમ મધના જેવું પીવા યોગ્ય, જલ શોભી રહ્યું—૯૨

ચર્મના બનાવેલા'ન હોય ! એવા કરંડીઆ રૂપ સર્વ બીજાં પુષ્પને તજતી લક્ષ્મી, સર્વે ચર્મમય કરંડ જેવા અંબુકોશમાં, શરદૃઋતુમાં પડી, અથવા કોણ કુંભારનું ઘડેલું મૂકીને વારુટ ( ? )માં જલ ભરે ?—૯૩

વિરિંચિના ઔરસ અને અનૌરસ પુત્રો, સુભદ્રા સંબંધી શાસ્ત્ર તથા જ્યોતિષશાસ્ત્ર જાણનારા પણ, જેના પ્રભાવનો તર્ક કરી શકતા નથી એવો હિમઋતુ, છંદાનુવર્તી સેવકની પેઠે, જલને શીત કરતો હવો—૯૪

શિશુના આક્રંદ વિષેના શાસ્ત્રને જાણનારા જેમ તે શાસ્ત્રનો, તેમ ભ્રમરો, જાણે કિરાતાર્જુનીય કે સીતાના શોધને વિષેનો ગ્રંથ તેને ગાતા હોય એમ હર્ષથી ગણગણાટ કરતા, કુંદલતાનો આશ્રય કરવા લાગ્યા —૯૫

સુઘ્નપુરભણી જનારા દૂતો, સ્રુઘ્નવાસી સેવકો સુઘ્નના માર્ગને કે સુઘ્નતરફ જવાનાં પુરદ્વારને સેવે તેમ, અત્ર પુષ્પોથી મહારાજનાં સંબંધીઓને, સૂપકારને સેવતા લોકને રોટલીના થોકથી જેમ રોટલી કરનારા તેમ સંતોષતી ઋતુઓ, સેવા કરવા પ્રકટ થઇ—૯૬

ઉત્કંઠિત હોય એવી થયેલી ઋતુઓની સેવાથી હેમંત ઋતુની નિશા જેવી વિશાલ બુદ્ધિવાળો, ગુરુ દાક્ષિ અર્જુન વાસુદેવ નકુલ મદ્ર આદિના મહિમાને ધારણ કરતો, એ ( કુમારપાલ )અંતરમાં હર્ષ પામ્યો—૯૭

## સર્ગ ૧૭.

પોતાના વલ્લભોને ઉર આગળ રાખી, સૈન્યમાંથી, વીજળી જે-વી વિલોલનારીઓ, પુષ્પ વીણવા માટે, વર્ણાસાની એક બાજુએ આ-વેલાં વનોમાં ગઇ-૧

સૌઘ્ન, કચવાર, શાંડિક, સિંધુ, વર્ણુ, આદિ સ્થાનકે કુલની સ્ત્રીઓએ બાથમાં લીધેલાં વૃક્ષો, વેલીઓથી વીટાયલાં હોય એમ શો-ભતાં હવાં—૨

સાલાતુરીય, ચાર્મતેયી, સ્તૌદેયી, એ સ્ત્રીઓએ, હૃદ્ગોલ દેશના શસ્ત્રધારીઓનાં રક્ષામાં રહી, પુષ્પ વીણ્યાં—૩

અક્ષ રમનારી હોઇ અક્ષ રમનાર પાસેથી આંકેલું જીતવાની લાલસાવાળી હોય તેમ ઉંચે રહેલાં પુષ્પોને પણ વીણવાને પ્રયત્ન કરતાં પોતાની કાખ ઉંચી કરતી કોઇકને, કોદાળી લઇ ખોદતા કેટ-લાકે બહુ અભિલાષપૂર્વક જોઇ—૪

મુર્ગ, દધિ, કુલત્થ, તિંતિડી, એનાથી બનાવેલા પદાર્થોમાંથી જેમ કોઇ કુલત્થના પદાર્થને તજે છે તેમ જૂનાં પુષ્પોને તજી, કોઇ, નવાંને લેવા લાગી—૫

કોઇએ ભ્રમરની બીહીકથી ગભરાઇ પોતાના પ્રિયને આલિંગન દઇને જેવો પ્રસન્ન કર્યો, તેવો દધિ, મુર્ગ, લવણ, કર્પૂરાદિ ચૂર્ણ, ઘૃત, એ આદિના પદાર્થથી પણ કર્યો નહિ હોય—૬

પુષ્પોપચયના શ્રમથી થયેલા કોઇ પ્રિયાના પરસેવાના જલમાં, કોઇ પ્રિયતમની દૃષ્ટિ, નાવ વિનાની, હોડી વિનાની, કે ગોળાવિનાની હોય એમ, ડૂબી—૭

હોડી અશ્વ કે હસ્તી તેના ઉપર ચઢેલાથી પણ દુષ્પ્રાપ એવા

ઊંચે રહેલા પુષ્પ માટે, પગે ચાલતા પોતાના પતિની, હે દહી ખાનારા ! એમ ઉપહાસપૂર્વક સંબોધન સહિત, કોઇએ યાચના કરી—૮

શ્વાનના ટોળા સહિત ફરતા શીકારીની દીકરી ! એમ કહીને પુષ્પ આપતા પ્રિયને પ્રહાર કરતી કોઇએ, રે શ્વાનના ટોળા સહિત ફરતા શીકારીની દીકરીના દાસ ! બહુ થયું, એમ કહ્યું—૯

અતિ કુલીન ને વિલાસયુક્ત એવી નારીઓ શું પુષ્પવલ્લીઓની લીલાને ખરીદ કરનારી છે, કે તેમને તે વેચનારી છે, કે આપનારી લેનારી બન્ને છે !—૧૦

મજૂર, લવાર, ચમાર, તથા વહીતરા, તેમની પેઠે ઝાડે ઝાડે રખડે છે એમ, થાકી ગયેલી કોઇને, પતિએ, અતિ પ્રેમથી કહ્યું—૧૧

ફુલથી પ્રહાર કરતી કોઇકને, અક્ષદ્યૂતમાં દાનકર્મમાં કે ગતિમાં તું મારાથી હારેલી તે વૈરને, આ ક્યારે વળાશે એવી ચિંતાવાળા, ઋણની પેઠે સંભારીને તું આમ કરેછે શું, એમ પતિએ કહ્યું—૧૨

કોઇક હાથમાં પુષ્પ વીણવાનો કરંડીઓ લઇને, અયાચિત એવા સહજ પ્રેમવાળા, અને નિરંતર પોતાને ઉત્સંગમાં રાખતા, એવા પ્રિયને પણ તપતો મૂકીને, નર્મક્રીડાર્થે, વૃક્ષોમાં સંતાઇ ગઇ—૧૩

મસકમાં ભરીને પાણી આણનાર પાસેથી તથા તેને મદદ કરનાર પાસેથી જલ લઇને, કોઇક કુંજની અંદર થાકી ગયેલી પોતાની સખીને, પોતેજ માર્ગ બતાવનારી થઇ, છાંટવા લાગી—૧૪

માર્ગ બતાવવાનું મિષ કરીને, જ્યાં કોઇનો પણ માર્ગ નહિ એવા કુંજમાં લઇ જઇને, કોઇકને, તેનો પ્રિય કુટિલ ભાવથી ભમાવેછે—૧૫

જલકણસહિત, મૃદુ, ને પીઠેથી આવતો એવો પવન, શ્રમથી ઢીલી થઇ ગયેલી એ સ્ત્રીઓને, સાહસિક થઇ, સ્પર્શ કરતો હવો —૧૬

પુષ્પાર્પણ સમયે શોકનું નામ દેવાઇ જવાયા છતાં પણ, એ તેમને પ્રતિકૂલ છે કે અનુકૂલ એમ કોઇક પ્રગલ્ભાનો પ્રિય સમજી શક્યો નહિ—૧૭

પતિની સન્મુખ ઉભેલી, અને પતિને અનુરક્ત, એવી એકે, સન્મુખ ઉભેલા અને અતિ અનુકૂલ એવા પતિ ઉપર નર્મ કેલિમાં પુષ્પસ્રજ નાખી—૧૮

પક્ષી હણનારા, માંછલાં પકડનારા, મૃગ ઝાલનારા, એવા પારધીઓ ને માછીઓથી ભયાનક એવા આ વનમાં, એ બીહે નહિ માટે, કોઇની પાછળ તેના અતિ ચતુર પતિ જાયછે—૧૯

માછલાં પકડનારો, પક્ષી મારનારો, ચોર, આ આપણી સન્મુખ રહ્યો એમ બીહીવરાવ્યાથી કોઇ પ્રિય, પોતાની પ્રિયાનું, આલિંગન લેછે—૨૦

પુષ્પમાલા તજેલી એવી એકને અલ્પ પુષ્પમાલ આપીને તેની પાસે, બેવડું લેવાની ટેવવાળો હોય એમ પતિ, અનલ્પ એવી મહાપુષ્પમાલા માગેછે, અહો લોભી શું વ્યાજ લેછે !—૨૧

અરે વ્યાજખાઉ ! હું કાંઇ દશ કે એકાદશ લેનારી નથી, તે તો પેલી તારી હશે તે છે; એમ કહેતી કોઇએ પોતાના પતિને પુષ્પ આપ્યાં—૨૨

કોઇ પ્રયોજનવતી, કે વિચક્ષુ, છતાં પણ લલાટ અને કંઠ આગળ ભમતા ભ્રમરનાથી ત્રાસપામી, ( તે મુખગંધથી અધિક પીડશે એમ ડરીને ) બોલતી નથી—૨૩

એક, હે પરદારગામી ! શોકના સગા ! તારી માલા મારે નથી જોયતી, જા એ મારી શોકનેજ એ પહેરાવ, એમ કહી પતિનો વિક્ષેપ કર્યો—૨૪

એક સખીને કહ્યું કે તું વિનાકારણ, આક્રંદ કરનારના શરણરૂપ સ્થાન પ્રતિ, કેમ રસ્તે દોડેછે, કેમકે તું લતા છે એમ જાણી તને ભ્રમર તજનારો નથી—૨૫

લતામધ્યે પગે ચાલનારી અને તેથી પરસેવે નહુવાઇ ગયેલી એવી એકને, તેની પાછળ જનારો, નર્મચેષ્ટાનિપુણ, તેનો પતિ "ઠીક નહાયાં છો" એમ કહેતો હવો—૨૬

પ્રાભૂતિક, વૈચિત્રિક, સૌવસ્તિક, એ આદિનાં પલ્લવોથી શય્યા રચીને તેમાં કોઇ પોતાના પતિને, આ શય્યામાં સુખે સુઓ એમ કહેતી હવી—૨૭

શબ્દ નિત્ય છે એમ વાદ કરવામાં નિત્ય લવતા મીમાંસક જેવી સપત્નીની વાત, કોઇએ, બોલતી એવી પોતાની સખીને ના બોલ એમ કહી, લતા પાછળ રહીને સાંભળી લીધી--૨૮

કુટિલ આચારવાળા, ને હવે મોં જોઇ રહેલા, એવા દર્દરિકી સાથે બેઠેલા, પોતાના પ્રિયને, લતાની અંદર જોઇ, કોઇએ લતાથીજ, ત્યાંને ત્યાં બાંધ્યો–૨૯

સેના સાથે આવેલી, પરિષદ્ સંબંધી, તથા સભામાં બેઠેલી, એવી કોઇ સ્ત્રીએ સમાજિકોને અને સૈનિકોને, ગીત અને માલાગુંથતાં, રંજન કર્યાં--૩૦

અધાર્મિક એવી પેલી દુકાનવાળીને, હે ધાર્મિક ! આ આપ, એમ, માલા અર્પતાં જેની કૂખમાંના નખક્ષત જણાઇ ગયાછે એવા પોતાના પ્રિયને એકે કહ્યું—૩૧

માલાથી હણવા ગયેલી પણ પડીજતી એવી પ્રિયાનો કેઇ ઉપહાસ કરેછે કે પુરુષ ઉપર કોમલ પણ પ્રહાર કરવામાં સ્ત્રીઓ, માહિષ જેમ શાસ્ત્રાભ્યાસમાં તેમ, કુશલ છે નહિ—૩૨

કોઇએ માલણની પેઠે વિભાગ કરીને સખીને, વનનો ઉપભોગ કર્યાના મૂલરૂપે આખા વનપ્રદેશને અતિ શોભાવતાં, માલાઓ આપી—૩૩

શલાલુ, કિસર, તગર, તેમ બીજાં ગંધદ્રવ્ય વેચનારી સ્ત્રીઓ વિલક્ષ થઇ બોલતી હવી કે અહો ! આ તો પુષ્પમાત્રથીજ સુગંધ પામી—૩૪

મર્દુક અને ઝર્ઝરના પોતાની રસનાઓથી નાદ કરતી સ્ત્રીઓ, શ્રમને લીધે, મર્દુક અને ઝર્ઝરના જેવા ઉર્મિનાદ કરતી નદીમાં નહાવા ગઇ—૩૫

તાંબૂલરક્ત અધરવાળી સ્ત્રીઓને, નદીમાં ઉગેલાં રક્તોત્પલની લક્ષ્મીની શિષ્ય, કે તેને ચોરનારી જેવી, તેમના પ્રિયોએ મૌન રહી, ધારી —૩૬

પરશુ અને યષ્ટિ સહિત એ ( ? )રોધઃ કંટક એવી નદીમાં, પરશુ અને શક્તિ ધારેલાઓએ રક્ષાયલી હોઇ પેઠી—૩૭

અભિચારપ્રયોગ કરનારા, અભિચારપ્રયોગ કરનારથી, નાસ્તિકો આસ્તિકથી, એમ, એ, જલપ્રહાર રૂપ ક્રીડા કરતા પ્રિયો સાથે જલપ્રહાર રૂપ ક્રીડાથી પ્રહાર કરવા લાગી—૩૮

દૈવ એજ પ્રમાણ એમ માનતા, એક દોષ કરતા, અગીઆર દોષ કરતા, કે કેવલ મૂર્ખ, એવા શિષ્યને જેમ ગુરુ મારેછે તેમ, એકે, ગોત્રસ્ખલન કરતા પતિને કમલથી પ્રહાર કર્યો—૩૯

કાંતાના ભ્રૂલાસ્યના બાર પ્રકારના વિશેષ દર્શાવતા તરંગોથી સૈનિકો, રાજાના આગળ, ભોજન આપવું એવી આજ્ઞાથી મોદકપ્રિયજનો જેમ હર્ષ પામે તેમ, હર્ષ પામ્યા—૪૦

માંસોદન ખાનારીને જેમ યવાગૂના પથ્ય ઉપર રહેનારી નથી મળતી, કે યવાગૂ ઉપર રહેનારીને માંસોદન ખાનારી નથી મળતી, તેમ જલમાં પણ નારીઓ સપત્નીને મળી નહિ.

રે ભાત ખાનાર ! ભાત ન ખાતો હોય તેમ, ને રે ભાતખાનારી ભાત ખાતી હોય તેમ, જલપ્રહાર થતાં શા માટે કંપે છે, એમ દંપતિ પરસ્પરને કહે છે—૪૨

બ્રાહ્મણો જેમ નવાન્નથી, કે હવીર્વિશેષથી, જ્યાં યજ્ઞ કરાય તેવી ભૂમિમાં ઇચ્છા પ્રમાણે ફરે છે, તેમ સ્ત્રીઓ નદીમાં તરનારાની સાહાય્યથી, યથેચ્છ, નદીમાં ફરી—૪૩

સ્મરાયુધના આગારરૂપ સ્ત્રીઓના, સ્મરાયુધના પ્રહાર જેવા જલપ્રવાહથી, જુવાનીઆઓ, સંધ્યા સમયે કે શુચિપ્રદેશમાંજ ભણનારા જેમ કાંઇ વિઘ્નથી મૂર્છા પામે, તેમ મૂર્છા પામી ગયા—૪૪

વૃક્ષમૂલે બેઠેલી સખીને અહો તું પાસેજ જણાય છે, એમ કહીને એકે જલમાં ખેંચીને નાખી—૪૫

પોતાનાં નયનમાં જલ છાંટતા પતિને કોઇ વિશાલાક્ષિએ કહ્યું કે તું તે શું લુહારની દુકાનમાં રહેલો છે, કે ગાયો ચારનારો છે ? —૪૬

કોઇ વાંશકઠિનિકી (?) જલાઘાત કરવામાં પ્રિય કરતાં પણ, જેમ એક ચાંદ્રાયણ કરનારથી બે ચાંદ્રાયણ કરનાર થાય, તેમ અધિક થઇ—૪૭

બ્રહ્મચર્ય પાળી ઋચાઓ ભણનારના જેવી પ્રભાવાળો બ્રહ્મચારી

ગોદાન કરવા પર્યંત, જેમ બ્રહ્મચર્યને ધારણ કરે છે, તેમ, બે શૂર્પથી ખરીદેલા હારને (જલમાં) નાખીને, બૂડી જતી પ્રિયાને કોઇએ ધરી રાખી—૪૮

જન્મથીજ બ્રહ્મચારી, મહાવ્રતી ( ૧ ), અડતાળીશ વર્ષ બ્રહ્મચર્યપાળનાર ( ૨ ), કે ચાતુર્માસ્ય યજ્ઞાદિ કરનાર, એવા તમે છો કે શું એમ કહીને એકે તટ ઉપર બેઠેલાને જલ છાંટ્યું—૪૯

પરસ્પર સંબંધ નિરંતર રહે માટે, આ શું ચાતુર્માસિક છે, કે આ શું અષ્ટાચત્વારિંશિ છે, એમ, કોઇ દંપતિ વિષે જલકેલિસમયે લોકો તર્ક કરતા હવા—૫૦

એક યોજનથી કે સો યોજનથી કે સો કોશથી જેને જોવા પૂજવા લોક આવે એવી નદીએ, એક અથવા સો યોજન કે કોશસુધી વિજયાર્થે ફરતી ઉત્કંઠિત સેનાને પોતાની સધર્મિણી ગણી, ઉર્મિ વડે આલિંગન દીધું—૫૧

ચાલવાની ટેવથી શ્રમરહિત એવા વટેમાર્ગુને હસે, કે જલવાળા પ્રદેશથી જનારા મરુભૂમિમાંથી થાકીને તરસ્યા ફરતાને હસે, તેમ ન થાકેલાં એવાં જુવાન થાકેલાંને હસવા લાગ્યાં—૫૨

વર્ષાના સમયમાં સ્થલમાર્ગથી, બકરાંના માર્ગથી શંકુસ્થાનથી, આવેલા જલવડે જેમ થાય, તેમ સ્ત્રી પુરુષોનાં વિગાહનથી નદીનું જલ તે સમયે તટની બહાર ઉભરાઇ ચાલ્યુ—૫૩

---

( ૧ ) દેશકાલાદિ કાંઇ પણ બંધન વિના સર્વત્ર સર્વથા પાળવાનું વ્રત તે મહાવ્રત એમ પાંતંજલ સૂત્રમાં છે, એમ ટીકાકાર.

( ૨ ) વેદે વેદે બાર એમ ટીકાકાર.

ઉત્તરપથિક અને કાંતારપથિક એવી જે નદી તે વિવિધ જલક્રીડા કરતાં દંપતિઓને લીધે મતીપ વહેતી સતી શોભી રહી —૫૪

જેમ સ્થલમાર્ગે આણેલાં મધુક અને મરિચનું શુલ્ક શૌલ્કિક લેછે, તેમ કાંતે ખોદેલાં પદ્મોમાંથી કોઇએ અબ્જ ખેંચી લીધાં—૫૫

તુરાયણ કરવાવાળા (૧), તથા એજ સ્થાનમાં રહેવા વાળા, એવા મુનિઓને પણ, સુંદર ભ્રુકુટી વાળી સ્ત્રીઓનાં મુખ, કમલ વનમાં, સંશય પેદા કરનારાં થઇ પડયાં—૫૬

આલિંગન કરનારી એવી કોઇએ પ્રિયના કંઠમાં, કુસુમાયુધના સંગ્રામ માટે ચઢાવેલા ધનુષ્ જેવી પદ્મમાલા નાખી—૫૭

અગ્નિષ્ઠોમ માટે કાઢેલા દ્રવ્યથી અગ્નિષ્ઠોમિકી દક્ષિણા આપીને જેમ યજમાન કરેછે તેમ, નક્રથી બીહીનેલી એકે, રાત્રીએ, આલિંગનથી પ્રિયને ખુશી કર્યો—૫૮

કર્ણપૂર વિનાના મુખવાળી એ, પ્રિયને હાથે અપાયલા જેવા તેવા પણ અંબુજના અવતંસથી, નિત્ય પ્રાતઃ જેવા આણવામાં આવતા તેથી શોભે, તેવી શોભી રહી—૫૯

વેશ્યાના સંગી એવા પતિને સ્પષ્ટ વેશ્યાનખક્ષતવાળો જોઇ, રે દુરાચારી ! એમ કહેતી કોઇ પતિવ્રતાએ કમલોથી પ્રહાર કર્યો—૬૦

જે માનનો એકમાસની સેવાથી એક માસે પ્રસાદ થાય, તે એકજ દિવસની જલક્રીડાથી ટાળીને, કોઇએ, સુંદર ભમરવાળી ઉપર જય પ્રાપ્ત કર્યો—૬૧

---

( ૧ ) યાગ વિશેષ એમ ટીકાકાર.

કોઇકની માસિક પગાર ખાનારી દાસીઓ, તથા માસ સુધી સાથે રહેનારી સખીઓ, તેમણે માસ પર્યંત થયેલી તથા હવે થવાની સર્વ ક્રીડાને જલક્રીડા આગળ તુચ્છ ગણી કાઢી—૬૨

છ માસ સુધીનાં દંપતિઓનાં મિત્ર અને સખી, તથા છ માસલગી પગારે બંધાયલાં દંપતિઓનાં ભૃત્ય અને દાસી, તેમણે પણ જલ ચ્છટાનો લહાવો લીધો—૬૩

એક વર્ષનાં મીનથી ત્રાસ પામેલી, છ માસના હરણ જેવાં લોલ લોચનવાળી, એક બે વર્ષનું કે બે દિવસનું બાલક હોય તેમ સંકોચ પામી, પ્રિયની સોડમાં ભરાઇ ગઇ—૬૪

બે દિવસના કે ત્રણ રાત્રીના પણ પ્રિયના અપરાધને, તે છેક બે વર્ષનો જૂનો હોય તેમ, કોઇક જલક્રીડામાં, બે વર્ષનો જૂનો દારુ પીનારની પેઠે ભૂલી ગઇ—૬૫

પતિને બીજી તરફ છાંટતો જોઇને, બે વર્ષ થયાં ભાર્યા થએલી એવી કોઇક, બે વર્ષના પ્રેમને પણ બે રાતનોજ હોય એમ તજી બેઠી—૬૬

બે વર્ષ ના કે ત્રણ વર્ષના પદ્મકંદ આપતી કોઇ, બે વર્ષના બે માસના કે એક માસના એવા હંસો સાથે રમી—૬૭

માસ કે છ માસનાં મીનને ધ્યાનમાં રાખીને, છ માસનો બક જેવો માયા રચીને બેશી રહ્યો છે, તેવો તું છે, એમ કોઇએ પોતાના શઠ પતિને કહ્યું—૬૮

એક, તટસ્થનો ઉપહાસ કરવા લાગી કે અરે! એક માસના બ્રહ્મચારીના જેવું તારૂં માસનું બ્રહ્મચર્ય છે, કે તું છ માસના બાલક જેવો મુગ્ધ છે, ( જે તને જલક્રીડા આવડતી નથી )—૬૯

પરસ્પરને છાંટવાના ઉપયોગમાં આવેલાં તથા શ્રમને હરનારાં એવાં જલથી નદીએ, આ પ્રમાણે ચૌલ ઉત્સવ કે શ્રાધ્ધ સમારંભની પેઠે, સ્ત્રીઓને ખુશ કરી—૭૦

બાહુ રૂપી રવૈયાથી જલને વલોવી, ક્ષોભ પામતા સન્યાસીઓએ પણ જોવાયલી, કામને સન્મુખ કરી જાગ્રત્ કરનારી, સ્ત્રીઓ તટ ઉપર આવી—૭૧

સુરત કરાવી પ્રિયની ઇચ્છા પૂરનારી એ, પછી, હાથણી અને અશ્વ ઉપર ચઢીને પોતપોતાને સ્થાને ગઇ—૭૨

દિવસની સમાપ્તિ કરીને, એટલામાં, સ્વર્ગ કામનાવાળા, કામ્ય ફલ ઇચ્છનારા, સ્વસ્તિવાચન કરનારા, શાંતિવાચન કરનારા, સર્વેથી, સ્તવાયલો રવિ, પશ્ચિમ દિશાએ ગયો—૭૩

( સંધ્યા ) સમયના રાગથી આકાશ, ઋતુનાં પલ્લવોથી રક્ત થયેલી લતા જેવું; અને અંધકારથી ગળાઇ જતાં, ભ્રમરોથી ઢંકાયલી લતા જેવું, થઇ રહ્યું—૭૪

અનેક કાલનું વેર ધારણ કરતા અને કાલે અને અકાલે નડતા, દૈત્યોને હણનાર સૂર્યને, વીશ કે ત્રીશ રૂપીઆનાં પાત્રોથી કોણે અર્ધ્ય ન આપ્યા ? —૭૫

ત્રીશનું હશે, કે વીશનું હશે, કે બહુનું હશે, કે કેટલાનું હશે, એમ મુગ્ધાઓ જે સંધ્યારાગ રૂપી કસુંબાથી રંગેલા વસ્ત્ર વિષે તર્ક કરેછે, તેને પશ્ચિમદિશાએ ધારણ કર્યું —૭૬

પચાસનું, સાઠનું, સીત્તેરનું, સોનું, કે સોથી પણ વધારેનું, એવું લૂગડું વાસકસજ્જા નાયિકાઓએ ક્ષણ ક્ષણે પહેર્યું—૭૭

શતશ્લોકમય સ્તોત્રોથી સ્તવાયલા છતાં પણ, જેવું તેવું નહિ એવું અંબર ( ૧ ), રવિએ, ભયભીતની પેઠે, તજ્યું—૭૮

રૂપ્યથી, કાર્ષાપણથી, કે કાંચનથી, કે એમના અર્ધપલથી, લીધેલાં આ મુક્તાફલો છે શું ? એમ જેના વિષે તર્ક થાયછે એવા તારા આકાશમાં ઉગ્યા—૭૯

અર્ધકંસ કે અર્ધ ( ૨ )કર્ષ, અર્ધો રૂપીઓ, કે કંસ કે સહસ્ર રૂપીઆ, કે શતમાન ભૂમિ, એવું આપીને લીધેલા દીપકો, સ્ત્રીઓએ કર્યા—૮૦

શૂર્પથી ખરીદેલા કરતાં પણ અધિક, શૂર્પથી ખરીદેલું, વસ્ત્રથી ખરીદેલું, વીશનું, બેવીશનું, સર્વ અંધકારે એકાકાર કરી નાખ્યું —૮૧

પાંચ લોહિતિકાથી ( ૩ ) માપવા યોગ્ય નીલ અંધકાર તે, બે શૂર્પથી ખરીદેલું, બે કંસથી ખરીદેલું, બે સાઠથી ખરીદેલું, એવું નિશાનું વસ્ત્ર છે એમ ધરાયું—૮૨

બે હઝાર કે ત્રણ હઝારના ઘોડા ઉપર ચઢીને, બે સુવર્ણ ( ૪ ) કેત્રણ સુવર્ણ નાં વસ્ત્રવાળી અભિસારિકાઓ, સત્વર ચાલી—૮૩

બે ત્રણ કે બહુનિષ્ક અથવા વિસ્તના ( ૫ ) ઉત્તમ ગંધદ્રવ્યને, બે કાર્ષાપણ કે પંચ કાર્ષાપણ જેટલાં, સ્ત્રીઓએ વાટચાં—૮૪

---

( ૧ ) અંબર એટલે વસ્ત્ર એ અર્થથી વિરોધ અને અંબર એટલે રવિપક્ષે આકાશ, ને ભયભીત પક્ષે વસ્ત્ર, એ અર્થથી વિરોધપરિહાર.

( ૨ ) કંસ અને કર્ષ એ સુવર્ણ માપવાનાં માપ છે એમ ટીકાકાર.
( ૩ ) માન વિશેષ એમ ટીકાકાર. ૪ મહોર. ૫ નિષ્ક=૧૦૮ સુવર્ણપલ; વિસ્ત એ સુવર્ણનુ માનવિશેષ એમટીકાકાર.

બે ત્રણ કે બહુ નિષ્કના, કેવિસ્તના, કે બસો બસોના, કે ત્રણ ત્રણસોના, એવા રત્ન દીપ હોય તેવી આષધિઓ પર્વત ઉપર દીપી રહી—૮૫

અર્ધશાણથી ( ૧ ) લીધેલી, બેશાણથી પાંચશાણથી લીધેલી હોય, એવી મહોટી સરેણ જેવી રાત્રી નક્ષત્ર રૂપી શસ્ત્રોને બહુ સારી દીપાવનારી થઇ—૮૬

બે શાણની વસ્તુ બે શાણવાળા પાસે, ત્રણની ત્રણવાળા પાસે, કે બે અથવા વધારે પણ, પાદ, કે માષ ( ૨ ) તેની વસ્તુ તે તેવાળા પાસે, ભાસે, તેમ અંધકાર આકાશમાં દીપવા લાગ્યું—૮૭

બે કાકણી ( ૩ ), છખારી, એક પ્રસ્થ, ઇત્યાદિથી લીધેલી વસ્તુઓનું અંતર લોક જેમ જાણેછે તેમ તારાનું પણ, મગના ક્ષેત્રજેવા કાળા આકાશમાં જાણતા હવા—૮૮

પ્રદોષ, વાતપિત્ત શ્લેષ્મ સન્નિપાત આદિ દોષ, અવિયોગીના શમાવવાથી તેમને પ્રિય, અને વિયોગીના વધારવાથી તેમને અપ્રિય, થયો—૮૯

શુભ શકુનની પેઠે પુત્ર અને ધનની ઇચ્છાવાળી હોઇ પતિનો યોગ ઇચ્છતી કુલવધૂઓએ પણ શણગાર સજ્યા, અથવા પુત્ર અને ધનની ઇચ્છા કોને નથી હોતી?—૯૦

કેવલ બ્રહ્મવર્ચસ પતિનો સતત યોગજ ઇચ્છી, અશ્વ, ઉર્ણા,

---

( ૧ ) માન વિશેષ એમ ટીકાકાર.

( ૨ ) પણ—કાર્ષાપણ; પાદ એટલે માષનો ચોથો ભાગ; માષ એટલે માસો, એમ ટીકાકર.

( ૩ ) વીશ કપર્દક (કોડી )ની એક કાકણી ( ખાંખણી) એમ ટીકાકાર.

પ્યારી, પાંચરૂપીઆ એ જેમાંથી મળે તેવા કશાની આકાંક્ષા ન કરતી એવી ( પતિવ્રતા ) અરુંધતીનાં, આકાશમાં, લોકે દર્શન કર્યાં—૯૧

પૃથ્વી ઉપર સુપ્રસિદ્ધ, અને સાર્વભૌમથી પણ વંદ્ય, એવો ચંદ્ર, હવે, સાર્વભૌમ નૃપતિની પેઠે, કોઇ શુભયોગ કેશુભ પુણ્યની પેઠે ઉદય પામ્યો—૯૨

ઇંદુએ, આલોક વિનાની (?) પ્રાચી દિશામાં, અર્ધિક જેમ અર્ધ લેનારને, પંચિક (૧) જેમ પાંચ લેનારને, નાખે, તેમ પોતાના કર નાખ્યા—૯૩

ષષ્ટિકને જેમ ષષ્ઠિક, ભાગ્યને જેમ ભાગિક, આપે, તેમ દ્રોણ રાંધનારી સ્ત્રીઓ સાહિત દ્રોણ રાંધનારા પુરુષોએ ઇંદુને પરભાગ આપ્યો ( ૨ )—૯૪

જ્યોત્સ્નારૂપી ઉભરાંણના ફીણવાળી પૂર્વ દિશાને, આઢક, પાત્ર, કે આચિત જેટલું અન્ન રાંધનારા પાચકોએ, આઢક, પાત્ર, કે આચિત માય એવડી થાળ કલ્પી—૯૫

બે આચિત રાંધનારા, બે પાત્ર જેટલું રાંધનારા, કે બે આઢક-રાંધનારા, જેમ તેટલું તેટલું માય તેવી થાળીને ભજેછે, તેમ ચકોરો-એ જ્યોત્સ્નાને ભજી—૯૬

બે આચિત, બે આઢક, બે પાત્ર, કે બે કુલજ, ( ૩ ) એ રાંધી

---

( ૧ ) એ કરવિશેષ છે એમ ટીકાકાર.

( ૨ ) ષાષ્ઠિક એટલે સેંકડે ૬૦ એવો કર આપનાર ને લેનાર; તેમજ ભાગ એવું અર્ધા રૂપીઆનુ નામ છે તે આપનાર ને લેનાર; એમ ટીકાકાર. પર ભાગ આપ્યો એટલે વખાણ્યો એમ સમજવું.

( ૩ ) આ બધાં આગળ આવીગયેલાંછે, કુલજ પણ તેવુંજ માનવિ-શેષ છે એમ ટીકાકાર.

શકાય તેવી મહાસ્થાલી ભાગીને વેરાઇ ગયેલી હોવી જોઇએ મઆ આકાશમાં પથરાયલા તારા રૂપી તંદુલથી, અનુમાન કર્યું—૯૭

બે કુલજ રાંધનારી ને બે કુલજ રાંધનારા એમ સર્વ પાચકજનોએ, ઇંદુપ્રભાને, બે કુલજ રંધાય એવી નભરૂપ થાળીને કરેલા ખડી આદિના લીટા જેવી ધારી—૯૮

નાના મોહોટા વાંસ વહેનારા, નાના મહોટા ઘડા વહેનારા, દ્રવ્ય લઈ જનારા, મજૂરી કરનારા, એવા લોકોએ ચંદ્રને આનંદથી જોયો—૯૯

તે સમયે, દિશાના આઠે ખૂણામાં ને આકાશ માત્રમાં વિલસતી જ્યોત્સ્નાને, જેમ પાંચદીનાર કમાનારા આઠ દીનારનું વસ્ત્ર ઇચ્છતા નથી તેમ નિર્ભાગી ચક્રવાકોએ ન ઇચ્છી—૧૦૦

અષ્ટક નામના ઉત્તમ સ્તોત્રનો આઠ આઠ વાર પાઠ કરનારા, બે સાઠ વર્ષ થયેલાં એવા, તથા પાંચ પાંચ બકરાંને યૂપે બાંધનારા, બ્રાહ્મણોએ ચંદ્રની સ્તુતિ કરી—૧૦૧

ચંદ્રે આકાશમાં પોતાના વિશ કે ત્રીશ કર વિસ્તાર્યા ત્યાં પંચક નામના પક્ષીની પેઠે તમ ઉડીને કોણ જાણે ક્યાંએ ગયું—૧૦૨

અનઘ એવા ત્રિશ કે ચાળીશ અધ્યાયવાળા બ્રાહ્મણ ગ્રંથથી ખુશી થાય, તેમ બ્રાહ્મણો, ચંદ્રના ઓષધિને પ્રકટ કરતા કરથી (૧) થયા—૧૦૩

---

(૧) ચંદ્ર અસ્ત થાય ત્યારે એક એક પાંદડું ખરતે ખરતે સૂકાઇ જાયછે, ને ચંદ્ર ઉગે ત્યારે એક એક પાંદડું આવતે આવતે વધેછે, એમ ટીકાકાર.

દશકમાં જેમ દશ કે પંચના સમૂહમાં જેમ પાંચ, તેમ શશિકરમાં નક્ષત્રોની પ્રભા અંતર્ભાવ પામી ગઇ—૧૦૪

વિંશ સ્તોમ જાણનારના મંત્રોથી જેમ યજમાનનું, તેમ સર્વને અભિષેક કરતા ઇંદુનાં કિરણથી દંડવા યોગ્ય (૧) મારવાયોગ્ય તમ, નાશ પામ્યું છે—૧૦૫

ઇંદુના પાત્રીય રશ્મિ પામીને પછી, કુમુદો ખીલ્યાં, જેમ ઘાસ ખાનારાં બળદ સ્થાલીમાં રંધાય તેવા કે પાત્યઓદનને પામીને ખીલે—૧૦૬

દક્ષિણા પામવા યોગ્ય દ્વિજોનો પણ પૂજ્ય એવો ઇંદુ તેને ઘાસ ખાનારાં જનાવરોએ આકાશમાં સ્થાલીમાં મૂકેલા નવનીતના લોચા જેવો, પોતાની બુદ્ધિ પ્રમાણે જોયો—૧૦૭

વિધુના કરથી આનંદ પામી વિરાગી પણ બોલ્યો કે રાહુ તે શા માટે છેદવા યોગ્ય, ભેદવા યોગ્ય, કે માથું કાપી નાખવા યોગ્ય ન કહેવાય ?—૧૦૮

અંબુજ અને ચક્રવાક માથું કાપવા કાઢયાં હોય એમ નાગા થઇ ગયેલાને સંતાતા ઋત્વિજો જેમ સંકોચાઇ જવા બેસે, તેમ સંકોચાઇ જવા મંડયાં—૧૦૯

ચંદ્રના મનોહારિ કિરણો આગળ, નક્ષત્રોમાં ઉત્તમ તે પણ, બે રથ ખેંચે તેવા ઉત્તમ ધોરી આગળ જેમ નવા પલોટેલા આખલા ધર ન ઝીલે, તેમ ધર ન ઝીલી શકયાં—૧૧૦

મનોભવની ધર ઝીલનારી, ડાબી ધર ઝીલનારી, કે મનોભવની

---

(૧) અંધકાર અને પાપ.

આખા ધર ઝીલનારી, સ્ત્રીઓ, મનોભવની ધર ઝીલનારા કે તેની આખી ધર ઝીલનારા એવા પોતાના પતિ સાથે રમવા લાગી—૧૧૧

હાલિક ( ૧ ) એવા બલભદ્ર તુલ્ય, હળે ન પલોટેલા એવા આખલા જેવા બલિષ્ઠ એકે, રેવતી જેવી પોતાની પ્રિયાને, હાલાથી ( ૨ ) ખુશી કરી—૧૧૨

બેશકટ વહે તેવા બળદનો ધણી જેમ બે શકટ વહે તેવા બળદોને તોત્રથી હણેછે તેમ સ્મરે જવાનોને છાતીમાં ખુંપે તેવાં શરથી વીંધ્યાં—૧૧૩

ધનની ઇચ્છાવાળી ( ગણિકા ) કે અન્નની ઇચ્છાવાળી ( દાસી ) કરે તેમ, ઉત્તમ, પથ્ય, અને આનંદકારી છતાં પણ, મધુમત્ત એવા પ્રિયતમનો ભાવ જાણવાની ઇચ્છાથી, કોઇએ, મધુ પીધું નહિ—૧૧૪

સુરાએ, મૃગલોચનાઓના, પોતાના પતિની સખીઓનાથી પણ ઉત્તમ એવા મુખ ઉપર, અમૂલ્ય અને અતિ યોગ્ય એવી કસ્તૂરી-લેખા કપાળે વેખરાઈ ગયેલા કેશથી, કરી—૧૧૫

ધનવાન્ જેમ દૂધ દેતી ગાય ( લેણામાં મળે ) તેથી, કે ધર્મિષ્ઠ ગાર્હપત્યથી, કે નદી નાવે તરાય તેવા જલથી, તેમ એમની ક્રીડાથી સ્મર સંતોષ પામ્યો--૧૧૬

કોઇને પણ વિષ દેવું એ ન્યાયપુરઃસર અર્થશાસ્ત્રયોગ્ય, કે પ્રતિષ્ઠાવાળું, નથી એમ જાણી પછીથી સ્મરે ગોળમય, એવા મદ્યરૂપી અસ્ત્રથી એમને પ્રહાર કર્યો—૧૧૭

સામોક્તિમાં નિપુણ એવી પ્રિયાએ, ભોગવવા યોગ્ય એવી

---

( ૧ ) હલધર ( ૨ ) સુરા

રાત્રીમાં કરેલું, મદ્યરૂપી આતિથ્ય, પ્રિયાને જેટલું પ્રિય થયું તેટલું માર્ગે જવાનું ભાથું પણ તેમને કદી પ્રિય થયું નહિ હોય—૧૧૮

ભક્ત શાલિથી થયેલી હાલાને પરિષદ્‌માં જનારા એવા પોતાના પ્રિય સાથે પીધા છતાં પણ ચતુરપ્રિયપતિ પોતે ચતુર હોવાથી, સ્ત્રીઓ કશું અયુક્ત બોલી નહિ—૧૧૯

સર્વ જનને સારા અને સર્વને પ્રિય એવા કિરણવાળો શશી તેમનાં મુખથી નિર્જિત છતાં પણ મદથી નિશ્ચેષ્ટ થયેલી તેમને રમાડતો હવો; સત્પુરુષો શત્રુમતિ પણ ઉપકારીજ રહેછે—૧૨૦

સંયોગ કરાવનારૂં, કથા કરાવનારૂં, ગુણ ગવરાવનારૂં, એવું મધુ દેવતાને આપવાના હવિથી જેમ દેવ તૃપ્ત થાય તેમ અનંગને તૃપ્ત કરનારૂં થયું—૧૨૧

તે સમયે અર્ધ્યપાદ્ય આદિરૂપ આતિથ્ય, કામીઓએ પોતાની પ્રિયાઓ પાસેથી, જેમ હળખેડનાર બે હળે ખેડતાં પાસે, તેમ પૂર્વ કરતાં અધિક પ્રાપ્ત કર્યું—૧૨૨

અનામિક્ષ કરતાં જેમ આમિક્ષ (૧) કે એક કોશને બદલે બે કોશે ખેડેલું ખેતર, અધિક છે, તેમ પ્યાલામાના દારૂ કરતાં પ્રિયામુખનો દારૂ અધિક થયો—૧૨૩

ઓદનથી જેમ ઓદનનો ઢગલો, અપૂપથી અપૂપનો ઢગલો, તંદુલથી તંદુલનો ઢગલો, તેમ સ્ત્રીઓનો મદ મદ્યથી વધ્યો—૧૨૪

યૂપનું, પૈડાની નાભિનું, કે શરવાનું, જે લાકડું, તેને કોણ શંકુ કરી શકે ? તેમ એ સ્ત્રીઓએ મદમાં પણ નાભિઉપરનું વસ્ત્ર માથે બાંધ્યું નહિ—૧૨૫

---

(૧) દૂધ અને દહીનો કાંઇ પદાર્થ એમ ટીકાકાર.

આવલા જેવા સ્તનને પકડનારા કોઇએ, નિશ્ચલ દૃષ્ટિવાળી કંબ-લભાર ભરેલી તુલાની પેઠે ધ્રૂજતી પ્રિયાને, શૂન્યસ્થાનમાં આલિંગન દીધું—૧૨૬

દારૂના મદથી વિહ્વલ થયેલા કામીઓ સ્ત્રીઓ ઉપર જેવા આસક્ત થયા તેવા આચાર્ય, બ્રાહ્મણ, રાજા કે ઇંદ્ર, કોઇ ઉપર આસક્ત ન હતો—૧૨૭

જેમ રથને યોગ્ય માર્ગથી, બળદને યોગ્ય ઘાસથી, સારા ખળાથી, તિલને યોગ્ય વાયુથી, માષને યોગ્ય વાયુથી, યવને યોગ્ય હિમથી, જેમ ગામડીઆ ખુશી થાય, તેમ મદોન્મત સ્ત્રીઓના, ધીમે ધીમે સંભળાતા સુરત સુભણિતથી કામીનો સમૂહ મોહ પામ્યો—૧૨૮

કોઇકે નિમિત્ત છતાં પણ માન તજ્યું નહિ; અથવા ધાર્મિક, ચરકો, કે અજવૃત્તિવાળા, કે બકરાંથી વૃત્તિ કરનારા, શું એથી વિરુદ્ધ થાય ?—૧૨૯

સ્ત્રીસંભોગ કરનાર જુવાનોને હિતકારી, પંચવર્ણને ( ૧ )તેમ સર્વજનને હિતકારી, નિશામરુત્ સુરતશ્રમ હરતો હવો—૧૩૦

મહાજનોને હિત નહિ એવા સ્મરને, વિશ્વમાત્રને હિત એવા મરુતે પુષ્ટ કર્યો, સર્વને હિત નહિ એવાને પણ જે હિત તેજ સાર્વજનિક કહેવાય—૧૩૧

અંગારાર્થે જેમ લાકડાને બાળે તેમ વિરહિણીના અંગોને સ્મરે બાળ્યાં, વાધ્રર કે ઉપાનતૂને માટે ચર્મકાર ચર્મફાડે તેમ તેમનાં હૃદય તેણે ચીર્યાં—૧૩૨

જેમ નાનો આખલો બીછાવવાના તૃણને તેમ બલિ માટેના

---

( ૧ ) રથકાર સહિત ચાર એટલે પાંચ એમ ટીકાકાર.

તંદુલને ખાઈ જાય ને મથી નાખે, તેમ ઉચ્છૃંખલ સ્મરે કોના હૃદય-નું મથન ન કર્યું—૧૩૩

પ્રાકાર અને પરિખાની ભૂમિને જેમ પ્રાકાર અને પરિખા માટેની ઈંટોથી કોઇ મેળવે, તેમ સ્મરે કાંતા સાથે કાંતને મેળવ્યા—૧૩૪

કામની પેઠે આચરતા, ક્ષત્રિયની પેઠે પ્રહાર કરતા, તૃણની પેઠે માનિનીને ધ્રૂજાવતા, એવા કામની કોણે ભૃત્યની પેઠે સેવા ન કરી? —૧૩૫

શ્રીની સ્પૃહાની પેઠે પશ્ચિમની સ્પૃહા કરતો ચંદ્ર આકાશરૂપી વૃક્ષથી, જાણે એ પુર જેવા એ અદ્રિ ઉપરની એ સ્ત્રીઓને જોવા, કે પુર જેવા એ અદ્રિની શોભા જોવા ઉતર્યો—૧૩૬

ગાયોના સમૂહવાળાના જેમ ગોત્વનો, કે શુક્લતાના સમૂહવાળાની શુક્લતાનો, તેમ પ્રબોધિત્વવાળા રાજાનો પછી પ્રબોધ થયો—૧૩૭

ડિત્થાદિ નામવાળા રાજપુરુષોથી, નૃપનું ભવન મૂર્ખવર્જિત અને અંધકારવર્જિત ભાસવા લાગ્યું; ને પૂર્વ દિશા, અંધકારને હરણ કરનાર, તથા ચક્રવાકનો અંધકારથી મોક્ષ કરનાર, સૂર્યદેવથી તુરત શોભવા લાગી—૧૩૮

---

## સર્ગ ૧૮.

કૈરવિણીને સંકોચ પમાડનાર અને કમલિનીને વિકાસ કરનાર એવા સૂર્યનું તેજ પ્રકાસતાં, બુદ્ધિના વિસ્તારથી જેણે જગતનું અબુદ્ધિથી પેદા થયેલું અચાતુર્ય મટાડ્યું છે એવો રાજા ચાલવા લાગ્યો —૧

પોતાની સેનાની વિસ્તૃત વિપુલતાથી એણે પૃથ્વી અને દિશા-

ઓના વિશાલ વિસ્તારને સાંકડો કરી નાખ્યો, અને અંધકારને હર-નાર ( સૂર્ય )ના ચંડત્વને, પ્રચંડ રજસમૂહથી કરીને, એણે નિવાર્યું—૨

દૃઢ અને ઉત્સાહવાળા સ્કંધયુક્ત, અને ચંડતા દૃઢતા અને બલોત્સાહના સ્થાનરૂપ, તથા શત્રુનાં બલોત્સાહ હરી લેવા ઇચ્છતા, એની પાછળ દૃઢતા અને બલોત્સાહવાળા નૃપો ચાલ્યા—૩

પૃથિવીપતિત્વ પ્રસિદ્ધ કરતું સર્વત્ર શુક્લ એવા શુક્લ પદાર્થોના રાજારૂપ, સંપૂર્ણ શુક્લત્વવાળું, તથા કાળા આકાશને શ્વેત કરવાવાળું, એનું છત્ર શુક્લતાથી કરીને ઉંચે અતિશય શોભીરહ્યું—૪

અધિરાજત્વને લીધે વિચેતન થયેલા શત્રુના નિર્દલનાર્થે પ્રવર્તતા, ને લેશપણ વિચેતનત્વરહિત, અને સર્વ રજામાં મુખ્ય હોવાથી, ઇંદ્રના યુવરાજનું પદ એણે ઠીક ધારણ કર્યું—૫

વિમૂઢ ન હોતાં જે પરરાજ્ય કે પરકાવ્યને જીતે તેજ ખરી રાજતા કે ખરી કવિતા એમ જાણી અરિરાજત્વની ઇચ્છા કરતો એ, ભાટ ચારણાદિએ બરદાવાયલો, સત્વર આવ્યો—૬

જેમ અર્હત્‌ને ભજતાની યોગ્યતાથી ઇતરમતવાળા ક્ષોભ પામેછે, તેમ, કોઇની પણ સાહાય્યની નિરપેક્ષ, અને સાહાય્ય ઇચ્છાતાને સહાય થવાવાળી, એવી એની સેનાથી શત્રુઓ ક્ષોભ પામ્યા—૭

બાહુમાત્રની સાહાય્ય રૂપી ધનવાળો, તથા વિરુદ્ધ એવા શત્રુને વાણીઆ જેવો ગણતો, અને જેના આગળ વધતા સૈન્યની સાક્ષી, અંધકારના મિત્ર એવા રજની પ્રભાથી, અને પ્રકાશનાં મિત્ર એવાં અસ્ત્રોની પ્રભાથી, અપાયલીછે, એવો, આવી પહોચ્યો—૮

યુદ્ધરૂપી વાણિજ્યમાં જે આગળ પડી આવતી હતી, એવી યમદૂત સમૂહને યોગ્ય કીકિયારી સાંભળીને દૂત મોકલવા વગેરેનું કામતો વાણીઆનું છે એમ બોલીને, આન્ન યુધ્ધ મટે ઉભો થયો—૯

કોઇએ પણ ન હરેલી એવી શત્રુકીર્તિને હરવાની ઇચ્છાવાળો વીરનાં હૃદયને ચોરનારો, રાક્ષસ, કાલરાત્રી, કે મૃત્યુની સમાનતા ઇચ્છતો, એવો નિશ્ચલ આજ્ઞ તરવાર ગ્રહણ કરતો હવો—૧૦

સૌષ્ઠવ અને યૌવનવાળા એની અહંકૃતિ, કપિતાવાળાનું કપિત્વ, અશ્વતાવાળાની અશ્વતા, શાવતાવાળાની શાવતા, યૌવન-વાળાની યુવતા, તેની પેઠે દેખાઇ—૧૧

બાલ્ય તજેલા એવા અશ્વ જેવા કેશી દાનવને હણનારની પેઠે એની આંખ ક્રોધની રતાશથી, જાણે ચાર, પાંચ, નવ, વર્ષનો દારૂ પીધાથી હોય તેમ, શોભી રહી—૧૨

અતિ ઉત્તમ પૌરુષગુણયુક્ત એવું, શત્રુ પ્રતિ વૈરના મહાગ્નિનું મૂલ ધારણ કરતા, સર્વપ્રતિ સ્નેહવાળા, એની પાસે, પુરુષત્વવાળા અને એને ચહાતા એવા ભૂપો આવ્યા—૧૩

( મંત્રીઓ પ્રતિ ) પ્રીતિ રાખતા એની પાસે, શ્રોત્રિય બ્રાહ્મણ પાસે, જેમ શ્રોત્રિય થવાની ઉમેદવાળા આવે, તેમ સૌહાર્દથી કરીને અતિ ગાઢસદ્‌ભાવ ધરવાથી શોભતા, મંત્રીઓ આવ્યા-૧૪

આચાર્યતા અને શ્રોત્રિયતાથી જેણે ઉતમ કીર્તિ પ્રાપ્ત કરીછે એવો, ને નયાચાર્યરૂપ, અમાત્ય, શત્રુયશ ચોરવાના ચાતુર્યને તેમ ધૌર્તિકાચાર્યત્વને ધારણ કરતા એને, આ પ્રમાણે કહેવા લાગ્યો-૧૫

અધિકારમાં નિયોજાયલાને, સ્વામી ચોર જાણો કે શાહુ જાણો, શિષ્ય જાણો કે ગુરુ જાણો, કે ગર્ગ પ્રોક્તા કે કઠપ્રોક્ત જાણનાર જેવો શ્લાઘ્ય અને માન્ય ગણો, તોપણ અમાત્યે તો જે સત્ય અને તથ્ય હોય તેજ કહેવું-૧૬

બ્રહ્મત્વ અને પોતૃત્વવાળો છતાં, કે જગત્‌માં પ્રસિદ્ધ એવા કઠપ્રોક્ત સહિત ગર્ગ કુલત્વવાળો છતાં પણ, જે સાવધાનતાથી પોતા-

ના અધિકારની રક્ષા ન કરે, તે શાકક્ષેત્રમાં નિયુક્ત જેમ શાકરક્ષા ન કરવાથી થાય, તેમ પાપાધિકારી થાય–૧૭

મુદ્ગ, શાલિ, યવ, વ્રીહિ, સાઠી, અણુ, ઉમા, શણ, તલ, એવાં હે વિભો ! આપની રક્ષામાંનાં ક્ષેત્રોને કોઇએ બલાત્કારથી કદાપિ વણસાડયાં નથી—૧૮

અથવા હે વાસુદેવ ! આપના દેશમાંથી, વિગ્રહ કરીને શણ, તિલ, ઉમા, ઇત્યાદિનો રજપણ કોણ લઇ જઇ શકે એમ છે?—૧૯

ગૂર્જર સાથે વિગ્રહ કરવાને, અશ્વથી કરીને એક દિવસે પહોચી શકાય એટલી પાસે આવેલી, કરીર કુણ પીલુ આદિ સંપન્ન, એવી ભૂમિ ઉપર, ઉંચા કાન અને નમેલાં ડાચાંવાળા તથા સારાં પક્ષીના જેવા વેગવાળા, અશ્વો સહિત આપ ( પ્રથમ ) નીકળ્યા છો એમ લોકોમાં અપવાદ ચાલેછે—૨૦

આપ સન્મુખ થયા ત્યાં ભીમપુત્ર ( કુમારપાલ ) પણ, હિમ, વાત, પરબલ, આદિ સર્વ સહન કરતા સૈન્ય સમેત, ટાઢ તડકો સહન ન કરીશકે એવો છતાં પણ, પોતાના દેશને માટે ચિંતા રાખી, આપની સામે સજ્જ થયોછે—૨૧

સર્વ પ્રકારનાં વાહને ચઢવામાં કુશલ, સર્વયુદ્ધકર્મમાં પ્રવીણ, એવા પદાતિ સહિત, અને સર્વ માર્ગે પ્રવર્તવામાં નિપુણ એવા હાથીઓ સહિત, સર્વને જેણે યથાયોગ્ય પૂર્ણ ધન આપ્યું છે એવો, સર્વાંગે પ્રભાપૂર્ણ, એ, આપ યુદ્ધ આરંભો તેનીજ વાટ જોઇને બેઠોછે—૨૨

હે રાજા ! અતિબલના ગર્વથી, આપના સંપૂર્ણ શ્રદ્ધાદિથી સંતુષ્ટ એવા પૂર્વજોને પતન કરાવનારા આપ ના થાઓ, કેમકે પોતાનું પણ પગે ભરાય એમ પહેરેલું વસ્ત્ર. કે પોતાની છતાં પણ અતિ ઉંચી કરાવેલી પાવડી, તે, માણસને પોતાનેજ પાડનાર થાય —૨૩

અશુભમાત્રને બંધ કરાવનારા, ને તેથી શત્રુને અન્નની પેઠે સમૂલ સંહારવા સમર્થ છતાં ન સંહારનારા, એવા તમારા કોઇ પણ પૂર્વજે ચુલુક્ય સાથે વૈર કર્યું નથી; મેં આપની, પર, અવર, પરથી પણ પર, પુત્ર, પૌત્રના પુત્ર, એમ તમારી ઘણીક પેઢી દીઠીછે—૨૪

યથાકામ ચાલનારા અતિ બલવાન્ હાથીથી, યથાકામ ગતિ કરે તેવા ઘોડાથી, શીઘ્ર ગતિ કરનારાં ઉંટથી, હે ધરણિપતિ ! ચુલુકો સાથે સંધિ રાખી, હે નયસમુદ્રની પાર ગયેલા ! હે અનય રૂપી સરિતામાં ઉભે માર્ગે જનાર ! તમારા પૂર્વજોએ, અરિવિજયથી, યશરૂપી સમુદ્ર પ્રાપ્ત કર્યો હતો—૨૫

સમુદ્રને પેલેપાર પહોચેલો અને સ્વર્ગમાં વિચરતો એવો આપના પૂર્વજોને યશ, ગોવાળીઆ જેવી બુધ્ધિથી, ન્યાયમાર્ગે વર્તતા ભીમકુલજની સાથે વિરોધ કરીને રખે તમે ખોઇ નાખો—૨૬

હે મિત્ર સાથે વિરોધ કરનાર ! શત્રુ સાથેના આ સંગ્રામમાં કોણ શત્રુના સન્મુખ જશે કે તમને સહાય થશે? કેમકે વર્ષે વર્ષે વાતી ગયો જેવા ભારેવાયા હોય એમ હાલવાને અસમર્થ એવા આ આગવીન (૧)લોકમાંથી કોણ તેમ કરે તેમ છે ?—૨૭

હે મહાપૌરુષ યુક્ત શક્તિવાળા ! આજ કે કાલ વાવાની તૈયારી વાળી ગાયને જેમ પોષીએ, તેમ ભીમકુલપુત્ર સાથે, તારા કલ્યાણાર્થે, સાપ્તપદીન સંભાળ; ને આ જે છ આંખે થયું નથી તેવું હું કહુંછું તે સત્વર પરિપૂર્ણ કર—૨૮

રુદિત જેવી એની વાણીને, ઘોડા જેવી ( કાષ્ઠાદિ ) મૂર્તિને ઘોડો ગણતો હોય તેમ ભેદપ્રયુક્તિમાં જોડાયલા છતા ને પણ પોતાના અમાત્ય માનતા ઉત્તર દિશાના રાજાએ સમીચીન ન માની—૨૯

---

( ૧ ) કર્મકાર વિશેષ એમ ટીકાકાર.

હે દુષ્ટ આશયવાળા ! ચાડિયા જેવા છતા પણ ચુલુક્યને મને બીહીવરાવવા માટે શા સારૂં ચઢાવેછે ? ચિત્રમાં, દેવાલયમાં, કે ધ્વજા ઉપર રહેલા, ભીમ, યમ, કે વાઘ, સો સો હોય તોપણ તેનાથી કોણ બીહે એમ છે ?—૩૦

રાજાઓના ચારો, બજારને રસ્તે કે દેવમંદિરને રસ્તે પોતાને છુપાવવા માટે માટીનાં હાથી વગેરે રમકડાં વેચેછે, કે ગૌરીની મૂર્તિ બનાવી બેસેછે, પણ તું તો, હે કઠોરહૃદય ! રે ગુદા જેવા મોઢા વાળા ! પ્રકટ ચાર છે, તને ઘણા કાલથી અમે ઓળખ્યો છે—૩૧

આ તારા જેવાની પથ્થર જેવી જડ બુદ્ધિ ક્યાં, અને જેમાંથી ધારીએ તે થઇ શકે એવી કુશાગ્ર બુદ્ધિવાળાંના મંત્ર ક્યાં; અને જે તારા જેવા અમારા કુલના આશ્રયને કે તેમાં મુખ્ય તરિકે મનાવાને અયોગ્ય તેનાથી જે કાંઇ કાર્યસિદ્ધિ થયેલી તે તો માત્ર એક કાકતાલીય થયેલું, કે તેમાંથી પણ પરિણામે હાનિ નીપજેલી—૩૨

રે ! સિકતા અને શર્કરા જેવા (૧) શત્રુનાં વચનોથી તું, શ્રી એકશાલી એવો જે હું તેનો યશ ત્રણે જગત્માં ( એને હણવાથી ) વ્યાપે તે ઇચ્છતો નથી ?—૩૩

વાણીએથી પણ વજ્ર જેવા ! ને જાડા રક્ત વસ્ત્રને યોગ્ય ! પળી ગયેલા ઘોડા ( ગધેડા ) જેવા ! તને મારી નાખું, પણ શ્વેતઅશ્વ જેવી સ્વચ્છ કીર્તિવાળા મારા પૂર્વજો ઉપર, આ વિશાલ જગત્માં મને બહુ વિપુલ ભક્તિ વળગેલી છે—૩૪

---

(૧) મૂલ અને ટીકાના સામંજસ્યમાં અત્ર સંશય પડેછે. જ્યાં વચનેન છે ત્યાં મથનેન હોય એમ ટીકાકારનો આશય સમજાય છે તેમ લઇએ તો શત્રુને રેતી અને સાકરની પેઠે મથી નાખવાથી એમ અર્થ થઇ શકે.

હે નાક ફુલાવનારા ! જેને તું વિકટ અને ઉત્કટ વાણીથી સ્તવે છે તેને, રણસંકટમાં, હાથે ધનુષ્ લઇ પાસે આણી કેવો હું હરાવુંછું, ને તેથી તે કેવો નાક ચોળે છે, ને મને માથું નમાવેછે, તે જોજે—૩૫

રે નમીગયેલા નાકવાળા ! હર્ષથી નાક ફુલાવતા પ્રસિદ્ધ (નારદ) મુનિ, તેવાંજ અપ્સરાજન તથા તેવા બંદીજનો, સર્વે મારૂં નિવિડ યુદ્ધ જોઇને, તે જોવાના કૌતુકવાળાં થશે—૩૬

તું નાક મચકોડે કે તારા જેવા બીજા દુર્જનો તેમ કરે તેમાં મને શી હાનિ છે ? મણ જો જે કે મારા સંગ્રામનું અસ્ખલિત એક રૂપ મહત્વ જોતાં દ્રુહિણસુત પણ હર્ષાશ્રુથી ન્હવાઇ જશે—૩૭

વૃદ્ધતાને લીધે ગળતાં નેત્રવાળાને ક્રોધથી ગળતાં નેત્રસહિત એ જેવામાં કહેછે તેવામાં, ગિરિની ઉપત્યકા અને અધિત્યકામાં પ્રતિધ્વનિનો નાદ ગર્જવા લાગ્યો—૩૮

હાથીના સમૂહમાં કે ઘોડામાં કે ગાયોમાં કે ઉંટમાં પૂરેલાં બકરાંના સમૂહ જેમ બૂમો પાડે, તેમ આકુલ થયેલા જંગલના લોકથી એ સેનાને. કોલાહલ વધ્યો—૩૯

તિલતેલ અને ઈંગુદતેલની પેઠે, અ (?) વીરોએ ઢક્કા આનક ને શંખનો પણ રણકર્મકુશલ એવા કુમારપાલના પરાક્રમને પ્રકટ કરનારો, ને દિવસે તારાસહિત આકાશ (૧) જેવો ભયંકર, નાદ સ્પષ્ટ સ્પષ્ટ ધારી ધારીને નક્કી કર્યો—૪૦

આ પ્રિયાને ગર્ભ રહ્યો છે તે રખેને ગળી પડે એમ ક્લેષ પામતા, કર્મ કરતા જંગલના લોકોએ, ગર્ભિત અને રજ્જુ જેટલા લાંબા

---

(૧) એ મહા અપશકુન છે એમ ટીકાકાર.

તથા કાપેલા એવા યવૌઘને પણ તજીને, અતિ ઉદ્વેગ પામી, બહુ ત્રાસથી એ ( નાદ ) સાંભળ્યો—૪૧

હાથી સમાણા પાણીવાળી ને હાથી જેવડા જેવડા પથ્થરવાળી, નદીને પણ પુરુષ સમાણા પાણીવાળી ની પેઠે ઓળંઘી, પુરુષ જેટલી પહોળી ફાળો ભરતા, બંદીજનોએ, એને ચુલુકયરાજ આવ્યો એમ કહ્યું—૪૨

હાથીની સુંઢ જેવા હાથે, એક હાથના ફળવાળો, તાડ જેવડો, ભાલો ધરતો, ને પગના ધબકારાથી એક હાથ જેટલી જમીન ચીરી નાખતો, આન્ન હાથીએ ચઢ્યો—૪૩

સો સો યોદ્ધાના સમૂહ સહિત, તથા બબ્બે વહેંત ઉંચાં કુંભસ્થળવાળા, એવા સો હાથી સાથે, ધનુષ્ ધરનારા છસેં યોદ્ધાઓ, ત્રીશ ત્રીશ વીશવીશ કે દશદશ બાણ મારતા, તુરત એની આગળ થયા—૪૪

જાણે દશમુખનો ને વીશબાહુવાળો રાક્ષસ તે ત્રીશ કોટિદેવતાને પરાજય પમાડવા ઉઠ્યો હોય એમ, આ બલ તે મારા શા હીસાબમાં છે એમ બોલતાં આન્ને ઝપાટામાં, ચઢાવેલું ધનુષ્, હાથ ધર્યું—૪૫

જેટલાં બાણ એ યોદ્ધા નાખતા હતા તેટલાંજ ગૂર્જર યોધ્ધા પાછા વાળતા હતા, ને ઉભયે એમ બોલતા જતા હતા કે સાતે સમુદ્ર જેવડી અમારી સેના આગળ આનો શો હિસાબ છે ?—૪૬

પોતાના નુકસાન કરતાં સામાનું બમણું થાય એવા યશને ઇચ્છતા, અને પોતાનો સામાના કરતાં બમણો વિનાશ થાય એ ન ઇચ્છતા, એવા સુભટો બબ્બે ત્રણત્રણ સામ સામે બાઝ્યા—૪૭

તમે તમારા સ્વામી પાસેથી તમારા શરીરનું ઘટે તે કરતાં બમ-

ણું મૂલ લીધુંછે એમ કહેતા સુભટનું માથું કાપી નાખનારના શરીરનું મૂલ્ય છે તે કરતાં બમણું જોઇએ, એમ સ્વામીએ ધાર્યું–૪૮

એકાદશ, ત્રીશ, એકવીશ, શત, સહસ્ર, એમ સુવર્ણ જે લેનાર તેણે અગીઆરમા રુદ્રની પેઠે શત્રુનું માથું સ્વામીને આણી આપતાં પોતાના મૂલ્યનું સાર્થક કર્યું—૪૯

વીશમા યોદ્ધાનું આ સંગ્રામ ત્રીશમું છે, ને ત્રીશમાનું એકવીશમું છે, ને પેલા હજારમાનું તો એક માસમાંજ સોમું છે, એમ સ્વામીને કહેતાં સાંભળીને કેટલાક સુભટો હર્ષે બમણા થયા—૫૦

મહાબલવાળો એવો એંશીમા વર્ષમાં છતાં પણ કોઇ, સાઠમાવર્ષમાં હોય એમ યુધ્ધને અક્ષયતૃતીયા કે પૂર્ણિમાના ઉત્સવ જેવું જાણી, લડયો—૫૧

એકસઠમા કૌરવની પેઠે કે પાંચમા પાંડવની પેઠે, એકસઠમાવર્ષમાં છતાં પણ, કોઇએ બહુ દિવસે યુદ્ધમહોત્સવ પ્રાપ્ત કર્યો–૫૨

સમૂહમાંના સુભટોથી હણાયલા સમૂહના સુભટો દેવત્વને પામ્યા, અને સેનામાંથી કીયા કીયા ગયા તે પણ ત્યાં કોઇએ જાણ્યું નહિ—૫૩

બલથી અતિ મહાન્ એવા ઘણાકમાંના એક સુભટે, બાહુદ્વિતીય, તૃણતૃતીય, કે ધનુશ્ચતુર્થ, થઇ, છઠા ચોથા એવા નૃપના શત્રુને હણ્યા તેથી તેને રાજાએ માન આપી પોતાનાથી ચતુર્થસ્થાને બેસાડયો—૫૪

ઘાતથી મૂઢ થઇ ગયેલા શત્રુને કોઇએ, જેમ યજમાન શ્રાદ્ધભોજી બ્રાહ્મણને કરે તેમ સંતુષ્ટ કર્યો, તે એવું કહીને કે હેવીર! પૂર્વે તમારી કીર્તિ મેં સાંભળી હતી પણ આજ પ્રત્યક્ષ જોઇ, યુદ્ધયજ્ઞના

વેદમાં આપ સારા નિપુણ છો, અને (સુભટોનો હોમ આપવા રૂપી ) ઇષ્ટિમાં પણ તત્પર છો—૫૫

રે દાંભિક ! જો તને આજ ન હણું તો મારે માથે દાંભિકોની પાસે રહ્યાનું; અયઃશૂલથી ઘાત કરનારનું, કે પરદારાગમન કરનારનું પાપ હોજો, એમ કહેતો કોઇ શત્રુની પૂઠે પડયો—૫૬

બેવાર અભ્યસ્ત એવા ધનુર્વેદને ત્રણવાર અભ્યસ્યો હોય એમ જણાવતો કોઇક ધનુર્વિદ્યાકુશલ બીજા ધનુર્વિદ્યાકુશલની સામે, જેમ જિતેંદ્રિય શ્રોત્રિયે શ્રોત્રિય બાઝે, તેમ બાઝયો—૫૭

વીરોએ જે તીર (?) સહન કર્યાં તેમાં સુવર્ણ કે ધન કાંઇ હેતુ ન હતો, પણ એવું અનૌદરિકયોગ્ય કરાવવામાં દંત ઓષ્ઠ અને કેશને સમારનારી અપ્સરાઓજ કારણ હતી—૫૮

દાયાદ પણ ટાઢો પડી જાય તો યવાગૂ કે વસ્ત્રનો કટકો પણ પામતો નથી, એમ જાણી તેજ ઉપર આવી ગયેલા ( ઉષ્ણ થયેલા ) બલમાં ઉત્કૃષ્ટ, અને કીર્તિની લાલસાવાળા, એવા કાંડપૃષ્ઠ( ૧ ) બ્રાહ્મણોએ અતિ ઉત્તમ પરાક્રમ કર્યું—૫૯

સાંકળે બાંધેલા હાથીથી ઉતરીને લડનારો આ મારો પતિ થાઓ, ને જિનદત્ત જેમાં મુખ્ય છે એ સંઘમાંનો આ બીજો મારો પતિ થાઓ, ને અતિ ઉત્સુક એવી જે હું તેનો આ યુધ્ધ માટે ઉત્સુક છે તે પતિ થાઓ, એમ અપ્સરાઓ વાતો કરેછે—૬૦

પ્રતાપથી કરીને, ઉષ્ણ જેનું ફલ છે એવા, કે ત્રિજે દિવસે ફુલતા

---

( ૧ ) સારા બ્રાહ્મણોને જુદુંજ એકાદ ગામ કે કાંઇ આપ્યું હોય તેમાં સર્વ બ્રાહ્મણજ રહે, ને ત્યાં રક્ષા કરનારા જે આયુધધારી બ્રાહ્મણ તે કાણ્ડ-પૃષ્ઠ કહેવાય એમ ટીકાકાર.

પુષ્પજેવા જ્વરથી શત્રુને ક્ષણમાત્રમાં પીડનારો એવો કોઇક કુલ્માશ, ત્રિપુટિકા, કે મદિરા જેવી, દેવ જેના જોનારા છે એવા આ રણની લીલાને, માનતો હવો—૬૧

કુમારિકાની પીડા કુમારીમાન્, કે એક નાવમાં જનાર પરસ્પરની પીડા, જેમ જાણે, તેમ પ્રહારથી યુધ્ધમાં પડનારની પીડા જાણતો કોઇ, યુધ્ધસમુદ્રમાં તરનારો, પડેલા ઉપર પ્રહાર કરતો નથી—૬૨

અતિ તેજસ્વી અસ્ત્ર ધારણ કરનારા, તેજથી કરીને અગ્નિ જેવા, માલા ધરેલા, ને કપટ આચારરહિત, એવા નવા વરને શોધ-વા, કુમારિકાઓને સાથે લઇ, હાથમાં વરમાલ ધારણ કરી આકાશમાં દેવતા ભેગા થયા—૬૩

કેટલાક માયાવીએ એક પાસાથી હણી નાખેલું એવું પણ એક એકનું સૈન્ય જણાઇ શક્યું નહિ; વ્રીહિના ક્ષેત્રમાંથી ચોરે કાપેલા વ્રીહિ સમજાતા નથી તેમ—૬૪

છત્ર ધરાયલા, યુધ્ધમાં મચેલા, કાર્યમાં પડેલા, એવા યોધને છત્ર ધરાયલા, યુધ્ધ કરતા, કાર્ય કરતા, દ્રવ્ય સહિત, ને ભૃત્ય સહિત, એવા સુભટો સાથે, યુધ્ધ કરતા; છત્રવાન્ માલ્યવાન્, કાખમાં વસ્ત્ર રાખતા, એવા નારદ મુનિએ યુધ્ધમાં જોયા–૬૫

દેણદારને અધીન પોતાનું ધન હોવા છતાં પણ નિઃશંક દાન કરવામાં રસિક એવા વીરોથી, ચીંથરે વીટેલા છતાં પણ, સત્યરણની સ્તુતિ કરવાથી સૂતલોક ધનવાન્ થઇ ગયા–૬૬

યુદ્ધ રૂપી ખળામાં કોઇએ માથા વિનાના છતાં પણ, શત્રુની કીર્તિ લેવાની ઇચ્છાથી, શત્રુને માથા વિનાનો કર્યો, ને તે પણ, તેવો છતાં, શત્રુઓએ યાચકની પેઠે સ્તવાતો સતો, હાથમાં ખડ્ગ લઇને ખુબ ઘૂમ્યો—૬૭

ફુંદ વિનાના કોઇએ ફુંદવાળાને હણ્યો, ને તુંદવાળા કોઇએ તુંદ વિનાનાને હણ્યો, જેમ કોઇ ઠાકોરાદિના આશ્રયથી શાલિવાળો દરિદ્રીને, કે દરિદ્રી શાલિવાળાને, હરાવે તેમ—૬૮

કીચડવાળા ડાંગરના ક્યારા જેવી, રુધિરપંકવાળી રણભૂમિ ઉપર, પંકવાળી મૂર્તિવાળા પદાતિઓ, કચરાવાળી ભૂમિ ઉપર સરી પડતા મ્હોટા પગવાળા ઉંષને તજી તજીને, ચાલતા હવા—૬૯

શૃંગારવાળાં અને ઉત્તમ પગવાળાં મૃગો સાથે, ઉત્તમ પગ અને શૃંગવાળાં મૃગ બાઝેછે, તેમ વૃંદે મળેલા સુભટો સાથે એકલાજ કેટલાક સુભટો અત્ર યુદ્ધ કરતા જણાયા—૭૦

ફુલ આપતાં વૃક્ષ જેવાં, તથા મયૂરપિચ્છવાળાં છત્રો સમેત. તથા ફુલ વાળાં તીર મારતા, એવા જંગલી સુભટોને મયૂર જેમ મહા સર્પને કે પાડા જેમ વનવૃક્ષોને સાફ કરેછે, તેમ હણ્યા—૭૧

મલિન કર્મને લીધે મલિનયશવાળા, ને અતિ મલિન એવા પોતાના સુભટોનો તિરસ્કાર કરતો, ઇંદ્રે જેમ પર્વતોને દળ્યા હતા તેમ શત્રુને દળતો, આવી પોતે, પર્વવાળાં અસ્ત્ર ધરતો, યુદ્ધ કરવા લાગ્યો —૭૨

શત્રુને કરોળિયા જેવા કે વટી ( ૧ ) જેવા માનતો, તથા દૈવતા મને અનુકૂલ છે એમ માની અહંકાર ધરતો એ, ક્રોધે કરીને કપાલે કરચલી ચઢાવી, મરુત રાજાની પેઠે મહા નાભિવાળાં ચક્ર ફેંકતો, યુધ્ધ કરતા શત્રુ સાથે યુધ્ધ કરવા લાગ્યો—૭૩

અસુખી અને નિસ્તેજ છતાં પણ, સુખી અને સતેજ હોય તેમ જય પામતા આન્ને, અસુખી અને નિસ્તેજ થઇ ગયેલા પોતાના સુભટોને સંપૂર્ણ સુખી અને તેજસ્વી કર્યાં, ને શત્રુને અસુખી ને નિસ્તેજ કર્યા—૭૪

---

( ૧ ) વ્યંજન વિશેષ એમ ટીકાકાર.

એણે અસ્ત્રોથી, કોઇને વાતરોગથી અસુખી હોય તેવા, કોઇને માથા વિનાના, કોઇને ચોટલી વિનાના, કોઇને દાંત વિનાના, કોઇને ફૂટેલા લલાટ વિનાના, કોઇને મૂર્છાવાળા, કોઇને મૂવાથી માખો બમણે એવા, કોઇને સિધ્મલ, કોઇને વિવર્ણ, એમ કરી નાખ્યા —૭૫

મોઢામાં ફીણ અને પાણી ભરાઇ ગયેલા પદાતિઓ, એણે વિ-શાલ શસ્ત્ર મૂકવા માંડયાં ત્યાં, મૂર્છા પામી ગયા; અને તેમનાં રુધિર અને છત્રના પાતથી ફીણ સહિત જલવાળી નદી થઇ રહી—૭૬

અસ્ત્રવિદ્યામાં કુશલ, પ્રજ્ઞાવાન્ એવા આન્ને, ત્યાં, ધનુષ્ ધાર-ણ કરી, અસ્ત્રથી ચૌલુક્યે તાપ પમાડેલા પોતાના સુભટોને, જ્યાં એક પણ સપર્ણ વૃક્ષ નહિ એવી મરુભૂમિમાં સપર્ણ વૃક્ષથી થાય, તેમ સાન્ત્વના કરી—૭૭

અકાલાલ એવો એ જાંગલ નૃપ, કાકિલ એવા ચૌલુક્યને કહે-વા લાગ્યો કે હે બાહુ બલવાળા! આવ પ્રહાર કર, કાડાલ ઘાટિલ જટાલ, તથા અઘાટાલ અકાડિલ અજટિલ, એવા સુભટોને હણ-વાથી શો લાભ છે?—૭૮

ધનુષ્ની પણછની ગર્જનાથી ભય બતાવનાર! હે વાણીચતુર! તું પોતેજ પ્રથમથી શા માટે ન આવ્યો ને આ લવારો કરતા, કઠોર તથા કટુ વાણી વદતા, જનને મિથ્યા કારણ યુધ્ધે મોકલ્યા? દીર્ઘવક્ષઃ-સ્થલવાળા, ને લોમશ કર્કશ એવા પણ સ્ત્રી જેવા ભયાકુલ ખેડુતો-થી મદ ઝરતો મહા હસ્તી બાંધી શકતો નથી—૭૯

હું તો મારા પ્રતાપથી જે હતો તેનો તેજ છું, માટે હે અરોમાંચ-વાળા દદ્રુપીડિત! પાછો હઠ નહિ, પણ યુદ્ધ કર, પરાળવાળો પ્રદેશ કાંઇ શાકવાળો થઇ જતો નથી, કે શાકપ્રદેશ પરાળ પ્રદેશની બરાબર થતો નથી—૮૦

લક્ષ્મણ જેવો કે સૂર્ય જેવો, બુધ્ધિથી કરીને પૂજ્ય, અને શાકરથી પણ અધિક મીઠી વાણી બોલતો, તથા યુદ્ધ ઉપર શ્રધ્ધાવાળો અને તત્પરાયણ, એવો ચુલુક્યરાજ, રજરૂપી અંધકારથી ભરાયલા આકાશને પણ પોતાની દંતપ્રભાથી ચંદ્ર પ્રકાશ જેવું કરતો, આ પ્રમાણે બોલ્યો—૮૧

જેમ પથરા અને રેતી વિનાના પ્રદેશમાં રેતનું ગાડું તાણી જાય તેમ જે પથરા અને રેતીવાળા પ્રદેશમાં પણ તાણે તે ખરો બળદ ગણાય, ને મહાવૃક્ષના જેવા સ્ફુરી રહેલા હાથવાળો છતાં પણ જે, હે શરધારી! વાણીથી તેમ ક્રિયાથી પણ શૂર હોય તેજ શૂર કહેવાય—૮૨

અંડવાળા અને અલંકારવાળા તથા રણોત્સુક એવા અશ્વો સહિત, તથા મહોટા દંતુશળવાળા હાથી સહિત, ને બુદ્ધિમાન્ રથીઓ સહિત, ને તારા પોતાના જે નિપુણ નૃપ હોય તે સહિત, તું તૈયાર થા, કેમકે તું એકલો છે તેથી તારા ઉપર મને દયા આવેછે —૮૩

બુધ્ધિમાન્, પરાક્રમી, શક્તિત્રય સમેત તથા અર્જુન અને કૃષ્ણ જેવા, તાતે, કૃપાયુક્ત થઇ, મણિયુક્ત મુકુટ નમાવતો જે તું તેનું રક્ષણ કર્યું, તે તને આજ સાંભરતું નથી? તું એવો નાક વિનાનો તે ખરો વીર છે!—૮૪

જેમ કોઈ નિર્બલ છતાં માયાવી, એવો અર્શરોગી વર્ષાકાલ વીતાડે છે તેમ તેં પણ આટલો સમય કાઢયો,, ને હવે, જે તું માલા ધારણ કરેલો યુધ્ધ કરવા આવ્યોછે તે ઉપરથી ખરેખર તું બહુ બુદ્ધિમાન્ છે, ને નિરોગી ( નિઃસપત્ન ) પણ છે!—૮૫

એ, સ્વામી, પૃથ્વીનાથ, બલિષ્ઠમાં પણ બલિષ્ઠ, ને જેની કીર્તિ સમુદ્ર પાર પહોચેલી, એવા મારા તાત, જો હું તને, સ્વચ્છ

જ્યોત્સ્ના જેમ નિર્ગુણ અંધકારવાળી રાત્રીને જીતેછે, તેમ જીતું નહિ, તો લાજ પામે—૮૬

રૂપવાન્ છતાં પણ પૂર્ણમાસીના ચંદ્ર જેવા સુંદર વદનવાળા ચુલુકયચંદ્રે પણ, એટલું કહીને પછી, બહુરૂપ્યમૂલ્યવાળું, પણછ સમેત, શર સહિત ધનુષ્ શંકરની પેઠે, ચઢાવ્યું—૮૭

પછી, આન્નને, ગોશતવાળા, સહસ્ર નિષ્કવાળા, નિષ્કશતવાળા સહિત, ગોસમૂહવાળા સહિત એમ સર્વ અંગયુક્ત ભૃત્યો સાથે ભેગા થઇ, ક્રોધ કરીને, અંધક દૈત્યે જેમ શંકરને, તેમ એને અસ્ત્રવૃષ્ટિથી છાઇ નાખ્યો—૮૮

ભીમકુલકુમારે એ વૃષ્ટિને ઉરાડી દીધી, ને તેથી જેમ શૃંગવાળો અશ્વબલિષ્ઠ છતાં પણ શોભતો નથી તેમ બલિષ્ઠ છતાં પણ આન્ન, કટકવલયાદિ અલંકારવાળા કુષ્ઠ રોગીની પેઠે કે સ્તનકેશયુક્ત પોઢાની ( ૧ ) પેઠે, શોભ્યો નહિ—૮૯

પછી કુમારપાલે ઇષુનો વર્ષાદ વરસાવ્યો, અને આન્નના ભૃત્યો, વાતકી, અતિસારકી, કે પિશાચગ્રસ્ત, કે પાંચ માસના બાલક હોય તેની, પેઠે, ભૂમિ ઉપર ગરબડવા લાગ્યા—૯૦

દુઃખી છતાં પણ મૂર્છાને લીધે સુખી હોય એવા પડેલા એ માલાવાળા સુભટોને એણે, તે બ્રાહ્મણ વર્ણના હોય એમ હણ્યા નહિ, કેમકે એ ક્ષત્રધર્મ અને યતિશીલ પાળવાવાળો છે—૯૧

બાહુવલી અને ઉરુવલી સહિત, વર્મી રાજા સમેત એણે પોતાના સુભટોને રાત્રીના કમલસમૂહની પેઠે મ્લાન થયેલા જોઇને,

---

( ૧ ) પુરુષચિન્હવાળી સ્ત્રી.

કમલિનીના પુષ્પના દલ જેવાં અરુણ લોચનવાળા થઇ, હાથીને હાંકયો—૯૨

મદજલથી વાપી ભરી દેતા એવા, આન્નના હાથીની સામે, મદરૂપી નદી વહેવરાવતા પોતનાના હાથીને, તેજ સમયે, વેગથી, બ્રહ્મચારી પરશુરામ જેવા ચુલુકયે હલકાર્યો—૯૩

વૈમુક્ત, મૈત્રાવરુણીય, યજ્ઞાયજ્ઞીય સામ, દેવાસુરાધ્યાય, ગર્દભાંડાધ્યાય, ગર્દભાંડીય અને ઇષેત્વક સમેત ઘોષદક, એમાંનું કશું પણ તે સમયે બ્રાહ્મણોએ ભયથી ગાયું નહિ—૯૪

યવ, તલ, કે શાલિને પણ ભુંજી શકે એવા, તથા આકાશને ગોમૂત્રના મહા લેપથી છાઇ નાખતા હોય તેવા, સ્ફુલિંગ, અતિ સ્થૂલ દંતૂશલથી પ્રહાર કરતા એ અતિ બલવત્તમ હાથીઓના યુધ્ધથી ઉઠવા લાગ્યા—૯૫

ઉર્જ્વલ દારૂ પીધો હોય એવો, સુરા જેવા સર્પ જેવી આંખવાળો, આન્ન બાણ મૂકવા લાગ્યો, અને ગોષ્ઠપ્રદેશમાં જેમ કોઇ નગરી (૧) સ્થાપે, તેમ ચુલુકયરાજે પણ જ્યાં પૂર્વે કોઇનાં બાણ ન પેઠેલાં ત્યાં બાણ પેસારવા માંડચાં—૯૬

ચૌલુકયના ભૃત્યો ( ૨ ) આન્નની તરફ વળ્યા, અને આન્નના ચૌલુકયની તરફ વળ્યા, અને એમ તેમણે એમની આશપાશ રહી, યુધ્ધના શ્રમરૂપી જે પ્રવાહિકા રોગ તેમને હતો તે શમાવ્યો—૯૭

પોતાનાં ચારિત્રથી પ્રચ્યુત અને ( તેમ થવામાં ) નિંદા અને

---

( ૧ ) એવો સંપ્રદાય છે કે જ્યાં ગાયો રહી હોય તે પ્રદેશ નવું નગર વસાવવામાં સારો ગણાયછે એમ ટીકાકાર.

( ૨ ) ચાહડાદિ અને આન્નના ગોવિંદ રાજાદિ એમ ટીકાકાર.

પાપ માનનારા, પ્રહારે પ્રહાર, અને વ્યાજ સહિત દેવેદેવું, પ્રાણ ફોરે મૂકીને પણ, વાળતા સતા, એક એકથી ચઢિયાતો યશ પામ્યા —૯૮

માનાદ્રિના શિખર ઉપર નવાજ ચઢેલા બન્ને, વીર્યથી લેશપણ અહીન એવા નૃપ, ખૂબ પ્રહાર કરવા લાગ્યા; અને ભાથાથી ન નીકળતાં કે ચાપથી ન છૂટતાં કોણ જાણે ક્યાંથી આવીને એકાએક અનેક શરોએ બધું ભરી નાખ્યું—૯૯

બહુથી કે બધાથી, બલવડે અધિક એવા આ બે ચકિત થઇ ગયેલા યમરાજે પણ, મારા કરતાં કોઇ બલવાન્ નથી એવી જે બહુ કાલની પોતાની અહંકૃતિ તે આ ઠામથી મૂકી દીધી—૧૦૦

અતિ પ્રસિધ્ધ એવા આપ મહાબલી છો, આપની બરાબરી કોણ કરીશકે? ને આમ આપને પણ કોણ પૂરૂં પડીશકે? એમ આપ ઉભયે એવા છો કે તમારી બરાબર બીજો સુભટ નથી એમ પૂજ્ય એવા એ ઉભયની સ્તુતિ કોણ કરતું નથી?—૧૦૧

અહો! પૂજ્ય ભગવાન્ સૂર્યના પૂત્ર (કર્ણ)ની સાથે શું આપોઆપ અર્જુનજ લઢેછે! ને તું શું ભગવાન્ શ્રીકૃષ્ણ વિનાજ! એમ દેવલોકો પૂજ્ય ભીમકુમારની સ્તુતિ કરવા લાગ્યા—૧૦૨

દીર્ઘાયુ કુમારપાલે પછી મૂર્ખ એવા આન્નને લોહ શરથી પ્રહાર કર્યો, ને એ, ઘાની પીડાથી, મૂર્ખ એવા પોતાનાચે.ધથી ટેકો ન પામતાં ભૂમિ ઉપર પડી ગયો—૧૦૩

એ દીર્ઘાયુ થાઓ એમ ઇચ્છતા પૂજ્યચુલુક્યરાજે એને મારી નાખ્યો નહિ, ને તેથી એ પૂજ્યે એના કેવલ હાથી અને ઘોડા લઇ લીધા—૧૦૪

પછી, આપને સ્વસ્તિ, આપનો જય થાઓ, એમ આશિષ્ દેતા

દેવતાઓએ, ઈંદ્રપુત્ર (અર્જુન) ઉપર, તેમ એના ઉપર પુષ્પવૃષ્ટિ કરી—૧૦૫

ચંદ્રલેખા સહિત શંકરની (સ્થાણુરૂપ) રણસ્થિતિનું અનુકરણ જ્યાં ભૈમિએ કર્યું ત્યાં, સત્વર, રે તમે કયાં જાઓછો, કોની પાસે જાઉં, એમ બોલતા રિપુઓ, નાશી ગયા—૧૦૬

---

## સર્ગ ૧૯.

બહુ સ્થલે, તેમ સર્વત્ર, વિખ્યાત એવો કુમારપાલ ત્યાંજ રહ્યો, અને ત્યાં રણમાં પડેલા એવા શત્રુયોધને તેમ પોતાના યોધને પણ શોધતો હવો—૧

એને એક દિવસ, બીજે દિવસ, કે કદાચિત્ પણ ગર્વ થયો નહિ; પણ સર્વદા જ્યારે જ્યારે પોતાના જયનું વખાણ થતું ત્યારે શરમ આવી—૨

એવામાં, સદા પટુ એવો આન્નનો દૂત આવ્યો, અને બોલ્યો કે આન્ને તે સમયે જે કર્યું તે સારૂં કર્યું એમ એ હાલ માનતો નથી—૩

આ કલિકાલમાં પણ ખરો ક્ષાત્રધર્મ તેમ આદ્યપુરુષ (રામાદિ)નું વ્રત તમે પાળ્યાં કે પતિત એવા શત્રુ ઉપર તે દિવસે કૃપા કરી—૪

આગલે દિવસે, અપર દિવસે, અન્ય દિવસે, કે તેથી આગલે દિવસે, હે રાજ ! જે તમારો ગર્વ કરીને દ્રોહ કરવા ઇચ્છે, તેમનો બીજેજ દિવસ પાત થાયછે—૫

બે દિવસે જેટલું કર્ણે કર્યું ન હતું કે અર્જુને કર્યું ન હતું, તે

આપે તે દિવસે કર્યું તો બીજે દિવસે હવે તે વિરોધ શા માટે રાખવો ?—૬

પહોર પરાર કે બહુ દિવસપર કોઇ દિવસ પણ, ચૌલુક્યો સાથે અમારે વિગ્રહ થયો નથી, પણ આ આજનો તો અકસ્માત્જ થઇ આવ્યો—૭

કાંઈ પણ કારણથી જ્યારે આપના પિતામહ સર્વથા કોપ કરતા ત્યારે પણ આન્ને આવું કાંઇ કર્યું નથી, ઉલટી બહુ પ્રકારે ભક્તિ કરીછે—૮

આનાથી પૂર્વનો એકરૂપ સ્નેહ દ્વૈધીભાવને પામ્યોછે, તેને એક રૂપ કરવા આન્ન ઇચ્છેછે, તેમાટે તે સમયે એણે જે એક વાર અપરાધ કર્યો છે તે એકવાર ક્ષમા કરો—૯

બે કે ત્રણ વાર અપરાધથી દુખવ્યું હોય તોપણ જેમ બે ત્રણ વાર પ્રાર્થ્યું હોય તેમ માત્ર એકજ વાર પ્રાર્થવાથી સત્પુરુષોનું ચિત્ત દ્વૈધીભાવ કે ત્રિધાભાવ રાખતું નથી—૧૦

આન્ન દ્વૈધીભાવવાળો કે ત્રિધાભાવવાળો નહિ રહે, ને આપ પણ તેવા ન રહેશો, મહાપુરુષ છે તે એક બે ત્રણ ચાર પાંચ વખત પણ કરેલો અપરાધ ક્ષમા કરેછે—૧૧

હું બહુ પ્રકારે ને અનેક પ્રકારે વચન કહું છું તે એટલાજ માટે કે તમારો ઉભયનો પરંપરાથી ચાલતો આવેલો સ્નેહ જેવો પૂર્વે હતો તેવો ને તેવો પાછો થાય—૧૨

હે દેવ ! પૂર્વ દિશા, પૂર્વે સિધ્ધેશ તે તરફ ગયા ને (વિજય સહિત) પાછા વળ્યા તે સમયે જેવી રમણીય હતી તેવીજ આજથી આપના દાસ આન્નને લીધે નિરંતર રહેશે—૧૩

સિદ્ધરાજ સ્વર્ગે ગયા, ને પૃથ્વી ઉપર આપ ઈંદ્ર ઉતર્યા, એમ

આપ બેએ બેનો ઉપભોગ કરવો ધાર્યો છે એમ આન્ન સમજી શક્યો ન હતો—૧૪

જે ખેચરો કૌતુક જોવાને ઉપર અને નીચે આવે જાય તેમને ઉભયે, આપણી સલાહ રૂપી મૈત્રીથી, હવે રમણીય થાઓ—૧૫

પૂર્વથી સૂર્ય ઉગેછે તેને, અને પશ્ચિમથી આપ ઉગોછો તેમને, આન્ન અર્ધ્યાંજલિ આપશે, ને એમ એને ઉભયે રમ્ય થશે—૧૬

જે નીચે જાયછે, ને પાછો ઉગેછે, ને વળી નીચે જાયછે, ન એમ જે પાતાલ સ્વર્ગને પૃથ્વી ત્રણને ત્રણ ક્રમે રમ્ય કરેછે, તેનાથી આપ અન્ય પ્રકારનાજ નિરંતર ઉદય રૂપ રવિ છો, આન્ને માત્ર મોહથીજ આપને અર્ચ્યા નથી—૧૭

પૂર્વ પશ્ચિમ દક્ષિણ ઉત્તર એ ચારે દિશામાં આપની આજ્ઞાથી કહો તો આન્ન જાય, કે એ ચારેમાંથી કહો તો આપની સમીપ આવે, કેમકે એ ચારે આપને વશ છે—૧૮

પર અવર ઉત્તર દક્ષિણ એ દિશામાં આપના સૈન્યને મોખરે રહીને, જો કે તે દિશાઓ તમારે વશ છે તો પણ, આન્ન કહો તો ફરી આવે—૧૯

જે શેષનાગ પાતાલમાંથી બલરામ રૂપે મૃત્યુલોકમાં આવ્યો ને પાછો ત્યાં ને ત્યાં ગયો, ને તેથી જેની કીર્ત્તિ વડે તે ઉભયે રમ્ય થયાં, તેજ, અતિ પરાક્રમવાળા હોવાથી, આપ છો એમ આન્ન માનેછે—૨૦

જેના વાસથી દક્ષિણ દિશા રમ્ય છે એવા અગસ્ત્યમુનિ જેવા પુરોહિત સહિત, પોતાની પુત્રીને માતાસહિત, આપને આપવા આન્ને મોકલી છે—૨૧

અત્રથી દક્ષિણમાં રહેલા લોકથી જે એ દિશા રમ્ય છે તેનાથી પણ દક્ષિણમાં, આવેલા આનન્દના ગુરુ ઉભા છે—૨૨

જેમના જન્મથી ઉત્તર દિશા વિખ્યાત થઇ છે, ને જે ત્યાં ઉછર્યાથી ઉત્તરદિશાને સારી કહેવરાવનારા થયા છે તેવા અશ્વો( ૧ ) ઉદ્વાહમંગલમાં આપવા આનન્દે મોકલ્યા છે—૨૩

જેમની જાતથી વિંધ્યાદ્રિની પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, વાયવ્ય એમ આઠે દિશા પ્રસિધ્ધ થઇછે તે હાથી પણ આપને માટે મોકલ્યા છે—૨૪

આનન્દનો દૂત બોલી રહ્યો ત્યારે, પૃથ્વીને આકાશના અર્ધ અર્ધ ભાગને પોતાના સ્મિતથી શુકલ કરતો રાજા બોલ્યો—૨૫

રણમાં સન્મુખ થનારને શરપ્રહાર કરતો, ચૂર્ણ કરતો, ને અમને પણ ઉન્મનસ્ક કરતો એવો આનન્દ કોનાથી ન્યૂન કહી શકાય? —૨૬

મૂર્છાથી ઉંચાં ચઢી જતાં ને ત્રવાળાને અચેત થઇ જતા ને તેથીજ શૂન્ય જેવા થઇ જતા સુભટોને રણમાં જેણે પ્રહાર કર્યો નથી, તે સ્તુતિને પાત્ર કેમ ન કહેવાય? --૨૭

મહા સુભટોને પણ ઘી કરી નાખનાર સાથે સંબંધ હોવો યોગ્યજ છે; જ્યારે વંશ ( ૨ )ધનુષ્ થાય ત્યારે ગુણ પણ શ્લાઘાસ્પદ થાય—૨૮

---

( ૧ ) કેકકાણુ દેશના એમ ટીકાકાર.

( ૨ ) વંશ અને ગુણ શબ્દો દ્વિ અર્થી છે વંશ=વાંસ, કુલ. ગુણ= પણુછ સદ્વૃત્તિ.

આન્નજ એવો છે, બીજો તેવો થવા યોગ્ય નથી, શું તેલ ઘીમાં ખપશે ? નડ ઘાસનું ધનુષ્ બની શકશે ?—૨૯

જેમ સૂર્ય, પાષાણ જેવા ઠરી ગયેલા જલને પણ પાછું જલ કરી દેછે, તેમ આન્નરાજની ભક્તિ અમારા પાષાણવત્ હૃદયને પીગળાવેછે—૩૦

આવી ભક્તિથી આન્ન મિત્ર થશે, સંબન્ધી થશે, અથવા એમ સર્વે મિત્ર અને સંબંધી થઇજ શકે—૩૧

અન્યને ન બતાવેલો આવો આ પ્રસાદ તમારી આન્નની ભક્તિથી સુઘટ થયો છે, અથવા વર્ષાકાલમાં લવણને પીગળાવવું પડતું નથી, જાતેજ પીગળેછે—૩૨

ગુરુ અને માતાથી સંબંધ થાય તો તે સારો, માટે કેવલ પોતાનીજ સાથે ન થાય એમ જાણી તમને પણ એમણે મોકલ્યાં તે સારૂં કર્યું—૩૩

અમને આપવાની કન્યા અમારા પુરમાં મોકલો, ને અમને આપવાના હાથી ઘોડા પણ ત્યાંજ આવો—૩૪

જેમની કીર્ત્તિ અદ્યાપિ પણ બહુમાં ને દેવતાઓમાં પણ પ્રવર્તે છે તેવા અમારા પૂર્વજોનું પુર્ માતા અને ગુરુ જોશે—૩૫

જેમાં કાર્યનું બીજ નાખેલું છે એવી દૂતની વાણી સ્વીકારીને તેને, રાજાએ બીજીવાર ખેડેલી. આડી ખેડેલી, (૧)ને બીજ ભરેલી, પૃથ્વીની પેઠે, વિસર્જન કર્યો—૩૬

દૂત શીઘ્ર ગયો, અથવા પ્રાપ્તકાલ સતે, ખેડુત, પૃથ્વીને દ્વિગુણ કરી લેવામાં સમય કેમ ગુમાવે ? —૩૭

---

(૧) હળે ખેડેલી એમ પણ અર્થ થઇ શકે એમ ટીકાકાર.

અન્ય ભૂપતિઓને પણ સપત્ર નિષ્પત્ર કરી, ફાલી નાખેલા કપાસ જેવા અલ્પ કરતો કુમારપાલ પાછો ફર્યો—૩૮

પૃથ્વીનું પાલન કરતા રાજા આદિને સુખ કરતો, જગજ્જય સત્ય કરતો, શૂલે પરોવતો હોય એમ અરિને દુઃખ કરતો, એ પુરમાં પહોચ્યો—૩૯

લક્ષ્મી હરણ કરી લેવાથી મુંડેલા હોય એવા જણાતા, નિઃસત્વતા જણાવવા જેમનાં મૂછ દાઢી મુંડી નાખેલાં એવા, તથા દાસત્વની પ્રતિજ્ઞા કરતા, એવા શત્રુને પણ એણે કારાગૃહથી છોડ્યા—૪૦

ઝમકાર કરતી કાંચીવાળી ને ઝળઝળી રહેલી સ્ત્રીઓનાં ઝળઝળતાં નેત્રોથી આનંદ પામતો, એ, પછી પુરમાં પેઠો—૪૧

ઝણઝણાટ એવો નાદ તૂર્યથી થઇ રહ્યોછે, ને પટ્પટ્ એમ પટહધ્વનિ ગાજેછે, એમ એ પોતાના ધામને દીપાવતો હવો—૪૨

દ્વારપાલે, પ્રતિશબ્દ થાય એવી રીતે, પ્રવેશાવેલા એવા થોડા નહિ પણ બહુ નૃપોને, સત્કારપૂર્વક સંભાષણાદિથી, એ વિસર્જન કરતો હવો—૪૩

ઘણાક શત્રુના જીતનાર એની પાસે પુરવાસીઓ એકે એક અશ્વાદિ ભેટ લઇને આવવા લાગ્યા, ને એણે પણ એકે એક સાથે વાત કરી—૪૪

દ્વિપદિક કે દ્વિશતિક એવો જેનો એણે દંડ ન કરેલો તે ગ્રામ્ય લોકો પણ અશ્વની ભેટ લઈને નિરંતર આવવા લાગ્યા—૪૫

જેમને દ્વિપદિકા કે દ્વિશતિકા એવી જીવિકા મળતી તેવા ઉત્કંઠિત થઇ ઉભેલાને પણ એણે પછી સ્નિગ્ધ દૃષ્ટિએ અભિજ્ઞાન આપ્યું —૪૬

કાંતિથી બીજો શશી, ને તેજથી બીજો રવિ, ને પ્રસિધ્ધ દંડ-નીતિ વિધાને ધારણ કરનાર, એવો એ છે, એમ જનોએ તર્ક કર્યો —૪૭

બલથી એ જેવો છે તેવો કોઇ નથી, ભર્યા તલ જેવો ખોળ ક્યાંથી હોય ?—૪૮

રકાર કે ષકાર જેવો વાગ્મીઓનો મૂર્ધન્ય ( ૧ ), નમસ્કારાર્હ, ને અહંકારવર્જિત, એવો આનનો ગુરુ એકદા આવ્યો—૪૯

રેફના જેવી કુટિલ ભમરવાળી, અતિ રૂપવાળી, સદ્ભાગ્યવાળી, જલ્હણા નામની કન્યા પણ, પિતામહી સમેત, આવી—૫૦

એ નવા અતિથિને, મૃત્યુલોકના નવીન સૂર્યે, નવી વાજિ-શાલા સમેત નવીન પ્રાસાદ તે ( ઉતારા માટે ) આપ્યો—૫૧

જુવાન છતાં પણ માહાત્મ્યથી કરીને પ્રાચીન દેવ જેવા રાજા-એ, પુરાણમાં પણ પુરાણ એવા વિવાહઋત્વિજને, વિધિ પૂછ્યો —૫૨

શ્રીનું સ્થાન, બુધ્ધિમાન્, અને જગત્ના ભીતિરૂપી વ્યાધિનું ઔષધ દેવ જેવા રૂપવાળો, ચંદ્રકુલાવતંસ, ( વિવાહ માટે ) સજીને તૈયાર થયો—૫૩

સવિનય વાણીથી, આનને કહેલો સંદેશો કહેતા, ગુરુએ, સંજીવનૌષધ એવા એને કન્યાદાન માટે બોલાવ્યો—૫૪

કાંતિને અતિ ઉપયુક્ત એવી માટીએ ઘડાયલો નૃપ, જ્યાંથી

---

( ૧ ) મૂર્ધન્ય સ્થાનીય તે રકાર ષકાર, ને માથે બેસાડવાયોગ્ય અર્થાત મુખ્ય તે વક્ષ્યમાણ ગુરુ.

મૃત્તિકાપૂર્ણ પાત્ર નીકળી સામાં આવેછે એવા ગૃહ આગળ, આગળ મૃત્તિકા સમેત, સત્વર આવી પહોચ્યો—૫૫

અગણિકામય એવા આ મહોત્સવમાં, બારણા આગળ, કુલીન સ્ત્રીઓએ એને દધીમય તિલક કર્યું—૫૬

અત્યંત વિલસતી એવી તથા સરસ ગાયન કરતી ઉત્તમ સ્ત્રીઓએ અપૂપ અને મોદક તજીને ધોળ શુરૂ કર્યાં—૫૭

સૂક્ષ્મ વસ્ત્ર ધારણ કરેલો, ને ચૌલુક્યકુલમાં શ્રેષ્ઠ, અતિ ગૌર, એવો એ, લવણસંપુટ ઉપર પગ મૂકીને અંદર આવ્યો—૫૮

આ વધારે શોભાયમાન છે કે કન્યા વધારે કાંતિમતી છે, એમ વધૂની સખીઓએ જોવાયલો એ માતૃવેશ્મમાં પેઠો—૫૯

સાંકાશ્યના દ્વિજોથી પણ વધારે પૂજ્ય એવા નાગરો સહિત, આગળથી પણ પ્રીત અને હાલ અધિકતર પ્રીત એવો પુરોહિત ત્યાં આવ્યો—૬૦

એના હાથ કે પગ શું અધિક મૃદુ છે એમ જાણવાની અતિશય ઉત્કંઠાથી સખીએ કન્યાને ઉત્ક્ષેપથી આણી—૬૧

આ એનાથી અધિક છે કે આ એનાથી અધિક છે એમ વિમર્શતા પુરોધાએ એમના હાથ મેળવ્યા—૬૨

ત્યાં બ્રાહ્મણોએ, ઉત્તમ અગ્ર કાલે, પ્રભાતમાં હર્ષ પામેલા ભ્રમર જેમ કમલોમાં ગુંજારવ કરે, તેમ મંત્રોચ્ચાર કર્યો—૬૩

આપણા જેવી અતિ ચતુરને પણ આ અતિ ચતુર હોઇ દેખતામાંજ છેતરી ગયો એવા અર્થવાળી નર્મોક્તિવાળાં ધોળ વહૂની ઉત્તમ સખીઓ પછી ગાવા લાગી—૬૪

વજ્ર જેવા નઠારા હાથથી પદ્મ જેવા ઉત્તમ કરને ગ્રહણ કરતો ચોર જેવો આ આપણી સખીને ચોરી જાયછે—૬૫

હલધર જેવો કઠોર એ હાથે કરીને સજ્જડ પકડેછે તેથી આ બિચારી કંપેછે, એમાં આપણે શું કહીએ ?—૬૬

ભૂખાળવા રાક્ષસ જેવાં આ અણવર, અતિ કુશલ હોઈ, છેક નિર્લજ્જની પેઠે પોતાના મનથી મોદક ચાના માગેછે !—૬૭

અલક્ત જેવી આંખોવાળા અણવરે, આવી શી હજામત કરાવેલી કે બકરાની પેઠે, બે વાળ રહી જવાથી, નઠારી દાઢી દેખાયછે !—૬૮

રે બલવાન્ અણવર ! જેમ રક્તમણિને માંસબુદ્ધિથી ગૃધ્ર ઇચ્છે, તેમ તમે કંદુકને મોદક જાણીને ઇચ્છો છો—૬૯

ક્રોધથી મણિ જેવાં રાતાં નેત્ર કર્યાં તે હે અણવર ફોકટ છે ! તેમ હે કાળાં વસ્ત્રવાળા ! વૈલક્ષ્યથી દીન થઇ મુખ કાળું કર્યું તે પણ વ્યર્થજ !—૭૦

ટાઢમાં રાખે તેમ તાપમાં પણ ઉનનું વસ્ત્ર ઓઢેછે, અહો એ તો ગતિહીન તથા જેનું ઉન ન કાતરેલું એવું કોઇ ધૃષ્ટ પશુ જણાયછે—૭૧

પછી સ્નાતકોમાં મુખ્ય, તનુક બ્રહ્મસૂત્ર ધારણ કરતો, બ્રહ્માના પુત્ર જેવો, એવો પુરોધા અગ્નિકાર્ય પ્રવર્તાવવા લાગ્યો—૭૨

તે સમયે અતિ વિદ્યાનિપુણ એવા અને ઉત્તરીય સમેત બ્રાહ્મણોએ પોતપોતાના આઠમા કે છઠ્ઠા ભાગ હોમ્યા, જેથી ધૂમ નાશ પામ્યો—૭૩

ખારીના ષષ્ઠ ભાગથી પણ જેની કાન્તિનું માપ ન થઇ શકે

એવા, તથા તાડના છઠ્ઠા ભાગ જેવડા જેના બાહુ છે એવા સપરિવાર વરને, તેમ સપરિવાર કન્યાને એક આમંત્રણ કર્યું—૭૪

એ વહૂ સમેત અગ્નિની સંપૂર્ણ પ્રદક્ષિણા કર્યો, ને ભેગી થયેલી બધી સ્ત્રીઓએ સર્વને આનંદ આપે તેવાં મંગલ ગાયાં —૭૫

તમારામાં મચક (?) મળીશકે અમારામાં નહિ, તેથી તમે આપો, એમ કહીને સાળાએ એનો અંગુષ્ઠ પકડ્યો—૭૬

એ તમારો ભૃત્ય છે અમારો નથી, માટે તમારે બેએ એને કૃતાર્થ કરવો, અમારે નહિ, એમ એનાં ભાઇ ભાંડુ કહેવા લાગ્યાં—૭૭

તૂષ્ણી અને નીચે ઉભેલા શ્યાલને રાજાએ એકભાવ ધારણ કરી કહ્યું કે આપને શું આપવું જોઇએ ?—૭૮

હે બાલક ! કાદવથી તું ખરડાયો માટે ઉઠ, હે પ્રિય ! તને ગોળ ને ધાણા આપું ?—૭૯

હે દેવદત્તક ! દેવિલ ! વ્યાઘ્રક અને વ્યાઘ્રિલ એ મિત્રોને, ઉપડ, રામ ઉપેંદ્રદત્ત, અગ્નિશર્મ, ઉપેંદ્રશર્મ, માતૃદત્ત, માતૃદેવ ભાનુદત્ત, ભાનુદેવ, ભાનુમક્ત, તેમને પૂછીને શોધ—૮૦—૮૧

હે શ્યાલક ! દેવકા, વ્યાઘ્રકા, વાધિયા, ષડિયા, કુબેરદત્તા, કહોડા, શેવલદત્તા, તથા શિલદત્તા, એ બિચારાં બિયાંઓને પૂછ—૮૨

એમ કહીને બૃહસ્પતિદત્ત, વિશાખદત્ત, કુમારદત્ત, આદિએ અનુકંપિત એવા દેવદત્ત શ્યાલકને રાજાએ નાની સુંઢવાળાં હાથીનાં બચ્ચાં અને ના… અશ્વ અપાવ્યા—૮૩

શમી અને કુટીમાં રહેલા મણિથી ભરેલા પોટલીઆ, અને

સ્તંભે બાંધેલા અશ્વો, આજના ગુરુએ કુમારપાલને આપ્યા —૮૪

વાછડા, બળદ, ખચ્ચર, વૃષભ, ગોણી, ઇત્યાદિના સમૂહથી આણેલું સુવર્ણ પણ એણે આપ્યું—૮૫

એ બે સંબંધીના પક્ષમાં કોઇ અપકૃષ્ટ, ક્રિયાહીન, અમહેચ્છાવાળું, હતું નહિ—૮૬

એ બે પક્ષમાં જેને જેને જોઇએ તે ક્રિયાએ કરીને અધિક, ત્યાં કોની સ્તુતિ કરાય ને કોની નિંદા કરાય—૮૭

પ્રીતિ પામેલા એવા પુરોધાએ સ્વર્ગની દેવાંગનામાંની એક હોય એવી વહૂ, અને સ્વર્ગના દેવમાંનો એક હોય એવો વર, તેમનો હાથેવાળો છોડાવ્યો—૮૮

તમારામાં કોણ કડ છે? ને કોણ વિદ્વાન્ છે એમ પૂછતાં રાજાએ, એવા વિપ્રોને ધનથી ખુશી કર્યા, બીજા ત્રીજાને નહિ—૮૯

યુધિષ્ઠિર, બલિ કે કર્ણમાંનો એક જે આ તેણે વિપ્ર વિનાના બીજા સર્વને પણ ભૂરિ દક્ષિણાથી પ્રસન્ન કર્યા—૯૦

રાજાના દર્શનથી જેનો શ્રમ કાંઇક ઓછો થયો છે એવો, છિન્ન વસ્ત્રવાળો, ને રજથી અત્યંત નહવાઇ ગયેલો, એવો કોઇ પુરુષ (તે સમયે) અવંતિથી આવ્યો—૯૧

કુમારપાલના દ્વારપાલે અર્ધો પેસવા દીધેલો ને અર્ધો નિવારેલો એવો જે એ પુરુષ તેના વિષે રાજાને અર્ધ વચનોથી મધુર શબ્દ એણે વિજ્ઞાપના કરી—૯૨

રાજાએ, અતિ વેગપૂર્વક ભ્રૂના ઇશારાથી વાણી વિનાજ, કે વધારે તપાસ વિનાજ, તેને પ્રવેશ કરાવવા આજ્ઞા કરી—૯૩

વૈરિરૂપ કામના શંભુરૂપ રાજાને નમસ્કાર કર્યા પછી, શવિ (?) નામના સંઘનો અગ્રણી, અને દેવદત્ત સંઘને જાણનારો એ, આ પ્રમાણે બોલ્યો—૯૪

ભાલાધારી સેના સહિત માલવમાં નિયુક્ત જે દંડનેતા તેનો હું મજુરી કરનારને જેમ મજુરી કરનારી સ્ત્રી હોય, તેવો સંમત છું—૯૫

ગોપાલિ, રાજન્ય, કાંચવ્ય આદિ પદાતિ સમેત, યૌધેય અને શૌભ્રેય સહિત આપના સેનાની, તે સમયે, ગયા—૯૬

રાક્ષસ, પર્શુ, દામનિ, ઔલપિ, એ શસ્ત્રોપજીવી સંઘ સહિત, તથા શ્રીમત, અને શ્રૈમતસહિત, બલ્લાલ અતિ ગર્વથી સામો આવ્યો-૯૭

શામિવત્ય અને અભિજિત્ય ને શૈખાવત્ય એમનાથી એણે આપના વિશ્વાસુ એવા વિજય અને કૃષ્ણ નામના બે સામંતને ફોડયા—૯૮

હે સુરાજન્! તે, શાલાવત્ય, ઉર્ણવત્ય, તથા વૈદભૃત્યો, એ સર્વથી પ્રેરાયલા, જાતે નઠારા રાજા હોઇ, એ નઠારા રાજા પાસે જતા રહ્યા—૯૯

એ, ક્ષણમાંજ, હે સર્વ રાજામાં શ્રેષ્ઠ! આપના સૈન્ય ઉપર, તરવારે તરવાર, કે દંડે દંડ, કે મુશલે મુશલ, મેળવતો, બહુ નૃપો સહિત, એ આવ્યો—૧૦૦

ઋચાઓ-ઉચ્ચારનારા ઋત્વિજોની પેઠે, એના, સિંહનાદ કરતા અને સંપત્તિયુક્ત એવા સુભટોએ, સમાપમાર્ગ રુંધીને, આપણા સૈન્યની આહૂતિ હોમવા માંડી—૧૦૧

રાણના ધુમસાને ઉપાડે તેવા, અને દૃઢ ધરી તથા ધુસરાવાળા

એવા, રથમાં, ઉદગ્ભૂમિ તરફ રહેલા શત્રુથી રોધાયલા આપણા સુભટો ચઢી શક્યા નહિ—૧૦૨

પ્રહારરૂપી અંધ તમસથી અંધ થયેલા, આપણા, મોખરાના સુભટો, કૃષ્ણભૂમ, પાંડુભૂમ, દ્વિભૂમ, ઇત્યાદિને તજી તજીને, રસ્તાની પાર નાઠા—૧૦૩

શત્રુના શરસંપાતના અંધકારમાં મૂર્છા રૂપી અંધકારમાં પડેલા, અતપ્તરહસ (?) એવા બીજા પણ પાસેનાં પર્વતાદિ ગુપ્ત સ્થાનમાં નાઠા—૧૦૪

સામનિપુણ અને સર્વથા અનુકૂલ એવા, તથા શત્રુને પ્રતિકૂલ અને દંડ દેવા તત્પર એવા ચમૂપતિએ, નૃપોને કહેવા માંડ્યું—૧૦૫

અવલોમ અને દંડપરાયણ એવા મારા સ્વામીએ મારા બ્રહ્મવર્ચસની જે સ્તુતિ કરી તેને ધિક્કાર છે, ને તમારી ક્ષત્રિવટને, તમારી હયાદિ સંપત્તિને પણ, ધિક્કાર છે—૧૦૬

હે નૃપો છાતીએ પહેરેલા તમારા, પરાળના ભારા જેવા બખતરને પણ ધિક્કારછે, કે તમારા દેખતાં છતાં, ઘરમાં બારી કરીને પેસે તેમ, શત્રુઓ પેસતા જાયછે—૧૦૭

અમારી પ્રત્યક્ષ તમારી સમક્ષજ તમે ન હો તેમ સૈન્યનો ઘાણ નીકળી ગયો, ત્યાં........હાસ ગાર્ભિત કટાક્ષથી (૧)...૧૦૮

રાજાએ રાજાને જ્યાં આ પ્રમાણે સેનાપતિએ કહ્યું ત્યાં એ રા-

---

(૧) આ શ્લોકથી તે શ્લોક ૧૨૦ સુધીની ટીકા તૂટક હોવાથી મળીનથી, તેમ મૂલ જોછે તે પણ અશુદ્ધ હોવાથી તે ભાગજેવો બેઠો તેવો અર્થ બેસારી લખ્યોછે.

આએ પણ, પોતાનાં બખતર ઉપર આદર લાવી, યુધ્ધકર્મ માટે નિશ્ચય કરી તૈયાર થયા—૧૦૯

નદી પાસે, ગિરિ સમીપ, નદની અંદર, ગિરિમાં, એમ ભરાયલા મ્લાન એવા પોતાના સુભટોને તેમણે, આગ્રહાયણીમાં...... બોલાવ્યા—૧૧૦

તે અતિ વિકટ ગર્જના કરી પ્રતિશત્રુ ઉપર યુધ્ધમાં, જેમ આગ્રહાયણમાં કે પૂર્ણમાસીમાં સમુદ્ર ઉછળે છે, તેમ ઉછળીને તૂટી પડયા—૧૧૧

અહો ! આ તો પંચનદ કે સાત ગોદાવરી પ્રત્યક્ષ આવી છે એમ કહેતો, પૂર્ણમાસીના ઇંદુ જેવી કાન્તિવાળો, સેનાની પણ તેમની પાછળ આલ્યો—૧૧૨

......શરદમાં શરદીની પેઠે...વ્યાઘ્ર જેમ પશુને, તેમ એણે, ......શત્રુને સારી રીતે હણ્યા—૧૧૩

તે વખતે ઉછળતાં અશ્વનાં......થી પાંશુ એવો ઉડયો કે જેવો ......મૃત્યુ મહોક્ષ જેવું......ગળી ગયો—૧૧૪

શુદ્ધ ક્ષત્રિય એવા સુભટોએ, નાસતાને કે વૃધ્ધને કોઇ માલવોને ......પ્રહાર કર્યો નહિ—૧૧૫

કોઇએ જીવ સાચવવા ઋક્સામ કે ઋગ્યજુષ્ ગાવા માંડયાં, ને કેટલાક માલવોએ ગાય અને બળદની પેઠે દાંતે તરણું લીધાં —૧૧૬

ઉરુ આંખ છાતી એવાં મર્મસ્થાનોમાં વ્રણ થએલા એવા અહોરાત્રી ચાલતા રણથી પીડાયલા કેટલાક ધનદારાદિ તજીને રાતદિવસ નાઠા—૧૧૭

જાણે સૂર્ય, રાતદિવસ સળગતા અગ્નિની પેઠે, સત દિવસ તપ્યો, ને જેનું પરાક્રમ અવાઙ્મનસગોચર છે એવો બલ્લાલ પછી ચઢ્યો—૧૧૮

આપણા લોકને ગોવાળીઆ જેવા માનનારા એણે......અ-સ્થિત્વક્માંસ રુધિર આદિથી....., તીરમારી,.....કર્યું—૧૧૯

બે દિવસે પણ ન ભેદી શકાય એવા અત્યંત દુર્ભેદ્ય સો રાજાના સમૂહને કાષ્ઠ કે પાષાણની પેઠે દૂર હઠાવી નાખી તે તમારો શત્રુ દંડનાયકની પાસે પહોચ્યો—૧૨૦

રે! બે અંજલિ કે ત્રણ અંજલિ જેટલું સુવર્ણ જેમને નિત્ય અપાયછે એવા રે સુભટો, ! શું તમારૂં આયુષ્ બેવડું છે કે તેવડું છે એમ તમે જાણો છો ? ( એક ક્ષણનો પણ ભરોસો નથી, તો અપ-કીર્તિ વેઠીને ) શુ હજુ જીવોછો ? એમ સેનાપતિએ પોતાના સૈન્ય-ની તર્જના કરી—૧૨૧

રે બબે ને ત્રણ ત્રણ અંજલિથી રાખેલા સુભટો ! તમે તમારા પૂર્વજના પુત્ર જણાતા નથી, ને મેં બે કે ત્રણ ત્રણ અંજલિ બાંધી તમને મિથ્યાજ પૂજ્યા !—૧૨૨

એમ સાંભળીતાંજ, બે ખારીથી ત્રણ ખારી ને ત્રણથી પાંચ ખારી, તેની પેઠે વૈરી કરતાં અધિક થઇ, એમણે યુદ્ધ કર્યું —૧૨૩

અર્ધ ખારી અર્ધ ખારીને મળતાં જેમ આખી ખારી થાય, તેમ બે નાવ જેવો વ્યૂહ રચેલા આપણા સુભટોએ રિપુના નાવાકાર વ્યૂહને અર્ધનાવ જેવો કરી નાખ્યો—૧૨૪

અવંતિના ઉત્તમ પુરુષ, એવા મહાસખ બલ્લાલને, ગૂર્જરવાસી બ્રાહ્મણસેનાનીની સમક્ષ, પાંચ રાજાએ એ નીચે પાડયો—૧૨૫

કુલીન બ્રાહ્મણ એવો મહાબ્રાહ્મણ ચમૂપતિ, મહાબ્રાહ્મણોથી, નિષેધ કરાવે તે પૂર્વે તો કેટલાક પાપિષ્ઠ બ્રાહ્મણોએ એને હણ્યો —૧૨૬

પછી ગામના અને સ્વતંત્ર એવા સુતારોએ તૈયાર કરેલાં ગાડાંરૂપી શ્વાનને લઇ, ને અતિ શૂર તથા સ્વામીભક્તિવાળા એવા યોધા સહિત, એ સેનાપતિ, વાઘ જેવા કૂતરા સહિત જેમ શિકારી નીકળે, તેમ નીકળ્યો—૧૨૭

પછી, રામે જેમ હનૂમાનને આપ્યું હતું, તેમ રાજાએ, જેની સાથળના પૂર્વને ઉત્તર ભાગ રજથી નહવાઇ ગયાછે એવા દૂતને પારિતોષિક આપ્યું—૧૨૮

કુક્કુટની સાથળોને હસતો, અને મૃગની સાથળનું અનુકરણ કરતો, ફલક જેવી સાથળવાળો એ પુરુષ ત્વરાથી ચાલી ગયો—૧૨૯

કાલાયસ ( ૧ ) શસ્ત્રધારી ભૂપ, સૌંદર્યરસપૂર્ણ, જગતનાં નેત્રને અમૃતાશ્મ જેવી, એવી વધૂને લઇને, ઘર તરફ ચાલ્યો—૧૩૦

થોડાકજ દિવસમાં પ્રાપ્ત કરેલા જયથી ગર્વ પામતા, એને અતિશય કુતૂહલવાળા, પુરલોકોએ, અન્નનાં હાટમાં રહે રહે, એને શુભ દિવસે મહેલ તરફ જતાં જોયો—૧૩૧

રાત્રીના ચંદ્ર જેવા મુખવાળી સહિત, એ સૂર્યના જેવી પ્રભાવાળો, બે દિવસથી ઉત્સવમાં મંડેલાં પોતાનાં સંબંધી સમેત, શુભ લગ્નમાં, ગૃહમાં પેઠો—૧૩૨

કેટલીક રાતો ગયાપછી, સારે દિવસે, વર્ષારાત્રીપૂર્વે મહીપતિએ સાસુ તથા ગુરુને વિદાય કર્યાં—૧૩૩

---

( ૧ ) કાલાયસ એ લોહજાતિભેદ એમ ટીકાકર.

જે સમયે રાત્રીઓ દીર્ઘ ન હોય તેવા ( ઉષ્ણ ) કાળમાં પણ એક કે બે રાતમાંજ એણે પોતાના સામર્થ્યથી બીજા શત્રુઓને પણ, દિવસના ચંદ્ર જેવા નિસ્તેજ કરી નાખ્યા—૧૩૪

આખી રાત્રી જાગતો, ને શત્રુનું નિશ્ચિત આયુષ ક્ષીણ કરતો, એ, તેવો યાજ્ઞિક જેમ દ્વિસ્તાવા કે ત્રિસ્તાવા ( ૧ ) આગળ ફરે, તેમ પૃથ્વીમાત્ર ઉપર ફરી વળ્યો—૧૩૫

અતિકલ્યાણયુક્ત એવા એને, પોતાના કલ્યાણની ઇચ્છાથી, ઉચ્ચ દેશાધિપાદિ નૃપો યાજ્ઞિકો જેમ દ્વિસ્તાવ કે ત્રિસ્તાવ અગ્નિને પૂજે, તેમ હયગજાદિથી પૂજતા હવા—૧૩૬

નિઃશ્રેયસાર્થીઓએ જેનું બાહુવીર્ય સ્તવાયલું છે એવા છતાં પણ હાથે ખડ્ગ ધરતા એણે, માડા દશ દિવસમાંજ બધી પૃથ્વી એવી વશ કરી લીધી કે નયમાર્ગથી બે આંગળ કે એક આંગળ પણ કોઇ જરાએ ખશી શકે નહિ—૧૩૭

---

## સર્ગ ૨૦.

વિસ્તીર્ણ ષડંગુલ ( ૨ )થી ઉસરડાય તેટલા ધનવાળી પદ્માક્ષીઓ વન પ્રદેશોમાં રમવા વાસ્તે ગયા પછી ત્યાં શ્રમથી પગ થાકતાં ત્યાંજ નિઃશંક રહેછે, કેમકે પૃથ્વીને એ પાળનાર સતે કોણ એવો બે કે ત્રણ માથાંનો હોય કે જે અપનય કરી શકે ? —૧

---

( ૧ ) વેદીવિશેષ; એનો અર્થ યાગવિશેષ પણ છે, જુઓ શ્લોક ૧૩૬.

( ૨ ) કાંટા વગેરે ઉસરડી નાખવાનું ઓજાર એમ ટીકાકાર પંજેકી.

એ ઉદાત્તશક્તિ દેવની, શંભુની પેઠે, પોતાની સ્ત્રીઓ સહિત એવા જનમાત્ર, સ્તુતિ કરેછે કે આ માતર્, આખો દિવસ, સર્વકાલ શુભકર્મ કરનાર છે, ત્રિદિવેશ્વર છે, અથવા નક્ષત્રનાથ છે—૨

કૃશોદર, વિશાલ વક્ષઃસ્થલવાળા, તથા સાક્ષાત્ નક્ષત્રનાથ જેવા એનું દર્શન કર્યા પછીની દ્વિતીય રાત્રી કોને કલ્યાણકારી થઇ નથી ! ( ૧ )—૩

અસ્ખલિત પુરુષાર્થયુક્ત હોઇ નિરંતર ચતુર એવા, તથા ત્રણે જગત્માંના છન્નુ પાખંડ મતોને પૂજતો, એ, કષાયથી કરીને અચતુર થતો હવો—૪

અંદરને બહાર જેને રૂંઆં છે એવું ઉણો વસ્ત્ર ધારણ કરેલો, અતિ મૂર્ખ, દુષ્ટ ઝંઘાવાળો, ગરીબ, દુષ્ટ વ્યવહારવાળો, એવા કોઇકને આમલકી એકાદશી જ્યારે શ્રીવિષ્ણુની બહુચ બ્રાહ્મણાદિ પૂજા કરે છે તે દિવસે, રસ્તામાં, એક દિવસ ત્રણ ચાર પશુને તાણી જતો એણે જોયો—૫

શુભાસક્તિવાળો અને પાપકર્મમાં અસક્ત એવો, તથા ધર્મમાં આસકત એવો, એ દુષ્ટ આસક્તિવાળાને કહેવા લાગ્યો, હે સમર્થ ઝંઘાવાળા ! ઝંઘા ન હોવાથીજ જાણે અસકત હોઇ ચાલી ન શકતાં હોય એવાં આ બકરાંને શા કારણથી તું ખેંચી જાયછે?—૬

સારૂં કે નઠારૂં એકે હલ હે રાજાજી ! મારે ઘેર નથી, હું તો કેવલ હલ વિનાનો અર્થાત્ અતિ ગરીબ છું, તેથી, વગર ઝંઘાનાં સારી ઝંઘાનાં કે નઠારી ઝંઘાનાં આને પૈસા લઇને કસાઇને વેચવા સારૂં લઇ જાઉંછું—૭

---

( ૧ ) એ શ્લોકનો અર્થ દ્વિતીયાના ચંદ્રને પણ લાગી શકેછે ને તેથી ચંદ્રની જે ઉપમા આપી છે તે સારી ઘટે છે.

દુષ્ટ હલવાળો જેમ સારા હલવાળા પાસેથી તે લે, અથવા બહુ મજાવાળા પાસેથી જેમ અમજ હોય તે મજા લે, તેમ આમના માંસને પણ દ્રવ્ય આપીને કસાઇ પાસેથી લઇ જનારા એવા ઘણાક દુષ્ટો પડેલાછે—૮

દુષ્ટ અને થોડી બુદ્ધિવાળા એ માણસનું વચન સાંભળી રાજા ઉત્તમ બુધ્ધિથી બોલ્યો કે બુધ્ધિ રહિત કે મંદ બુધ્ધિવાળા એવા તેમને ધિઃકાર છે કે જે પોતાના નઠારા પેટ માટે જંતૂઓના જીવ લેછે—૯

સપ્તકમાસિક ભૃત્યો શું ઉત્તમ જીક્તિ નથી ગાળી શકતા કે દુષ્ટજાતિવાળા અને કૂતરા જેવા, ધર્મવિમુખ, આ લોક સોમલતા કે તૃણામાત્રનેજ ખાઇ ને જીવનારાં આ બિચારાંને હણેછે?—૧૦

લીલું ઘાસ ખાનારાં, સુંદર દંતવાળાં, નિર્દોષ, તથા દક્ષિણેમાં એવાં મૃગોને વ્યાધ લોક હણે તેનું પાપ તે દેશના રાજાનો અતિ સુગંધિમાન્ જે યશ તેને ક્ષીણ કરેછે, તો આ મત્યક્ષ થનારો પશુ-વધ તો શું એ કરે !—૧૧

સુગંધવાળું દૂધ, સુગંધવાળા શાલિ, તેને તજીને લોક, સ્વભાવ-થીજ દુર્ગંધવાળું પણ સુગંધ દ્રવ્યોથી સારૂ કરેલું એવું માંસ ખાવાને ઇચ્છે છે તે ખરેખર શાસન કરનારનોજ દુર્વિવેક છે—૧૨

સંસર્ગથી કરીનેજ, જલ સુગંધિ થાય કે દુર્ગંધિ થાય, વાયુ સુગંધિ થાય કે દુર્ગંધિ થાય, ને શરીર પણ સુગંધવાળું કે દુર્ગંધ-વાળું થાય, તેમ જેવા રાજાના ગુણ તેવાજ લોકોના ગુણ થાય—૧૩

મારામાં ન્યાયનો ગંધ પણ નથી, કે ધર્મનો પણ ગંધ નથી, કરીષ ગંધના પુરીષનોજ મારામાં ગંધ છે, કેમકે મને ધિક્કાર છે કે હું માત્ર મારા શરીર માટેજ કર લઉંછું, પણ મજાના રક્ષણ માટે નહિ—૧૪

વ્યાઘ્રપાદ સહિત, પૃથ્વીને પાવન કરનાર ચરણવાળા, વિષ્ણુ-પાદોદકી ગંગાતીરે વસતા, હસ્તિપાદ અને અજપાદ મુનિ, મને, બાલક કે દાસ જેવો જડ હોઇ પશુવધ કરનારો જાણે તો મને ધિક્કાર છે—૧૫

લોઢાના દાંતવાળી રાક્ષસીથી પણ વધી પડેલા, ને અછિદ્ર દંતવાળા, તથા શ્યાવદંત એવા જન, હું નૃપ છતાં પણ, શ્યાવદંત યમ કિંકરની પેઠે, ક્રોધથી પ્રાણીનો સંહાર કરેછે!—૧૬

અરે રે! અત્રલોક મૂષક જેવા કે સર્પ જેવા દંતવાળાં પશુને હણે છે, ને ધોળા દાંત બહાર કાઢી હસેછે, પણ પોતાના ઉપર, વજ્ર જેવા દંતવાળા, શિખર જેવા દંતવાળા, વૃષભ જેવા દંતવાળા, વરાહ જેવા દંતવાળા, કે સર્પ જેવા દંતવાળા, યમદૂત તાકી રહ્યા છે તેનો વિચાર કરતા નથી—૧૭

અથવા ધોળા, શિખર જેવા, ખર જેવા, દુઃશુદ્ધ, વૃષભ જેવા, કે વરાહ જેવા, દંતવાળા યમદૂતો તો દૂર રહ્યા, પણ આને આ લોકમાંજ ઉંદરના જેવા દાંતવાળા કીટ, જંતુઓને હણી સંતોષથી ખડખડાટ હસતા પુરુષોને ખાઇ જાયછે—૧૮

ટુંટિયાં વાળીને કે લાંબે પગે, ભેગા પગ રાખીને કે છૂટા, પણ પોતાનીજ કાયાથી, પાપવડે ઉપાર્જિત અર્થની પેઠે, પોતાના, પાપને જંતુ માત્ર, દુષ્ટ આશયવાળાં પોતનાં સુહૃદ્સંબંધી સહિત, ભોગવે છે—૧૯

ગાંડિવધનુ, કે શતધન્વાના જેવો, વિજયી ધનુષ્યવાળો એ, ઉભા રહેલા તથા વૃક્ષ જેવી નાસિકાવાળા ખુરણસના પુત્ર, એવા અધિકારીને, આ પ્રમાણે આજ્ઞા કરતો હવો—૨૦

નાક વિનાનો હોય તેજ નાક વિનાનો નથી, પણ જે મિથ્યા ભાષણ કરનાર છે તે સ્થૂલ નાસિકાની પેઠે પ્રકૃષ્ટ નાસિકાવાળો છતાં

પણ નાક વિનાનોજ છે, તેથી તેને તમારે શિક્ષા કરવી, ને તેનાથી પણ વધારે શિક્ષા પરદારગામીને કરવી, ને તેનાથી પણ વધારે કઠિન જંતુવધ કરનારને કરવી—૨૧

તાલુસ્પર્શ વિના, અતિશય તાલુ સ્પર્શ સહિત, સંપૂર્ણતાલુસ્પર્શ વિના, સંપૂર્ણ તાલુસ્પર્શ સહિત, એમ કહેવાયલી બે વાણી સાંભળતાની સાથેજ, તે અધિકારીઓએ, સંપૂર્ણ તાલુવાળા પુરુષો પાસે ત્રિકકુદ્ ગિરિ ( ૧ ) પર્યંત અમારિઘોષણા પ્રવર્તાવરાવી—૨૨

શ્રેયરૂપ મૂર્તિ એવો આ રાજા પૃથ્વીનો શુભ સ્વામી સતે, અને તેના દંડધારકો સર્વત્ર રહ્યે સતે, શસ્ત્રધારી છતાં કે સારો ભોગી છતાં, પણ કોઇએ ગાયની પેઠે, જંતુમાત્રને મારતો નથી—૨૩

જોડા વિનાના પગવાળાં જેમ અપમાર્ગે જતાં નથી તેમ આમિષ તરફ ન જોતાં સર્વે હર્ષ પામી સુંદર શાલિ, દધિ ઘી, એવાં, મદિરા અને બળે કરીને કાઢેલા દ્રવ્ય વિનાનાં, ભોજનથી પ્રસન્ન રહેછે—૨૪

શંભુ કે વિષ્ણુ જેવા, અને દુસ્તર સમુદ્ર તરવામાં આ મહાધર્મ રૂપી નાવ જેણે સાધ્યું છે એવા, એ નૃપતિથી આખું જગત્, એ એકલોજ તેમાં ખરો નર હોય એવું થઇ રહ્યું—૨૫

જે અતિ દર્પથી ઉદ્ધત એવો ઋધ્ધિમાન્ તેને લક્ષ્મી સહિત છતાં પણ એણે વિવાસ આપ્યો ને અશ્રધ્ધાલુને પણ અંત સારયુક્ત વચનોથી એણે દયાધર્મ વિષે ઉત્તમ શ્રધ્ધાવાળા કરી દીધા—૨૬

જ્યાં બહુ વિષ્ણુમિત્રો વસેછે એવા ગામડાંમાં પણ ને સુમેયસી ગામમાં પણ, ઉત્તમ ભ્રાતૃપુત્ર સહિત એવા આ રાજાને લીધે, પુત્રપરિવારસહિત જનો કરુણાધર્મમાં આવીગયા, અને નાડી

---

( ૧ ) ત્રણ શિખરવાળો પર્વત, જે લંકામાં છે એમ ટીકાકાર.

તંત્રી તથા ગળાં કાપેલાં એવાં અજરૂપી બલિ દેવતાઓ પામવા લગ્યા નહિ—૨૭

અનેક તારવાળી કે એક તારવાળી વીણાને અતિશય વગાડતો વ્યાધપણ સુંદર નાડીવાળા કે અખંડ નાડીવાળા, લતાગુચ્છોમાં સંતાઇ, મૃગોને હણવા માટે હવે આકર્ષતો નથી—૨૮

કોરવાળું નવું પવિત્ર વસ્ત્ર ધારણ કરતા, અને સ્ત્રીઓથી પોતાના મનને વિકાર ન પામવા દેતા, એવા દાક્ષિ ભાર્ગવાદિ મુનિઓ, કૈકેયીના પુત્ર ભરત જેવા આ નૃપ આગળ, પોતાના મહા યજ્ઞોમાં પણ, પશુહિંસાને અત્યંત તજી દેછે—૨૯

મૈત્રેયિક હોવાથી ( છાગવધ કરવોજ પડે ) એવી ઉગ્ર બુદ્ધિવાળા છતાં પણ દેવિકાનદીની પૂર્વે આવેલા ગામમાંના મુનિઓ, દીર્ઘ સત્રમાં, દેવિકાને તીરે ઉગેલા યવની આહૂતિ, ત્યાં, એનાં હિમ જેવાં અને કલ્યાણકારી વચનોને વશ થઇ આપેછે—૩૦

શિંશપા વૃક્ષના સ્તંભ જેવા સસાર ભુજવાળો, અતિન્યાયવાળો ને ઉત્તમ આગમ જ્ઞાનવાળો, તથા મહાબલવાળો, એ મૃગયાના ખેલમાંથી પશુમાત્રને, જેમ વિહીનરનાં અપત્ય વિહીનરા પિતા પાસેથી આવેલા ધનને જાળવે, તેમ જાળવી લેતો હવો—૩૧

સૌવશ્વિ, દૌવારિક, દૌવારપાલિ, સૌવસ્તિક, એ જેમાં મુખ્ય છે એવા, સ્ફૈય કૃતથી પણ દયાદિમાં અધિક થયેલા લોક, ન્યગ્રોધના કષાયની પેઠે માંસને ખાવાની ઇચ્છા કરતા નથી—૩૨

એણે સર્વત્ર અમારિઘોષણા, સ્વાંગિ, વ્યાગિ, શ્વાભસ્ત્રિ, એ આદિ ઉચ્ચઘોષ કરનાર પાસે શ્વાકર્ણના પલ્લિદેશમાં પણ, કરાવી દીધી તેથી ન્યંકુ મૃગનું ચર્મ ઓઢનારા એવા મુનિઓને તે ચર્મ મળવું પણ કઠિન થઇ પડ્યું—૩૩

જનાવરના માંસની ઇચ્છા કરનારો વ્યાધ પણ, એના રાજ્યમાં,

જનાવરના માંસને અડકી શકતો નથી, ને પ્રોષ્ઠપદામાં જન્મેલો પણ નૃશંસ કર્મ કરતો નથી, ઉલટો ઉત્તરભાદ્રપદામાં જન્મેલાથી પણ અધિક ધાર્મિક છે ( ૧ )—૩૪

સુપાંચાલ, સર્વપાંચાલ, કે અર્ધપાંચાલ, એ લોક પણ, પૂર્વે નિદાઘના રવિ જેવા પ્રચંડ પ્રતાપવાળા એવા એને અનુવર્તી જંતુ-હિંસા કરતા નથી—૩૫

પૂર્વપાંચાલ અને પૂર્વભદ્રના પદાતિથી, કૃષ્ણમૂર્તિ જેવા એણે, ભાંડ ભાગી ભાગીને, બબે ત્રણ ત્રણ વર્ષની જૂની સુરાને કાઢી નંખાવી —૩૬ (?)

એ ( માંસવિક્રયાદિ વિના ) ગરીબાઇથી પીડાતાંને ત્રણત્રણ વર્ષે ચાલે એટલું ધાન્ય આપેછે, ને તેથી બે કુડવ કે અધિક કુડવની પણ, ઇચ્છા કરનારો કોઇ, આઢ્ય લોકને ઘેર જતો નથી—૩૭

પાંચકલાપિ અને અહર્વૃત્તિ ને દ્વિસાંવત્સરિક એવા અંગરક્ષકો ઉંઘતા હતા, બે સરાણે ઉતારેલી તરવાર એજ પાસે હતી તેવા નૃપે, એક વખત મધ્યરાત્રીએ કોઇનો આર્ત્ત સ્વર સાંભળ્યો—૩૮

રાજાએ વિચાર કર્યો કે કોઇક શોકાપૂરથી મરવાને તૈયાર થયે-લી આ રડેછે, અર્ધા કુડવે કરીને લીધેલી સ્થાલી બે કુલજથી અધિક અન્ન ભારને લીધે ઉભરાઇ જાયજ—૩૯

પછી રાજા, હલકા મૂલનું વસ્ત્ર ધારણ કરી, અર્ધ કુડવથી લી-ધેલું આખા શરીરે ઢંકાય તેવુ નીલ વસ્ત્ર ઓઢી, ને શસ્ત્ર ધારી વિપ્ર-પુત્રોને તજી, તથા બીજાને પણ તજી, એકલોજ ત્યાંથી ચાલી નીકળ્યો —૪૦

---

( ૧ ) પ્રોષ્ઠપદામાં જન્મેલો નૃશંસ કર્મ કરનાર થાય ને ઉત્તર ભાદ્ર પદામાં જન્મેલો ધાર્મિક થાય એમ ટીકાકાર.

એવા વેશવાળોએ, ઉક્ત શત્રુઓમાંનો ન છતાં પણ તેવા વેષવાળો હોઇ, તેમની વચમાં થઇને જતાં પણ, કોઇથી, જાણે તે-માંનોજ એક છે એમ થવાથી, ઓળખાયો નહિ—૪૧

સ્થિર નિર્ભયતાથી પૃથ્વીની સ્થિરતાને પણ જીતતો, અને અનૈશ્વર્ય તથા અનૈપુણ્ય વિનાનો, તથા યોગ્ય માર્ગે કૌશલવાળો, ને અયોગ્ય માર્ગે અકૌશલવાળો, એ શુધ્ધમાર્ગે ગયો—૪૨

દરિદ્રતા, મૂર્ખતા, મલિનતા, ઇત્યાદિથી લોક પીડાય છે, તે શું મારે લીધેજ છે એમ પારકાંના દુઃખથી દુઃખી થઇ રાજા ફરતો, અર્થાત એને કોઇ પારકું પોતાનું એમ ન હતું પણ સવ આત્મસમાન હતાં—૪૩

એ કુરુજંગલ દેશની છે કે વિશ્વધેનુની છે, કે તેમ નથી, આ કોઈ સુવર્ણવલય સહિત હાથવાળી કોણ છે, એમ વિચાર કરતા એણે વૃક્ષ નીચે સ્ત્રીને દીઠી—૪૪

........રે પ્રેમપૂર્ણે! સૌભાગ્યના દર્પથી વિલિપ્ત એવા અપ્રેમી પતિએ શું તારી અવમાનના કરીછે? (૧)—૪૫

રે પુત્રિ! કાશીનો કોઇ ઠગ અથવા સૌહ્ય નગરનો ઠગ એવો કોઇ દાંભિક દુર્વ્રતવાળો, કુલાચારથીજ ચોર, અને પરલોકની આશા વિનાનો, તે શું તને, અગ્નિવરુણ દેવતા માટે જેમ ગાયને (ઋત્વિજ્) લાવે, તેમ લાવ્યો છે?—૪૬

સોમ ઇંદ્રનું કે ઇંદ્ર વરુણનું હવિ જેમ હરી જાય તેમ, કે ભ્રૂણહત્યાનું પણ પાપ ન ગણનારો એવો દુષ્ટ રાવણ સુવર્ણમૃગથી રામ-

---

(૧) આ શ્લોક રીતિ પ્રમાણે આપેલો નથી, પણ ટીકા ઉપરથી તેનું જે અનુમાન થઈ શકેછે તેનો અર્થ, આટલાં બે ચરણ બેસાડી, આવો સમજાયછે.

ભાર્યાને હરિ ગયા તેમ, કોઈ અસુર શું તને છલ કરીને હરી લાવ્યો-છે ! —૪૭

અથવા, મૈત્રેયની વાણી કે સરયુના જલ જેવી પવિત્ર, અને જેના અતિ અનુરક્ત પ્રિયતમ પાસે નહિ, એવી તને, સમીપે રહી કૂડ કરનાર, ને તેથી અંતકરૂપ, એવો કોઈ દુષ્ટબુદ્ધિ, શીલથી ભ્રષ્ટ કરવાને લાવ્યો છે ?—૪૮

પછી આ પ્રમાણે કહી ને પાસેમાં પાસે આવીને રાજા, પોતાના પાસેના સગા આગળ રહે, તેમ ઉભો, એટલે, એના સમીપ રહેલા ચરણયુગલને પોતાના દંતની પ્રભાથી પુષ્પહાર ચઢાવતી, પાસે બેઠેલી, એ બોલી ઉઠી—૪૯

ઉત્તમ વર્ણ અને ઋજુભાવયુક્ત શુભ્રતાના યોગથી આપને બોધિસત્ત્વ જેવા હું જાણું છું, અથવા માલા વિનાનાને માલાવાળો કે ઉત્તમ વર્ણ વિનાનાને ઉત્તમ વર્ણવાળો કહી શકાતો નથી—૫૦

અથવા, પાપનો ક્ષય કરતા, અને ધર્મની વૃદ્ધિ કરતા, એવા આપ સાક્ષાત્ કનિષ્ઠ મનુ છો, જુવાનની જુવાની કોણ ન વખાણે, અથવા અલ્પની અલ્પતા ન કહે ?—૫૧

હે શ્રેષ્ઠ અને જ્યેષ્ઠ ! શ્રેય અને વૃદ્ધત્વવાળા તમારા આગળ મારા અંતર્‌ની પીડા સત્વર કહેવા માંડું છું, વિસ્તારૂં છું; એથી આપને, ગાઢ પ્રગાઢ તેમ અંતરનું પણ અંતર્ બાળે તેવા દુઃખવેગ, એ સાંભળતાં, થશે—૫૨

વાણીના વિલાસથી પ્રિયભાવ અને મહાનુભાવતા વિસ્તારતો મહાપુરુષ સાંભળનારનો પ્રેમ ખેંચી લેછે; કદીપણ પીડા ન પામેલા એવા આપને, કાંઇ પણ ગાંભીર્ય વિનાની હું, અતિ લજવાતી, દુઃખી કરૂં છું—૫૩

અતિ નિર્મલ વિપુલ કાંતિવાળો, તથા લાંબી અને વિશાલ નેત્રશ્રીવાળો, સ્થિર અને વૃધ્ધ બુદ્ધિથી, સ્થિરતાથી જે વૃધ્ધ છે તેને પણ અતિક્રમણ કરનારો, ને તેથી અતિ પ્રશસ્ત, ને સ્ત્રીઓને પ્રિયતમ, એવો મારો પ્રિય હતો—૫૪

વેપારમાં અતિ લંબાણ અને વિસ્તારવાળો ને તેથી મહાન્ એવો એ, સ્વભાવથી ચલ એવી લક્ષ્મીને સ્થિર કરવાનો અને વધારવાનો વિચાર કરતો, રાતના છેલા પહોરે, જુવાન છતાં પણ, આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો—૫૫

જે માણસ, રક્ષા કરવાને અશક્ત અને જાતે લોભી એવા નૃપના રાજ્યમાં લક્ષ્મીને બહુ કરે, વધારે, કે પ્રિયકરે, તેની બુદ્ધિ એક અનર્થમાત્રનેજ વધારે છે, વરેછે, સ્થિર કરે છે—૫૬

પોતાનું વિત્ત વધારવાને મથતો, તથા મહતી સમૃદ્ધિથી કરીને મહાન્ એવો હું આ નિર્બલ રાજા આગળ, મને કેવલ કૃષકરી નાખનારી મહા વિપત્તિ દેખું છું—૫૭

બહુ ઉત્સુક હોઇ મહોટાં ઉંટની હાર ચલાવતો, જાતે સોદ્યમ હોઈ મહારથોને ચલાવતો, અને પોતે અતિ મહત્તમ એવો મહા બલિષ્ઠ વૃષભોને હલકારતો, પછી એ સુરાજાવાળા આ દેશમાં આવ્યો—૫૮

અતિ મૃદુ એવી મને, દૃઢ હોઇ દૃઢ લક્ષ્મીને દૃઢ કરતો, અનેક જનનો સ્વામી, અતિશય ઉદ્યોગ કરતો પ્રમોદાને અત્ર લાવ્યો—૫૯

સ્વામી થવા યોગ્ય દૃઢ અને નિર્લોભ એવા અત્રત્ય ભૂપને પોતાનો સ્વામી કરી, એણે, પોતાના વિપુલ વિભવને હરણ થવા રૂપી શંકા તજી, પોતાનાં ઘણાં સંબંધીઓથી ( વ્યાપારાદિદ્વારા ) દ્રવ્ય વધારવા માંડયું—૬૦

સ્વધર્મ પાળતો, વસુ વધારતો, વિલાસ વિસ્તારતો, સુખરાશિમાં નિમગ્ન, કુબુધ્ધિથી દૂર, અને વિપત્તિથી અસ્પૃષ્ટ, એ યુવા ઘણોક સમય ગાળતો હવો—૬૧

તિક્ષ્ણ બુદ્ધિવાળા, કૃશાંગથી શોભતા, પરદારસંસર્ગથી દૂર રહેતા, ને ક્ષુદ્રલોકનો સંસર્ગ ન કરતા, એવા એ અતિ યુવાવસ્થાવાળાથી મારે પેટ, એના પોતાના જેવો પુત્ર પેદા થયો—૬૨

અતિ વિપુલ હર્ષ પામેલા અને સમૃધ્ધ એવા એણે તુરતજ મહોત્સવ કર્યો, ને તેથી દ્રવ્યનાં દાનવડે ગરીબમાં ગરીબનાં પણ લઘુતા અને ગરીબાઇ એણે ટાળ્યાં—૬૩

એ બાલકને સત્વર રાતું માતું કરૂં એમ વિપુલ મનોરથવાળી, ને જેને અતિશય ઉત્તમપય ઉભરાતું હતું, એવી હું, એ પુત્રને ક્ષણ પણ દૂર કરતી નહિ—૬૪

સુતને કરમાંજ રાખતી, સત્પિતાની પુત્રી, ઉત્તમ પયવાળી, હું મારાજપયથી ઉછેરવા લાગી, અને પતિને સમૃદ્ધ જાણતી છતી પણ તેને બીજી ધાવ લાવવા ન દેતી—૬૫

સ્નેહથી કરીને મને પાનો ચઢાવતા, અને એમ મહા હસ્તિનીના પુત્ર જેવા થતા એના વિષે લોકો એમ તર્ક કરવા લાગ્યા કે, પૂર્વાવતારમાં, પય અને આશ્રમસ્થાન ખોળતા જનોને માટે આણે ઉત્તમ પય અને આશ્રમસ્થાનવાળી વાપી કરાવી હશે—૬૬

આખું ભાગું મૃદુ ભાષણ કરતો અને સુસ્મિતથી કરીને માલાવિનાની હું તેને, ને માલા વિનાના એના પતિને, માલાવાળાં કરતો, એ, દંડી, હસ્તી, વાશી, કે કીયા ઋષિનો પુત્ર છે એમ, હે મહાપુરુષ ! લોકો વિચારવા લાગ્યા—૬૭

જિહ્માશિ બ્રાહ્મણના, નિગમપ્રવીણ, સામ તથા અથર્વણ જાણતા, એવા પુત્ર પાસેથી, એણે વિદ્યા લીધી; ને આત્મનીન એવા સૌત્વન પાસેથી એ સુંદરરૂપયૌવનવાળી પુત્રી પામ્યો—૬૮

શાંખિન, ગાથિન, વૈદથિન, એ આદિ, તથા કેશિન, પાણિન, ગાણિન એ આદિ, એ સર્વ સાથે મેધાવી એવા મારા પુત્રે પાંડિત્યવાદ કરવા માંડ્યા, ને તેથી મને અતિ હર્ષ પમાડવા માંડ્યો—૬૯

બ્રાહ્મીભક્ષણ વિનાજ અતિ બુદ્ધિમાન્ તથા બ્રહ્મરહસ્ય જાણનારા, અને સૌષામ જેવા, હૈત નામથી અધિક, તથા ચાક્રવર્મણને જીતનાર, એણે પ્રતિવાદી એવા દુરાશયવાળા બ્રાહ્મણોને, ગોવાળિયાની પેઠે, પરાસ્ત કર્યા—૭૦

જિતહૈત નામ એવો એ મેધાવીનો પુત્ર, એવો મેધાવીપણાનો યશ પામ્યો કે જેવો, કૌથુમ, કાલાપ, પૈઠસર્પ, સ્નેહલ, જાજલ, જાંગલ, એ બધા તત્તત્કુલઋષિપોક્ત ભણનારા પણ પામ્યા નથી —૭૧

સૌપર્વ સહિત સૌકરસચી શિષ્ય શૈલાલ અને શૈખંડ તેમને જીતનાર એવા એના સહાધ્યાયીઓ એના ગુણથી બહુ સંતોષ પામ્યા; અથવા કેમ ન પામે કેમકે એથી પથ્થર પણ ઓગળે, તો જે પથ્થર જેવાં ન હોય તેનું તો કહેવું શું ?—૭૨

ગુરુના ચિત્તમાં, કોશમાં અસિની પેઠે, વસેલા, જરાપણ સંકોચ વિના અતિ વિનીત ભાવથી, ને અહંકાર વિના ગુરુચરણથી અત્યંત અભિન્ન હોય એમ રહેતા, એણે, બે દિવસમાં બાંધેલો બે દિવસ કાઢે, તેમ અનેક દિવસ સુખે કાઢ્યા—૭૩

વીશમા વર્ષમાં એના પિતા ગુજરીગયા, ને, સાંકૃત્ય દૌલેય સદાક્ષ ચૌંડિક મંડલેય આદિ મુનિઓએ બોધથી સમજાવાયલા એવા પણ એને, શોકરૂપી સર્પ ડશ્યો—૭૪

પાંડવેય, જાંબેય, બાભ્રવ્ય, એમના જેવો એ, મારા દુર્ભાગ્યે, જેમ કોઇ નદી ઓળંગીને શાવરજંબુકમાં (૧) જાય, તેમ માતૃસ્નેહ-રૂપી નદીને ઓળંગીને બ્રહ્મલોકમાં જતો રહ્યો—૭૫

સમુદ્રમાં હાથથી તરનારો, કે માર્ગે ધનુષ્ વિનાનો ઘી લઇ જનાર, જેમ અકસ્માત્ નાશ પામે, તેમ વિષ્ટામય આ શરીર અશાશ્વત છે તો તેને હવે હું ધારણ કરનારી નથી—૭૬

જેનો પુત્ર મરી જાય તેનો પૈસો રાજા લઇ, લેછે, અરે ! તે અર્થ ઉપર પણ મને આસક્તિ નથી માટે ભાઇ જા જા મારી સાથે બોલીને ભ્રષ્ટ ન થા એમ કહીને એ પોતાને ઝાડથી ફાંસો ખવરાવા ચાલી—૭૭

એનો પાશ તાણી લઇને રાજાએ તોડી નાખ્યો, અને શોક પામતાં પામતાં બોલ્યો કે આ રાજા તારા અર્થનું ગ્રહણ કરશે નહિ, એ મારૂં વચન તું હળવેથી શ્રદ્ધા કરીને માન—૭૮

અત્રત્ય નૃપતિએ અત્યંત ઉત્તમ પ્રકારે દયા કરીછે એટલે તે મુવેલાના વિત્તને પણ મૂકી દેશે, માટે હે પુત્રિ ! પતિ અને પુત્રની પાછળ ઘડે ઘડે જલ અર્પવા માટે રહે—૭૯

જયેષ્ઠ જયેષ્ઠ એવા ઋષિઓને નમો નમઃ એમ નિરંતર કરતી તું તેમનો પ્રસાદ પ્રાપ્ત કર, ને તારા પતિપુત્રને શી શી વિપત્તિ પડી, ઇત્યાદિ વાત કહાડી લોક બોલે ત્યારે રુદન કરીશ નહિ—૮૦

એમની વિભૂતિ કેટલી કેટલી છે,- કે એમનું ગુપ્તવિત્ત કેટલું છે, ને એમનું પ્રકાશવિત્ત શું શું છે, એમ હે પુત્રિ ! તને રાજપુરુષો પૂછશે નહિ—૮૧

---

( ૧ ) ગ્રામવિશેષ એમ ટીકાકાર.

હે પુત્રિ ! તું પ્રથમ ભોજન કરીશ નહિ, પૂર્વે નિરંતર ગુરુને જમાડજે, ને એમ કાંઇ પણ ઉપદ્રવ વિના, અને અખંડ ઇંદ્રિયપ્રશમ ( દ્વારા વૃત્તિનિરોધ રૂપ સમાધિ ) પામવા પ્રયત્ન કરતી, આયુષ નિર્ગમન કર—૮૨

આ પ્રમાણે પીડા પામતી એ સ્ત્રીને સમજાવી અને, વૃક્ષોની નીચે થઇ, સર્વત્ર ઉપકાર કરવાની ઇચ્છાવાળો, અને દુઃખીના ઉપર દયા લાવી તેને પાળનારો, એ, પોતાના ધામ પ્રતિ ગયો—૮૩

પુરે પુરે જેને સુત ન હોય તેવાનું વિત્ત હરી લેવું એથી બહુ દુઃખ છે, એમ વિચારી એકે એક પ્રજાને આનંદવાની ઇચ્છાવાળા એણે પ્રત્યેક મંત્રીને આ પ્રમાણે કહ્યું—૮૪

મારા આવકમાં બે લાખ કે બે કોટિ ભલે ઓછા થાય, પણ પુત્ર વિના મરી જનાર કોઇનું વિત્ત હરવું નહિ, એવું રહસ્ય આ હું તમો સર્વને કહું છું—૮૫

જે મુંવાનું વિત્ત લોભથી લેછે તે માતા સાથે મૈથુન કરતાં પશુ જેવા છે, ને જે તેમનાથી ભિન્ન હોઇ તેમ ન કરનારા છે, તે જે દંદ દંદ યજ્ઞ પાત્રોના પ્રયોક્તા છે, તેના જેવા પુણ્યશાલી છે, માટે તેમાંનો હું તમને આ આજ્ઞા કરૂંછું—૮૬

શંભુ અને કુબેરના યુગલથી પણ અધિક થયેલા, તથા જેના આગળ વાત કરી શકાય એવા, ભૂપ આગળ " અમે એમ નહિ કરીએ " એવું, અમાત્યો બોલી શક્યા નહિ, તેમ કાલિકા જેવી કાલિમાની છાયા પણ, સદ્બુદ્ધિવાળા એ, મોં ઉપર લાવ્યા નહિ, કેવલ આજ્ઞાનેજ માથે ચઢાવી ગયા—૮૭

આ પ્રમાણે જરાપણ આચકો ખાધા વિના નૃપે જે આજ્ઞા કરી, તે, અમાત્યોએ, આની પેઠે સુખથી અગાધ દાન કરનાર એક બલિવિના બીજો કોણ છે, એમ બોલતાં, સુખે અમલમાં આણી—૮૮

હે રાજા ! હે નૃપતિ ! હે ન્યાયી ! હે બુધ ! તુંજ ખરો પૃથ્વી ઉપર એકજ વીર છે; રે ઓજવાળા, ખલ, દુષ્ટ, ક્ષુદ્ર, કલિ ! તું આને જાણે છે ? તારી દુષ્ટનીતિ તજ, એમ તે સમયે જનમાત્રનો ઉચ્ચ ઘોષ થવા લાગ્યો—૮૯

એક દિવસ, પ્રણિધિએ કેદાર પ્રાસાદ ભાગી નાખ્યાની ખબર કહી તે ઉપરથી રાજા ખસાધિપને ઉદ્દેશીને બોલ્યો કે હે દસ્યુ! હે દુષ્ટ ! હે પાપી ! ભલે ફાવે તેમ લવ, ભલે મોટેથી લવ, પણ તેં દેવનું આલય ખંડિત કર્યુંછે તેનું ફલ તું હવણાં પામેછે, ને ઘેર જાયછે—૯૦

હું મહેલમાં બેઠોછું ને દેવ તો ખંડિત મંદિરમાં પડયાછે, માટે હે દેવ ! એ અવિનયનું પ્રાયશ્ચિત આપે બતાવ્યા પ્રમાણે મારે કરવું ઘટે, તેમ જે વિશેષ પ્રાયશ્ચિત્ત હોય તે પણ કરવું ઘટે, એમ અંતર્માં ધારીને આ પ્રમાણે, રાજા, વાગ્ભટામાત્યને કહેવા લાગ્યો —૯૧

સૂથારને મોકલ, ધન મોકલ, મજુરો મોકલ, નેતાને મોકલ, ને એ ધામ. ચંદ્ર ( ૧ ) વેશ્મની પેઠે, કે ગાંધિકપુટીની પેઠે, તૈયાર થવા દે; કેમકે મારા જેવા યોગ્ય સ્વામી ઉપર જેમ તારી ભક્તિ છે તેમ મારી પણ અતિ ઉત્તમ એવા શ્રી શંભુ ઉપર છે; ( માટે એ સત્વર કરાવવું ) તે કીધું કે જે તું તે સમયે અક્ષત અને અતિ સુંદર ચિત્રાદિયુક્ત કહેતો હતો તેજ—૯૨

આપ સ્રષ્ટા (બ્રહ્મા) છો કે શંભુ છો એમ સ્તુતિ કરતા મુનીંદ્રો "ઓં સ્રષ્ટારં પ્રતિપદ્યામહે" એમ કહીને જેની પ્રાર્થના કરેછે

---

( ૧ ) ચંદ્રવેશ્મ એટલે એકજ દિવસમાં તૈયાર થાય એવો પ્રાસાદ કેમકે તેમ ન થાય તો તે પડી જાયછે એવો અર્થછે તેથી તેની પેઠે એટલે બહુ જલદી એમ સમજવું એમ ટીકાકાર.

એવા કેદારનાથનું મંદિર ખંડિત થયું છે એ તમે સાંભળ્યું પણ નહિ ? એ સાંભળી હા મહારાજ ! મેં સાંભળ્યું છે એમ એણે ઉત્તર આપ્યું (?)—૯૩

આપ સોમેશના મંદિરે ગયા છો ? તેને જોયું છે ? એમ મંત્રીએ પૂછતાં, રાજાએ કહ્યું કે હા તે મેં દીઠું છે, વિશીર્ણ એવા તેનો પણ ઉધ્ધાર કરો—૯૪

અરે ! આવો કપિલક! દેવદત્ત ! જાઓ, પ્રશિખ ! કઠ, કૃષ્ણ-મિત્ર! ચાલો તમે બધા કેદારનાથ અને સોમનાથના દેવલોનો ઉધ્ધાર કરો, એમ રાજાની આજ્ઞા થતાં મંત્રીએ કહેવા માંડ્યું—૯૫

રે કપિલક ! મંત્રીના શાસનને, નમ, ને હે કલૃપ્રશિખ ! તું બ-રાબર વચન ઉઠાવ, તેમ તમે પણ જુઓ, ને હે દેવદત્ત ! સત્વર એ આજ્ઞા માથે ચઢાવો, એમ પરસ્પરને કહેતા તે સર્વે ત્યાં ગયા—૯૬

હે દેવદત્ત ! ચાલ, હે યજ્ઞદત્ત ! જા, હે ગોવિંદ ! ત્વરા કરાવ, હે માધવ ! ત્વરા કર, એમ અન્યોન્યને કહેતા શિલ્પિઓએ ત્યાં આવી એ ઉભય મંદિર કરી દીધાં—૯૭

ભો અર્હત્ આપને અભિવંદન કરૂં છું; (તું) જય પામો, ને જૈન વૃદ્ધિ પામો; વળી હે અર્હતો તમને પણ વંદન કરૂં છું; હે કુમારપાલ ! તને ધર્મલાભ થાઓ, ને તું ચિરાયુષ્ થાઓ; એમ અર્હતોથી આશિર્વાદ અપાયલા એ નૃપે સુવર્ણ અને ઇંદ્રનીલ મ-ણિથી સ્ફાટિકમય પાર્શ્વનાથનું બિંબ સ્થાપ્યું—૯૮

ગાર્ગ્ય ! હર્ષ પામ, વાત્સ્ય ! તારૂં પણ કલ્યાણ થાઓ, વાત્સિ ! અતિ પુણ્ય વાળી તું વૃદ્ધિ પામ, શૂદ્ર ! તમે પણ જય પામો, એમ જ્યાં અભિવંદન થતાં, ઋષિઓની વાણી પ્રવર્તેછે એવા દેવપત્તનમાં એણે પાર્શ્વનાથનું ચૈત્ય કરાવ્યું—૯૯

હે સુમત ! તમે દેવપત્તન જોયું ? હે સાધુ ! ત્યાં ગયાછો ? કે તમે ઉભયે વિશાલ ગૂર્જરપુરમાં ગયાંછો (૧), કે ઉત્તમ કુમારચૈત્યને જોયાંછે ? એમ ચારે દિશામાં રસ્તે જતા લોકની તે સમયે વાતો ચાલી રહી—૧૦૦


તું મારો ભક્તછે તેથી ગિરિમાં વસવાનું તજીને હું તારા પુરમાં વસવા ઇચ્છુંછું એમ શ્રી શંભુએ સ્વપ્નમાં કહ્યાથી કુમારપાલે કુમારપાલેશ્વર નામનું દેવાલય બંધાવ્યું—૧૦૧

હે ભૂપતિ ! આયુષ્માન્ થા, ઇંદ્રિયજય આદિ શમસંપત્તિથી ઋષિઓ કરતાં પણ તું અધિક છે, અતિ બલિષ્ઠ હોઈ સર્વવિજયી થા, હે સોમવંશ્ય ! ચૌલુક્યચૂડામણે ! ચિરકાલ વિજય ભોગવ, પૃથ્વીનું આનૃણ્ય કરી તારા નામનો સંવત્સર પ્રવર્તાવ, એમ ઋષિઓના આશિર્વાદ સાંભળતો એ રાજા, પદવિધિ (૧) ની પેઠે, સાદ સમર્થ રહ્યો—૧૦૨

---

(૧) સમર્થ શબ્દ દ્વ્યર્થછે, પદવિધિ પક્ષે સાર્થ, અને કુમારપાલ પક્ષે સંપત્તિ યુક્ત.

# દ્વયાશ્રય પ્રમાણે ચૌલુક્યોની વંશાવલિ.




જે વર્ષ આપ્યાં છે તે દ્વયાશ્રયની ટીકાને અંતે એક ટીપ ઉપરથી છે.

